G.U.P. 573-300-2-60

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની, સને ૧૯૬૦ના જાન્યુઆરી માસની સભા, શનિવાર, તા. ૨૩-૧-૧૯૬૦ના રોજ બપોરના સાડાબાર વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, અને રવિવાર, તા. ૨૪-૧-૧૯૬૦ના રોજ પણ તે જ સમયે ચાલુ રહી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ એ લીધું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

		તા. ૨૩-૧-૧૯૬૦	તા. ૨૪-૧-૧૯૬૦
૧.	શ્રી. ભગનભાઈ પ્ર. દેસાઈ ઉપકુલપતિ	હાજર	હાજર
૨.	શ્રી. વી. એચ. ભાનોટ ડેપ્યુટી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર	ગેરહાજર
૩.	પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર	હાજર
૪.	શ્રી. જીણાભાઈ ૨. દેસાઈ	હાજર	ગેરહાજર
૫.	શ્રી. મકુભાઈ હ. દેસાઈ	હાજર	હાજર
૬.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર	ગેરહાજર
૭.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	હાજર	ગેરહાજર
૮.	શ્રી. જયંતીલાલ ચે. દલાલ	હાજર	હાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર	ગેરહાજર
૧૦.	શ્રી. હિમતલાલ પ્ર. શુકલ	હાજર	ગેરહાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર	હાજર

૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	હાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર	હાજર
૧૪.	ડૉ. પી. એચ. પ્રભુ	હાજર	ગેરહાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર	ગેરહાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર	ગેરહાજર
૧૭.	પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	હાજર	હાજર
૧૮.	પ્રિન્સિપલ ડી. એ. દેસાઈ	હાજર	હાજર

૧. તા. ૫-૧૨-૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૫૯ના ડિસેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૫-૧૨-૧૯૫૯ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૫૯ના ડિસેમ્બર માસની સભાના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. ડૉ. જે. જે. દેસાઈ તરફથી સ્ટે. ૪ (૩) (b) નીચે પ્રમાણે સુધારવા વારતે આવેલ તા. ૪-૧૨-૧૯૫૯ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

St. No. 4(3)(b): Graduates of the following Institutions whose mother-tongue is Gujarati or who ordinarily reside in the University Area :—

(*i*) Gujarat Vidyapith, Ahmedabad;
(*ii*) Maharashtra Tilak Vidyapith Poona;
(*iii*) Bihar Vidyapith, Patna;
(*iv*) Vishwa Bharati, Shanti Niketan;
(*v*) Jamia Millia, Delhi;
(*vi*) Gurukul Vishwa Vidyalaya, Kangadi;
(*vii*) Kashi Vidyapith, Benares;
(*viii*) S. N. D. T. Women's University (Prior to its incorporation as University established by law);
(*ix*) *All licentiates passing diploma of licentiate from College of Physicians, Surgeons, Bombay, and from Facalty of Medicine, Nagpur*

આવા વધુ મત દર્શાવવામાં આવે છે કે, સ્ટે. ૪(૩)(બી)માં સુધારો કરવાનું ડૉ. જે. જે. દેસાઈનું સૂચન તબીબી વિદ્યાશાખામાં વિચારણા માટે મોકલી આપવું.

૩. એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતને બીજી બી.એ., એમ.એસ. પરીક્ષાના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ તથા ત્રીજી બી.એ., એમ.એસ. પરીક્ષાના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ અંગેના મુંબઈ સરકાર તરફથી આવેલ જાહેરનામા પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ જાહેરનામુ યુનિ. તરફથી મુંબઈ સરકારને કૉલેજ શરતોનું પરિપાલન કર્યા અંગેની જાણ કર્યા સિવાય મોકલવામાં આવ્યું છે.)

4. No condonation will be allowed if a candidate fails in two distinct heads of passing or even if he fails in one head of passing as well as in the grand total which requires a certain higher percentage for passing the examination.

O. 141(b) : If a candidate fails in one head of passing which is included in another head passing and also fails in that group head at a University examination, but is otherwise eligible, in view of his total, for being placed in the First Class, according to University Rules, but whose failure is not covered by any of the foregoing Ordinances, viz., O. 139 O. 140 and O. 141(a), his case shall be referred to the ad-hoc committee mentioned in O. 141(a) above, and the Vice-Chancellor's decision on the Committee's recomondation shall be final.

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર નં. ૧ માં જણાવ્યા સિવાયની અન્ય બાબતો અંગેની સદરહુ કમિટીના રિપોર્ટની નોંધ લેવી.

૧૪. ડિપ્લોમા ઇન એનેસ્થેશિયાની પરીક્ષા શરૂ થવાની તારીખ, આવેદનપત્ર સ્વીકારવાની તારીખ, ફી વગેરે નક્કી કરી ઓ. ૧૨૯માં સુધારો કરવા બાબત.

(નોંધ.—ઓ. ૩૦૦(-જી) મુજબ ડી.એ.ની પરીક્ષા વર્ષમાં એક વખત લેવાય અને તારીખ અને સમય એકેડેમિક કાઉન્સિલ તેમ જ સિન્ડિકેટ નક્કી કરે.

કાર્યાલયનું સૂચન : ઓ. ૧૨૯માં ડિપ્લોમા ઇન એનેસ્થેશિયાની માહિતી નીચે પ્રમાણે વંચાય :

(i)	(ii)	(iii)	(iv)	(v)
Diploma in Anaesthesia	Once	3rd Monday in April	Three months before the Examination.	Rs. 100/-

આથી ઠરાવવામાં આવે છે કે, ઓર્ડિનન્સ ૧૨૯ સુધારવાનું કાર્યાલયનું ઉપરનું સૂચન મંજૂર કરવું તથા સુધારેલા ઓર્ડિનન્સ ૧૨૯ને તાત્કાલિક અમલમાં મૂકવો.

૧૫. જે. અન્ડ જે. કૉલેજ, નડિયાદમાં જુનિયર બી.એ.ના વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી શ્રી બી.બી. આરોટે એસ.એસ.સી.ની પરીક્ષામાં ગેરરીતિ કરેલી તે બાબતમાં તા. ૫-૯-૧૯૫૯ના રોજ મળેલી સિન્ડિકેટના ઠરાવ અન્વયે એસ.એસ.સી. બોર્ડ, પૂનાને પુછાવતાં તેમના તરફથી આવેલ તા. ૯-૧૧-૧૯૫૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં સિન્ડિકેટને વિશેષ કશું કરવાપણું લાગતું નથી.

૧૬. જરૂરી પ્રમાણપત્રોના અભાવે સિન્ડિકેટના તા. ૩-૧૦-૧૯૫૯ના ઠરાવથી જેમનાં સત્રો રદ કરવામાં આવેલાં તે શ્રી. જોશી એમ. એમ. ની પોતાનાં સત્રો હવે પ્રમાણપત્રો આવેલા હોવાથી મંજૂર કરવા માટેની અરજી પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ પ્રમાણપત્રો સરનામાની અસ્પષ્ટતાના કારણે મ. સ. યુનિવર્સિટી, વડોદરા, તરફથી સદરહુ વિદ્યાર્થીને કે આ યુનિવર્સિટીને વેળાસર મળી શકેલ નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. એમ. જોશીનાં સત્રો મંજૂર કરવાં.

૧૭. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૯-૧૧-૧૯૫૯ના રોજ મળેલી ચોથી બેઠકની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની સભાની નોંધની નકલ **પરિશિષ્ટ** "ક" તરીકે સામેલ છે.)

૧૮. શ્રી. રજિસ્ટ્રાર ઑફ ટ્રેડ યુનિયન્સ, મુંબઇએ જણાવ્યા મુજબ રટે. નં. ૩ નું પરિશિષ્ટ (શેડ્યુલ) સુધારવા વાસ્તે સેનેટને ભલામણ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રટે. નં. ૩નું પરિશિષ્ટ (શેડ્યુલ) સુધારવા વાસ્તે સેનેટને ભલામણ કરવી.

(પરિશિષ્ટની નકલ **પરિશિષ્ટ** "ખ" તરીકે સામેલ છે.)

૧૯. પીએચ.ડી. ગુજરાતી વિષયમાં પદવી માટેના શ્રી. પ્રહલાદભાઈ વિસદાસ પટેલના મહાનિબંધ ઉપરના રેફરીઓના રિપોર્ટ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પ્રહ્લાદ વી. પટેલનો મહાનિબંધ પીએચ.ડી. ગુજરાતીની પદવી માટે માન્ય કરવો.

૨૦. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના પીએચ.ડી. પદવી માટેના વિદ્યાર્થી શ્રી. આર. આર. જોશી ગુજરાત વિદ્યાપીઠમાં વિનાવેતન માનદ સેવક તરીકે કામ કરતા હોઈ તેમને શિષ્યવૃત્તિના નિયમ નં. ૨ અનુસાર પીએચ. ડી. ના સંશોધન માટે શિષ્યવૃત્તિ સ્વીકારવા પરવાનગી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. આર. જોશીને ગુજરાત વિદ્યાપીઠમાં માનદ સેવક તરીકે કામ કરવા માટે પરવાનગી આપવી.

૨૧. પીએચ. ડી. માટે આપવામાં આવતી શિષ્યવૃત્તિના નિયમ નં. ૨ પ્રમાણે શ્રી. જે. એમ. શાહને તેમના સંશોધનકાર્ય સાથે શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજમાં અઠવાડિયાના બે દિવસ માટે કામ કરવાની પરવાનગી આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એમ. શાહને શ્રી જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચમાં અઠવાડિયાના બે દિવસ માટે કામ કરવાની પરવાનગી આપવી.

૨૨. સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થિની શ્રીમતી સરોજ આર. મહેતાની ૧૯૫૮-૫૯ના ચોથા સત્રની ખૂટતી હાજરી પ્રસૂતિના કારણસર માફ કરવાની અરજી અંગે વિચારણા કરવા બાબત.

વર્ષ અને સત્ર	વિષય	કુલ વ્યાખ્યાન	જરૂરી હાજરી	ભરેલી હાજરી	ખૂટતી હાજરી
૧૯૫૮-૫૯ ચોથું.	હિસ્ટરી, ગ્રુપ 'ડી'	૭૩	૪૯	૨૫	૨૪
	" " 'એફ'	૮૧	૫૪	૨૬	૨૮

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી સરોજ આર. મહેતાની ૧૯૫૮-૫૯ના વર્ષની ચોથા સત્રની ખૂટતી હાજરી માફ કરવી, તથા ભવિષ્યમાં પ્રસૂતિના કારણે ખૂટતી હાજરીના કેસો બાબતમાં ઘટતું કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૨૩. યુનિવર્સિટીઓમાં ફિલ્મ ક્લબોની સ્થાપનાની સુધારેલી યોજના બાબતમાં યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૧૪-૧૨-૧૯૫૯ના ક્રમાંક એફ. ૬૩-૩૭-૫૯ સી. યુ. પી.-વાળા પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફિલ્મ ક્લબ સ્થાપવાની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની યોજના સ્વીકારવી.

(યોજનાની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૨૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે રિજિયોનલ રિસર્ચ લેબોરેટરી, હૈદરાબાદ, એ સંસ્થાને વિજ્ઞાનના વિષયોના સંશોધન માટે પીએચ.ડી. પદવી માટે માન્ય સંસ્થા તરીકે ગણવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે મજકૂર લેબોરેટરીમાં સંશોધન કાર્ય માટે પૂરતી સગવડ છે કે કેમ તે તપાસવા અને તે અંગે નિવેદન કરવા નેશનલ લેબોરેટરી, પૂનાના ડૉ. આર. સી. શાહ અને બી. જે. મેડિકલ, કૉલેજના ડૉ. આર. એમ. વૈદ્યને મોકલવા અને રિપોર્ટ આવ્યેથી રજૂ કરવો."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૬. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અગર સંસ્થાઓ તરફથી તે કૉલેજમાં કામ કરતા શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે તેમનાં નામ સામે જણાવેલાં વિષય તથા પદવી માટે માન્યતા આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ અંગે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો નીચેનો ઠરાવ:

બોર્ડ ઑફ યુનિવર્સિટીનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની નોંધ લેવી.

૨૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૦-૧૧-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

(અ) "આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે દર્શાવેલ શિક્ષકોને તેમનાં નામ

સામે જણાવેલ વિષયો કે શાળાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	ડિગ્રી	શિક્ષણ અને સંશોધન
૧.	શ્રી. ઝવેરી મનસુખલાલ મગનલાલ	નવયુગ આર્ટસ અને કોમર્સ કૉલેજ, પોરબંદર.	ગુજરાતી	એમ.એ. પીએચ.ડી.	શિક્ષણ સંશોધન
૨.	શ્રી. પારસનીસ મનોહર રામચંદ્ર	ડી. કે. વી. આર્ટસ અને સાયન્સ કૉલેજ, જામનગર.	અંગ્રેજી	એમ.એ	શિક્ષણ
૩.	શ્રીમતી શાહાની સીતા	એમ. ટી. બી. કૉલેજ, સુરત.	અંગ્રેજી	,,	,,
૪.	શ્રી. જોષી રમેશકુમાર છોટાલાલ	જયેન્દ્રપુરી આર્ટસ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.	હિસ્ટરી (૧) એગ્રિ. ઇકોનોમિક્સ (૨) ઇન્ડ. ઇકોનોમિક્સ	,,	,,
૫.	શ્રી. ધોલકિયા જિતેન્દ્ર ક્ષામશંકર	નવયુગ આર્ટસ અને કોમર્સ કૉલેજ, પોરબંદર.	ઇકોનોમિક્સ ગ્રુપ "સી"	એમ.એ.	શિક્ષણ
૬.	શ્રી. વર્તક પ્રભાકર નાગેશ	એલ. ડી. એન્જિ. કૉલેજ, અમદાવાદ-૯.	મેથેમેટિક્સ ઇલે. એન્જિ.	એમ.ઈ.	શિક્ષણ
૭.	શ્રી. મોદી પ્રતાપરાય મોહનલાલ	પ્રકાશ આર્ટસ કૉલેજ, અમદાવાદ.	સંસ્કૃત	એમ.એ. પીએચ.ડી.	શિક્ષણ અને સંશોધન સંશોધન
૮.	શ્રી. દેશપાંડે પ્રભાકર રામજી	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	બોટાની	એમ.એસસી.	ફક્ત શિક્ષણ માટે
૯.	શ્રી. પટેલ નિત્યાનંદ	મહિલા કૉલેજ, પોરબંદર.	હિન્દી	એમ.એ.	શિક્ષણ

(બ) નીચે દર્શાવેલ શિક્ષકોની અનુસ્નાતક શિક્ષકો તરીકેની માન્યતા માટે આવેલ અરજીઓ સ્વીકારવી નહિ :

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	ડિગ્રી	સંશોધન કે શિક્ષણથી
૧.	શ્રી. નાગાતમેયા શિરાનુદ્દીન મોહમદહુસેન	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટસ ઇન્સ્ટિ. નડિયાદ.	અંગ્રેજી	એમ.એ.	શિક્ષણ

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	ડિગ્રી	શિક્ષણ કે સંશોધન
૨.	શ્રી. કોઠારી ઝવેરીલાલ વિઠ્ઠલદાસ	ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર.	ફિલોસોફી	એમ.એ.	શિક્ષણ
૩.	શ્રી. ત્રિવેદી રમણલાલ શંકરલાલ	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ-૯.	ફિલોસોફી અને હિસ્ટરી ઑફ એજ્યુ.	એમ.એડ.	શિક્ષણ અને સંશોધન
૪.	શ્રી. વ્યાસ કેશવલાલ બી.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, આર્ટ્સ વિભાગ, અમદાવાદ.	ફિલોસોફી "બી" સાયકોલોજી	એમ.એ.	શિક્ષણ
૫.	શ્રી. ચંદરવાકર પુષ્કર બી.	બી. ડી. કૉલેજ, અમદાવાદ.	ગુજરાતી	એમ.એ.	શિક્ષણ
૬.	શ્રી. ઉપાધ્યાય વિનયચંદ્ર નટવરલાલ	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	ફિઝિક્સ	એમ.એસસી.	શિક્ષણ
૭.	શ્રી. કોટરયાને વાસુદેવ વિનાયક	એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	બાયોબાયો-લોજી	,,	શિક્ષણ અને સંશોધન
૮.	શ્રી. પંડિત દત્તાત્રય નરહર	એમ. પી. શાહ આર્ટ્સ કૉલેજ, સુરેન્દ્રનગર.	અંગ્રેજી	એમ.એ.	શિક્ષણ
૯.	શ્રીમતી પટેલ સુભદ્રા	મહિલા કૉલેજ, પોરબંદર.	હિન્દી	એમ.એ.	શિક્ષણ

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે નીચે પ્રમાણે દર્શાવેલ શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલ વિષયો કે શાળાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	ડિગ્રી	શિક્ષણ કે સંશોધન
૧.	શ્રી. આર. એન. ભટ્ટ	સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	વૈકલ્પિક ગ્રુપ "બી" (૧) એગ્રિકલ્ચરલ કો-ઑપરેશન (૨) કો-ઑપરેટિવ ફાઇનાન્સ એન્ડ માર્કેટિંગ	એમ.કૉમ.	શિક્ષણ

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	ડિગ્રી	શિક્ષણ કે સંશોધન
૨.	શ્રી. એમ. પી. બુરાડકર	ગુજરાત કૉલેજ, અમદાવાદ.	હિસ્ટરી અને પોલિટિકલ સાયન્સ	એમ.એ.	શિક્ષણ

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૨૯. આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજો અગર સંસ્થાઓમાંથી માન્ય અનુસ્નાતક શિક્ષક અગર તેમના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા માટે અરજીઓ આવેલી તે પરત્વે બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના તા. ૨૦-૧૧-૧૯૫૯ના રોજ મળેલી બેઠકમાં થયેલો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે—

(અ) શ્રી. નાયક બળવંતરાય ધેલાભાઈ, સાયન્સ અને આર્ટ્સ કૉલેજ, વલસાડને એમ.એસસી. ડિગ્રી માટે ઇનોર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના **મદદનીશ** તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા. તેઓ તેમની પ્રસ્તુત માન્યતા ફિઝિકલ કેમિસ્ટ્રી માટે બદલી શકશે નહિ એમ પણ તેમને જણાવવું.

(બ) શ્રીમતી સરોજિની છોટાલાલ મહેતા, એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરને હિસ્ટરી ગ્રુપ 'સી' માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના **મદદનીશ** તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવાં અને ગ્રુપ 'ઈ' ના કયા વિષયો માટે તેઓ માન્યતાને લાયક છે તે બાબત તેમની અરજી **સમાજવિદ્યા** ભવનના અધ્યક્ષ પ્રો. શેનોયને મોકલી તેમનો અભિપ્રાય મંગાવવો.

(ક) શ્રી. નાગામિયા એસ. એમ., જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને એમ.એ. ડિગ્રી માટે અંગ્રેજી વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષકના **મદદનીશ** તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા.

(ડ) **એસ.** બી. ગાર્ડા કૉલેજ, નવસારીના શ્રી. ચંદ્રાત્રે પુરુષોત્તમ દામોદરની તેમને એમ.એ. ડિગ્રી માટે ફિલોસોફી વિષયમાં અનુસ્નાતક શિક્ષક તરીકે માન્ય કરવા બાબતની અરજી સ્વીકારવી નહિ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને તેઓ નિયમ ઓ.૬૫ (એસ) પ્રમાણે કેન્દ્ર ઉપરનો જરૂરી સ્થાનિક સ્ટાફ નિભાવે તથા ઓછામાં ઓછા ત્રણ વિદ્યાર્થીઓ દાખલ થાય એ શરતોએ એમ.એ. ડિગ્રી માટે હિસ્ટરી ગ્રુપ્સ 'એ' અને 'સી' વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે મહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢને તેઓ નિયમ ઑર્ડિ. ૬૫(એસ.) પ્રમાણે કેન્દ્ર ઉપર જરૂરી સ્થાનિક સ્ટાફ નિભાવે તથા ઓછામાં ઓછા ૩ વિદ્યાર્થીઓ દાખલ થાય એ શરતોએ એમ.એ. ડિગ્રી માટે સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૨. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે આર. આર. લાલન કૉલેજ, ભુજને તેઓ નિયમ ઑર્ડિ. ૬૫(એસ) પ્રમાણે કેન્દ્ર ઉપરનો જરૂરી સ્થાનિક સ્ટાફ નિભાવે તથા ઓછામાં ઓછા ૩ વિદ્યાર્થીઓ દાખલ થાય એ શરતોએ એમ.એ. ડિગ્રી માટે ગ્રુપ 'એ' અને 'સી' વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૩. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને એમ.એ. ડિગ્રી માટે સંસ્કૃત વિષયમાં અનુસ્નાતક કેન્દ્ર આપવા તેમ જ તે કેન્દ્રમાં પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રોફેસર પી. ડી. ચંદ્રાત્રેને નીમવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને તેઓ હિસ્ટરી ગ્રુપ 'બી' અગર ગ્રુપ 'ઈ' માટે માન્ય અનુસ્નાતક શિક્ષક કે અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષકને સ્થાનિક સ્ટાફ ઉપર વધુકા એક નીમે એ શરતે ગ્રુપ 'ઈ' માટે એમ.એ. ડિગ્રી માટે તેમણે માગેલું અનુસ્નાતક કેન્દ્ર આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૫. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે એમ. પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, સુરેન્દ્રનગરના ઇતિહાસ અને અર્થશાસ્ત્રના પ્રોફેસર શ્રી. આર. બી. શ્રીવાસ્તવને

માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ તરીકે તેમને ગ્રુપ 'સી' અને 'ઈ' માટે માન્ય કરવા બાબતની વિનંતી સ્વીકારવી નહિ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે અનુસ્નાતક વિદ્યાર્થીઓને વિષયમાં ફેરબદલી કરવા અંગેનો અનુસ્નાતક નિયમ નં ૧૧. નીચે પ્રમાણે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી:

Rule No. 11: A student intending to take a Post-graduate Degree in a subject different from the one for which he has registered his name, must register himself afresh by paying the prescribed registration fee, such registration being permissible only during the first term on a certificate from his teacher or teachers in the new subject that he is satisfied that the student concerned will in ordinary course be able to keep the necessary attendance. Such a change shall in no circumstances be permissible beyond 31st August in the first term and 31st December in the second term. If, as a result of a change in the subject, it is necessary for the candidates to change the Institution his tuition fees paid to the institution where he was enrolled earlier, shall be transferred to the new institution where his name as a post-graduate student for the new subject is enrolled."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા અનુસ્નાતક નિયમ નં. ૧૧ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવો.

૩૭. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૬-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીને માગણી પ્રમાણે માયક્રોબાયોલોજી વિષય અંગેની ફિલ્મ મંગાવવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી અને જણાવવું કે તે ઉપર યુનિવર્સિટીની માલિકી રહેશે."
આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૮. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૬-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે કોઈ પણ કૉલેજ સંસ્થામાં તમામ અનુસ્નાતક કેન્દ્રોના હિસાબો ઑડિટ કરાવવા અંગે ખાસ ખર્ચ થાય તો તે પેટે રૂા. ૫૦થી વધુ નહિ તેટલો ખર્ચ કેન્દ્રના વહીવટી ખર્ચમાં સમાવેશ કરવા પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."
આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૬. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે કેન્દ્રના કામકાજને માટે સંપૂર્ણ સમય માટેનો એક કર્મચારીની જે તે કેન્દ્રોમાં નિમણૂક કરવાની પરવાનગી આપવા અંગેનું એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યનું સૂચન સ્વીકારવું નહિ એમ સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૦. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ કે જેઓ તેમની પીએચ.ડી. પદવી માટે શ્રી બિપિન ઝવેરીના હાથ નીચે સંશોધન માટે નોંધાયા છે તેમને તેમનું બાકીનું સંશોધન કાર્ય ડૉ. ઝવેરીના હાથ નીચે પૂરું કરવા અપવાદરૂપે પરવાનગી આપવી :

૧. શ્રી આઈ. એમ ભટ્ટ;
૨. શ્રી જે. પી. સવાણી;
૩. શ્રીમતી એસ. બી. ત્રિવેદી;
૪. કુ. બી. એમ. ઉપાધ્યાય.

નીચેના વિદ્યાર્થીઓને તેમનું બાકીનું કામ ડૉ. ઝવેરીના હાથ નીચે કરવા પરવાનગી આપવી નહિ. તેઓએ તે વિષય માટે બીજા માન્ય અનુસ્નાતક શિક્ષકના હાથ નીચે તેમનું બાકીનું સંશોધન કાર્ય કરવું જોઈએ :

૧ શ્રી. એ. પી. ચૌહાણ;
૨. કુ. એમ. જી. પારેખ."

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની ભલામણ મંજૂર કરવી.

૪૧. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૭-૧૨-૧૯૫૯ના રોજ મળેલી બેઠકનો નીચેનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલ વિદ્યાર્થીઓ કે જેઓ તેમની પીએચ.ડી. પદવી માટે સંશોધન કાર્ય માટે ડૉ. એ. એમ. રાવળના હાથ નીચે નોંધાયા છે તેમને તેમનું બાકીનું સંશોધન કાર્ય ડૉ. એ. એમ. રાવળના હાથ નીચે પૂરું કરવા પરવાનગી આપવી :

૧. શ્રીમતી જી. આર. મહેતા;
૨. શ્રીમતી પી. એલ. દેસાઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડૉ. રાવળના હાથ નીચે પીએચ.ડી. પદવી માટે નોંધાયેલ શ્રી. આઈ. એસ. જોશીપુરાને તેમનું બાકીનું કામ ડૉ. રાવળના હાથ નીચે કરવા પરવાનગી આપવી નહિ. શ્રી. આઈ. એસ. જોશીપુરાએ તે વિષય માટે માન્ય થયેલ કોઈ અનુસ્નાતક શિક્ષકના હાથ નીચે તેમનું બાકીનું સંશોધન કાર્ય કરવું જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ભલામણ પ્રમાણે શ્રીમતી જી. આર. મહેતા અને શ્રીમતી પી. એલ. દેસાઈને તેમનું આર્ટનું સંશોધનકાર્ય પ્રોફેસર એ. એમ. રાવળના હાથ નીચે પૂરું કરવા પરવાનગી આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. આઈ. એસ. જોશીપુરા, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજમાં શિક્ષક તરીકે કામ કરતા હોઈ તેમને પણ પ્રોફેસર એ. એમ રાવળના હાથ નીચે કામ પૂરું કરવાની પરવાનગી આપવી.

૪૨. ઑર્ડિનન્સ ૪૧ અન્વયે, ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરોના ચાલુ સભ્યોની મુદત ૪થી માર્ચ ૧૯૬૦ના રોજ પૂરી થતી હોવાથી વધુ ત્રણ વર્ષની મુદત માટે પ્રત્યેક વિદ્યાશાખાનું પ્રતિનિધિત્વ સચવાય એ રીતે સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો ઉપર નીચેના સભ્યોની નિમણૂક, તા. ૫મી માર્ચ ૧૯૬૦થી તા. ૪થી માર્ચ ૧૯૬૩ સુધી કરવી :

૧. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૩. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ;
૪. શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ;
૫. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૬. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ;
૭. શ્રી. વાય. ટી. દેસાઈ; અને
૮. પ્રિન્સિપલ ડી એન. કેસરબાની.

૪૩. ઑ. ૪૬(૫) હેઠળ મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ અને ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બોર્ડના પ્રતિનિધિ હોય તેવા સેનેટના બે સભ્યોને તથા ઑ. ૪૭(૬) હેઠળ એકેડેમિક કાઉન્સિલના ઓછામાં ઓછા ત્રણ સભ્યો આવે એવી રીતે સાત સભ્યોની બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર તા. ૧-૨-૧૯૬૦થી બે વર્ષની મુદત માટે નિમણૂક કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧-૨-૧૯૬૦થી તા. ૩૧-૧-૧૯૬૨ સુધીનાં બે વર્ષની મુદત માટે બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. ડૉ. ધીરુભાઈ ઠાકર;
૨. શ્રી. હકૂમત દેસાઈ;
૩. ડૉ. પી. સી. વૈદ્ય;
૪. શ્રી. જયંતીલાલ વે. દલાલ;
૫. પ્રિ. એસ. આર. ભટ્ટ;
૬. પ્રિ. ડૉ. વાય. જી. નાયક; અને
૭. પ્રિ. પ્રેમશંકર હ. ભટ્ટ.

૪૪. તા. ૨૮-૧૨-૧૯૫૯થી તા. ૬-૧-૧૯૬૦ સુધી યોજવામાં આવેલ "ધી ન્યૂ એજ્યુકેશન ફેલોશિપ"ના ૧૦મા અધિવેશન માટે રૂા. ૧,૦૦૦ની ગ્રાન્ટ આપવા માટે તેના મંત્રીના આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિનંતી માન્ય કરવી નહિ.

૪૫. પ્રિન્સિ. એસ. આર. ભટ્ટ હવે સિન્ડિકેટના સભ્ય થયેલ હોવાથી તેમની ખાલી પડેલી જગા પર સ્ટે. ૧૨૯(સી) અનુસાર સિન્ડિકેટના સભ્ય ન હોય તેવા સેનેટ-સભ્યની બોર્ડ ઑફ એકાઉન્ટસ પર નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડ ઑફ એકાઉન્ટ્સ ઉપર પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટની ખાલી પડેલી જગાએ શ્રી. ગુલાબભાઈ ર. દેસાઈની નિમણૂક કરવી.

૪૬. યુનિવર્સિટીનાં પ્રકાશનો વેચવા માટે એજન્ટો નીમવા વાસ્તે શરતો વગેરે વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબત અંગે ઘટતો પ્રસ્તાવ તૈયાર કરી રજૂ કરવા માટે કાર્યાલયને જણાવવું.

૪૭. "ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક" માટે નિમાયેલી સમિતિના સભ્યો પૈકી શ્રી. કે. એમ કાપડિયા અને શ્રી. એમ. એલ. દાંતવાલાએ આ સમિતિ ઉપર કામ કરવાની અશક્તિ દર્શાવી છે તો તેમની જગાએ બીજા સભ્યોની નિમણૂક કરવા બાબત.

(નોંધ.—આ સભ્યોની સાથે ત્રીજા સભ્ય શ્રી. ક. મા. મુનશી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ ઉપર શ્રી. કે. એમ. કાપડિયા અને શ્રી. એમ. એલ. દાંતવાલાની જગ્યાએ શ્રી. પી. જી. શાહ અને પ્રોફેસર ડી. ડી. લાકડાવાળાની નિમણૂક કરવી.

૪૮. શ્રી. ગોરધનદાસ આલુભાઈ સુવર્ણચંદ્રકના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે)

૪૯. સેનેટે તેની તા. ૨૯,૩૦-૬-૧૯૫૯ની સભામાં પસાર કરેલા કુ. ઉષા મુન્શાના ઠરાવ પર વિચારણા કરવા બાબત.

"યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણનો લાભ વધુ પ્રમાણમાં અનુસ્નાતકનો અભ્યાસ કરતી બહેનો મેળવી શકે તે હેતુને અનુલક્ષી યુનિવર્સિટી તરફથી તેમને માટે છાત્રાલયની વ્યવસ્થા હોવી ઘટે એવું આ સેનેટનું મંતવ્ય હોવાથી સિન્ડિકેટને તે માટે યોગ્ય તથા જરૂરી પગલાં લેવા આ સભા આગ્રહભરી વિનંતી કરે છે"

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર ઠરાવ પર ઘટતાં પગલાં લેવા કાર્યાલયને જણાવવું.

૫૦. સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૫૯ની સભામાં યુનિવર્સિટી છાત્રાલયની ડિપોઝિટ ફી તથા તેના નિયમો ઘડી કાઢવા માટે નીમેલી સમિતિની તા. ૮-૧૦-૧૯૫૯ના રોજ મળેલી

સભાએ ઘડેલા નિયમો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૧. યુનિવર્સિટીના કર્મચારીઓના સવાલો અંગેની સ્થાયી સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓના સવાલો અંગેની સ્થાપી સમિતિ પર નીચે પ્રમાણે સભ્યોની નિમણૂક કરવી:

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ–અધ્યક્ષ;
૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ;
૩. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ;
૪. શ્રી. બિહારીલાલ પી. શાહ; અને
૫. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર.

૫૨. તા. ૧૫-૫-૧૯૫૯ના રોજ મળેલી બોર્ડ ઓફ એકાઉન્ટસની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

(૧) યુનિવર્સિટીનાં ફાજલ નાણાં રૂા ૬૩,૦૦,૦૦૦ બૅન્કોમાં બાંધી મુદતમાં ન રોકતાં બીજી કોઈ ફાયદાકારક જણાય તે રીતે રોકવા.

(૨) હિસાબ વિભાગમાં મુંબઈ યુનિવર્સિટીના ધોરણે સુપરવાઇઝરી સ્ટાફ રોકવો.

(નોંધ:—મુંબઈ યુનિવર્સિટીમાં નીચે પ્રમાણ સ્ટાફ છે:

હોદ્દો	પગારધોરણ
ઓડિટ	
૧. ચીફ એકાઉન્ટન્ટ	રૂા. ૪૦૦–૨૫–૭૦૦
૨. ડેપ્યુ. એકાઉન્ટન્ટ	રૂા. ૩૦૦–૨૦–૪૪૦
૩. આસિ. એકાઉન્ટન્ટ	રૂા. ૨૦૦–૧૨–૩૨૦
લાયબ્રેરી	
૧. આસિ. એકાઉન્ટન્ટ	રૂા. ૨૦૦–૧૨–૩૨૦)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરની બાબત નં. ૧ની નોંધ લેવી, તથા બાબત નં. ૨, કર્મચારીઓના સવાલો અંગેની સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

૫૩. યુનિવર્સિટી-કર્મચારી-સ્પોર્ટ્સ-કલબને ૧૯૫૮ અને ૧૯૫૯નાં વર્ષોની વાર્ષિક મદદ આપવા બાબત.

(નોંધ:—પ્રત્યેક વર્ષે રૂા. ૨૦૦ની મદદ આપવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના કર્મચારીઓની સ્પોર્ટ્સ કલબને વીતી ગયેલા વર્ષ ૧૯૫૮ માટે નહિ, પણ ૧૯૫૯ના વર્ષ માટે રૂા. ૨૫૦ની આર્થિક સહાય આપવી, તથા તે કલબને તેમનો વાર્ષિક હિસાબ રજૂ કરવા જણાવવું.

૫૪. નીચેનાં ભવનોમાં કામ કરતા પટાવાળાઓનો તેમનાં નામ સામે બતાવેલ સમયે પ્રોબેશન સમય પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

૧. શ્રી. આઈ. એ. વાઘેલા, પટાવાળા, સમાજવિદ્યા ભવનઃ તા. ૫-૨-૧૯૬૦.
૨. શ્રી. કે. બી. મકવાણા, પટાવાળા, મનોવિજ્ઞાન ભવનઃ તા. ૬-૨-૧૯૬૦.

૧. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી આઈ એ. વાઘેલાને કાયમ કરવાની બાબત પર વિચારણા કરવાનું મોકૂફ રાખવું.

૨. શ્રી કે. બી. મકવાણાને કાયમ કરવા બાબતમાં મનોવિજ્ઞાન ભવનના અધ્યક્ષનો રિપોર્ટ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે, મનોવિજ્ઞાન ભવનમાં પટાવાળાની જગા પર તેમને તા. ૬-૨-૧૯૬૦થી કાયમ કરવા.

૫૫. યુનિવર્સિટી મુદ્રણાલયના નીચેના ભાઈઓની સેવાના પ્રોબેશનનું એક વર્ષ પૂરું થતું હોવાથી તેમને કાયમ કરવાનું વિચારવા બાબત:

ક્રમાંક	નામ	હોદ્દો	જોડાયા તારીખ	પૂરા થતા વર્ષની તારીખ
૧.	શ્રી. દશરથલાલ ડાહ્યાભાઈ પટેલ	ક્લાર્ક	૨-૨-૧૯૫૯	૧-૨-૧૯૬૦
૨.	શ્રી. મોહનલાલ બબાભાઈ પટેલ	ગેલીમેન	૧૯-૧-૧૯૫૯	૧૮-૧-૧૯૬૦
૩.	શ્રી. બાબુભાઈ મગનલાલ શેલત	ટ્રેડલમેન	૧૯-૧-૧૯૫૯	૧૮-૧-૧૯૬૦
૪.	શ્રી. માનાજીરાવ કાળુજીરાવ કદમ	આસિ. બાઇન્ડર	૧૯-૧-૧૯૫૯	૧૮-૧-૧૯૬૦
૫.	શ્રી. નટવરલાલ મોહનલાલ મકવાણા	આસિ. બાઇન્ડર	૧૯-૧-૧૯૫૯	૧૮-૧-૧૯૬૦
૬.	શ્રી. રમેશચંદ્ર મણિલાલ ત્રિવેદી	હેલ્પર	૧૯-૧-૧૯૫૯	૧૮-૧-૧૯૬૦
૭.	શ્રી. ગિરધરલાલ નારણજી રાઠોડ	હેલ્પર	૧૯-૧-૧૯૫૯	૧૮-૧-૧૯૬૦

મંજૂર બાબત વિચારણા માટે આવી ત્યારે કારખાનાંના કાયદા અનુસાર, કાયમ કરવાનો સવાલ કાનૂની દૃષ્ટિએ ફરીથી તપાસીને રજૂ કરવા માટે કાર્યાલયને સૂચવવામાં આવ્યું.

૫૬. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા શ્રી. ઈ. જે. વીમાવાલાનું રાજીનામું મંજૂર થઈ ગયેલ હોવાથી તેઓને બાકી નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ઈ. જે. વીમાવાલાને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૫૭. યુનિવર્સિટી કાર્યાલયના ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. સી. સી. દવેને તા. ૧૮-૧૨-૧૯૬૦થી છૂટા કરેલ હોવાથી તેઓને બાકી જમા થયેલ પ્રોવિડન્ટ ફંડ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. સી. દવેને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૫૮. સેનેટ હૉલના છાપરાની ડિઝાઇન નક્કી ન થવાને લીધે ગેનન ડંકરલી ઍન્ડ કું. લિમિ.નું કામ ઉપર આર. સી. સી. ના ધાબાનું કામ લગભગ આઠ મહિના બંધ રહ્યું અને હજુ ચાર માસ બંધ રહેશે તે દરમિયાન કૉન્ટ્રાક્ટરના ડિપૉઝિટ ઉપરાંત દરેક બિલમાંથી ૧૦ ટકા યુનિવર્સિટી પાસે અનામત છે અને રહેશે તે ઘટાડીને પાંચ ટકા કરવા અને સાઇટ પર કૉન્ટ્રાક્ટરના માલસામાનની કિંમત પર ૭૫ ટકા આપવાની વિનંતી કરતા તેઓના તા. ૧૧-૧૨-૧૯૫૯ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બિલની કુલ રકમમાંથી તેમની અનામત (ડિપૉઝિટ) ઉપરાંત કુલ ૧૦ ટકા જેટલી રકમ અનામત રાખવામાં આવે છે તે ઘટાડીને ૫ ટકા જેટલી રકમ અનામત રાખવી, તથા "સાઇટ" પર કૉન્ટ્રેક્ટરના માલસામાનની અંદાજી કિંમતના બિલ ઉપર, સ્થપતિની ભલામણ આવ્યેથી તે બિલના ૭૫ ટકા સુધીની રકમ સદરહુ કૉન્ટ્રેક્ટરને તેમના હિસાબે (on account) આપવી.

૫૯. તા. ૨૩-૧૧-૧૯૫૯ના રોજ મળેલી બિલ્ડિંગ કમિટીની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત.

(૧) આ કમિટીની તા. ૨૦-૭-૧૯૫૯ની સભાના કામકાજ નં. ૫માં પેવેલિયન માટે રૂા. ૬,૧૦૦ના વધારાના ખર્ચને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે મે. વાઇસ-ચાન્સેલર સાહેબે સ્થપતિની ભલામણથી સિન્ડર ટ્રેકના "વધારાના કામકાજ" માટેના મંજૂર કરેલા દરોની નોંધ લેવી.

(૩) આથી ઠરાવવામાં આવે છે કે મકાનો ધોળાવવા-રંગાવવા બાબતમાં સામાન્ય રીતે નીચે પ્રમાણેનું ધોરણ સ્વીકારવું ઠીક થશે એમ સિન્ડિકેટને ભલામણ કરવી :

	ધોળાવવાનો સમય
૧. છાત્રાલયનાં રસોડાં અને ભોજનખંડ.....	દર વર્ષે
૨. છાત્રાલયની ઓરડીઓનો અંદરનો ભાગ.....	દર બે વર્ષે
૩. યુનિવર્સિટીનાં બીજાં મકાનો; જેવાં કે કાર્યાલય અને ભવનોનાં મકાનો, છાત્રાલયનો બહારનો ભાગ, રહેઠાણો વગેરે.....	દર ત્રણ વર્ષે
૪. ડિસ્ટેમ્પર કરવા માટે.....	દર પાંચ વર્ષે
૫. બારીબારણાંને ઑઇલ પેઇન્ટ કરવાનો સમય...	દર પાંચ થી સાત વર્ષે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કમિટીની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૦. ગ્રંથાલય સમિતિના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:
ઠરાવ નં ૨૯:

"ગ્રંથાલય માટે કાર્ડ ઇન્ડેક્ષ કેબિનેટ નં. ૮ અને દરેક ૨૪ ખાનાંવાળી તથા પેડિસ્ટલ પંખો નં. ૧ સાઇઝ ૨૪" તૈયાર કરાવવાનું ઠરાવવામાં આવે છે તથા તેને માટે ગ્રંથાલયના અંદાજપત્રમાં રૂા. ૫,૦૦૦ની જોગવાઈ કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૬૧. લાયબ્રેરી કમિટીને લગતા ઑર્ડિનાન્સ નં. ૨૨માં સુધારો કરવા બાબત. સુધારેલો ઑર્ડિનન્સ નીચે મુજબ વંચાશે :

"The Library Committee shall consist of not more than 16 members including the Vice-Chancellor, the Rector, if any, Deans of Faculties, and the heads of the University Departments. Members other than those stated above shall be appointed by the Syndicate".

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં ૨૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો, તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

"The Library Committee shall consist of the Vice-Chancellor, the Rector, if any, Deans of Faculties, Heads of University Departments and three other members to be nominated by the Syndicate."

૬૨. લાયબ્રેરી કમિટી ઉપર સિન્ડિકેટ તરફથી ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સુધારાયેલા ઑર્ડિનન્સ ૨૨ અનુસાર લાયબ્રેરી કમિટી ઉપર નીચેના ત્રણ સભ્યોની નિમણૂક કરવી :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ
૨. શ્રી. જયંતીલાલ દલાલ; અને
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ.

૬૩. યુનિવર્સિટીનાં જુદાં જુદાં અનુસ્નાતક ભવનોના અધ્યક્ષો અને અધ્યાપકોની ભલામણને અનુલક્ષીને નીચેનાં સામયિકો યુનિવર્સિટી લાયબ્રેરીમાં મંગાવવા માટેની ગ્રંથાલય સમિતિની ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણ મંજૂર કરવી.

(ભલામણ પ્રમાણે મંજૂર કરેલાં સામયિકોની યાદી **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૬૪. "એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા", વડોદરા અને "ધી બ્રિટિશ કાઉન્સિલ", મુંબઈના સંયુક્ત ઉપક્રમે વડોદરા મુકામે જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં યોજાનાર અંગ્રેજી સાહિત્યના સેમિનારમાં નીચેના સભ્યોની આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૧. શ્રી. એસ. એમ. શાહ;
૨. ડૉ. એમ. એન પંડ્યા;
૩. શ્રી. આર. એમ. પંચોળી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૫. લખનૌ મુકામે, લખનૌ યુનિવર્સિટીના આશ્રયે જાન્યુઆરી ૨૮થી ૨૯, ૧૯૬૦ દરમિયાન "ઇન્ડિયન સોશિયૉલૉજિકલ કૉન્ફરન્સ"નું પાંચમું અધિવેશન મળનાર હોઈ આ

અધિવેશનમાં આ યુનિવર્સિટીનાં પ્રતિનિધિ તરીકે ડૉ. તારાબહેન પટેલને મોકલ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૬. જે કેટલાક વિદ્યાર્થીઓએ તા. ૩૧-૧૨-૧૯૫૯ સુધીમાં કાયમી પ્રવેશપત્રો (Final Eligibility Certificates) કઢાવ્યાં નથી તેમને તા. ૩૧-૧-૧૯૬૦ સુધીમાં પ્રવેશપત્રો કઢાવી લેવા સારુ પરવાનગી આપ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—આ લંબાવેલી તારીખ સુધીમાં જે વિદ્યાર્થીઓ કાયમી પ્રવેશપત્રો કઢાવી લેશે નહિ તેમનાં કામચલાઉ પ્રવેશપત્રો રદ કરીને તેમને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૭. શ્રી. આર. એમ. બેહાઈની એમ.એ. સંસ્કૃત વિષયમાં માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાંથી એમ. એન. કૉલેજ, વિસનગરમાં ઉપકુલપતિશ્રીએ બદલી આપી તે કાર્યની બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગે તા. ૭-૧૨-૧૯૫૯ની બેઠકમાં નોંધ લીધી તે જાણ સારુ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૮. નીચેના શિક્ષકોને માન્ય અનુસ્નાતક શિક્ષક કે તેમના મદદનીશ શિક્ષક તરીકે બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ તથા સિન્ડિકેટની મંજૂરીની અપેક્ષાએ તેમનાં નામ સામે જણાવેલ વિષય તથા ડિગ્રી માટે ઉપકુલપતિશ્રીએ માન્યતા આપી હતી તે કાર્યને બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૬-૧૨-૧૯૫૯ની બેઠકમાં બહાલી આપવામાં આવી છે તેની નોંધ લેવા બાબત.

અનુક્રમ નંબર	નામ	વિષય તથા ડિગ્રી	કૉલેજ અગર સંસ્થાનું નામ	નોંધ
૧.	શ્રીમતી રાવ લક્ષ્મી	એમ.એ. અંગ્રેજી શિક્ષણથી	એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવી.
૨.	શ્રી. દેશપાંડે એમ. વી.	એમ.ઈ. (ઇલેક્ટ્રિકલ) (શિક્ષણ અને સંશોધનથી) ઇલેક્ટ્રિક મશીન, ઇલેક્ટ્રિક મશીન ડિઝાઈન્સ, એપ્લાઇડ ફિઝિક્સ, એપ્લાઈડ ઇલેક્ટ્રિકલ મશીન અને રિઝર્વેશન	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ-૯.	માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવામાં આવી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૯. પીએચ.ડી.ની પદવી માટે શ્રી. દેશી ધીરુભાઈ ત્રિભુવનદાસનો મહાનિબંધ ગુજરાતીના વિષયમાં રેફરીઓના રિપોર્ટને અનુલક્ષીને સ્વીકાર્યો હોઈ તેમને તે પદવી માટે પાત્ર ઠરાવેલા

જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૦. સર્વશ્રી કુગલ શક્તિ પ્રકાશ અને શિવલાલ તુલસીદાસ જેસલપુરાને પીએચ.ડી. પદવી માટેના અનુક્રમે ભૌતિકશાસ્ત્ર અને ગુજરાતીના વિષયોમાં મહાનિબંધો રેફરીઓએ સ્વીકાર્યા હોઈ તેઓને સદરહુ પરીક્ષામાં પાસ થયેલા જાહેર કરવા વાસ્તે અહ્વાલને શ્રી. ઉપકુલપતિએ આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૧. એમ.એસસી.ની પદવી માટે શ્રી. જે. એન. દેસાઈનો મહાનિબંધ ભૌતિક વિજ્ઞાનના વિષયમાં રેફરીના રિપોર્ટને અનુલક્ષીને તેમને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૨. શ્રી. શેકુરામન રાજગોપાલનનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ ભૌતિક-શાસ્ત્રના વિષયમાં રેફરીએ સ્વીકાર્યો હોઈ તેમને સદરહુ પદવી માટે પાત્ર જાહેર કરવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૩. પીએચ.ડી.ની પદવી માટે શ્રી. ફિશ્ચયન સિરીલ માર્ટિનનો મહાનિબંધ રસાયણ વિજ્ઞાનના વિષયમાં રેફરીઓના રિપોર્ટને અનુલક્ષીને તેમને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૪. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેર તરીકે કામ કરતા શ્રીમતી ધીરુબેન ડી. પંડિતનું રાજીનામું મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટના તા. ૧૪-૧૧-૧૯૫૯ના ઠરાવ અનુસાર તેમને ચાલુ સત્રના અંતે છૂટા કરવાની નોટિસ આપવાપણું હવે રહ્યું નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા.

૬૫. યુનિવર્સિટીને મળેલી નીચે પ્રમાણેની ગ્રાન્ટની નોંધ લેવા બાબત :

મુંબઈ સરકાર	રૂા.	૩૫,૬૨૭	ઘસારા ફંડ ખાતે
મધ્યસ્થ સરકાર	રૂા.	૩,૬૨૬	ફન્ડામેન્ટલ રિસર્ચ ગ્રાન્ટ
મધ્યસ્થ સરકાર	રૂા.	૧૩,૦૦૦	છેલ્લો હપ્તો (રીકન્ડીશનિંગ-કમ-ઓડિટોરિયમ હૉલ પેટે સેન્ટ ઝેવિયર્સ કૉલેજ માટે)

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન	રૂા. ૧,૦૦,૦૦૦	સમાજવિદ્યા ભવનના મકાન માટે
	રૂા. ૨૦,૦૦૦	ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના મકાન માટે

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર બાબતની નોંધ લેવી,

૭૬. યુનિવર્સિટી ગ્રંથાલયના આપ-લે અને અધ્યયન વિભાગોના નિયમોમાં કરવામાં આવેલ નીચે મુજબના ફેરફારો (જાણ માટે):

૧. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને વધારેમાં વધારે ૨૫ પુસ્તકો ધરવા કરવાં

૨. યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકોને ૨૫ પુસ્તકો ઉપરાંત વર્ગના કામ માટે જરૂર પડે તો વધારાનાં પાંચ પુસ્તકો તે જ દિવસે સાંજે પાંચ વાગે (શનિવારે સાંજે ૩-૩૦ વાગે) ગ્રંથાલયમાં પરત કરવાની શરતે આપવાં.

૩. ગુજરાત યુનિવર્સિટીમાં બાનગી રાહે નોંધાયેલા વિદ્યાર્થીઓ પૈકી રૂા. ૧૦ની અનામત રકમ ભરનાર અને સેનેટના સભ્ય પાસેથી નિયત કરેલા ફોર્મમાં જામીનગીરી રજૂ કરનાર વિદ્યાર્થીને લાયબ્રેરીમાં બેસીને વાંચવા માટે પુસ્તકો તથા હસ્તલેખિત ગ્રંથ મળી શકશે.

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર બાબતની નોંધ લેવી.

૭૭. ગ્રંથાલય સમિતિએ મંજૂર કરેલ યુનિવર્સિટીના ગ્રંથાલયનો તા. ૧-૭-૧૯૫૮થી તા. ૩૦-૬-૧૯૫૯ સુધીનો વાર્ષિક હેવાલ તથા તા. ૧-૭-૧૯૫૮થી તા. ૩૦-૬-૧૯૫૯ સુધીનો વાર્ષિક આવક-ખર્ચનો હિસાબ (જાણ સારુ).

આથી ઠરાવવામાં આવે છે કે, ગ્રન્થાલયના ૧૯૫૮-૫૯ના વાર્ષિક હેવાલ તથા વાર્ષિક આવક-ખર્ચનાં હિસાબની નોંધ લેવી.

(વાર્ષિક હિસાબો તથા હેવાલની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે)

૭૮. તા. ૨૩-૧૧-૧૯૫૯ના રોજ મળેલી બિલ્ડિંગ કમિટીના નીચેના ઠરાવ પર વિચારણા કરવા બાબત:

"યુનિવર્સિટી વિસ્તારના પ્લાન બાબતમાં સમિતિ સર્વાનુમતે ભલામણ કરી શકતી નથી તેનો સિન્ડિકેટને રિપોર્ટ કરવો અને આ બાબતનો નિર્ણય કરવાનું સિન્ડિકેટ પર છોડવું."

કેટલીક ચર્ચા બાદ આ બાબતમાં ઉપકુલપતિશ્રીએ જણાવ્યું કે, તે આખો સવાલ ફરી તપાસ કાઢીને નવેસર પોતે સભા આગળ રજૂ કરવા માગે છે. એથી મંજૂર બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૯. અમદાવાદ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને કોમર્સ કોલેજને જોડાણ આપવા અંગે ગુજરાત કેળવણી મંડળ, અમદાવાદના મુખ્ય ટ્રસ્ટી તરફથી આવેલ અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the proposed Arts & Commerce College to be started by the Gujarat Kelavani

Trust, Ahmedabad, be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Ars & Commerce Examinations; B.A. (General) Degree Examination in English and Economics; and B.A. (Special and General) Degree Examination in History, Sanskrit, Hindi, Gujarati and Psychology for a period of one year from 15th June 1960 to 14th June 1961, on the fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following conditions:

(1) that they construct a new building for the College;

(2) that the Trust spends Rs. 10,000/- initially and Rs. 4,000/- for the year on books;

(3) that the following staff in addition to the proposed Principal who is qualified as a Professor of Economics be appointed :

(*a*) a Professor of English;
(*b*) two Lectures in Gujarati;
(*c*) a Lecturer in Sanskrit;
(*d*) a part-time Lecturer in Sanskrit;
(*e*) three Lecturers in Economics;
(*f*) a Lecturer in History;
(*g*) a Lecturer in Logic-Psychology;
(*h*) two Lecturers in Commerce;
(*i*) a part-time Lecturer in Commerce;
(*j*) two Lecturers in English;
(*k*) two Lecturers in Hindi;
(*l*) a Lecturer in Mathematics; and
(*m*) one Physical Training Instructor; and

(4) that the Trust give an assurance that they will meet the deficit, if any, from the Trust's resources."

ત્યાં કરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૯૦. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ. (રૅ.) અંગ્રેજી તથા બી.એ. (જન.) અર્થશાસ્ત્ર વિષય માટે વધારાનું જોડાણ આપવા માટે આચાર્ય તરફથી આવેલ તા. ૧૭-૯-૧૯૫૯ની અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Prakash Arts College, Ahmedabad, be granted extension of affiliation for

teaching courses of studies leading to the B.A Degree Examination in English (Special) and Economics (General) for a period of two years from 15th June 1960 to 14th June 1962 on the fulfilment by 31st May 1960 to the satisfaction of the Syndicate, of the following conditions :

(1) that a Tutor in English be appointed; and

(2) that a sum of Rs. 2,000/- for books in English and a sum of Rs. 1,000/- for books in Economics be spent for the College Library."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૧. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એ.માં ગૃહવિજ્ઞાન (સ્પેશિયલ), ગુજરાતી, હિન્દી અને ફિલોસોફી (સ્પેશિયલ અને જનરલ) તથા ઇતિહાસ અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિ (જનરલ)ના વિષયમાં ચાલુ જોડાણ આપવા અંગે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Prakash Arts College, Ahmedabad, be granted continuation of affiliation for teaching courses of studies leading to the B.A. (Special) Degree Examination in Home Science; B.A. (Special and General) Degree Examination in Gujarati, Hindi and Philosophy; and B.A (General) Degree Examination in History and Ancient Indian Culture for a period of two years from 20th June 1960 to 14th June 1962, on the fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following conditions:

(1) that the allotted sum of Rs. 7,500/- be spent for the Library during the year 1959-60, and out of this sum, books in Home Science, Sanskrit and Hindi worth Rs. 2,600/- be actually received before 31-3-1960; and

(2) that the Trust give an assurance that they will meet the deficit, if any, from the Trust's resources."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૨. ફારકા ખાતે જૂન ૧૯૬૦થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા સારુ જોડાણ આપવા અંગે શ્રી. શારદાપીઠ વિદ્યાસભાના મંત્રી

તરફથી આવેલી તા. ૧૭-૯-૧૯૫૯ની અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the proposed Arts College, Dwarka, sponsored by Shri Sharda Peeth Vidya Sabha, be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Arts Examination for a period of one year from 15th June 1960 to 14th June 1961 on the fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following conditions:

(1) that a building with suitable sanitary arrangements and the class-rooms and other accommodation as required by University Rules, be provided and the Library, class-rooms, office rooms, the Principal's room, etc., be adequately furnished;

(2) that books worth Rs. 5,000/- be purchased for the Library;

(3) that in addition to the Principal, who is qualified for the post of Professor of Sanskrit, the following staff be appointed;

(*i*) a Lecturer in Gujarati;
(*ii*) a Lecturer in Hindi;
(*iii*) a Lecturer in English;
(*iv*) a Lecturer in History;
(*v*) a Lecturer in Economics;
(*vi*) a Lecturer in Logic, Psychology and World Religions;
(*vii*) a Lecturer in Sociology (if this optional subject is offered at Intermediate Arts); and
(*viii*) a Physical Training Instructor;

(4) that a suitable play-ground be provided; and

(5) that the Vidya Sabha give an assurance that they will meet the deficit, if any, from the resources of the Sabha."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૩. સર એલ. એ. શાહ લૉ કૉલેજ (વિનયન વિભાગ), અમદાવાદને બી.એ. (સ્પેશિયલ અને જનરલ) માં અંગ્રેજી, સંસ્કૃત, ગુજરાતી, અર્થશાસ્ત્ર, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન "બી", મનોવિજ્ઞાન અને હિન્દી તથા બી.એ. (જનરલ) માં અર્ધમાગધીના વિષયોમાં ચાલુ

જોડાણ આપવા અંગે ગુજરાત લૉ સોસાયટીના માનદ મંત્રી તરફથી આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Sir L.A. Shah Law College (Arts Section), Ahmedabad, be granted continuation of affiliation for teaching courses of studies leading to the B. A. (General and Special) Degree Examination in English, Sanskrit, Gujarati, Economies, History, Philosophy-'B' (Psychology) and Hindi; and B.A. (General) Degree Examination in Ardhamagadhi for a period of two years from 20th June 1960 to 14th June 1962 on the fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following condition:

That a Lecturar in Sanskrit or Ardhamagadhi be appointed."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૪. સર્વોદય એજ્યુકેશન સોસાયટી, મુંબઈના સંચાલન હેઠળ મોરબી ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજને ઇન્ટરમિડિયેટ આર્ટ્સ અને સાયન્સ સુધીના અભ્યાસ ક્રમો શીખવવા માટે જોડાણ આપવા માટે આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Arts and Science College proposed to be started at Morbi by Sarvodaya Education Society of Bombay, be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Arts and Intermediate Science Examinations for a period of one year from 15th June 1960 to 14th June 1961, on the fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following conditions:

(1) that the following accommodation be provided:
   - (*i*) four class-rooms admeasuring 800 sq.ft. each;
   - (*ii*) a Library room admeasuring 1000 sq.ft.;
   - (*iii*) three optional class-rooms;
   - (*iv*) five other rooms to be used, as Principal's Office, College Office, Common Room for staff, a common room for girl-students and a common room for boy-students; and
   - (*v*) three Laboratories admeasuring 900 sq.ft. each;

(2) that accommodation for a Hostel and quarters for the Principal and Rector be provided;

(3) that the following staff in addition to the proposed Principal who is competent for appointment as a Professor of Gujarati, be appointed:

(*i*) a Lecturer in English;
(*ii*) a Lecturer in Gujarati;
(*iii*) a Lecturer in Hindi;
(*iv*) a Lecturer in Sanskrit;
(*v*) a Lecturer in Economics (including Civics, Administration, World History);
(*vi*) a Lecturer in Logic;
(*vii*) a Lecturer in Psychology;
(*viii*) a Lecturer in Mathematics;
(*ix*) a Physical Training Instructor;

(4) that a sun of Rs. 7,500/- be spent for setting up and equipping the laboratories;

(5) that Rs. 10,000/- be spent initially for the purchase of books on the subjects to be taught;

(6) the Society give an assurance that they will meet the deficit, if any, from the resources of the Society."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૫. મોડાસા એજ્યુકેશન સોસાયટી તરફથી મોડાસા ખાતે શરૂ કરાનાર આર્ટ્સ અને સાયન્સ કૉલેજને ઇન્ટરમીડિયેટ સુધીના અભ્યારાક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ.

એકેડેમિક કાઉન્સિલની ભલામણ:

"Resolved that it be recommended to the Syndicate and the Senate that the Arts and Science College proposed to be started at Modasa by the Modasa Education Society be granted affiliation for teaching courses of studies leading to the Intermediate Arts and Intermediate Science Examination for a period of one year from 15-6-1960 to 14-6-1961 on the fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following conditions:

1. that the following staff be appointed:
   (*i*) a Principal;
   (*ii*) a Lecturer in English;

(*iii*) a Lecturer in World History;

(*iv*) a Lecturer in Economics;

(*v*) a Lecturer in Gujarati;

(*vi*) a Lecturer in Hindi;

(*vii*) a Lecturer in Sanskrit;

(*viii*) a Lecturer in Mathematics;

(*ix*) a Lecturer in Logic, Psychology and World Religions;

(*x*) a Lecturer in Chemistry;

(*xi*) a Lecturer in Physics;

(*xii*) a Lecturer in Biology;

(*xiii*) three Demonstrators (one each for Physics, Chemistry and Biology);

(*xiv*) three Laboratory Assistants (one each for Physics, Chemistry and Biology); and

(*xv*) a Physical Training Instructor;

(*Note.*—The Principal of the proposed College is expected to teach his subject and to that extent he may replace one of the 11 Lecturers as indicated above.)

(2) that suitable changes be made in the building set apart for the proposed College to accommodate two divisions of the Pre-University year in Arts and Science, and three laboratories, as also office, library, reading room, ladies' room, etc.;

(3) that an amount of Rs. 10,000/- be spent initially for purchasing books for the College library;

(4) that a non-recurring amount of Rs. 7,500/- be spent for getting the laboratories in Physics, Chemistry and Botany equipped; and

(5) that the Society give an assurance that they will meet the deficit, if any, from the resources of the Society."

આથી ફરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૬. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડાને બી.એ. (સ્પેશિયલ અને જનરલ) ડિગ્રી માટે ગુજરાતી, સંસ્કૃત, અને અર્થશાસ્ત્ર અને બી.એ. (જનરલ)માં માનસશાસ્ત્ર અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ અને બી.એ. (સ્પેશિયલ અને જનરલ)માં સમાજશાસ્ત્રના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા માટે

આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Darbar Gopaldas Mahavidyalaya, Aliabada, be granted continuation of affiliation for teaching courses of studies leading to the B.A. (Special and General) Degree Examination in Gujarati, Sanskrit and Economics; and B.A. (General) Degree Examination in Psychology and Ancient Indian Culture for a period of three years from 20th June 1960 to 14th June 1963; and that the said College be granted extension of affiliation for teaching courses of studies leading to the B.A. (Special) Degree Examination in Sociology for a period of one year from 15th June 1960 to 14th June 1961, on fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following conditions.

(1) that a Professor in Sociology be appointed; and

(2) that a sum of Rs. 2,000/– be spent for purchasing books on Sociology and at least one important journal in the subjects be subscribed to.

Note.— In the event, however, of the College offering only Sociology (General) for the B.A. students, appointment of a Lecturer in Sociology, and provision for Rs. 1,000/– for the purchase of books should be deemed sufficient.)"

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૭. આર. આર. લાલન કૉલેજ ભૂજને બી.એ. (રૂપે. અને જન.) ડિગ્રી માટે ગુજરાતી, અર્થશાસ્ત્ર તથા બી.એ. (જનરલ) ડિગ્રી માટે અંગ્રેજી, સંસ્કૃત અને ઇતિહાસના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ તથા બી.એ. (જનરલ) ડિગ્રી માટે હિન્દીના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા બાબત આવેલી અરજી ઉપર સિન્ડિકેટની સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that R. R. Lalan College, Bhuj, be granted permanent affiliation for teaching courses of the studies leading to the B.A. (Special) Degree Examination in Gujarati and Economics; and B.A. (General) Degree Examination in English, History and Sanskrit, with effect from 20th June 1960; and extension of affiliation for teaching courses of studies leading to the B.A. (General) Degree Examination in Hindi

for a period of two years from 15th June 1960 to 14th June 1962, on the fulfilment by 31st May 1960, to the satisfaction of the Syndicate, of the following conditions :

(1) that the College spends an amount of Rs. 2,000/- on books in Hindi; and

(2) that the pay-scales prescribed by the University for the various teaching posts in the affiliated Colleges are implemented."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૮. શ્રેયસ કૉલેજ, અમદાવાદને ઇન્ટરમીડિયેટ આર્ટ્સ અને સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે શ્રેયસ ફાઉન્ડેશનના મંત્રીઓ તરફથી આવેલ અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"Resolved that it be recommended to the Syndicate and the Senate that Shreyas College, Ahmedabad, be granted continuation of affiliation for teaching courses of studies leading to the Intermediate Arts and Science (Groups 'A' and 'B') Examinations for a period of two years from 20th June 1960 to 14th June 1962."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપર્યુક્ત ભલામણ સાથે સિન્ડિકેટ સંમત છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮૯. સોમનાથ ટ્રસ્ટ, જામનગરના સંચાલન હેઠળ વેરાવળ ખાતે શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટરમીડિયેટ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા આવેલી અરજી ઉપર સિન્ડિકેટે નીમેલી સ્થાનિક તપાસસમિતિનો હેવાલ તથા તે પર એકેડેમિક કાઉન્સિલની ભલામણ :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

39.	Surendranagar	M. P. Shah Arts College, Surendranagar.	Principal, M. P. Shah Arts College, Surendranagar.
40.	Viramgam	Municipal Office, Viramgam.	Chief Officer, Viramgam Municipality, Viramgam.
41.	Visnagar	M. N. College, Visnagar.	Principal, M. N. College, Visnagar.

2. Teachers including Principals, etc., Constituency

1.	Ahmedabad	B. J. Medical College, Ahmedabad.	Shri Jhinabhai R. Desai, C. N. Vidyalaya, Ambawadi, Ahmedabad-6.
2.	Jamnagar.	D. K. V. Arts and Science College, Jamnagar.	Principal, D. K. V. Arts and Science College, Jamnagar.

પરિશિષ્ટ "ત"
ફાઇલ્ડાજ નં. ૪૭

સિન્ડિકેટના તમામ સભ્યોની બનેલી વરણીસમિતિની એક સભા, યુનિવર્સિટી કાર્યાલયમાં, શુક્રવાર તા. ૨૨-૧-૧૯૬૦ના રોજ બપોરના સાડાત્રણ વાગે, ઉપકુલપતિશ્રી મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪.	ઝીણાભાઈ ૨ દેસાઈ	હાજર
૫.	શ્રી. બચુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૭.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૮.	શ્રી જયંતીલાલ ધે. દલાલ	ગેરહાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૧૦.	શ્રી. હિમતલાલ પ્ર. શુકલ	ગેરહાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩.	ડૉ મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪.	ડૉ. પી. એચ. પ્રભુ	હાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭	પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૮.	પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર

આ ઉપરાંત જે તે વિષયને લગતી નિમણૂકની વિચારણા કરવામાં આવી ત્યારે નીચેના સભ્યો ખાસ નિમંત્રણથી હાજર રહ્યા હતા:

૧. શ્રી. પી. ડી. પાઠક	વિજ્ઞાન ભવનમાં લેક્ચરર ઇન ફિઝિકસની જગા માટે.
૨. પ્રૉફેસર ઉમાશંકર જોશી	ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રીસર્સ ફેલોની જગા માટે.
૩. શ્રી. એચ એન રાવળ	વિજ્ઞાન ભવનમાં લેક્ચરર ઇન મેથેમેટિકસની જગા માટે.
૪, પ્રૉફેસર બી. આર. શેનોય ૫. શ્રી. ડી. જી. વર્શી	સમાજ વિદ્યાભવનમાં ડેમોન્સ્ટ્રેટર ઇન સ્ટેટિસ્ટિકસની જગા માટે.

જુદી જુદી જગાઓ માટે બોલાવવામાં આવેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. વિજ્ઞાન ભવનમાં લેક્ચરર ઇન ફિઝિક્સની બે જગા :

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, વિજ્ઞાન ભવનમાં ફિઝિક્સના લેક્ચરર તરીકે, શ્રી. વી. એમ. ત્રિવેદીને રૂા. ૨૫૦-૨૫-૫૦૦ ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૩૦૦થી નીમવા, તથા શ્રી. એન એમ. પંડ્યાને રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૭૫થી નીમવા.

૨. મનોવિજ્ઞાન ભવનમાં રીસર્ચ ફેલોની એક જગા :

આથી આ સમિતિ સિન્ડિકેટને રિપોર્ટ કરે છે કે, સદરહુ જગા માટે તે હાલ કોઈ ઉમેદવારની ભલામણ કરી શકતી નથી, અને તેથી ભલામણ કરે છે કે, સદરહુ જગા માટે ફરીથી જાહેરખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી, તથા તે અરજીઓ પર વિચારણા કરવામાં આવે ત્યારે આજે હાજર રહેલા ઉમેદવારો શ્રી. એમ. વાય. ખંડવે અને કુ. કે. આર. પટેલની અરજીઓ પર પણ વિચારણા કરવી.

૩. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રીસર્ચ ફેલોની એક જગા :

યુનિવર્સિટીનાં જુદાં જુદાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં રીસર્ચ ફેલો માટે નીચે પ્રમાણે બે જાતનાં પગારધોરણો પ્રવર્તતાં હોવાનું સમિતિના જોવામાં આવ્યું છે.

(૧) રૂા. ૨૫૦ ઉચ્ચક, અને

(૨) રૂા. ૭૫-૫-૧૫૦ વત્તા યુનિવર્સિટીનાં ધારાધોરણો પ્રમાણે આપવામાં આવતાં ભથ્થાં.

યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં એક જ પ્રકારની જગા માટે એક સરખું પગાર ધોરણ પ્રવર્તે તે ઇચ્છવા યોગ્ય હોઈ આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રીસર્ચ ફેલોની જગા માટેનું પગારધોરણ સુધારવું, તથા તે પ્રમાણે સુધાર્યા પછીથી ફરીથી જાહેર-ખબર આપીને નવેસરથી અરજીઓ મંગાવવી.

૪. વિજ્ઞાન ભવનમાં મેથેમેટિક્સના લેક્ચરરની બે જગાઓ :

વિજ્ઞાન ભવનમાં મેથેમેટિક્સના લેક્ચરરની બે જગાઓ માટે, બોલાવવામાં આવેલા ઉમેદવારો પૈકી કોઈ ઉમેદવાર યુનિવર્સિટીનાં ધારાધોરણો અનુસાર જરૂરી લાયકાત ધરાવતા નથી તેથી તે પૈકી કોઈની પણ નિમણૂક કરવાની આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરી શકતી નથી એમ સિન્ડિકેટને રિપોર્ટ કરવો.

ચર્ચાવિચારણા દરમિયાન સમિતિની સમક્ષ, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજના એક શિક્ષક પ્રૉફેસર દર્શનસિંગ બસંતનું નામ, લેક્ચરરની એક જગા માટે સૂચવવામાં આવ્યું હતું, તે પરથી સમિતિએ નોંધ લીધી કે, તેમની અરજી આવ્યેથી તે પર વિચારણા કરી શકાય.

વધુમાં આ સમિતિ સિન્ડિકેટને સૂચવે છે કે, મેથેમેટિક્સના લેક્ચરરને બદલે જરૂર પ્રમાણે એક-બે ટ્યુટરની નિમણૂક થઈ શકે કે કેમ, તે અંગે વિજ્ઞાન ભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યનો મત જાણીને તે અંગે ઘટતું કરવામાં આવે.

૫. સમાજવિદ્યા ભવનમાં આંકડાશાસ્ત્ર (સ્ટેટિસ્ટિક્સ)ના ડેમોન્સ્ટ્રેટરની એક જગા :

સમાજવિદ્યા ભવનમાં સ્ટેટિસ્ટિક્સના ડેમોન્સ્ટ્રેટરની એક જગા માટે શ્રી. ઈશ્વરલાલ જી. કડિયાની નિમણૂક રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં, મૂળ માસિક પગાર રૂા. ૨૩૦થી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં જણાવવામાં આવે છે કે, સંજોગવશાત્ શ્રી. ઈશ્વરલાલ જી. કડિયા આ નિમણૂક સ્વીકારી શકે તેમ ન હોય તો રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી નીચેના બે પૈકી એકની ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. શ્રી. નરસિંહ વેન્કટકૃષ્ણ આયંગર
૨. શ્રી. નોત્તમભાઈ જેરદાસ પટેલ

તે પછી સભાનું કામકાજ પૂરું થયું હતું.

અમદાવાદ.
તા. ૨૫-૧૦-૧૯૬૦.

ભૂ. મ. પટેલ,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ઠ "થ"
કાર્યકાજ નં. ૫૧

ઠરાવ મુજબ સુધારેલી સુચના નીચે મુજબ વંચાશે :

Instruction regarding method of assessing questions at the B A. Examination.

66. Examination in the various languages and subject at the B.A. Examination are hereby informed that even for the Special Papers which are not common with the General Papers, marks shall be assigned to individual questions. Marks shall be assigned to each answer or individual qnestion.

B Sc. Principal and Subsidiary subejcts.

108. Examiners are expected to specify the number of questions that should be attempted, and in all cases a choice of questions should be given. The paper should show invariably the allocation of marks for each question. In assessing the answer-books, each answer should be assessed invariably and marks assigned to it. Examiners in each subject, or in each group, where a group forms a subject must arrange to be together in Ahmedabad or some other place by mutual agreement, for such time as may be necessary, in order to discuss the work of candidates and finalise the results.

પરિશિષ્ટ "દ"
કામકાજ નં. ૫૨

પ્રી-યુનિવર્સિટી પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની યાદી

કેન્દ્ર	કુલ વિદ્યાર્થીઓની સંખ્યા	સીનિયર સુપરવાઇઝરો
૧. નડિયાદ	૮૩૫	૧. પ્રૉ. આર. સી. બડવે ૨. પ્રૉ. આર. એચ. ગાંધી ૩. ડૉ. ડી. એન. શાહ
૨. પેટલાદ	૩૭૧	૧. પ્રિન્સિ. એસ. વી. શાહ ૨. પ્રૉ. આઈ. જે. ભટ્ટ
૩. ડભોઈ	૩૨૫	૧. પ્રિ. બી. બી. ઠાકોરી ૨. પ્રૉ. એમ. બી. પ્રધાન
૪ ભરૂચ	૪૭૨	૧. પ્રિ. કે. વી. દેસાઈ ૨. શ્રી. જી. કે. જી. જોશી
૫. સુરત	૧૬૫૯	૧. પ્રિ. કે. એલ. દેસાઈ ૨. પ્રૉ. સી એમ. દેસાઈ ૩. પ્રૉ. વી. એમ. દેસાઈ ૪. પ્રૉ. ટી. એસ. જોશી ૫. પ્રિ. એ. આર. દેસાઈ ૬. પ્રૉ. કે. એમ. તલાટી
૬. નવસારી	૮૫૨	૧. પ્રિ. એ. કે. ત્રિવેદી ૨. પ્રૉ. પી. બી. મેનન ૩. પ્રૉ. એચ. પી. સુરાલીવાલા ૪. પ્રૉ. પી. ડી. મામતોરા
૭. વલસાડ	૩૭૯	૧. ડૉ. કે. જી. નાયક ૨. પ્રૉ. એન. સી. શાહ
૮. વિસનગર	૬૧૩	૧. પ્રિ. કે. બી. વ્યાસ ૨. શ્રી. એચ. જી. માને
૯. પાટણ	૩૩૮	૧. પ્રિ. પી. એ. પંડ્યા ૨. શ્રી. જે. ડી. તલાટી

કેન્દ્ર	કુલ વિદ્યાર્થીઓની સંખ્યા	સિનિયર સુપરવાઇઝરો
૧૦. રાજકોટ	૧૬૦૫	૧. પ્રિ. જી. આર. કોટવાલ
		૨. પ્રૉ. એમ. જી. દેસાઈ
		૩. પ્રૉ. એમ. એચ. એસ. મુર્થી
		૪. પ્રૉ. આઈ. એસ. જોશીપુરા
	ફક્ત પ્રી-યુનિ. વાણિજ્ય માટે	૫. પ્રિ. જે. એચ. અધ્વર્યુ
		૬. શ્રી. આર. કે. ગાંધી
૧૧. ભાવનગર	૧૩૩૬	૧. પ્રૉ. કે. એલ. નસીમહામ
		૨. શ્રી. વી. એલ. મોદી
		૩. પ્રૉ. પી. એન. જોશી
		૪. શ્રી. એન. જે. ત્રિવેદી
		૫. પ્રિ. એસ. સી. પાઠક
૧૨. જૂનાગઢ	૧૭૧૦	૧. પ્રૉ. એસ. એસ. જોશી
		૨. પ્રૉ. એ એસ. પ્રભુદેસાઈ
		૩. પ્રૉ. એસ. વી. સ્વાદિયા
૧૩. જામનગર	૫૯૭	૧. પ્રૉ. આર. એન. દવે
		૨. પ્રૉ. કે. બી. વસાવડા
૧૪. પોરબંદર	૨૮૩	૧. પ્રિ. એન. એન. પટેલ
		૨. શ્રી. એસ. વિદ્યાલંકાર
૧૫. સુરેન્દ્રનગર	૫૬૯	૧. શ્રી. એસ. જે. ત્રિવેદી
		૨. શ્રી. જે. એ. દવે
૧૬. અલિયાબાડા	૫૭	૧. ઉપાચાર્ય શ્રી. મોહનભાઈ પટેલ
૧૭. ભૂજ	૨૪૦	૧. પ્રૉ. આર. જી. મજમુદાર
		૨. પ્રૉ. આર. એસ. દવે
અમદાવાદ પ્રી-યુનિ આર્ટ્સ		
૧. ગુજરાત કૉલેજ	૧૩૦૦	૧. પ્રિ. વાય. જી. નાયક
		૨. પ્રૉ. એમ. પી. મુરતકર
		૩. પ્રૉ. આર. એમ. વાઘમારે
		૪. પ્રૉ. આર. એન. દેસાઈ
		૫. શ્રી. એચ. એમ. શેખ
૨. એચ. કે. આર્ટ્સ કૉલેજ	૮૦૦	૧. પ્રિ. વાય. પી. શુકલ
		૨. પ્રૉ. એલ. એચ. ટેંગશે
		૩. શ્રીમતી પી. જે. શાહ

કેન્દ્ર	કુલ વિદ્યાર્થીઓની સંખ્યા	સીનિયર સુપરવાઇઝરો
૩. એચ. એ. કૉમર્સ કૉલેજ.	૫૫૦	૧. પ્રિ. એમ. સી. દેસાઈ ૨. પ્રૉ. આર. જે. છાબરિયા
૪. સર એલ. એ. શાહ લૉ કૉલેજ	૫૦૦	૧. પ્રિ. એમ. એસ. પંડિત ૨. શ્રી. કે. બી. વ્યાસ
૫. બી. ડી. આર્ટ્સ કૉલેજ	૫૦૦	૧. પ્રૉ. પી. ચંદરવાકર ૨. શ્રી. એ. જે. જાની
૬. પ્રકાશ કૉલેજ	૫૩૦	૧. પ્રૉ. જે. જે. દેસાઈ ૨. પ્રૉ. એમ. એમ. મહેતા
પ્રી-યુનિ. સાયન્સ		
૧. સેંટ ઝેવિયર્સ કૉલેજ	૭૫૦	૧. પ્રિ. એચ. એ. ડિસોઝા ૨. શ્રી. એફ. એમ. બ્રેગેન્ઝા
૨. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ	૪૫૦	૧. પ્રિ. આર. ડી. દેસાઈ ૨. પ્રૉ. એ. એમ. ત્રિવેદી
પ્રી-યુનિ. કૉમર્સ		
૧. એચ. એલ. કૉમર્સ કૉલેજ	૧૩૯૬	૧. પ્રિ. એસ. વી. દેસાઈ ૨. પ્રૉ. વી. એન. જોશી ૩. પ્રૉ એ. ડી. ઝાલા ૪. પ્રૉ. આર. ડી. વસાવડા ૫. પ્રૉ. એસ. આર. મહેતા
૨. એલ. ડી. આર્ટ્સ કૉલેજ	૬૫૦	૧. પ્રિ. વી. એમ. શાહ ૨. પ્રૉ. આર. એમ. શુકલ

પરિશિષ્ટ "ધ"
કામકાજ નં. ૫૩

પરિભાષા, પાઠયપુસ્તકો વગેરેની યોજના ઘડવાનું જણાવતા સેનેટના ઠરાવ પરથી સિન્ડિકેટે નીમેલી સમિતિની કામગીરી અંગે શ્રી. રજિસ્ટ્રારનો વચગાળાનો હેવાલ

સેનેટની તા. ૧૩—૧૪-૧૦-૧૯૫૯ની સભામાં નીચેનો ઠરાવ થયો હતો :

"માતૃભાષા દ્વારા સઘળા તબકકાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યકત કરતાં ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમ જ પાઠયપુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઈએ તેટલી પ્રગતિ થઈ ન હોવાથી વિદ્યાર્થીઓને કફોડી સ્થિતિમાં મુકાવું પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મુકાવું પડશે એ પરિસ્થિતિ વિષે પોતાની ઊંડી ચિંતાની લાગણી દર્શાવે છે. આવશ્યક પરિભાષા તથા પાઠયપુસ્તકો તૈયાર કરાવવા સારુ તેમ જ માતૃભાષા દ્વારા શિક્ષણ આપવાના સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યાશાખામાં અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજના ને સમયપત્રક ઘડી કાઢવા સારુ અને વચગાળાના સમયમાં માધ્યમ અને પાઠયપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ વિષે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકૂળતા-પ્રતિકૂળતા લક્ષમાં રાખી ચોકકસ ભલામણો કરવા સારુ એક સમિતિ નીમવા અને તેનો હેવાલ પોતાની ભલામણ સાથે માર્ચ ૧૯૬૦ના અંત પહેલાં સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે."

સેનેટનો ઉપરોકત ઠરાવ સિન્ડિકેટની તા. ૧૪-૧૧-૧૯૫૯ની સભામાં રજૂ કરવામાં આવ્યો ત્યારે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું હતું :

"આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપરોકત ઠરાવ પરત્વે વિચારણા કરી રિપોર્ટ કરવા વાસ્તે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ – અધ્યક્ષ
૨. શ્રી. ચન્દ્રવદન સી. શાહ
૩. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૪. પ્રોફેસર ઉમાશંકર જોશી
૫. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ
૬. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૭. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ
૮. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૯. પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઈ
૧૦. પ્રિન્સિપલ યશવંત પ્રા. શુકલ

૧૧. પ્રિન્સિપલ એમ. એસ. પંડિત
૧૨. ડૉ. એમ. ડી. દેસાઈ
૧૩. શ્રી. ડી. એન. પાઠક
૧૪. પ્રોફેસર એમ. એમ. પટેલ
૧૫. શ્રી. ક. ચ. પરીખ, રજિસ્ટ્રાર – મંત્રી.

સિન્ડિકેટના સદરહુ ઠરાવ અનુસાર નિમાયેલી સમિતિની અત્યાર સુધીમાં કુલ બે બેઠકો તા. ૧૪-૧૨-૧૯૫૯ અને તા. ૨૯-૧-૧૯૬૦ના રોજ ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. આ બન્ને બેઠકોમાં નીચેના મુદ્દાઓ સ્પષ્ટ થયા હતા.

૧. યુનિવર્સિટી તરફથી પરિભાષાના કામકાજમાં જરૂરી પ્રગતિ થયેલી છે, તથા પ્રકાશનોના કામને વેગ મળે તે માટે યુનિવર્સિટીએ પોતાનું મુદ્રણાલય સ્થાપ્યું છે. તે ઉપરાંત પ્રકાશન અધિકારી નીમીને અલાયદો પ્રકાશન વિભાગ પણ ખોલવાનું નક્કી થયેલું છે.

૨. ગુજરાત યુનિવર્સિટી ધારા પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાનાં દસ વર્ષને અંતે શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે અંગ્રેજી બંધ થાય અને તે અંગે ક્રમિક ફેરફાર કરવા માટે યુનિવર્સિટીએ જરૂરી સ્ટેટ્યૂટ ઘડેલા છે.

૩. યુનિવર્સિટીના પ્રકાશન બોર્ડની તા. ૧૯-૧-૧૯૬૦ના રોજ મળેલી સભાએ યુનિવર્સિટીએ જુદાં જુદાં પ્રકાશનો હાથ ધરવા માટે સિન્ડિકેટને કરેલી ભલામણોનો ખ્યાલ પણ મજકૂર સમિતિને આપવામાં આવ્યો હતો આ ભલામણોની નકલ **પરિશિષ્ટ "અ"** તરીકે સામેલ છે.

૪. પ્રકાશનોની બાબતમાં યુનિવર્સિટીને ઘટતી વિચારણા કરવા માટે સરળતા થાય તે હેતુથી, સમિતિએ વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની વિદ્યાશાખાઓ સંલગ્ન કૉલેજોમાં શીખવાતા જુદા જુદા વિષયોના વિભાગોના વડાઓ (Heads of Departments) ની યાદી તૈયાર કરાવી હતી.

૫. આ પછી સમિતિએ એમ વિચાર્યું છે કે, સદરહુ ત્રણ વિદ્યાશાખાઓમાં જુદી જુદી પરીક્ષાઓ માટે હાલ જે અભ્યાસક્રમ નિયત કરવામાં આવ્યા છે, તે અભ્યાસક્રમના મુદ્દાઓ (topics) ની વિગતવાર સ્પષ્ટ રૂપરેખા (detailed synopsis) ત્રણેક માસમાં તૈયાર કરવા માટે જે તે વિષયને લગતી અભ્યાસસમિતિના અધ્યક્ષને વિનંતી કરવી, અને તે રૂપરેખા તૈયાર કરવામાં તેમને યોગ્ય લાગે તેવા નિષ્ણાત કે નિષ્ણાતોની સહાય તેઓ લઈ શકે છે એમ તેમને જણાવવું.

આ રૂપરેખા તૈયાર થયેથી વિદ્યાર્થીઓના અભ્યાસ માટે ઉપયોગી પ્રકાશનો શી રીતે તૈયાર કરાવવાં તે વિચારવાનું સરળ બનશે એવી અપેક્ષા છે.

દરમિયાન, સેનેટના ઉપર જણાવેલા ઠરાવ અનુસાર માર્ચ ૧૯૬૦ની મુદત વીતી જશે એ સ્પષ્ટ છે, તેથી આ વચગાળાનો હેવાલ સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવામાં આવે છે.

ક. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "અ"

પબ્લિકેશન બોર્ડની તા. ૧૯-૧-૧૯૬૦ની સભાની ભલામણ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી)માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, પ્રાકૃત, પાલિ વગેરે ભાષાઓના પસંદ કરેલા પાઠોના ગદ્યપદ્ય સંગ્રહો (સિલેકશન્સ) તૈયાર કરવા માટે જે તે ભાષાના તજ્ઞોની જુદી જુદી સમિતિઓ નીમવામાં આવે, જેમાં અભ્યાસ સમિતિના અધ્યક્ષ અને અન્ય બે કે ત્રણ બીજા સભ્યો રહે.

પ્રસ્તુત સમિતિએ પસંદ કરેલા પાઠો (સિલેક્શન્સ) તૈયાર કરાવવામાં નીચેના મુદ્દાઓ વિચારણામાં લઈને લગભગ ત્રણેક માસ જેટલા સમયમાં તેની હસ્તપ્રત તૈયાર કરીને આપવી જોઈએ.

૧. ગદ્ય અને પદ્યમાં કેટલાં પાનાં રાખવા જોઈએ તે નક્કી કરવું જોઈએ. તથા એસ. એસ સી. પાસ થઈ કૉલેજમાં આવેલા વિદ્યાર્થીઓના અભ્યાસનું ધોરણ ધ્યાનમાં લઈને સંગ્રહો તૈયાર કરવા જોઈએ.

૨. સંપાદનમાં બધી વિદ્યાશાખાઓને સ્પર્શતું સાહિત્ય યોગ્ય પ્રમાણમાં હોય તે ધ્યેય જણાય છે.

૩. એસ. એસ. સી.માંથી અંગ્રેજીના જ્ઞાનનું જે ધોરણ લઈને સામાન્ય વિદ્યાર્થી આવે છે તે બાબતને પણ ધ્યાનમાં રાખી આ વ્યવસ્થા વિચારવી જોઇએ.

ઠરાવવામાં આવે છે કે, પ્રત્યેક અભ્યાસસમિતિને જણાવવું કે :

૧. અંગ્રેજી પુસ્તકોનું સીધું ભાષાંતર કે અનુવાદ ના કરતાં જે તે વિષયોમાં પ્રથમ પદવીકક્ષાના અભ્યાસક્રમોને તેમ જ સ્નાતક અભ્યાસક્રમોને સંપૂર્ણપણે ધ્યાનમાં રાખી, જે તે વિષય સમજવા માટે વિદ્યાર્થીઓને ઉપયોગી નીવડે તેવાં સ્વતંત્ર પુસ્તકો એક અથવા વધુ વ્યક્તિઓ પાસે તૈયાર કરવા અંગે વિગતવાર યોજનાની અપેક્ષા રહે છે. એમ સ્પષ્ટતા કરીને નીચેના મુદ્દાઓ પરત્વે ઘટતી વિચારણા કરવા વાસ્તે જે તે અભ્યાસસમિતિને જણાવવું :

(૧) સૂચિત પુસ્તક કે પુસ્તકો એ એક જ લેખક પાસે સળંગ રીતે તૈયાર કરાવવાનાં છે કે જુદા જુદા વિષયો (ટોપિકસ) ને લગતાં પ્રકરણો જુદી જુદી વ્યક્તિઓ પાસે લખાવીને તેને અનેક લેખકોના સાહિત્યનો લાભ મળે તે રીતે સિમ્પોઝિયમના રૂપમાં તૈયાર કરાવવાને અભ્યાસ સમિતિનો ખ્યાલ છે, તે અંગે સ્પષ્ટતા માગવી.

(૨) પ્રત્યેક પુસ્તક અને/અથવા પ્રકરણ માટે ચોક્કસ લેખક કે લેખકોનાં નામ, પસંદગીનો પૂરતો અવકાશ મળે તે રીતે, સૂચવવાં.

(૩) પુસ્તકના કદ અંગે અભ્યાસસમિતિની શી ચોક્કસ અપેક્ષા છે.

(૪) સમિતિ એ પુસ્તક જેઓને કામ સોંપી તૈયાર કરાવવા સૂચવે છે તેઓ કેટલા વખતમાં તૈયાર કરી શકશે તેની સમયમર્યાદા પણ જણાવવા કહેવું.

અભ્યાસસમિતિઓને એ સ્પષ્ટ રીતે જણાવવું કે, અભ્યાસસમિતિએ સૂચવેલા માણસો તરફથી જે કાંઈ સામગ્રી પુસ્તકરૂપે તૈયાર થાય તે સામગ્રી સિન્ડિકેટ પ્રસિદ્ધ કરતાં પહેલાં જે તે વિષયના તજ્જ્ઞો પાસે તપાસાવવા અને યોગ્ય લાગે તો અને ત્યારે હસ્તપ્રત સ્વીકારવા યુનિવર્સિટી સ્વતંત્ર રહેશે તે સ્પષ્ટ જણાવવું.

વધુમાં જે જે વિષયોમાં તે વિષયોના વિકાસમાં વિશિષ્ટ પ્રકારનો ફાળો આપ્યો હોય (classical or eminent persons who have contributed to the development of the different theories, etc., in the subject) તેવી વ્યક્તિઓનાં જીવન અને કાર્યનો પરિચય આપતી નિબંધ-પુસ્તિકાઓ તૈયાર કરી શકાય એમ લાગે તો તેવી કઈ કઈ વ્યક્તિઓ વિષે તેવાં પુસ્તકોની શ્રેણી (series) તૈયાર કરી શકાય તે તથા કોની પાસે તે તૈયાર કરાવવી તે તથા તેનું કદ કેટલું રાખવું વગેરેની ચોક્કસ વિગતો અને યોજના આપવા જણાવવું.

ઉદાહરણ તરીકે, (૧) તત્ત્વજ્ઞાન વિષયમાં જુદા જુદા તત્ત્વદર્શકો, જેમ કે સોક્રેટીસ, પ્લેટો, શંકર, રામાનુજ વગેરે; (૨) રાજ્યનીતિશાસ્ત્રના વિષયમાં જાણીતા ચિંતકો, કૌટિલ્ય, માર્કર્સ, લાસ્કી વગેરે.

આ બાબતમાં આધુનિક ઢબે અભ્યાસપૂર્ણ નિબંધો (Studies essays) પણ તૈયાર કરવા માટે શિક્ષકો તેમ જ બિનશિક્ષકોનાં નામો સૂચવવા જે તે અભ્યાસસમિતિને જણાવવું.

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P.-793-3.0-4-68

ખાનગી

સિન્ડિકેટ (માર્ચ)
તા. ૧૦-૩-'૬૦

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની, સને ૧૯૬૦ના માર્ચ માસની સભા, શનિવાર, તા. ૫-૩-૧૯૬૦ના રોજ બપોરના સાડાબાર વાગ્યે, યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેક્ટર ઓફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	હાજર
૫.	શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	ડૉ. ભાસ્કર આર. પટેલ	હાજર
૭.	ડૉ. નાનુભાઈ ર. દેસાઈ	હાજર
૮.	શ્રી. જયંતીલાલ ધે. દલાલ	હાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦.	શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪.	ડૉ. પી. એચ. પ્રભુ	હાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭.	પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	હાજર
૧૮.	પ્રિન્સિપલ ડી. એ. દેસાઈ	ગેરહાજર.

૧. તા. ૧૨-૨-૧૯૬૦ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૦ના ફેબ્રુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૨-૨-૧૯૬૦ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૦ના ફેબ્રુઆરી માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

આ પછી, શ્રી. હિંમતલાલ પ્ર. શુકલે, સમાજવિદ્યા ભવનના વિદ્યાર્થી શ્રી. એ. આઈ. શેખની ખોટી હાજરીના કેસની બાબત, તથા માર્ચ ૧૯૫૯માં ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) કોમર્શની પરીક્ષામાં, ક્રમાંક ૧૨૫૫થી બેઠેલા વિદ્યાર્થી શ્રી. સી. આર. શાહની પરિણામની બાબત, સભાગૃહ સમક્ષ ચર્ચવા માટે માગણી કરી.

(નોંધ.—તે અંગે તેમણે પ્રમુખશ્રીને તે બાબતે આપેલા પત્રની નકલ આ સાથે પરિશિષ્ટ "અ" તરીકે જોડવામાં આવે છે.)

આ સંબંધમાં પ્રમુખશ્રીએ જણાવ્યું કે, સદરહુ બાબતો આજની સભાના એજન્ડા ઉપર નથી. અને વધુમાં ઉમેર્યું કે, વિદ્યાર્થી શ્રી. શેખની ખોટી હાજરીના કેસ બાબત, હકીકતો તેમણે શ્રી. શુકલને પત્રવ્યવહારથી જણાવેલી છે, અને ખોટી હાજરી બાબતમાં સિન્ડિકેટે, તે માટેનો નિયમ નક્કી કરીને, તે અનુસાર થતું કરવાની સત્તા, ઉપકુલપતિશ્રીને સોંપેલી હોઈ, તે બાબત સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવા વિષે દિલગીરી વ્યક્ત કરી.

સદરહુ બાબતને પક્ષકારો આપસમાં તેની વિચારણા પહેલી હાથ ધરવા માટે શ્રી. શુકલે આગ્રહ ભાખ્યો. પ્રમુખશ્રીએ જણાવ્યું કે, હું મારો મત જણાવી ચૂક્યો છું.

શ્રી. સી. આર. શાહ અંગેની બીજી બાબતમાં તેમણે જણાવ્યું કે, આ બાબતમાં હકીકત શું છે તે મંગાવી છે, અને તે આવ્યેથી એ વિષે પછીથી જોઈ શકાશે.

હવે બાબત નં. ૨ ઉપર જવું જોઈએ. એટલે તે કામ હાથ પર લેવામાં આવ્યું.

૨. સ્ટે. ૧૭૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત.

St. 179 : "The University shall grant the following Diplomas to such persons as have undergone the prescribed courses at any college or colleges affiliated to, or any Institution or Institutions recognised by, or Department of the University under the Act and have passed the qualifying examination for the same in accordance with the ordinances and regulations :

Faculty of Arts including Education :

1. Diploma in Teaching (T.D.)
2. Diploma in Journalism (J.D.)
3. Diploma in Labour Welfare (D.L.W.)

Faculty of Law :

4. Diploma in Labour Laws and Practice (D.L.P.)
5. Diploma in Taxation Laws and Practice (D.T.P.)

Faculty of Medicine :

6. Diploma in Ophthalmology (D.O.)
7. Diploma in Anaesthesia (D.A.)
8. Diploma in Paediatrics (D.Paed.)

9. Diploma in Public Health (D.P.H.)
10. Diploma in E.N.T. (D.L.O.)
11. Diploma in Gynaecology (D.G.O.)
12. Diploma in Veneriology and Dermatology (D.V. & D.)
13. Diploma in Medical Radiology and Electro-Therapeutics (D.M. R.E.)
14. Diploma in Pharmacy (P.D.)

Faculty of Commerce :

15. Diploma in Statistics (D.S.)
16. Diploma in Business Management (D.B M)
17. Diploma in Industrial Management (D.I.M.)

and such other Diplomas in such Faculties as the Senate may from time to time institute in accordance with sub-clause (xvii) of section 18(1) of the Gujarat University Act, 1949.

(નોંધ.—આ કામ ચાલતું હતું તે દરમિયાન કેટલાક સભ્યો સભાગૃહમાંથી બહાર ગયા હતા.)

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટ્યૂટ નં. ૧૭૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા વાસ્તે સેનેટને ભલામણ કરવી.

૩. સ્ટે. ૨૦૨ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

St. 202 : The following shall be the University Departments for Teaching and Research :

1. Department of Social Sciences (Known as the University School of Social Sciences) with effect from 20-6-1954;
2. Department of Gujarati (Known as University School of Gujarati Language and Literature) with effect from 20-6-1954;
3. Department of Philosophy, Psychology and Education (Known as the University School of Philosophy, Psychology and Education) with effect from 20-6-1957;
4. Department of Sciences (Pure and Applied) (Known as the University School of Sciences) with effect from 20-6-1959.

These Departments shall provide post-graduate instruction and guide research work in the following subjects :—

(1) *In the University School of Social Sciences :*

1. Economics,

2. Sociology,
3. Politics,
4. Statistics,
5. Labour Welfare.

The University School of Social Sciences may also impart instruction in Diploma courses and Certificate courses which may be instituted by the Senate in the subjects mentioned against (1) above from time to time.

(2) *In the University School of Gujarati Language and Literature :*

1. Gujarati.

(3) *In the University School of Philosophy, Psychology and Education :*

1. Philosophy,
2. Psychology,
3. Education.

(4) *In the University School of Sciences (Pure and Applied) :*

1. Physics (both Pure and Applied), and all its branches;
2. Chemistry (both Pure and Applied), and all its branches;
3. Mathematics (both Pure and Applied), and all its branches; and
4. Biology, Botany and all its branches.

આથી ફરાવવામાં આવે છે કે, સ્ટે. નં. ૨૦૨ના ઉપરના મુસદ્દામાં, સમાજવિદ્યા ભવનમાં શીખવાતા વિષયોની યાદીમાં, નં. ૬ તરીકે, "ઇતિહાસ" નો ઉમેરો કરીને સદરહુ સ્ટેટ્યુટ મંજૂર કરવા સેનેટને ભલામણ કરવી.

સુધારેલો સ્ટેટ્યુટ નં. ૨૦૨ નીચે મુજબ વંચાશે :

St. 202 : The following shall be the University Departments for Teaching and Research :

1. Department of Social Sciences (Known as the University School of Social Sciences) with effect from 20-6-1954.
2. Department of Gujarati (Known as the University School of Gujarati Language and Literature) with effect from 20-6-1954.
3. Department of Philosophy, Psychology and Education (Known as the University School of Philosophy, Psychology and Education) with effect from 20-6-1957;

4. Department of Sciences (Pure and Applied) (Known as the University School of Sciences) with effect from 20-6-1959.

These Departments shall provide post-graduate instruction and guide research work in the following subjects :

(1) *In the University School of Social Sciences;*

1. Economics,
2. Sociology,
3. Politics,
4. Statistics,
5. Labour Welfare,
6. History.

The University School of Social Sciences may also impart instruction in Diploma courses and Certificate courses which may be instituted by the Senate in the subjects mentioned against (1) above from time to time.

(2) *In the University School of Gujarati Language and Literature;*

1. Gujarati.

(3) *In the University School of Philosophy, Psychology and Education :*

1. Philosophy,
2. Psychology,
3. Education.

(4) *In the University School of Sciences (Pure and Applied) :*

1. Physics (both Pure and Applied), and all its branches;
2. Chemistry (both Pure and Applied), and all its branches;
3. Mathematics (both Pure and Applied), and all its branches;
4. Biology, Botany and all its branches.

૪. હિસ્ટરી, આર્કિયોલોજી, એપિગ્રાફી અને ન્યુમિસમેટિક્સની અભ્યાસસમિતિની નીચે મુજબની ભલામણ પરત્વે અંકરમિક કાઉન્સિલની તા. ૯/૮-૧-૧૯૬૦ની સભાની ભલામણ :

અભ્યાસસમિતિની ભલામણ

"પ્રો. ડી. એન. પાટકના પત્ર અંગે વિચારણા કરવામાં આવી હતી અને સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે, હેન્ડ-બુક, ભાગ ૨ (૧૯૫૫) જોતાં એમ.એ.ની પરીક્ષાના ચાર્ટ્સ ૨ ગ્રુપ

"એ" થી "એચ" લિસ્ટરીના ગ્રુપ નીચે નથી પરંતુ જૂની પરિભાષામાં નીચેનો સુધારો કરવો જરૂરી છે :

"II. History, Economics, Sociology and Politics"ને બદલે "II. Social Science" એમ લખવું અને તેના ગ્રુપ નીચે પ્રમાણે રાખવા :

Group 'A'—History
,, 'B'—Advanced History
,, 'C'—Economics
,, 'D'—Advanced Economics
,, 'E'—Sociology
,, 'F'—Advanced Sociology
,, 'G'—Politics
,, 'H'—Advanced Politics."

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, લિસ્ટરી, આર્કિયોલોજી અને ન્યુમિસમેટિકસની અભ્યાસ-સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર રેગ્યૂલેશન ૨૨ અને ૨૪ સુધારવા અને તેને જૂન ૧૯૬૦થી અમલમાં મૂકવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે એકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવી, તથા સુધારેલા રેગ્યૂલેશન ૨૨ અને ૨૪ને જૂન ૧૯૬૦થી અમલમાં મૂકવા.

(સુધારેલા રેગ્યૂલેશન ૨૨ અને ૨૪ના સંબંધકર્તા ભાગની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૫. લૉ કૉન્ફરન્સની નીચેની ભલામણ પરત્વે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

લૉ કૉન્ફરન્સની ભલામણ

"VIII. Methods of Teaching :

(*a*) The present mass lecture system followed in many colleges is not conducive to draw the best of the teachers and students. In the opinion of the Conference, drastic changes should be brought about in the teaching of law to achieve the subjects enumerated above.

We recommend a system of teaching which will ensure more intimate relation between the teacher and the taught. There should be a proper teacher-pupil ratio. Instruction be imparted, in addition to lectures, through tutorials, seminars, courts and by adopting the case method to the needs of the students.

(*b*) It is absolutely necessary that the roll strength of each class whether for lecture, tutorial or seminar, etc., should be kept as low as practicable."

ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ

Methods of Teaching :

"The Faculty is in favour of tutorials on principle, but is further of opinion that the expenses incurred in introducing tutorials will be very heavy. The Faculty, therefore, would request the University Grants Commission to make up the deficit in implementing the scheme."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૬. લૉ કૉન્ફરન્સની નીચેની ભલામણ પરત્વે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

લૉ કૉન્ફરન્સની ભલામણ

"**X. LL.M. :**

In such of the colleges where proper facilities are available steps should be taken to impart instruction for the LL.M. Course.

Teachers for the LL.M. Course should ordinarily be at least LL.M. with research and teaching experience to their credit, preferably a doctor of laws with experience.

XI. Research Facilities :

Research facilities should be provided by each University having a Faculty of Law with courses for LL.M. in collaboration with the departments of other Social Sciences including Sociology, Politics, Economics, etc."

ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ

LL.M. & Research Facilities :

"The Faculty is of the opinion that the post-graduate teaching in Law should be undertaken by the University itself at University School of Law, i.e., Separate Department in Law should be instituted and the research facilities should be provided."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૭. સેનેટની આગામી તા. ૨૬/૨૮-૩-૧૯૬૦ના રોજ મળનાર સભા સમક્ષ નીચેનો ઠરાવ પેશ કરવાના ડો. બી. ગુપ્તાના તા. ૨-૨-૧૯૬૦ના પત્રાંક જી. ૭-એ-૧૪૭-૬૦ બાબત.

"The adoption of Gujarati language as medium of instruction at the college level, from the year 1960, has been in keeping with the national policy as well as that of the Gujarat University. Undoubtedly this is a move in the right direction as every citizen has a birth right to be taught in his own mother-tongue. However, it is also a national policy to keep the doors of one province open to the people from other provinces. Ahmedabad being a large industrial city has drawn many people from other parts of the country, whose mother-tongue is not Gujarati. Children of such persons have pursued their school education so far in English medium.

"It is, therefore, resolved that in order to avoid hardships on these children a submission be made by the Senate, being the constituent authority, to the Government of Bombay for modification of the Gujarat University Act so that facilities may be provided on a limited scale in one or two colleges only, for learning through the medium of English and also for answering question-papers in English on optional basis till Hindi replaces English as a medium of inter-provincial communication."

બાબત નં. ૭ની ઉપર ચર્ચા વિચારણા ચાલુ હતી તે દરમિયાન સિન્ડિકેટના સભ્ય ડો. વિક્રમ સારાભાઈ સભાગૃહમાં આવ્યા, અને તેમણે પ્રમુખશ્રીનું ધ્યાન દોર્યું કે, સિન્ડિકેટની સભા માટે આઠ સભ્યોની જરૂરી હાજરી નથી.

આથી પ્રમુખશ્રીએ જાહેર કર્યું કે, અત્યારે સભા ચાલુ રાખવા માટે રોકાય છે અને ૨-૩૦ વાગ્યે ચાલુ થવાના સમય પછી સભ્યોની જરૂરી હાજરી હશે તો કામકાજ આગળ ચલાવવામાં આવશે. તદનુસાર, બપોરે ૨-૩૦ વાગ્યે સભા મળી ત્યારે જણાયું કે, સભાના કામકાજ માટે જરૂરી આઠ સભ્યોની હાજરી નથી. તેથી સભાગૃહનું કામકાજ બંધ કરવામાં આવ્યું.

રવિવાર તા. ૬-૩-૧૯૬૦ના રોજ પણ કામકાજ બંધ રહ્યું હતું.

નં. સિં. ૬૬૮૩૪-૫૧-૬૦,
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯. તા. ૯-૩-૧૯૬૦.

ફ. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
ક્રમાંક ૮૭૦ નં. ૪

R. 22 :

II Social Sciences

Group 'A' – History
,, 'B' – Avanced History
,, 'C' – Economics
,, 'D' – Advanced Economics
,, 'E' – Sociology
,, 'F' – Advanced Sociology
,, 'G' – Politics
,, 'H' – Advanced Politics
,, 'I' – Archaeology

R. 24 :

II. Social Sciences

Candidates may at their option offer a thesis in any subject dealt with in any of the following nine groups or submit to a written examination of eight papers in any two of the groups 'A' (History), 'B' (Advanced History), 'C' (Economic), 'E' (Sociology), and 'G' (Politics) or in Groups 'C' (Economic) and 'D' (Advanced Economics) or in groups 'E' (Sociology) and 'F' (Advanced Sociology) or in Groups 'G' (Politics) and 'H' (Advanced Politics) or submit to an examination eight-papers in Group I (Archaeology).

Note.—The heading of the nomenclature of the various groups in History shall be read as under for the various subjects shown against them :

	Old		*New*
History	Group	'A'	'A' History
,,	,,	'B'	'B' Advanced History
,,	,,	'C'	'E' Economics
,,	,,	'D'	'D' Advanced Economics
,,	,,	'E'	'E' Sociology
,,	,,	'F'	'F' Advanced Sociology
,,	,,	'G'	'G' Politics
,,	;,	'H'	'H' Advanced Politics
"	,,	'I'	'I' Archaeology

(Groups 'A' to 'H' will consign-of 4 papers each while the group 'I' Archaeology shall consign of eight papers).

પરિશિષ્ટ–"અ"
કામકાજ નંબર ૧૨૫

Very Urgent

To,

The Vice Chancellor

Sir,

I have ascertained the wishes of the members of the Syndicate assembled today and I therefore request you to place the following two items for consideration of the Syndicate at today's meetings and they should be given a priority too :—

(1) The case of Shri Shaikh regarding condonation of deficit attendance in the M. A. Class of the School of Social Sciences,

(2) The case of Shri C. R. Shah who appeared at the F. Y. Commerce Examination in March, 1959 and who has recently appealed to the Chancellor for redress.

5-3-1960

Yours faithfully,
Sd/- **H. P. Shukla**

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 744-300-4-60

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સભા, શુક્રવાર, તા. ૧૦–૩–૧૯૬૦ના રોજ બપોરના સાડાબાર વાગ્યે મળી હતી. પ્રમુખસ્થાન ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ લીધું હતું. તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ	ગેરહાજર
૫.	શ્રી. બદુભાઈ હ. દેસાઈ	ગેરહાજર
૬.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૭.	ડૉ. નાનુભાઈ ર. દેસાઈ	ગેરહાજર
૮.	શ્રી. જયંતીલાલ ચે. દલાલ	હાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦.	શ્રી. હિમતલાલ પ્ર. શુકલ	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪.	ડૉ. પી. એચ. પ્રભુ	હાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭.	પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	હાજર
૧૮.	પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર

સિન્ડિકેટની તા. ૫–૩–૧૯૬૦ની સભાની કાર્યવાહી, જેનો હેવાલ સભ્યોને મોકલવામાં આવ્યો હતો, તે અંગે શરૂમાં શ્રી. જયંતીલાલ દલાલે સૂચવ્યું કે, સિન્ડિકેટની તા. ૫–૩–૧૯૬૦ના રોજ

મળેલી છેલ્લી સભાના કામકાજની નોંધને મંજૂર કરવાનું કામ પહેલાં હાથ ધરવું જોઈએ. સભાગૃહની સંમતિથી ઉપકુલપતિશ્રીએ તેમ કરવાની પરવાનગી આપી.

તે મંજૂર થયા બાદ, કામકાજ નં. ૭ થી આગળ હતું તે કામ હાથમાં લેવામાં આવ્યું.

૭. સેનેટની આગામી તા. ૧૨/૧૨-૩-૧૯૬૦ના રોજ મળનાર સભા સમક્ષ નીચેનો ઠરાવ પેશ કરવાના ડો. બી. ગુપ્તાના તા. ૨-૨-૧૯૬૦ના પત્રાંક જી. ૭-એ-૧૪૭-૬૦ બાબત.

"The adoption of Gujarati language as medium of instruction at the college level, from the year 1960, has been in keeping with the national policy as well as that of the Gujarat University Undoubtedly this is a move in the right direction as every citizen has a birth right to be taught in his own mother tongue However, it is also a national policy to keep the doors of one province open to the people from other provinces Ahmedabad being a large industrial city has drawn many people from other parts of the country, whose mother tongue is not Gujarati. Children of such persons have pursued their school education so far in English medium

"It is, therefore, resolved that in order to avoid hardships on these children a submission be made by the Senate being the constituent authority, to the Government of Bombay for modification of the Gujarat University Act so that facilities may be provided on a limited scale in one or two colleges only, for learning through the medium of English and also for answering question-papers in English on optional basis till Hindi replaces English as a medium of inter-provincial communication."

તે પછી બાબત નં. ૭ની ચાલુ વિચારણા હાથ ધરવામાં આવી.

ચર્ચાવિચારણા દરમિયાન, શ્રી. હિંમતલાલ પ્ર. શુક્લે, સિન્ડિકેટના અભિપ્રાય માટેનો પોતે ઘડેલો મુસદ્દો સભાગૃહ સમક્ષ રજૂ કર્યો.

આ પછી પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટે જણાવ્યું કે, સિન્ડિકેટના અભિપ્રાય માટેનો મુસદ્દો પોતે ઘડીને રજૂ કરે છે.

તે દરમિયાન કામકાજ નં. ૮ થી ૧૬ હાથ ધરવામાં આવ્યાં હતાં. કામકાજ નં. ૧૭ની વિચારણા પૂરી થઈ તે પછી પ્રિન્સિપલ એસ. આર ભટ્ટે નીચેનો મુસદ્દો રજૂ કર્યો.

"સિન્ડિકેટની આ સભા ડૉ. ગુપ્તાએ સેનેટ સમક્ષ રજૂ કરવા ધારેલા ઠરાવના મુદ્દા સાથે પૂરી સહાનુભૂતિ ધરાવે છે તથા ડૉ. ગુપ્તાએ ઠરાવમાં ગણાવેલી મુશ્કેલીઓ વાસ્તવિક છે એમ માને છે.

"આ સાથે સભા ગુજરાત યુનિવર્સિટી એક્ટમાં યોગ્ય સુધારો કરાવવા ધારાસભાને વિનંતી કરવાની જરૂર સ્વીકારે છે. પણ એ સાથે એવો અભિપ્રાય વ્યક્ત કરે છે કે ડૉ. ગુપ્તાએ સૂચવેલો માર્ગ વધુ મુશ્કેલીને દૂર કરી શકે એવો નથી, એટલે સુધારો વ્યાપક હોવો જોઈએ."

ચર્ચાવિચારણાને અંતે મત લેવાતાં બહુમતે ઠરાવવામાં આવ્યું કે, સદરહુ બાબત પર ઉપરના મુસદ્દા પ્રમાણે સિન્ડિકેટનો અભિપ્રાય છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. એકેડેમિક કાઉન્સિલની તા. ૭/૮-૨-૧૯૬૦ની સભાની નીચે મુજબની ભલામણ:

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની આ સભા, મૉડરેશનનો સિદ્ધાંત સ્વીકારવા સંમત છે એ અભિપ્રાય સાથે સદરહુ સમિતિનો હેવાલ સિન્ડિકેટને વધતી વિચારણા કરવા માટે મોકલી આપવામાં આવે, અને તે પરથી જે નિયમો ઘડવામાં આવે તેની એકેડેમિક કાઉન્સિલને જાણ કરવામાં આવે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ રિપોર્ટમાં પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી)ની પરીક્ષાઓના મૉડરેશનના કામકાજનો ઉલ્લેખ નથી તે જોતાં, તે દૃષ્ટિએ પણ આ બાબત અંગે વિચારણા કરીને રિપોર્ટ કરવા માટે એકેડેમિક કાઉન્સિલને સૂચવવું.

૯. આ. ૪૭ (૫) હેઠળ મ્યુનિસિપલ સ્કૂલ બૉર્ડ અને ડિસ્ટ્રિક્ટ સ્કૂલ બૉર્ડના પ્રતિનિધિ હોય તેવા સેનેટના બે સભ્યોને બૉર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર બે વર્ષની મુદત માટે નિમણૂક કરવા વાસ્તે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડ ઉપર, નીચે પ્રમાણે બે સભ્યોની નિમણૂક બે વર્ષ માટે કરવી:

૧. શ્રી. અરુણભાઈ ભાલચંદ્ર પંડ્યા: અને
૨. શ્રી. શિવાભાઈ ગોકળભાઈ પટેલ.

૧૦. યુનિવર્સિટીના ઝડપી અને સર્વદેશીય વિકાસનું આયોજન કરવા વાસ્તે સેનેટે નીમેલી વિકાસ આયોજન સમિતિના સેનેટે મંજૂર કરેલા હેવાલ પર સિન્ડિકેટે તેની તા. ૪-૭-૧૯૫૯ની બેઠકમાં પસાર કરેલા નીચેના ઠરાવ પર પબ્લિકેશન બૉર્ડનો ઠરાવ:

સિન્ડિકેટનો તા. ૪-૭-૧૯૫૯નો ઠરાવ

"જે તે વિષયના આધારભૂત અંગ્રેજી ગ્રંથો, ભાષાંતર, રૂપાંતર, છાયાનુવાદ વગેરે જેવું ઠીક ગણાય તે રીતે ગુજરાતીમાં ઉતારવાની પ્રવૃત્તિ હાથ ધરવાનો સવાલ યુનિવર્સિટી બૉર્ડ ઑફ પબ્લિકેશનને વિચારણા માટે મોકલી આપવો."

પબ્લિકેશન બૉર્ડનો તા. ૧૬-૧-૧૯૬૦નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર બાબતની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૧. સિન્ડિકેટના તા. ૪-૭-૧૯૫૯ના ઠરાવો અનુસાર મરાઠીની અભ્યાસસમિતિની ભલામણ ઉપર પબ્લિકેશન બૉર્ડની ભલામણ:

તા. ૪-૭-૧૯૫૯ના રોજ મળેલ સિન્ડિકેટના ઠરાવો

"આર્ટ્સ, સાયન્સ, કોમર્સ અને ફાર્મસીના પ્રથમ અને દ્વિતીય વર્ષના અભ્યાસક્રમમાં ભાષાના વિષયોને માટે તે તે ભાષાઓને અંગે મૂળ એસ.એસ.સી.નું ધોરણ ધ્યાનમાં રાખીને તેની આગળ વધતી યોગ્ય ગણાય એ ધોરણે ગદ્ય અને પદ્યની પસંદ કરેલી કૃતિઓના સંગ્રહો (સિલેક્શન્સ) તૈયાર કરાવવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓનાં સૂચનો મેળવવાં.

અને

યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરવા માટે અભ્યાસક્રમ અને કયાં પ્રકાશનો તાત્કાલિક છપાવવાં તથા કયાં પ્રકાશનો ત્યાર પછી આગળ ધરવાં તે બાબત અંગેની ક્રમવાર સૂચનાઓ આપવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓને વિનંતી કરવી"

મરાઠીની તા. ૨૮-૮-૧૯૫૯ની અભ્યાસસમિતિની ભલામણ

"વિદ્યાર્થીની સંખ્યા ઘણી જ ઓછી હોવાથી મરાઠી ભાષામાં આવી કૃતિઓના સંગ્રહો (સિલેક્શન્સ) તૈયાર કરવાની આ અભ્યાસસમિતિને જરૂર જણાતી નથી, પરંતુ સંખ્યા વધશે ત્યારે આ સવાલની વિચારણા કરવી એમ સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે."

પબ્લિકેશન બોર્ડનો તા. ૧૯-૧-૧૯૬૦નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. યુનિવર્સિટીએ પ્રકાશનો છપાવવા અંગેના સિન્ડિકેટની તા. ૪-૭-૧૯૫૯ની સભાના ઠરાવ ઉપર શિક્ષણની અભ્યાસસમિતિની તા. ૨૫-૮-૧૯૫૯ની ભલામણ તથા તે ઉપર પબ્લિકેશન બોર્ડની ભલામણ :

શિક્ષણની અભ્યાસસમિતિની ભલામણ

"૧. આ અભ્યાસસમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે પ્રથમ શિક્ષકોને આવશ્યક માર્ગદર્શન મળે એવા એક પુસ્તકનું સંપાદન કરી યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરવું. સંપાદનનું કામ પ્રિન્સિપલ લાલભાઈ આર. દેસાઈ અને પ્રિન્સિ. પ્રભાશંકર કે. ત્રિવેદીને સોંપવા સૂચન છે.

૨. નીચેનાં પુસ્તકો તથા પુસ્તિકાઓ ક્રમવાર તૈયાર કરાવવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે. આ બાબત હાથ ધરવામાં આવી ત્યારે મજકૂર અભ્યાસસમિતિએ ગુજરાતી ભાષામાં શિક્ષણના વિષય માટે પુસ્તકો તૈયાર કરવા અંગે જે સમિતિ નીમી હતી, તે સમિતિની તા. ૯-૨-૧૯૫૯ના રોજ મળેલ સભાની નોંધ પણ ધ્યાનમાં લેવામાં આવી હતી.

(૧) "શિક્ષણના સિદ્ધાંતો"...બે વ્યક્તિઓએ ભેગા મળી તૈયાર કરવી.
(૨) "શિક્ષણનું તત્ત્વજ્ઞાન"...બે વ્યક્તિઓએ ભેગા મળી તૈયાર કરવી.
(૩) "શૈક્ષણિક મનોવિજ્ઞાન"...બે વ્યક્તિઓએ ભેગા મળી તૈયાર કરવી.

પ્રથમ કક્ષા ટી.ડી. માટે અને દ્વિતીય કક્ષા બી.એડ્. માટે

(૪) શાળાસંચાલન;
(૫) જગતના શિક્ષણના ઇતિહાસની રૂપરેખા;

(૬) ભારતના શૈક્ષણિક ઇતિહાસની રૂપરેખા;
(૭) તુલનાત્મક શિક્ષણ;
(૮) મનોમાપન;
(૯) શૈક્ષણિક મનોવિજ્ઞાન તૃતીય કક્ષા એમ.એડ. માટે;
(૧૦) "અદ્યતન શિક્ષણપ્રવાહો" પુસ્તકમાળા વ્યક્તિગત તૈયાર કરવી;
(૧૧) "શિક્ષણનાં વિશિષ્ટ ક્ષેત્રો" પુસ્તકમાળા વ્યક્તિગત તૈયાર કરવી."

પબ્લિકેશન બૉર્ડની તા. ૧૯-૧-૧૯૬૦ની સભાનો ઠરાવ

"શિક્ષકોને આવશ્યક માર્ગદર્શન મળે એવા એક પુસ્તકનું સંપાદન કરી યુનિવર્સિટીએ પ્રસિદ્ધ કરવા અંગે તેમજ સંપાદનનું કામ પ્રિન્સિ. લાલભાઈ આર. દેસાઈ અને પ્રિન્સિ. પ્રભાશંકર કે. ત્રિવેદીને સોંપવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, પબ્લિકેશન બોર્ડની ઉપર જણાવેલી ભલામણ મંજૂર કરવી.

૧૩. સિન્ડિકેટના તા. ૪-૬-૧૯૫૯ની સભાના નીચેના ઠરાવ ઉપર ધારાશાસ્ત્રની અભ્યાસ-સમિતિની ભલામણ તથા તે ઉપર પબ્લિકેશન બૉર્ડનો ઠરાવ :

સિન્ડિકેટનો ઠરાવ

"યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરવા માટે અભ્યાસક્રમ અને કયાં પ્રકાશનો તાત્કાલિક છપાવવાં તથા કયાં પ્રકાશનો ત્યાર પછી આગળ હાથ ધરવા તે બાબત અંગેની ક્રમવાર સૂચનાઓ આપવા માટે લાગતીવળગતી અભ્યાસસમિતિઓને વિનંતી કરવી."

અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે કાયદાની અભ્યાસસમિતિને લગતાં પ્રકાશનો તૈયાર કરવા અંગે આ અભ્યાસસમિતિ કોઈ સૂચન કરવા માગતી નથી."

પબ્લિકેશન બૉર્ડનો તા. ૧૯-૧-૧૯૬૦નો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે મંજૂર બાબતની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૪. પબ્લિકેશન બૉર્ડની તા. ૧૯-૧-૧૯૬૦ના રોજ મળેલી બેઠકમાં થયેલ નીચેનો ઠરાવ :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી)માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, પ્રાકૃત, પાલિ વગેરે ભાષાઓના પસંદ કરેલા પાઠોના ગદ્ય-પદ્ય સંગ્રહો (સિલેક્શન્સ) તૈયાર કરવા માટે જે તે ભાષાના તજ્જ્ઞોની જુદી જુદી સમિતિઓ નીમવામાં આવે, જેમાં અભ્યાસસમિતિના અધ્યક્ષ અને અન્ય બે કે ત્રણ બીજા સભ્યો રહે.

પુસ્તક સમિતિએ પસંદ કરેલા પાઠો (સિલેકશન્સ) તૈયાર કરાવવામાં નીચેના મુદ્દાઓ વિચારણામાં લઈને લગભગ ત્રણેક માસ જેટલા સમયમાં તેની હસ્તપ્રત તૈયાર કરીને આપવી જોઈએ.

(૧) ગદ્ય-પદ્યમાં કેટલાં પાનાં રાખવાં જોઈએ તે નક્કી કરવું જોઈએ, તથા એસ.એસ.સી. પાસ થઈ કૉલેજોમાં આવેલા વિદ્યાર્થીઓના અભ્યાસનું ધોરણ ધ્યાનમાં લઈને સંગ્રહો તૈયાર કરવા જોઈએ.

(૨) સંપાદનમાં બધી વિદ્યાશાખાઓને સ્પર્શતું સાહિત્ય યોગ્ય પ્રમાણમાં હોય તે ઇષ્ટ જણાય છે.

(૩) એસ. એસ.સી. માંથી અંગ્રેજીના જ્ઞાનનું જે ધોરણ લઈને સામાન્ય વિદ્યાર્થી આવે છે તે બાબતને પણ ધ્યાનમાં રાખી આ વ્યવસ્થા વિચારવી જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ યર (પ્રી-યુનિવર્સિટી)માં, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, પ્રાકૃત અને પાલિ એ ભાષાઓના પસંદ કરેલા પાઠોના ગદ્યપદ્ય સંગ્રહો (Selections) તૈયાર કરવા માટે નીચે પ્રમાણે સમિતિઓ નીમવી :

૧. ગુજરાતી :

(૧) અભ્યાસસમિતિના અધ્યક્ષ;
(૨) પ્રોફેસર ઉમાશંકર જોશી; અને
(૩) પ્રિન્સિપલ અનંતરાય મ. રાવળ.

૨. હિન્દી :

(૧) અભ્યાસસમિતિના અધ્યક્ષ;
(૨) પ્રોફેસર વી. એન. શુકલ; અને
(૩) શ્રી. રણધીર ઉપાધ્યાય.

૩. સંસ્કૃત :

(૧) અભ્યાસસમિતિના અધ્યક્ષ;
(૨) પ્રોફેસર આર. બી. આથવલે;
(૩) ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રી; અને
(૪) પ્રોફેસર જે. ટી. પરીખ.

૪. અંગ્રેજી :

(૧) અભ્યાસસમિતિના અધ્યક્ષ;
(૨) પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
(૩) પ્રિન્સિપલ હર્બર્ટ એ. ડિસોઝા; અને
(૪) પ્રિન્સિપલ સી. એન. પટેલ.

૫. પ્રાકૃત-પાલિ :

(૧) પ્રિન્સિપલ વી. એમ. શાહ;
(૨) પ્રોફેસર વી. એમ. કુલકર્ણી;
(૩) પંડિત બહેચરદાસ દોશી.

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, ઉપર જણાવેલી સમિતિઓને, પસંદ કરેલા પાઠો તૈયાર કરવા

માટે; નીચેના મુદ્દાઓ વિચારણામાં લઈને લગભગ ત્રણેક માસમાં તેની હસ્તપ્રત તૈયાર કરીને યુનિવર્સિટીને સોંપવા જણાવવું :

(૧) ગદ્યપદ્યમાં કેટલાં પાનાં રાખવાં જોઈએ તે નક્કી કરવું જોઈએ, તથા એસ.એસ.સી. પાસ થઈ કૉલેજોમાં આવેલા વિદ્યાર્થીઓના અભ્યાસનું ધોરણ ધ્યાનમાં લઈને સંગ્રહો તૈયાર કરવા જોઈએ.

(૨) સંપાદનમાં બધી વિદ્યાશાખાઓને સ્પર્શતું સાહિત્ય યોગ્ય પ્રમાણમાં હોય તે ઇષ્ટ જણાય છે.

(૩) એસ.એસ.સી.માંથી અંગ્રેજીના જ્ઞાનનું જે ધોરણ લઈને સામાન્ય વિદ્યાર્થી આવે છે તે બાબતને પણ ધ્યાનમાં રાખી આ વ્યવસ્થા વિચારવી જોઈએ.

૧૫. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના વિદ્યાર્થી શ્રી. રમણલાલ જેઠાલાલ જોષીનો પીએચ.ડી. માટેનો મહાનિબંધ તેમણે તા. ૮-૮-૧૯૫૯ના રોજ તેની ૩૫રેખા રજૂ કરેલ હોવાથી નિયમ મુજબ તા. ૮-૨-૧૯૬૦ના રોજ રજૂ કરવો જોઈએ. પરંતુ તેઓ કૉલેજના કામમાં રોકાયેલ હોવાથી તેમ કરી શક્યા નથી માટે તેમને મહાનિબંધ રજૂ કરવા એક મહિનાનો વધુ સમય આપવા ગુજરાતી ભાષાસાહિત્ય ભવનના અધ્યક્ષ મારફતે આવેલી અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—નિયમ મુજબ સમયસર મહાનિબંધ ન અપાય તો પરીક્ષાની ફી નવેસરથી ભરવી જરૂરી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રમણલાલ જેઠાલાલ જોશીને, પીએચ.ડી. પદવી માટેનો તેમનો મહાનિબંધ રજૂ કરવા માટે અપવાદ તરીકે એક માસની મુદત વધારી આપવી.

૧૬. યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી નીચે જણાવેલ કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલ કામ માટે જે રકમ આર્થિક સહાય પેટે મળેલ છે તેની નોંધ લેવા બાબત (જાણ સારું).

કૉલેજ અગર સંસ્થાનું નામ	કયા કામ માટે મદદ મળી	અંદાજ ખર્ચ	મંજૂર થયેલ રકમ
શ્રી. ઓ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરત	છાત્રાલય બાંધવા માટે (વધુ છાત્રો માટે)	રૂા. ૨,૭૬,૮૭૦	કુલ બાંધકામના ૫૦ ટકા અગર રૂા. ૧,૨૫,૦૦૦. એમાંથી જે ઓછું હોય તે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૭. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર શ્રી. એમ. બી. ચૌહાણનો અજમાયશી સમય તા. ૩૦-૪-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

(તેઓના કામનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

ચોકીદાર શ્રી. એમ. બી. ચૌહાણની કામગીરી બાબતનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એમ. બી. ચૌહાણને તા. ૩૦-૪-૧૯૬૦થી તેમની જગા ઉપર કાયમ કરવા.

(આગળ બાબત નં. ૭માં જણાવ્યું છે તે પ્રમાણે, બાબત નં. ૧૭ની વિચારણા પૂરી થઈ તે પછી પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટે જણાવ્યું કે, તેમનો મુસદ્દો તૈયાર છે. આ અંગેનો ઠરાવ તે બાબત હેઠળ આપવામાં આવેલો છે.)

આ પછી બાબત નં. ૧૮ની વિચારણા હાથ ધરવામાં આવી.

૧૮. યુનિવર્સિટી કાર્યાલય તા. ૧૪-૯-૧૯૫૦થી તા. ૨-૩-૧૯૫૪ સુધી એલ. ડી. એન્જિનિયરિંગ કૉલેજમાં રાખવામાં આવેલું હતું, તે પેટે રૂા. ૨૯,૭૬૬.૩૧ ન. પૈસાનું ભાડું મુંબઈ સરકારે નક્કી કરેલું તે ઘટાડીને રૂા. ૫,૦૦૦નું ઠરાવેલ છે તેની જાણ તથા તે રકમ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી, તથા તે અંગે મુંબઈ સરકારે આકારેલ રૂા. ૫,૦૦૦નું ભાડું મંજૂર કરીને તે રકમ મુંબઈ સરકારને મોકલી આપવી.

૧૯. સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૫૯ની સભામાં પ્રશ્નપત્રો એક ઠેકાણે છપાવી બીજાં કેન્દ્રો ઉપર વહેંચવા બાબત વિચારણા કરી ભલામણ કરવા નીમેલી સમિતિની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૦. પરિભાષા, પાઠ્યપુસ્તકો વગેરેની યોજના ઘડવા સેનેટે તેની તા. ૧૩/૧૪-૧૦-૧૯૫૯ની સભામાં પસાર કરેલા ઠરાવને અનુલક્ષીને સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૧-૧૯૫૯ની સભામાં તે અંગે નીમેલ સમિતિના હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હેવાલ મંજૂર કરવો, તથા તે સેનેટની તા. ૧૧-૧૨ માર્ચ ૧૯૬૦ની સભા સમક્ષ રજૂ કરવો.

(હેવાલની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૨૧. સેનેટે તેની તા. ૧૩/૧૪-૧૦-૧૯૫૯ની સભામાં "રીફર બૅક" કરેલ રદે. ૧૩૬ના મુસદ્દા પરત્વે વિચારણા કરવા બાબત.

St. 136 : For all purposes of the Act—

A. The term 'Teacher' within the meaning of section 2, sub-clause (12) shall include—

(*i*) Professors, Readers and Lecturers giving instruction in a recognised Institution, or an affiliated College or a University Department or other persons holding appointments of similar character;

(*ii*) Every person who is appointed or recognised as a teacher of the University as defined by section 2(13).

(*iii*) Instructors of Physical Training who are graduates and hold a diploma in Physical Education, provided they are on the permanent staff of a College;

(*iv*) (*a*) Honoraries or Assistant Honoraries who are Tutors in Medical Colleges,

(*b*) Honorary Consultants in Medical Colleges, provided they put in at least two days' attendance for clinical work per week.

Notwithstanding any thing contained in (*i*), (*ii*) and (*iii*) above, the name of a part-time teacher who does not work for at least four periods a week, or in the case of a teacher doing exclusively research guidance, for at least four hours a week in any one affiliated College, recognised Institution or University Department, shall not be included in the electoral roll of teachers in any Faculty.

B. Teachers imparting instruction in High Schools in the University area for not less than twelve hours or eighteen periods per week, whichever is less, are declared to be Secondary Teachers, under Sec. 2(10).

C. The term 'Head Master' shall mean the head of a High School.

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટેટ્યુટ નં ૧૬૬ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા વાસ્તે સેનેટને ભલામણ કરવી.

૨૨. એમ. ટી. બી. કૉલેજ, સુરતનું એક વિનયનની અને એક વિજ્ઞાનની એમ બે કૉલેજોમાં વિભાજન થવાથી વિજ્ઞાનની કૉલેજનું નામ "સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ" રાખવા અંગેના આચાર્યશ્રીના તા. ૧૭-૨-૧૯૬૦ના પત્રાંક ૫૨૫૦ની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૩. યુનિવર્સિટીનાં પ્રકાશનો તૈયાર કરાવવા અંગેના સિન્ડિકેટની તા. ૪-૭-૧૯૫૯ની સભાના ઠરાવ ઉપર એકાઉન્ટિંગની અભ્યાસસમિતિની નીચેની ભલામણ તથા તે ઉપર પબ્લિકેશન બોર્ડની ભલામણ :

એકાઉન્ટિંગની અભ્યાસસમિતિની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીએ નીચે જણાવેલાં પુસ્તકોનું ભાષાંતર (Translation) કરાવવું આવશ્યક લાગે છે :

(*i*) Advanced Accounting — by J. W. Pickles.

(*ii*) Elements of Book-keeping — by J. R. Batliboy.

(*iii*) Advanced Accounting and Auditing (both the parts) — by J. R. Batliboy.

(*iv*) Mathematics for Acturial Students, Part II — by Harix Freeman.

The Gujarat University should invite Prof. Gulabbhai Desai and K. M. Talati to write a book on "Finite Differences" for which no book is available in Gujarati as per Mathematical courses in I Com "

પબ્લિકેશન બૉર્ડની તા. ૧૯-૧-૧૯૬૦ની સભાનો ઠરાવ

"મજદૂર અભ્યાસસમિતિની "Finite Differences" ઉપરનું પુસ્તક લખાવવા માટે પ્રૉફેસર ગુલાબભાઈ દેસાઈ અને પ્રૉફેસર કે. એમ તલાટીને નિમંત્રણ આપવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, પબ્લિકેશન બૉર્ડની ઉપર જણાવેલી ભલામણ મંજૂર કરવી.

૨૪. હિંદ સરકારના ઍટોમિક એનર્જી વિભાગ તરફથી અમદાવાદ મુકામે તા. ૧૬ માર્ચથી તા. ૧૯ માર્ચ, ૧૯૬૦ના દિવસો દરમિયાન મળનાર સિમ્પોઝિયમમાં યુનિવર્સિટીના એક પ્રતિનિધિને મોકલવા બાબત હિંદ સરકારના સહમંત્રી તરફથી આવેલ તા. ૨૦-૨-૧૯૬૦ના પત્રાંક તા. ૧૫-૧૧-૧૯૫૯ ટેકનિકલ-૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સિમ્પોઝિયમમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, વિજ્ઞાનની વિદ્યાશાખાના ડીન પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયકને મોકલવા.

૨૫. મેડિસિન અને સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૩-૧૨-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત.

"ઓ. ૧૨૯ માટે (૧) ડી. એમ. આર. ઈ, (૨) ડી. વી. એન્ડ ડી, (૩) ડી. જી. ઓ. (૪) ઈ. એન. ટી. (ડી. એલ. ઓ.), (૫) ડી. પેડના ડિપ્લોમાની પરીક્ષાઓ દર વર્ષે બે વખત લેવી અને દરેક પરીક્ષાની પ્રવેશ ફી રૂા. ૧૦૦ રાખવા સૂચન છે. પરીક્ષાની તારીખ અને તે માટે આવેદનપત્ર સ્વીકારવાની તારીખ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નક્કી કરશે."

નોંધ.—ઉપરોક્ત ભલામણ સ્વીકારાય તો ઓ ૧૨૯માં નીચે પ્રમાણે ઉમેરો કરવા કાર્યાલયનું સૂચન છે.

I	II	III	IV	V
Diploma in Medical Radiology & Electro Therapeutics.	Twice	3rd Monday in April and 1st Monday in October.	Three months before the examination.	Rs. 100/-
Diploma in Veneriology and Dermatology.				
Diploma in Gynaecology				
Diploma in E.N.T. (D.L.O.)				
Diploma in pediatrics				

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૬. તા. ૧૩-૨-૧૯૬૦ની બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ :

"આથી પરિશિષ્ટ "બ" માં આપેલ "ઓપ" વર્ગ માટેની સમિતિની તા. ૮-૧-૧૯૬૦ની બેઠકની નોંધને નીચેના સુધારા સાથે મંજૂર કરવા માટે તથા સંચાલકોને યોગ્ય માનદ વેતન આપવાનું નક્કી કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

(અ) સ્થળ અમદાવાદને બદલે પસંદગીના ક્રમે ભાવનગર, અલિયાબાડા, જૂનાગઢ, રાજકોટમાંથી કૉલેજોના આચાર્યશ્રીને પુછાવીને સગવડ મળે તે સ્થળે "ઓપ" વર્ગ યોજવાનું નક્કી કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના અધ્યક્ષ અને મંત્રીને આપવી.

(બ) સહાયક સંચાલકો તરીકે (૧) શ્રી શાંતિલાલ શાહ, અને (૨) શ્રી. ચિનુભાઈ પી શાહને નીમવા તથા રમતોના કોચ તરીકે યોગ્ય વ્યક્તિઓને બોલાવવાની તથા ઉપરના સહાયક સંચાલકોમાંથી કોઈ ન આવી શકે તો તેમની જગાએ યોગ્ય વ્યક્તિને નક્કી કરવાની સત્તા બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના અધ્યક્ષને અને મંત્રીને આપવી.

(ક) "ઓપ" વર્ગમાં વ્યાખ્યાનો માટે નોંધમાં નક્કી કરેલ સભ્યોમાંથી કોઈ સભ્ય આવી ન શકે અગર બીજા કોઈને બોલાવવાની જરૂર જણાય તો તેમને વ્યાખ્યાન આપવા માટે બોલાવવાની સત્તા બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સના અધ્યક્ષ અને મંત્રીને આપવી."

(અ) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી, તથા પ્રત્યેક સહાયક સંચાલકને રૂા. ૧૦૦નું મહેનતાણું આપવું.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ ભલામણ મંજૂર કરવી.

૨૭. તા. ૧૩-૨-૧૯૬૦ની બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ :

"આથી આંતર-યુનિવર્સિટીની રમતોમાં મૅનેજર તરીકે જ્યારે ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન જાય ત્યારે તેમને પણ અન્ય મૅનેજરોની માફક પ્રથમ વર્ગમાં મુસાફરી કરવાની મંજૂરી આપવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

વધુમાં આવતે વર્ષે ગુજરાત ક્રિકેટ એસોસિયેશનની રજત જયંતી છે તેથી આંતર-યુનિવર્સિટીની ક્રિકેટની હરીફાઈ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે યોજવા માટેનું આમંત્રણ મોકલવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડની ઉપર જણાવેલી બેઉ ભલામણો મંજૂર કરવી.

૨૮. વડોદરા મુકામે મહારાજા સયાજીરાવ યુનિ. ઑફ બરોડાના ઉપક્રમે તા. ૫થી ૭ માર્ચ ૧૯૬૦ના રોજ "ગાઇડન્સ એન્ડ કાઉન્સેલિંગ ફૉર યુનિ. સ્ટુડન્ટ્સ"ના વિષય ઉપર યોજાનાર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ડૉ. પી. એચ. પ્રભુ અને પ્રિન્સિ. એલ. આર. દેસાઈની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૯. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેઓનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધો અંગે રેફરીઓના રિપોર્ટ્સને અનુલક્ષીને તેઓને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧.	શ્રી. પ્રહ્લાદભાઈ વીસદાસ પટેલ	ગુજરાતી	પીએચ.ડી.
૨.	કુ. પુષ્પા રણછોડજી દેસાઈ	રસાયણ વિજ્ઞાન	એમ એસસી.
૩.	શ્રી. કનૈયાલાલ ભોગીલાલ શાહ	ગણિતશાસ્ત્ર	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૦. યુનિવર્સિટીના સને ૧૯૫૭-૫૮ના હિસાબો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના સને ૧૯૫૭-૫૮ના હિસાબો મંજૂર કરવા.

89	Output transformers for 6 L 6, 6 V 6, 6 F 6, 807, EL 3+.	2 each.		
90	I. F. transformers	6		
91	Filter chokes, 10 henry, 150 m. a., 20 henry, 500 m. a.	6 each.		
92	R. F. Chokes.	2 Doz.		
93	Interstage audio transformers	½ Doz.		
94	Audio frequency oscillators	2		
95	Power supply, input 230-volts, 50 cycles A.C. output 0–500 volts, 150 m. a. D. C.	3		
96	Valve holders (sockets), 4, 5, 7, 8, 11, pins	7 Dozs. (total)		
97	Pliers (insulated)	6		
98	Shielded cables.	100 ft.		
99	Shielded cable connectors.	1 Doz.		
100	Single pole and double pole switches	1 Doz.		
101	Glass cartridge fuses with holders various values.	6 Dozs.		
102	Binding terminals.	1 gross.		
103	Band switches.	1 Doz.		
104	Air–cored coils, iron–cored coils and coil packs.	1 Doz. each.		
105	Electric driling machine to drill holes up to 2" diameter.	1		
106	Geiger counters	12		
107	Ratemeter with High voltage supply	1		
108	Scaling unit with high voltage supply	1		

Apparatus to be imported for the Physics Department of the University School of Sciences

	Particulars	Scientific Instruments Company	Toshniwal Bros.	Jai Hind Trading Company	Remarks
6	Recording retemeter, Labgear, Type D 4124	Rs. 5672/-	–	–,	Only quatation
2	Mettler Micro Balance Type M 5-GD.		Rs. 4270		,,
10	Gaussmeter, Model 1295, R, F. L. U. S. A.	Rs. 2618/-	–	–	,,
11	Precision Vernier		–	–	,,
	Potentiometer, Pye, Cat No. 7568.	–	Rs. 2976	–	,,
12	Wheatstone Bridge, Pye,		–	–	,,
	Cat No. 7383		Rs. 1435	–	,,
13	(*i*) L.&N. Galvanometers, Nos. 2239-b	Rs. 542/-	–	–	,,
	(*ii*) L.&N. Galvanometers, Nos. 2239-f	Rs. 690/-	–	–	,,
	(*iii*) L.&N. Galvanometers, Nos. 2500-f	Rs. 1020/-	–	–	,,
	(*iv*) L.&N. Galvanometers, Nos. 2290	Rs. 2816/-	–	–	,,
14	Wall Brackets for 2239-b & 2239-f.	Rs. 115/-	–	–	,,
15	Spare Suspensions				,,
	659/PK	Rs. 26/-	–	–	
	660/PK	Rs. 50/-	–	–	
	663/FPK	Rs. 27/-	–	–	
	664/-APK	Rs. 150/-	–	–	
	663/-APK	Rs. 52/-	–	–	
18	Optical Pyrometer,		Rs. 1375	–	,,
19	Stop watches, Favre-Leuba, 1/5 Sec. and				,,
	1/10 sec.	–	–	Rs. 95/- each	,,
3	Philips pulse, height analyser				
4	Philips, Universal pulse generator				
	&				
5	Philips Sodium discharge lamps are purchased directly from Philips India Ltd.,				

લિનિડેટ (માર્ચ)
તા. ૧૦-૩-'૬૦

List of articles required for Department of Botany, Gujarat University Ahmedabad–9.

Sr. No.	Name of the Apparatus	Quantity	Name of Dealer	Price
1	Microslides of Triarch or Turtox (Separate list attached herewith)	539	Gordhandas Desai & Co.	3500/-
2	E. Leitz or C. Zeiss prism binocular for outdoor work infields for studying the vegetation.	1	Scientific Instrument & Co.	1190/-
3	E. Lietz drawing apparatus for inclined eyepiece tube, suitable for syepieces upto 12xmag. Codeward ZEEIR.	1	–do–	167/-
4	Same as above but for straight eye piece tube Codeward ZEEMF	1	–do–	167/-
5	E. Leitz eyepieces x15,x20,x25	1 each	–do–	280/-
6	L. Leitz objectives, x2.5, x3.5	1 each	–do–	188/-
7	Carl Zeiss Photomicroscope with built-in automatic camera for 36mm film	1		
8	Warburg apparatus. Model, V85, complete with glass parts suitable for 220 volts, 50c/S. A. C.	1	Toshniwal Co.	5547/-
9	E. Leitz universal focussing bellows, for Botanical work, complete outfit.	1	Scientific Instru.	4152/-
10	E. Leitz Leica copying outfit REPROVIT 2nd.	1	–do–	2580/-
11	E. Leits automatic focussing enlarger FOCOMATIC for 35mm and 6×9cm. films	1	–do–	3726/-
12	E Leits near focussing device for leica m–3	1	–do–	221/-
13	Avena test equipment	1		
14	D. freeze equipment for laboratory work in botany	1	–do–	6500/-
15	Merchant calculating machine	1	Toshniwal Co.	651/-
16	Standar all glass distillation apparatus 2litres capacity	1 each	–do–	1400/-

1	2	2	4	5
17	Gas analysis apparatus for the analysis of respiratory gases (Haldane or Henderson-Haldane Novy, complete outfit)	1	-do-	843/-
18	Lovibnd all purpose tintometer Model 1, English complete	1	Scientific Instrument & Co.	2100/-
19	Stage Micrometer	1	-do-	75/-
20	Micrometer eyepiece	1	-do-	95/-
21	Reticle counting eyepiece	1		
22	Microtome knife sharpener machine	1	-do-	42.30
23	Muffle furnance, max Temp 11000C or 13500C	1	-do-	4470/-
24	Ultraviolet radiation equipment	1		
25	Micro-burettes capacity 10 ml. graduated 1/10ml. and Micro-pipettes capacity 1 ml. and 2 ml. graduated 1/100	6 12		
26	Mettler semi-micro balance (Model B6)	1	Toshniwal Co.	3420/-
27	Micro-chemical balance, Sensitivity 1/100 mg.	1	-do-	5345/-
28	Weston illumino-meter	1		
29	Complete equipment for chrometography	1 set	-do-	5947/-
30	Incubating and germinating oven, to be operated on 220 volts A. C. 3 shelves. Maximum temperature 700C.	1	-do-	750/- (Indian)
31	Rectangular drying oven, Temperature range 40-300oc 350x360x265 mm fo· 220 volts A. C.	2	-do-	1073/- (Indian)
32	Low temperatuie oven (refrigerater type			4700/-
33	Refractometer, Offieiene Galileo, Italian, abberefractometer no. 920	1	Scientific Instrument	2450/-
34	Cambridge microtome (Rocking) fitted with special Cooling attachment, with special blade holder complete outfit	1	Toshniwal Co.	1159

CHEMISTRY DEPARTMENT

Item No.	Name of the Dealer	Price	Remarks
1	Toshniwal Brothers Private Ltd.	3878.20	
2	Scientific Instrument Co. Ltd.	4646.00	
3	Associated Instrument MFC. Private Ltd.	4523.00	
4	Associated Instrument MFC. Private Ltd.	1535.00	
5	Toshniwal Bros. Private Ltd.	5464.00	
6	Toshniwal Bros. Private Ltd.	6388.00	
7	— —	—	
8	Associated Instrument MFC. Private Ltd.	2272.00	
9	Toshniwal Bros. Private Ltd.	904.00	
10	Toshniwal Bros. Private Ltd.	291.00	
11	Toshniwal Bros. Private Ltd.	408.00	
12	Toshniwal Bros. Private Ltd.	98.00	
13	Associated Instrument M.FC. Private Ltd. India.	850.00	
14	Sachdev Scientific Work.	325.00	
15	The Scientific Instrument Co. Ltd.	340.00	
16	-do-	2240.00	
17	Associated Instrument MFC. Private Ltd. India.	946.00	
18	— — — —	—	
19	Gordhandas Desai	2025.00	
20	Toshniwal Bros. Private Ltd.	665.00	
21	Gordhandas Desai	1995.00	
22	Toshniwal Bros. Private Ltd.	640.00	
23	— — —	—	
24	— — —	—	
25	Sachdev Scientific Work	475.00	
26	The Scientific Instrument MFC. Private Ltd. India	688.00	
27	— — — —	—	
28	— — — —	—	

1	2	3	4
29	– – – –	–	
30	– – – –	–	
31	Toshniwal Bros. Private Ltd.	254.00	
32	–do–	244.00	
33	–do–	227.00	
34	The Scientific Instrument Co. Ltd.	120.00	
35	Toshniwal Bros. Private Ltd.	276.00	
36	–do–	2737.00	

List of Apparatus to be Imported for the Departments of The University School of Sciences

CHEMISTRY DEPARTMENT

1. Mullard Conductometric outfit, complete with Mullard bridge, conductivity cell, thermometer, beaker, burette, burette stand, clamp, bosh–head, complete..1 unit General.

Accessories :

(i) Conductivity cells with platinum electrodes
Form, A, B, C
Dist. 40 10 2 mms. *three* of each (BTL, c/8/020) of electrodes.

(ii) Conductivity cells with platinum electrodes (adjustible) 26 × 20 mms. capacity 150 mls, *three* (B. T. L., C8/024)

(iii) Corductivity dipping cell, *three*, (B. T. L., C8/025)

(iv) Conductivity dipping cell for good conductors, *three* (B. T. L., C8/026)

(v) Head telephone receiver, *two* (B. T. L., C8/040)

(vi) Induction coil for conductivity work, *two*, (B. T. L., C8/040)

(vii) Hydrogen electrode, Hilderbrand with platinum electrode, *one* (B.T.L., C/9/010)

(viii) Platinum electrodes, 1 cm. square coated with platinum black, *two*, (B. T. L., C/9/011)

(ix) Gold electrodes, fused into glass tubes with platinum wires, *two*, (B. T. L., C/9/039)

(x) Calomel electrode vessel, complete with scaled in platinum wire, t*wo* (B. T. L., C/9/050)

2. Leeds Northrup Conductometric assembly, complete..*one*..General with extra..*one* of each of its accessories, including the spare electrodes of each type.

3. Spekker absorptiometer, complete with heat–absorbing filters 100 watts fillament lamp, 'spot galvanometer' with liquid cells set of each colour filters in a leather case, mercury vapour lamp, its choke, with fluorimeter attachment, photomultiplier 200–250 volts..*one*..complete set as above..*one*..General.

4. Courtland atomic models, set no. 2, major set of 123 atoms model supplied in a box, comlete with 100 spacing colars, B–38–628 and 100 brass links, B–38–630 (Griffin and Tatlock) with Callipers for angttoome unit scale..*one*..unit..*one*..General.

5. Dr. B. Lange's Flame Photometer, Model V with its spare accessories one copy.... .....one complete set..*one*.."....General

6. Dipolemeter.....one complete set..*one*..General.

7. B. T, L. Universal Kjeldahl's apparatus, all 5 assemblies combined dijestion stand, dijestion set, distillation unit, etc. set of 6 units 'Semi-micro', electrically heated, B 36 page 400, B. T. L. *one* complete set.....General.

8. Electric ovens, with control, and spare elements

   1. 360 C temperature with three selves..*two* (2)
   2. 250 C temperature with two selves..*two* (2)

   run on 230 volts with thermometer, spare elements....4 such units General.

9. Heating mantle, electrothermal working on 230 volts with a resistance control.... .....(B. T. L. or Gallenkamp).....6 sets.....General.

10. Molecular weight determination apparatus – Beckmann's apparatus for freezing point determination, complete with thermometer...*two* (B.T.L. C/20/010)...general.

11. Beckmann's improved boiling point apparatus,...*two* (B.T.L. C20/020)...general.

12. Apparatus for determination of Molecular weights, Menzie's by lowering of the vapour pressure, *two* (B.T.L. C20/040)...general.

13. Surface and intersurfacial tension apparatus, de Nouy, Cambridge as per dp–10277 Gallenkamp...*one* unit...general.

14. Orset Gas analysis apparatus...*one* only...general.

15. Magnetic stirring apparatus...*one* only...general.

16. Magnetic balance...*one*...general.

17. Supershaker Gallenkamp...*one*...general.

18. Beckmann thermometer. for freezing point...3 each
    for boiling point...3 each
    total 6...*six*...general.

19. Muffle furnace, electrically fired, working upto 1200 C with pyrometer, spare regulator, and elements, large size...*one*...general.

20. B.T.L. centrifuge...general purpose...C6/031...*one*...general.

21. Thermostating water–bath, provided with a thermostatic control mechanical stirrer, thermometer, valve relay, spare thermoregulator, clamps, cooling coils, viscometer holder, shelves, metal plates, for general purpose...one large and one medium size ...2 (two)...general.

22. Electric Stirrers with speed control working on 230 volts with 1/100h p. motor for speed upto 5,000 r.p.m. with rheostat, Tufnol chuck, Stirring paddles, for general purpose...(BTL-C33/001) 4 units...general.

23. Stop–watches...1/10th sec, 30 minutes...*two*...general.
stop–clocks...*two*...general...total four units.

24. Electric hot plates, industrial type on 230 volts
size...18×12 inches...one unit
24×12 one unit
24×18 one unit...(B.T.L. C12/025)
total 3 units...general.

25. Water stills, capacity 3 gallons per hour one working on gas and other working on electricity at 230 volts...*two*...general.

26. Ammeters...0–20A, 0–500A (B.T.L. C14/015)...two of each Microammeters ...0–500uA., C18/018 BTL) *two* of this. Voltmeters...2–250...(BTL. C14/076) ...two...total six units...general.

27. Fume Extrction exhaust fan on 230 volts of the type f. 155 gallen kamp...6 units.

28. Gallenkamp mobile vacuum pump with vacustat, trap, dp 201 gallenkamp...one unit...general.

29. Gallenkamp melting point apparatus b–7646, d–7646/1 with max, temp. 360, rheostat, etc....oneset. general.

30. Technico gas generators...Gallenkamp...b–6409...4 units.

31. Pump-water circulating unit...230 volts d–8567 Gallenkamp...2 units...general...

32. stirring with water turbines, with stirring bearing rods, clamp...BTL C 26/001...4 units...general.

33. Centrifuge pump to work as booster for high pressure BTL C26/005...one... general.

34. Centrifuge BTL for bench model C6/001. hand moved with aluminium tubes... one set...general,

35. BTL B 32/027 Filtration apparatus complete...3 units...general.

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૪૬

૧૯૫૯ના માર્ચ માસમાં લેવાયેલી પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વાણિજ્યની પરીક્ષામાં સીટ નં. ૧૧૫૪થી બેઠેલા વિદ્યાર્થી શ્રી ચન્દ્રવદન રમણલાલ શાહના કેસની બાબતમાં હકીકત નીચે પ્રમાણે છે :

આ ભાઈ ૧૯૫૮ ના માર્ચ માસમાં સીટ નં. ૪૪૫થી પ્રથમ વર્ગ (પ્રી-યુનિવર્સિટી) વાણિજ્યની પરીક્ષામાં બેઠા હતા અને નાપાસ થયા હતા, પણ તેમને ગ્રુપ "બી" સમગ્રમાં ૫૦ ટકા ઉપર તથા ગ્રુપ "સી" ના બે વિષયો પૈકી "સિવિક્સ અને એડમિનિસ્ટ્રેશન" માં ૫૦ ટકા ઉપર (૫૨) માર્ક મળ્યા હોઈ, તે વિષયોમાં તેમને મુક્તિ (એક્ઝમ્પશન) મળી હતી.

આ પછી સદરહુ વિદ્યાર્થી ૧૯૫૯ના માર્ચ માસમાં લેવાયેલી પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વાણિજ્યની પરીક્ષામાં બેઠા હતા, તેમાં તેમણે નીચે પ્રમાણે ગુણ મેળવ્યા છે :

ગ્રુપ "એ"	અંગ્રેજી	૧૦૦ માંથી	૪૫
	ફરજિયાત હિન્દી	૧૦૦ માંથી	૪૬
	કોમ્પોઝિશન ઇન મૉડર્ન ઇન્ડિયન લેન્ગ્વેજ	૧૦૦ માંથી	૪૮
	ગ્રુપ ટોટલ	૩૦૦ માંથી	૧૩૯
ગ્રુપ "બી"	બુક-કીપિંગ અને કોમર્શિયલ એરિથમેટિક	મુક્તિ	
	એલિમેન્ટ્સ ઑફ કોમર્સ	મુક્તિ	
	સેલ્સમેનશિપ અને પબ્લિસિટી	મુક્તિ	
	ગ્રુપ ટોટલ	મુક્તિ	
ગ્રુપ "સી"	ઇકોનોમિક્સ અને કોમર્શિયલ જ્યોગ્રાફી	૧૦૦ માંથી	૩૬
	એલિમેન્ટ્સ ઑફ સિવિક્સ એન્ડ એડિમિનિસ્ટ્રેશન	મુક્તિ	
	ગ્રુપ ટોટલ		૩૬

આ ભાઈ મુક્તિ (એક્ઝમ્પશન) રાખીને બેઠેલા હોવાથી, તેમનું પરિણામ ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન ૨ મુજબ જાહેર કરવાનું વિચારવાનું થયું હતું. ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન ૨નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે છે :

Transitory Regulation 2 :

"A candidate who has obtained—

(3) 50% of total marks in a paper or a Group in the case of F.Y. (Pre-University) Examination Commerce;

shall. at his option, be excused from appearing in that head or papers or as the case may be at a subsequent examination and will be declared to have passed the whole examination when he has passed in all the remaining subjects of the examination provided that in the subject or subjects in which he appears on last occassion he must obtain the minimum number of the marks in each paper or subject required under the relevant regulations. The candidate passing the examination in this manner by compartments shall not be eligible for a class or for any prize or scholarship to be awarded at the examination."

ઉપર ટાંકેલા ટ્રાન્ઝિટરી રેગ્યુલેશન ૨માં "રેલેવન્ટ રેગ્યુલેશન્સ" એ શબ્દો વાપર્યા છે. આ બાબતમાં "રેલેવન્ટ રેગ્યુલેશન ૧" નો સંબંધકર્તા ભાગ નીચે મુજબ છે :

Faculty of Commerce :

"To pass the examination, a candidate must obtain 33 per cent. of the full marks in each subject and 40 per cent. in each group. Those of the successful candidates who obtain 60 per cent. of the total marks obtainable will be placed in the First Class and those obtaining 50 per cent. in the Sceond Class."

આ ભાઈના કેસમાં સવાલ એ થયો કે, ગ્રુપ "સી"ના બાકી રહેલા વિષય "ઇકોનોમિક્સ અને કૉમર્શિયલ જ્યોગ્રાફી"માં તેમને કેટલા માર્ક્સ મળે તો તેમને પાસ થયેલા જાહેર કરી શકાય. આ બાબતમાં બાકી રહેલા વિષય કે વિષયોના સરવાળામાં ઓછામાં ઓછા ૪૦ ટકા માર્ક્સ તો જોઈએ જ એ આવશ્યકતા માનીને યુનિવર્સિટી કાર્યાલય આવા કેસોમાં હંમેશાં ચાલ્યું છે તે પ્રમાણે આ કેસમાં પણ ચાલ્યું. આના સંદર્ભમાં જણાવવાનું કે, ઇન્ટર કૉમર્સની પરીક્ષાઓમાં કોઈ અમુક વિષય કે વિષયોમાં મુક્તિ લઈને બેસનાર વિદ્યાર્થીએ બાકી રહેલા વિષય કે વિષયોમાં ૪૦ ટકા માર્ક મેળવવા, અનુક્રમે રેગ્યુલેશન ૨૧૦ અને ૨૧૫ પ્રમાણે આવશ્યક હોઈ, આ બાબત કાર્યાલયે જે અર્થ ઘટાવ્યો

છે તેને અનુમોદન મળેલ છે. આમ સદરહુ વિદ્યાર્થીને નાપાસ જાહેર કરવામાં આવ્યો, પણ ધારાધોરણ અનુસાર તેને ઇન્ટર કૉમર્સની પરીક્ષા માટે સત્રો ભરવાની છૂટ આપવામાં આવી.

પરિણામ જાહેર થયા પછી તા. ૧૬મી ઑગસ્ટ ૧૯૫૯ના રોજ સદરહુ વિદ્યાર્થીએ ઉપકુલપતિશ્રીને એક અરજી કરી અને તેમાં માગણી કરી કે, તેને ઑર્ડિનન્સ ૧૩૯ હેઠળ ચાર માર્ક્સ કૉન્ડોનેશનના મળવા જોઈએ. આ ભાઈને ઑર્ડિનન્સ ૧૩૯ હેઠળ કૉન્ડોનેશનના ચાર માર્ક્સ મળી શકે નહિ એમ તા. ૫-૯-૧૯૫૯ના રોજ જણાવવામાં આવ્યું.

તે પછી આ ભાઈએ તા. ૧૯-૧૦-૧૯૫૯ના રોજ બીજી અરજી કરીને ટ્રાન્ઝિટરી રે. ૨(૩) પ્રમાણે પોતાને ઉત્તીર્ણ જાહેર કરવા માગણી કરી. કાર્યાલયના તા. ૨૪-૧૦-૧૯૫૯ના પત્રથી તેમને જણાવવામાં આવ્યું કે, ટ્રાન્ઝિટરી રે ૨(૩) જોવાયા બાદ જ તેમને તા. ૫-૯-૧૯૫૯ના રોજ જવાબ આપવામાં આવ્યો હતો.

તે પછી તેમણે તા. ૨૮-૧૦-૧૯૫૯ના રોજ પત્ર લખીને ઉપકુલપતિશ્રીની મુલાકાત માટે માગણી કરી. સદરહુ બાબતમાં આ મુલાકાતથી કશી ઉપયોગી હેતુ સરશે નહિ એ મતલબનો તેમને તા. ૧૨-૧૧-૧૯૫૯ના રોજ જવાબ આપવામાં આવ્યો.

તે પછી તા. ૨ માર્ચ ૧૯૬૦ના રોજ આ ભાઈએ ઉપકુલપતિશ્રીને કરેલી અરજીની એક નકલ ઉપકુલપતિશ્રીને મોકલી આપી અને તેની નકલ સિન્ડિકેટના અન્ય સભ્યોને પણ તેમણે મોકલી જણાય છે. એ પત્રમાં જેનો ઉલ્લેખ કર્યો છે તે ટ્રાન્ઝિટરી રે. ૨ની સદરહુ પેટાકલમ (તે હવે ૨-અ તરીકે ક્રમાંક પામી છે) નીચે મુજબ વંચાય તે રીતે સિન્ડિકેટે તેની તા. ૨૩/૨૪-૧-૧૯૬૦ની સભામાં ઠરાવ્યું છે :

"A candidate who obtains 50% of the total marks in any subject or a group at the F.Y. (Pre-University) Examination in Commerce may be excused from appearing in that subject or group at a subsequent examination and will be declared to have passed the whole examination when he has passed in all the groups of the examinations, in accordance with the standard laid down in Transitory R. 1 provided also that the candidate availing himself of exemption in a subject or subjects of a group obtains in the remaining subject or subjects of the group 40% of the total marks available. Candidates passing the examination, in this manner, in compartments will not be eligible for a class or for any prize or scholarship to be awarded at the Examination.

(*Note.*—Transitory Regulation (2), clause (3), stands deleted.)"

કુલપતિશ્રીને ઉદ્દેશીને કરેલી અરજીમાં આ ભાઈએ જણાવ્યું છે તે પ્રમાણે સુધારાયેલા સદરહુ રેગ્યુલેશનને retrospectively અમલમાં મૂક્યા છે એવું થયું નથી, પણ તે વખતે અમલમાં હતો તે જૂના રેગ્યુલેશન ૨ પ્રમાણે, ઉપર જણાવ્યું તેમ, તેમનો કેસ જોવામાં આવ્યો છે.

તેમનો કેસ વિફળ બનાવવા માટે રેગ્યુલેશનનો આ સુધારો કરવામાં આવ્યો છે એ તેમનું વિધાન પણ યથાર્થ નથી.

કુલપતિશ્રી તરફથી આ અરજી યુનિવર્સિટીને નિકાલ કરવા માટે મોકલી આપી છે.

કં. ચં. પરીખ
મહામાત્ર.

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 808—300—5-60

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૦ના એપ્રિલ માસની સભા, શનિવાર તા. ૧૬-૪-૧૯૬૦ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં, ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના પ્રમુખપદે મળી હતી. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧.	શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ, ઉપકુલપતિ	હાજર
૨.	ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩.	પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪.	શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫.	શ્રી. ખટુભાઈ હ. દેસાઈ	હાજર
૬.	ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૭.	ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૮.	શ્રી. જયંતીલાલ ઘે. દલાલ	ગેરહાજર
૯.	શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦.	શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	હાજર
૧૧.	શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨.	ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩.	ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪.	ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫.	પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૧૬.	પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭.	પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	હાજર
૧૮.	પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ	હાજર.

૧. તા. ૧૦-૩-૧૯૬૦ના રોજ મળેલ સિન્ડિકેટના સને ૧૯૬૦ના માર્ચ માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧૦-૩-૧૯૬૦ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૦ના માર્ચ માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. આયુર્વેદ કૉલેજ, જામનગરને બીજી તથા ત્રીજી બી એ., એમ.એસ.ના અભ્યાસક્રમો માટે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા અંગે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે આચાર્યશ્રી તરફથી આવેલ હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—ત્રણ શરતો પૈકી એનું પાલન થાય છે અને બીજી બી.એ., એમ.એસ. માટે પ્રોફેસર ઑફ પેથૉલોજી તરીકે નિમાયેલ ડૉ. એન. જે. ધ્રુવ ચાલુ નિયમો જોતાં જરૂરી લાયકાત ધરાવતા નથી. નવા નિયમો જે વિચારણા હેઠળ છે તે પાસ થાય તો લાયક ઠરે તેમ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને બીજી તથા ત્રીજી બી.એ., એમ.એસ.ના અભ્યાસક્રમ માટે ચાલુ તથા વધારાનું જોડાણ આપવા વાસ્તે રાજ્ય સરકારને ભલામણ કરવી.

૩. ગુજરાત કૉલેજ, અમદાવાદમાં બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરતા શ્રીમતી આર. બી. દાંડેકરની બદલી સુરેન્દ્રનગર એમ. પી. શાહ કૉલેજમાં થતાં ચાલુ સત્ર પૂરતા શ્રી. વી. વી. સુબ્બારાવને તેમની ખાલી પડેલી જગાએ નીમ્યાની મંજૂરી આપવા અંગે આચાર્યશ્રીનો તા. ૨૬-૧-૧૯૬૦ નો પત્ર.

(**નોંધ.**—શ્રી. સુબ્બારાવ બી.એસસી. પાસ વર્ગ છે અને જરૂરી લાયકાત ધરાવતા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વી. વી. સુબ્બારાવને જીવવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકે કામ કરવા વાસ્તે ફક્ત ચાલુ સત્ર પૂરતી પરવાનગી આપવી, અને સદરહુ કૉલેજના સત્તાવાળાઓને જણાવવું કે, જૂન ૧૯૬૦થી યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર યોગ્ય લાયકાત ધરાવનાર ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૪. "ઇન્ડિયન એસોસિયેશન ફૉર ઇંગ્લિશ સ્ટડીઝ" ના ઉપક્રમે ઉનાળાની રજાઓ દરમિયાન "ઇન-સર્વિસ ટ્રેનિંગ કોર્સ ફૉર ટીચર્સ ઇન ઇંગ્લિશ" આપણી યુનિવર્સિટીમાં યોજવા મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૦-૨-૧૯૬૦ના પત્રાંક ૩૪ ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— મજકૂર યોજના અંગે અખિલ ભારતીય અંગ્રેજી વિષય શીખવતા શિક્ષકોની પરિષદે નીમેલ સમિતિની ભલામણો નીચે મુજબ છે:

1. The Indian Association for English Studies shall organise a model course of in-service training for college-teachers of English to be held in May–June 1960 at a central place to be decided later.

2. Each University in the country shall be requested to depute to the model course two of its senior teachers and three of its lecturers, their T. A. and D. A. being paid by the University.
3. From the summer of 1961 onwards similar training courses shall be held in five regional centres. The course at each centre shall be sponsored by one or more Universities in the region and organised by those who had participated in the model course of 1960, with the active assistance of the Standing Committee of the Association.
4. The manner in which teachers are to be deputed to these regional courses shall be decided by the Universities concerned.
5. The Association shall set up a Standing Committee to be in general charge of all the training courses for purposes of co-ordination.
6. This Standing Committee shall prepare a detailed scheme for implementation at the various training centres.
7. Financial assistance for the organisation of such courses shall be sought from the Central Ministry of Education and University Grants Commission, from the individual Universities and from the various Educational and Cultural Foundations.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એસોસિયેશન તરફથી મે–જૂન ૧૯૬૦માં યોજવામાં આવનાર અભ્યાસક્રમમાં ભાગ લેવા માટે આ યુનિવર્સિટીના નીચેના શિક્ષકોને મોકલવા:

૧. શ્રી. એસ. એમ. શાહ, ગુજરાત કૉલેજ, અમદાવાદ
૨. શ્રી. નિરંજન ભગત, સર એલ. એ. શાહ લૉ કૉલેજ (આર્ટ્સ સેક્શન), અમદાવાદ
૩. શ્રી. આર. જી. ભાભરિયા, સર એલ. એ. શાહ લૉ કૉલેજ, (કૉમર્સ સેક્શન), અમદાવાદ
૪. કુ. સીતા સહાની, એમ. ટી. બી. કૉલેજ, સુરત

(નોંધ.— સંજોગવશાત્ ઉપરના શિક્ષકો પૈકી કોઈ શિક્ષક જઈ શકે તેમ ન હોય તો પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટનાં સૂચનો મેળવીને ઘટતું કરવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.)

૫. સને ૧૯૫૮-૫૯નો વાર્ષિક હેવાલ તૈયાર કરવા અંગે નિમાયેલી સમિતિની તા. ૩૧-૩-૧૯૬૦ના રોજ મળેલી સભાએ તૈયાર કરેલ હેવાલના મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯નો વાર્ષિક હેવાલ મંજૂર કરવો, તથા તેને સેનેટ સમક્ષ મોકલી આપવો.

૬. સિન્ડિકેટે તેની તા. ૨૩/૨૪-૧-૧૯૬૦ની સભામાં રેગ્યુ. ૧૮૫-એ, રેગ્યુ. ૧૮૮-એ તેમ જ રેગ્યુ. ૧૮૫ની નોંધ ૩ અને રેગ્યુ. ૧૮૮ની નોંધ ૩માં સુધારાઓ કર્યા છે તે તાત્કાલિક અમલમાં આવેલ ગણવાને બદલે એકેડેમિક કાઉન્સિલના ઠરાવ મુજબ જૂન ૧૯૬૦થી અમલમાં લાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેગ્યુલેશન ૧૮૫-એ અને રેગ્યુલેશન ૧૮૮-એ, તેમ જ રેગ્યુલેશન ૧૮૫ની નોંધ ૩ અને રેગ્યુલેશન ૧૮૮ની નોંધ ૩માં જે સુધારાઓ કર્યા છે તે સુધારાઓ તા. ૨૩/૨૪-૧-૧૯૬૦થી અમલમાં લાવવાને બદલે તા. ૧૫મી જૂન ૧૯૬૦થી અમલમાં લાવવા.

(રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૭. તા. ૧૦-૩-૧૯૬૦ના રોજ મળેલ મેથેમેટિક્સ અને સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત:

"આ અભ્યાસસમિતિ Modern Mathematics ના વિષયમાં Summer School શરૂ કરવાની સિન્ડિકેટને ભલામણ કરે છે, તેમ જ તે સ્કૂલમાં યુનિવર્સિટી સાથે જોડાયેલી દરેક કૉલેજ પોતાની કૉલેજમાંથી ઓછામાં ઓછો એક એક શિક્ષક મોકલે.

ઉપરની બાબતમાં સિન્ડિકેટ સંમત થાય તો તે સમર સ્કૂલની આર્થિક તેમ જ વહીવટી યોજના તૈયાર કરવા માટે નીચેના સભ્યોની સમિતિ નીમવા ભલામણ છે:

૧. ડૉ. પી. સી. વૈદ્ય (મંત્રી);
૨. પ્રિન્સિ. ડૉ. વાય. જી. નાયક;
૩. પ્રિન્સિ. જે. બી. સાંડિલ;
૪. શ્રી. ડી. જી. વશી. "

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં યોજના તથા ખર્ચનો અંદાજ ઘડવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી:

૧. ડૉ. પી. સી. વૈદ્ય (મંત્રી);
૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૩. પ્રિન્સિપલ જે. બી. સાંડિલ;
૪. શ્રી. ડી. જી. વશી.

૮. ઓ. ૨૭૨ તથા ઓ. ૨૭૨-એ મુજબ તબીબી વિદ્યાર્થીઓની તાલીમ (ઇન્ટર્નશિપ) માટે નીચે જણાવેલાં ઋગ્ણાલયોને માન્ય કરવા બાબત:

૧. લીંબડી હૉસ્પિટલ, લીંબડી
૨. સુરેન્દ્રનગર હૉસ્પિટલ, સુરેન્દ્રનગર
૩. સિવિલ હૉસ્પિટલ, હિંમતનગર
૪. સ્ટેટ હૉસ્પિટલ, ડીસા
૫. જનરલ હૉસ્પિટલ, પાટણ
૬. કૉટેજ હૉસ્પિટલ, ધંધુકા

૭. જનરલ હૉસ્પિટલ, નવસારી
૮. કૉટેજ હૉસ્પિટલ, અમ્રામા
૯. રતનકુંવરબા હૉસ્પટલ એન્ડ લેડી વિલ્સન હૉસ્પિટલ, વાંસદા
૧૦. ધરમપુર હૉસ્પિટલ, ધરમપુર
૧૧. કૉટેજ હૉસ્પિટલ, લુણાવાડા
૧૨. સ્ટેટ હૉસ્પિટલ, સંતરામપુર.

આથી ફરાવવામાં આવે છે કે, નીચેનાં ઝગ્ણાલયોને ઑર્ડિનન્સ ૨૭૨-એ હેઠળ માન્ય ઝગ્ણાલયો (recognised Hospitals) તરીકે મંજૂર કરવાં :

૧. લીંબડી હૉસ્પિટલ, લીંબડી
૨. સુરેન્દ્રનગર હૉસ્પિટલ, સુરેન્દ્રનગર
૩. સિવિલ હૉસ્પિટલ, હિંમતનગર
૪. સ્ટેટ હૉસ્પિટલ, ડીસા
૫. જનરલ હૉસ્પિટલ, પાટણ
૬. જનરલ હૉસ્પિટલ, નવસારી
૭. વેસ્ટ હૉસ્પિટલ, રાજકોટ
૮. સિવિલ હૉસ્પિટલ, જૂનાગઢ
૯. હેલ્થ સેન્ટર, સિક્કા.

નોંધ.—(૧) ઉપર જણાવેલાં ઝગ્ણાલયો પૈકી નં. ૭, ૮ અને ૯ ને માન્ય કરવાનું સૂચન સભાગૃહમાં થયું હતું.

(૨) આ ઝગ્ણાલયોમાં કેટલા તાલીમી વિદ્યાર્થીઓ રાખવા તે અંગે, તથા તેમને રહેવાજમવાની સગવડ અંગે શી વ્યવસ્થા થઈ શકે તે બાબતમાં જે તે ઝગ્ણાલયના સત્તાવાળાઓ સાથે ઘટતો પત્રવ્યવહાર કરીને જરૂરી વ્યવસ્થા, જે તે મેડિકલ કૉલેજના આચાર્ય કરી લે એમ તેમને જણાવવું.

વધુમાં ફરાવવામાં આવે છે કે, નીચેનાં ઝગ્ણાલયોને તબીબી સ્નાતકોની તાલીમ માટે માન્ય કરવા બાબતમાં નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. એસ. બી. અંકલેસરિયા—જો તેઓ ના પાડે તો
ડૉ. નરેન્દ્ર એચ. દેસાઈ; અને
૨. બી. જે. મેડિકલ કૉલેજના પ્રિન્સિપલ.

ઝગ્ણાલયોનાં નામ :

૧. કૉટેજ હૉસ્પિટલ; અમ્રામા
૨. રતનકુંવરબા હૉસ્પિટલ એન્ડ લેડી વિલ્સન હૉસ્પિટલ, વાંસદા
૩. ધરમપુર હૉસ્પિટલ, ધરમપુર.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, નીચેનાં ઋગ્ણાલયોને તબીબી સ્નાતકોની તાલીમ માટે માન્ય કરવા બાબતમાં નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવા :

૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ—જો તેઓ ના પાડે તો
ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ; અને
૨. એમ. પી. શાહ મેડિકલ કૉલેજના પ્રિન્સિપલ.

ઋગ્ણાલયોનાં નામ :

૧. કૉટેજ હૉસ્પિટલ, ધંધુકા
૨. કૉટેજ હૉસ્પિટલ, લુણાવાડા
૩. સ્ટેટ હૉસ્પિટલ, સંતરામપુર.

૯. મેડિસિન અને સર્જરીની અભ્યાસસમિતિની તા. ૨૩-૧૨-૧૯૫૯ની સભાની નીચે મુજબની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

"ઑ. ૧૨૯ માટે (૧) ડી. એમ. આર. ઈ., (૨) ડી. વી. ઍન્ડ ડી., (૩) ડી ઑ. ઓ., (૪) ઈ. એન. ટી. (ડી. એલ. ઓ.), (૫) ડી. પેડ્રૂ.ના ડિપ્લોમાની પરીક્ષાઓ દર વર્ષે બે વખત લેવી અને દરેક પરીક્ષાની પ્રવેશ ફી રૂ. ૧૦૦ રાખવા સૂચન છે. પરીક્ષાની તારીખ અને તે માટે આવેદનપત્ર સ્વીકારવાની તારીખ ઍકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટ નક્કી કરશે."

(**નોંધ.**—ઉપર્યુક્ત ભલામણ સ્વીકારાય તો ઑ. ૧૨૯માં નીચે પ્રમાણે ઉમેરો કરવા કાર્યાલયનું સૂચન છે:

I	II	III	IV	V
Diploma in Medical Radiology & Electro-Therapeutics. Diploma in Veneriology and Dermatology Diploma in Gynaecology Diploma in E.N.T. (D.L.O) Diploma in Paediatrics.	Twice	3rd Monday in April and 1st Monday in October	Three months before the examination	Rs. 100/-

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયના સૂચન મુજબ ઑર્ડિનન્સ ૧૨૯માં ઉપર મુજબનો ઉમેરો કરવો તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૦. યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો, સીનિયર તેમ જ જુનિયર સુપરવાઇઝરોની નિમણૂકો તેમ જ મહેનતાણાના દરો અને આકસ્મિક ખર્ચા અંગેના નિયમો અને ધારાધોરણો ઘડવા માટે સમિતિ નીમવાના સૂચન કરતા ડૉ. ય. ગુ. નાયકના તા. ૩૧-૩-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ચર્ચાવિચારણા કરીને રિપોર્ટ કરવા વાસ્તે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવા :

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ
૩. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ
૪. પ્રિ. એમ. સી. દેસાઈ
૫. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૬. શ્રી. જે. એમ. મહેતા, ડેપ્યુટી રજિસ્ટ્રાર (કન્વીનર)

૧૧. ૧૯૬૦ના પ્રથમ છ માસ દરમિયાન લેવામાં આવનાર પરીક્ષાઓના વિદ્યાર્થીઓએ લીધેલા ગેરવાજબી ઇલાજો તથા પ્રાશ્નિકો, કાર્યાલયના સભ્યો વગેરેની ક્ષતિઓ ઉપર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સમિતિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતો અંગે નીચે જણાવેલા સભ્યોની સમિતિ ચાલુ રાખવી :

૧. ઉપકુલપતિશ્રી
૨. શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ
૫. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ

૧૨. યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટોમાં નિમાતા શિક્ષકોની લાયકાત બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી આવેલ પત્ર પર બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦નો નીચેનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પત્રની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં લેક્ચરરની ઓછામાં ઓછી લાયકાતના ધોરણનો નિયમ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો :

III. For Lecturership :

(1) A first or second class both in the Bachelor's and Master's degree in the subject

and

(2) At least five years' experience of teaching the subject to post-intermediate classes

or

a Ph.D. Degree."

આથી ઠરાવવામાં આવે છે કે, બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગનો ઉપર્યુક્ત ઠરાવ મંજૂર કરવો.

૧૩. યુનિવર્સિટીમાં તથા યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં કામ કરતા શિક્ષકોની નિવૃત્તિની વયમર્યાદા બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ નીચેની ભલામણ પરત્વે વિચારણા કરવા બાબત:

D. General 5 :

The Committee agreed that the normal age of retirement of teachers in University and colleges should be 60 and that provision may be made in special cases for a future extension upto five years, one year at a time.

While Commission agreed that retired teachers should not continue as honorary or part-time teachers. They felt that in the case of teachers doing research work, exception may be made.

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની ભલામણની સૂચનાને આધારે ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનો (Post-graduate Departments of the University) માં કામ કરતા અધ્યાપકોની નિવૃત્તિ માટેની વયમર્યાદા ૬૦ વર્ષની રાખવી, અને ખાસ કેસોમાં દર વખતે એક વર્ષ, એ રીતે પાંચ વર્ષ સુધી, નિવૃત્તિ માટેની વયમર્યાદા વધારવાની સિન્ડિકેટને યોગ્ય લાગે તો વિચારવાનું રાખવું.

આ રીતે નિવૃત્ત થયેલા શિક્ષકો માનદ કે અમુક વખતના (પાર્ટ-ટાઇમ) શિક્ષકો તરીકે ચાલુ રહી શકશે નહિ, તોપણ સંશોધનનું કામ કરનાર શિક્ષકો માટે અપવાદ થઈ શકશે.

૧૪. બોર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકનો નીચેનો ઠરાવ:

"(અ) આથી ઠરાવવામાં આવે છે કે, નીચે દર્શાવેલા શિક્ષકોને તેમનાં નામ સામે જણાવેલા વિષયો કે શાખાઓ માટે અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

ક્રમાંક	નામ	કૉલેજ અગર સંસ્થા	વિષય	ડિગ્રી	શિક્ષણ કે સંશોધનથી
૧.	શ્રી. વ્યાસ કાંતિલાલ બળદેવદાસ	એમ. એન. કૉલેજ, વિસનગર.	ગુજરાતી	(૧) એમ.એ. (૨) પીએચ.ડી.	શિક્ષણથી સંશોધનથી
૨.	શ્રી. મિશ્ર બી. ટી.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	એનેટોમી	(૧) એમ.એસસી. (મેડ.) (૨) એમ.એસ.	શિક્ષણથી "
૩.	શ્રી. વાણીકર વિનાયક સખારામ	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	(૧) એજ્યુકેશનલ સાયકૉલોજી (૨) ફિલોસોફી ઑફ એજ્યુકેશન	એમ.એડ્.	"
૪.	શ્રી. ભટ્ટ બદ્રીપ્રસાદ માણેકલાલ	શામળદાસ કૉલેજ ભાવનગર.	ઇકોનોમિક્સ ગ્રુપ "ઈ"	એમ.એ.	

(અ) યુનિ. વિજ્ઞાનભવનના રીડર ડૉ. ડાકર કે. એ. ને ઑર્ગેનિક કેમિસ્ટ્રી વિષયમાં પીએચ. ડી. પદવી માટે સંશોધન અંગે માર્ગદર્શન આપવા માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકે જૂન ૧૯૬૧ સુધી માન્ય કરવા.

(ક) આર. આર. લાલન કૉલેજ, ભુજના શ્રી. રાવલ હર્ષદરાય નાથાલાલની એમ.એસસી.માં ઇનઑર્ગેનિક કેમિસ્ટ્રી માટે માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા આપવા માટેની અરજી સ્વીકારવી નહિ.

(ડ) શ્રી. મહેતા શાંતિલાલ ભાઈચરદાસ, એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને એમ.કૉમ.ના અભ્યાસક્રમ માટે માગેલ વિષયોમાં માન્યતા આપવી નહિ, પરંતુ તેમની એમ.એ. ગ્રુપ્સ "સી" અને "ઈ"ના વિષયો માટે માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા ચાલુ રાખવી"

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૧૫. બૉર્ડ ઑફ. યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકમાં થયેલો નીચેનો ઠરાવ:

"આથી ભલામણ કરવામાં આવે છે કે, એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદના શ્રી. પંડ્યા મણિશંકર પ્રભાશંકરને એમ એ. ડિગ્રીમાં ગ્રુપ્સ "સી" અને "ઈ" વિષય માટે ઑર્ડિ. ૬૫-એચ. (૧) (બી) (૧) અનુસાર માન્ય અનુસ્નાતક શિક્ષકના મદદનીશ શિક્ષક તરીકેની માન્યતા આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૧૬. બૉર્ડ ઑફ. યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકમાં થયેલો નીચેનો ઠરાવ:

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, શ્રી. ભોપટકર ચિંતામણિ ત્र्यંબકની એમ.એ. મનોવિજ્ઞાન વિષયની માન્ય અનુસ્નાતક શિક્ષક તરીકેની માન્યતા એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીમાંથી યુનિવર્સિટીના મનોવિજ્ઞાન ભવન ખાતે બદલી આપવી અને તેમની એમ.એ. માટેની તત્ત્વજ્ઞાન વિષયની માન્યતા રદ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૧૭. આ યુનિવર્સિટીના ઑર્ડિ. ૩૨૪-બી અનુસાર પ્રિન્સિ. નિત્યાનંદ પટેલને પીએચ.ડી. ડિગ્રી-હિંદી વિષયમાં બાહ્ય માર્ગદર્શકના હાથ હેઠળ કામ કરવા વાસ્તે રજિસ્ટર કરવા માટે બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકનો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. નિત્યાનંદને પટેલને બહારના માર્ગદર્શક ડૉ. ગોવર્ધનનાથ શુક્લના માર્ગદર્શન હેઠળ, હિંદી વિષયમાં પીએચ.ડી. માટે રજિસ્ટર કરવા પરવાનગી આપવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૧૮. બૉર્ડ ઑફ. યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકમાં થયેલો નીચેનો ઠરાવ:

"આથી ઠરાવવામાં આવે છે કે, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને તે કૉલેજમાં ચાલતા

એમ.એડ્.ના અનુસ્નાતક કેન્દ્ર માટે રૂ. ૫૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૧૯. બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકમાં થયેલો નીચેનો ઠરાવ :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૫૭-૫૮ના વર્ષની અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી શેઠ વાડીલાલ સારાભાઈ જનરલ હૉસ્પિટલ, અમદાવાદને રૂ. ૭૩૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવી."

(નોંધ—આ કૉલેજમાં આવેલાં કેન્દ્રોની ૧૯૫૭-૫૮ના વર્ષની કુલ બચત રૂ. ૭૩૯.૬૪ ન.પૈસા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૨૦. બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકનો નીચેનો ઠરાવ :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ના વર્ષની અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને રૂ. ૮૦૦ની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવી."

(**નોંધ.**—આ કેન્દ્રની ૧૯૫૮-૫૯ના વર્ષની બચત રૂ. ૨,૮૭૯ છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૨૧. બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકનો નીચેનો ઠરાવ :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ના વર્ષ દરમિયાનના અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી એમ. ટી. બી. કૉલેજ, સુરતને રૂ. ૫,૨૦૦ની કિંમતનાં પુસ્તકો વગેરે ખરીદવાની પરવાનગી આપવી."

(**નોંધ.**—આ કૉલેજમાં આપવામાં આવેલાં અનુસ્નાતક કેન્દ્રોની ૧૯૫૮-૫૯ના વર્ષની કુલ બચત રૂ. ૧૧,૫૪૭.૬૪ ન.પૈ. છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૨૨. બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકનો નીચેનો ઠરાવ :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૫૮-૫૯ના વર્ષની અનુસ્નાતક કેન્દ્રોની બચતમાંથી એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરને રૂા. ૨૩૮.૨૨ ન. પૈ.ની કિંમતનાં પુસ્તકો ખરીદવા માટે પરવાનગી આપવી."

(**નોંધ.**—કેન્દ્રની ૧૯૫૮-૫૯ના વર્ષની બચત રૂ. ૨૮૩.૨૨ ન. પૈસા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બૉર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૨૩. બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકનો નીચેનો ઠરાવ :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરતને ૧૯૫૮-૫૯ના વર્ષ દરમિયાનની તે અનુસ્નાતક કેન્દ્રની બચતમાંથી રૂ. ૩,૪૨૬.૫૯ નયા

પૈસાની કિંમતનાં પુસ્તકો ખરીદવાની પરવાનગી આપવી."

(**નોંધ.**—આ કેન્દ્રની ૧૯૫૮-૫૯ ની અચત રૂ. ૫૮૫૨.૦૫ ન. પૈસા છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૨૪. બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકમાં થયેલો નીચેનો ઠરાવ :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, નીચે જણાવેલ અનુસ્નાતક કેન્દ્રોમાં ૧૯૫૮-૫૯ના વર્ષ દરમિયાન તેમનાં નામ સામે જણાવેલ રકમની બાધ ભરપાઈ કરવી :

સંસ્થાનું નામ	૧૯૫૮-૫૯ કુલ આવક	કુલ ખર્ચ	વર્ષ આખરે બાધ
૧. ભો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ	... રૂ. ૬,૯૭૫.૦૦	રૂ. ૭,૮૭૯.૪૮	રૂ. ૯૦૪.૪૮
૨. એમ. એન. કૉલેજ, વિસનગર	... રૂ. ૩,૧૫૦.૦૦	રૂ. ૩,૪૪૧.૪૪	રૂ. ૨૯૧.૪૪
૩. સામળદાસ કૉલેજ, ભાવનગર	... રૂ. ૧૨,૪૫૦.૦૦	રૂ. ૧૩,૮૬૮.૦૮	રૂ. ૧,૪૧૮.૦૮
૪. ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા ...	... રૂ. ૧,૫૦૦.૦૦	રૂ. ૨,૫૬૫.૮૬	રૂ. ૧,૦૬૫.૮૬
૫. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ	... રૂ. ૨,૧૦૦.૦૦	રૂ. ૩,૦૩૩.૨૫	રૂ. ૯૩૩.૨૫
૬. વી. એસ. જનરલ હૉસ્પિટલ, અમદાવાદ ...	... રૂ. ૩,૨૦૦.૦૦	રૂ. ૪,૩૩૮.૦૦	રૂ. ૧,૧૩૮.૦૦"

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

(**નોંધ.**—ભવિષ્યમાં આવી બાધ ભરપાઈ કરવાના પ્રસ્તાવ સાથે વિદ્યાર્થીઓની સંખ્યાના આંકડા પણ આપવાનું રાખવું.)

૨૫. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ પત્રમાં જણાવેલ યુનિવર્સિટીના હેડ ક્વાર્ટર્સ બહાર ઉઘાડવાનાં વધારાનાં નવાં અનુસ્નાતક કેન્દ્રો બાબતની નીચેની ભલામણ ઉપર બોર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની બેઠકનો નીચેનો ઠરાવ :

યુનિ. ગ્રાન્ટ્સ કમિશનની ભલામણ

Recommendation of the Co-ordination Committee appointed by the University Grants Commission as approved by the University Grants Commission at their meeting held on 19th February, 1959

D. General 2.

"Committee was generally of the opinion that, so far as possible, post-graduate work should be concentrated at the headquarters of a University. But the committee realised that in certain instances for historical and other reasons it may be necessary to permit some other centres also. When it was desired to have more than one centre, the University concerned might decide upon this additional centres in consultation with the University Grants Commission."

બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગની તા. ૨૪-૨-૧૯૬૦ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, યુનિ. ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ ઉપર્યુક્ત ભલામણની નોંધ લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૨૬. યુનિવર્સિટીના અભ્યાસક્રમમાં દાખલ થવા માટેની વયમર્યાદા નક્કી કરવા બાબત, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ પત્ર પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં પ્રવેશ ઇચ્છતા વિદ્યાર્થીઓની વયમર્યાદા નક્કી કરવા બાબતમાં આ યુનિવર્સિટી હાલને તબક્કે કોઈ નિયમ કરવા માગતી નથી, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જવાબ આપવો.

૨૭. યુનિવર્સિટી બુલેટિનના તંત્રીમંડળની તા. ૨-૪-૧૯૬૦ના રોજ મળેલી સભાની નીચેની ભલામણ :

"ગુજરાતી ભાષા પરત્વેની પ્રવૃત્તિ દરેક ક્ષેત્રમાં યુનિવર્સિટીએ અપનાવેલી હોવાથી યુનિવર્સિટી બુલેટિન પણ હવેથી ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવું ઇષ્ટ થશે એમ વિચારી હવે પછી બુલેટિન ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ કરવા અંગે યુનિવર્સિટીને ભલામણ કરવી એમ ઠરાવવામાં આવ્યું."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ તંત્રીમંડળની ઉપર્યુક્ત ભલામણ મંજૂર કરવી.

૨૮. સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૫૯ની સભામાં પ્રશ્નપત્રો એક ઠેકાણે છપાવી બીજાં કેન્દ્રો ઉપર વહેંચવા બાબત વિચારણા કરી ભલામણ કરવા નીમેલી સમિતિની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ ઉપર ચર્ચાવિચારણા કરીને સિન્ડિકેટને રિપોર્ટ કરવા વાસ્તે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ
૩. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ
૪. પ્રિન્સિપલ એમ. સી દેસાઈ
૫. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક
૬. શ્રી. જે. એમ. મહેતા, ડેપ્યુટી રજિસ્ટ્રાર (કન્વીનર)

૨૯. ૧૯૫૯-૬૦ના વર્ષ માટે રિવાઇઝડ અંદાજ તથા ૧૯૬૦-૬૧ના અંદાજ તૈયાર કરવા અંગે સિન્ડિકેટે નીમેલી અંદાજપત્ર સમિતિની ભલામણો ઉપર વિચાર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૯-૬૦ના વર્ષનું સુધારેલું અંદાજપત્ર તથા ૧૯૬૦-૬૧ના વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવામાં આવે છે અને તે સેનેટમાં રજૂ કરવું.

૩૦. પ્રાશ્નિકો, પરીક્ષકો, મૉડરેટરો અને ચેરમૅનોને ટપાલખર્ચ આપવા બાબતમાં મહેનતાણા અંગેની પુસ્તિકામાંનો નિયમ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત :

"4. The actual expenditure incurred by an Examiner and/or Moderator and/or Chairman in sending answer-papers to the Moderators and/or Chairman and/or Examiners, as the case be, shall be paid to the Examiner or the Moderator or the Chairman concerned on his/her presenting a bill with necessary vouchers duly countersigned by the Moderator in the case of Examiners and the Chairman in the case of Moderators."

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રાશ્નિકો, પરીક્ષકો, મૉડરેટરો અને ચેરમૅનોને ટપાલખર્ચ આપવા બાબતમાં મહેનતાણા અંગેની પુસ્તિકાનો નિયમ નં. ૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો :

"The actual expenditure incurred by an Examiner and/or Moderator and/or Chairman in sending answer-papers to the Moderators and/or Chairmen and/or Examiners and/or the University office, as the case may be, shall be paid to the Examiner or the Moderator or the Chairman concerned on his/her presenting a bill with necessary vouchers duly countersigned by the Moderator in the case of Examiners and the Chairman in the case of Moderators.

Note.—(1) No endorsement shall be necessary in the case of the Chairman presenting his bill.

(2) Payment under this rule shall be admissible only in the cases where Moderators are appointed."

૩૧. "ગોરધનદાસ બાલુભાઈ ગોલ્ડ મેડલ" એન્ડાઉમેન્ટની શરત નં. ૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

"A Gold Medal called 'Shri Gordhandas Balubhai Gold Medal' of the value of about Rs. 180/- shall be awarded annually to a candidate who passes Intermediate Commerce Examination with the highest number of marks *in the optional subject*. The award shall be made by rotation each year in the Secretarial Practice, Insurance and Mathematics."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સખાવત (એન્ડાઉમેન્ટ)ની શરત નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૩૨. એમ.બી., બી.એસ. પરીક્ષાનો અભ્યાસક્રમ આ વર્ષથી ૪½ વર્ષનો થયેલ હોવાથી તે પરીક્ષામાં અપાતાં નીચે જણાવેલાં ઇનામો અને શિષ્યવૃત્તિઓ આપવા બાબતના નિયમોમાં ઘટતો સુધારો કરવાનું વિચારવા બાબત.

ક્રમાંક	ઇનામ-શિષ્યવૃત્તિની વિગત	હાલનો નિયમ	સુધારાયેલ નિયમ
૧૧.	"બાઈ ગોદાવરી ચિમનલાલ ચોકસી સ્કોલરશિપ."	"...be awarded to a lady student who secures the highest No. of marks in the M.B.,B.S. Exam...etc."	"...be awarded to a lady student who secures the highest No. of marks in the M.B.,B.S. Exam. held in Oct. and subsequent March/April taken together...etc."
૧૫.	"ડૉ. વૃન્દાવનદાસ કાલિદાસ પ્રાઇઝ" એન્ડાઉમેન્ટ.	"...be awarded annually to a candidate who stands first in the final M.B.,B.S. Exam. held in the first half of every calendar year.....etc."	"...be awarded to a candidate who stands first in the Final M.B.,B.S. Exam. held in October and sebsequent March/April taken together...etc."
૨૩.	"પૃથ્વીરાજ કે. દેસાઈ ગોલ્ડ મેડલ" એન્ડાઉમેન્ટ.	"...be awarded annually to a candidate who passes and secures the highest No. of marks at Third M.B.,B.S. Exam...to be held in March/April every year."	"...be awarded to a candidate who passes and secures the highest No. of marks at Third M.B.,B.S. Exam...to be held in Oct. and subsequent March/April taken together."
૩૬.	"રાયબહાદુર ડૉ. જયસિંગ પી. મોદી અને શ્રીમતી મંગલાગૌરી મોદી ગોલ્ડ મેડલ" એન્ડાઉમેન્ટ	"...be awarded annually to a candidate who passes the second M.B.,B.S. Exam. and secures the highest No. of marks...etc."	"...be awarded to a candidate who passes the Second M.B.,B.S.Exam.held in October and subsequent March/April taken together and secures the highest No. of marks, etc."

ક્રમાંક	ઈનામ-શિષ્યવૃત્તિની વિગત	હાલનો નિયમ	સુધારાયેલ નિયમ
૩૯.	"શ્રી. ચંદ્રમુખરામ ધનવંતરામ પંડ્યા પ્રાઇઝ અને શ્રીમતી નૌતમબેન ચંદ્રમુખરામ પંડ્યા પ્રાઇઝ" એન્ડાઉમેન્ટ	"...be awarded to a candidate who stands first at the Final M.B.,B.S. Exam. as a regular student...etc."	"...be awarded to a candidate who stands first at the Final M.B.,B.S. Exam. held in October and subsequent March/April taken together as a regular student...etc".

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત ઇનામો અને શિષ્યવૃત્તિઓ આપવા બાબતના નિયમોમાં કાર્યાલયે સૂચવેલા સુધારાઓ મંજૂર કરવા.

બાબત નં. ૩૨ પછી બાબત નં. ૩૪ની વિચારણા હાથ ધરવામાં આવી હતી, જ્યારે બાબત નં. ૩૩ની વિચારણા બાબત નં. ૬૦ પછી હાથ ધરવામાં આવી હતી.

૩૩. સિન્ડિકેટના સભ્યોની અનેલી નિરીક્ષણસમિતિની તા. ૧૫-૪-૧૯૬૦ના રોજ રાખવામાં આવેલી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૩૪. યુનિવર્સિટી કર્મચારીઓની સ્પોર્ટ્સ ક્લબને ૧૯૫૯ના વર્ષ માટે સિન્ડિકેટની જાન્યુઆરી માસની સભામાં, રૂપિયા ૨૫૦ની આર્થિક સહાય આપવા તેમ જ તેનો વાર્ષિક હિસાબ રજૂ કરવા ઠરાવ્યા પ્રમાણે આવેલ વાર્ષિક હિસાબ (જાણ સારુ).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૫. યુનિવર્સિટી મુદ્રણાલયના નીચેના ભાઈઓની સેવાના પ્રોબેશનનું એક વર્ષ પૂરું થતું હોવાથી તેઓને કાયમ કરવાનું વિચાર કરવા બાબત.

ક્રમાંક	નામ	હોદ્દો	તારીખ
૧.	શ્રી. ડી. ડી. પટેલ	ક્લાર્ક	૧-૨-૧૯૬૦
૨.	શ્રી. એમ. બી. પટેલ	ગેલીમેન	૧૮-૧-૧૯૬૦
૩.	શ્રી. બાબુભાઈ એમ. શેલત	ટ્રેડલમેન	૧૮-૧-૧૯૬૦
૪.	શ્રી. એમ. કે. કદમ	આસિ. બાઇન્ડર	૧૮-૧-૧૯૬૦
૫.	શ્રી. એન. એમ. મકવાણા	,,	૧૮-૧-૧૯૬૦
૬.	શ્રી. આર. એમ. ત્રિવેદી	હેલ્પર	૧૮-૧-૧૯૬૦
૭.	શ્રી. જી. એન. રાઠોડ	,,	૧૮-૧-૧૯૬૦
૮.	શ્રી. આર. જે. ત્રિવેદી	ક્લાર્ક	૩૧-૩-૧૯૬૦

સદરહુ સભ્યોની કામગીરી બાબતના બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને ઠરાવવામાં આવ્યું કે, તેમને ઉપર તેમનાં નામ સામે જણાવેલ હોદ્દા પર અને તારીખથી કાયમ કરવા.

૩૬. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. આર. એસ. શાહનું રાજીનામું મંજૂર થઈ ગયેલ હોવાથી તેમને બાતે જમા નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. એસ. શાહને તેમના બાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૭. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા શ્રી. સી. એમ. શાહ તા. ૩૧-૩-૧૯૬૦થી છૂટા થયેલ હોવાથી તેઓને બાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સી. એમ. શાહને તેમના બાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૮. યુનિવર્સિટી કાર્યાલયમાં ચોકીદાર તરીકે કામ કરતા શ્રી. ઉદાસી એસ. જી.નું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને બાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. જી. ઉદાસીને તેમના બાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૩૯. યુનિવર્સિટી લાયબ્રેરીમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એસ. એમ. પુરાણીનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને બાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એસ. એમ. પુરાણીને તેમના બાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૪૦. યુનિવર્સિટી પ્રેસમાં જુનિયર કૉમ્પોઝિટર તરીકે કામ કરતા શ્રી. ડી. કે. ચુડાસમાનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને બાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. કે. ચુડાસમાને તેમના બાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૪૧. સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન લેબર વેલ્ફેર તરીકે કામ કરતા શ્રીમતી ધીરુબેન પી. પંડિતનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને બાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી ધીરુબેન પી. પંડિતને તેમના બાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૪૨. સ્ટુડન્ટ એઇડ ફંડ અંગે, યુનિવર્સિટી ભવનો માટેના નિયમોને મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે 'સ્ટુડન્ટ્સ એઇડ ફંડ' અંગે યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૪૩. છાત્રાલય માટે વિદ્યાર્થીઓની માગ વધવાથી યુનિવર્સિટી છાત્રાલય માટે વધુ એક બ્લૉક બાંધવા બાબત.

(ભોંયતળિયું, પહેલો માળ અને બીજો માળ એમ કુલ ૭૦ રૂમ બાંધવાનું કુલ ખર્ચ આશરે રૂા. ૫,૦૦,૦૦૦ આવશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે વધુ એક બ્લૉક બાંધવાનો પ્રસ્તાવ મંજૂર કરવો. તે અંગેની યોજના તથા અંદાજી ખર્ચની વિગતો ઘડીને રજૂ કરવા માટે બાંધકામ સમિતિને વિનંતી કરવી.

૪૪. યુનિવર્સિટી પ્રેસના મકાનના સ્થપતિ શ્રી. આશરપોટા એન્ડ આશરપોટાના કરારનામામાં મહેનતાણાની કલમ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત:

(1) Preparing sketch scheme drawings	.. ½%
(2) Preparing detail and working drawings including R.C.C. and structural drawings	.. 1%
(3) General supervision of works	.. 1%
	2½%

(તેઓની પેનલમાં નિમણૂક ઉપરની શરતો પ્રમાણે કરી હતી, પરંતુ કરારનામામાં કામ શરૂ થયા પછી કામના બિલ પર ૨½ ટકા આપવા તેવું લખાણ છે તેથી તે સુધારવાની જરૂર છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રેસના મકાનના સ્થપતિ શ્રી. આશરપોટા એન્ડ આશરપોટાના કરારનામામાં મહેનતાણાની કલમ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી.

૪૫. યુનિવર્સિટી હૉસ્ટેલ તથા અમદાવાદ એજ્યુ. સોસાયટીની હૉસ્ટેલની પાણી તથા ગટરની વ્યવસ્થા ભેગી હોવાથી તે પેટે આ અંગેના વીજળી બિલના ખર્ચનો ચોથો ભાગ આપણા ફાળા તરીકે આપવા બાબત સદરહુ સોસાયટીના તા. ૨૦-૨-૧૯૬૦નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં યુનિવર્સિટીનાં છાત્રાલયો પાસે આવેલ હાલમાં અસ્તિત્વમાં છે તે અમદાવાદ એજ્યુકેશન સોસાયટીનાં છાત્રાલયનાં મકાનો તથા અન્ય મકાનો અંગે હાલ પ્રવર્તતી વ્યવસ્થા હેઠળ, વીજળીબળનો જે ખર્ચ આવે તે ખર્ચનો ચોથો ભાગ, યુનિવર્સિટીનાં હાલનાં છાત્રાલયો તથા અન્ય મકાનોના વીજળીબળના વપરાશ પેટે, તા. ૧-૧-૧૯૬૦થી અમદાવાદ એજ્યુકેશન સોસાયટીએ માગ્યો છે તે તેને આપવો.

(અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના પત્રની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૪૬. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં મકાન પાસે કૉન્ટ્રક્ટરે બાંધેલા કાચા શેડને વિજ્ઞાન ભવનના ઉપયોગ માટે અરીદવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે ઘટતી તપાસ કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧ પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક
૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ
૩. પ્રિન્સિપલ ટી. એ. દેસાઈ.

૪૭. યુનિવર્સિટી છાત્રાલયના રેક્ટર છાત્રાલયનું સંચાલન યથાયોગ્ય કરી શકે તે હેતુથી બે વિદ્યાર્થી-સુપરવાઈઝરની નિમણૂક કરવા વાસ્તે છાત્રાલયના રેક્ટર શ્રી. ડી. એન. પાઠક તરફથી આવેલા તા. ૧૧-૧-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે અરજીઓ પીએચ. ડી. ના વિદ્યાર્થીઓ પાસેથી મંગાવવામાં આવે અને તે નિમણૂક વર્ષ પૂરતી રહે તેમ પણ રેક્ટરનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, વિદ્યાર્થી-સુપરવાઇઝરો નીમવાની શ્રી. રેક્ટરની માગણી મંજૂર કરવી નહિ.

(નોંધ.—શ્રી. રેક્ટરની ગેરહાજરીમાં છાત્રાલય પર દેખરેખ રાખવા વાસ્તે ઘટતી વ્યવસ્થા શ્રી. રેક્ટરે કરવાની રહેશે.)

૪૮. તા. ૧૩-૨-૧૯૬૦ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ:

(૧૦) (અ) આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે આવતા વર્ષના બજેટમાં રમતગમતના વિકાસ અર્થે (૧) બેડમિન્ટન હૉલ, (૪) ક્રિકેટનું પીચ સાથેનું મેદાન, (૩) સિન્ડર ટ્રેકની અંદરની જગામાં ફૂટબૉલ અને હૉકીનું ગ્રાઉન્ડ્સ, (૪) ટેનિસ કૉર્ટ અને (૫) જિમ્નેશિયમ માટે બાંધકામના અને નિભાવના ખર્ચની જોગવાઈ કરવી.

(બ) વધુમાં આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે કે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન પાસે યુનિવર્સિટી કૅમ્પસ ઉપર યોગ્ય સ્થળે સ્ટુડન્ટ્સ રિક્રીએશન સેન્ટર અને સ્વિમિંગ પૂલ માટે મંજૂરી અને સહાય માગવી તથા તે હેતુ માટે જરૂરી શરતો સ્વીકારવી.

આથી ઠરાવવામાં છે કે, યુનિવર્સિટીના વિકાસના કાર્યક્રમમાં સદરહુ બૉર્ડે સૂચવેલ કામોનો સમાવેશ કરવાનું મંજૂર રાખવું, તથા સદરહુ કામો જ્યે અને જ્યારે હાથ પર લેવામાં આવે તો અને ત્યારે તે અંગે જરૂરી પ્રસ્તાવ આવ્યેથી આગળ વિચાર કરવાનું રાખવું.

૪૯. શ્રેયસ કૉલેજ, અમદાવાદમાં ૧૯૬૦-૬૧ના વર્ષમાં વિનયન વિભાગના વર્ગો બંધ રાખવાની જાણ કરતો સંસ્થાના મંત્રી તરફથી આવેલ તા. ૯-૩-૧૯૬૦નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૦. "ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન" નિર્મિત પરિસંવાદ "પબ્લિક એડમિનિસ્ટ્રેશન—તેનો અભ્યાસ, શિક્ષણ અને સંશોધન", જે દિલ્હી મુકામે તા. ૭થી ૧૨ માર્ચ દરમિયાન યોજાયો હતો તેમાં અને દિલ્હી યુનિવર્સિટીના આશ્રયે સિડની યુનિવર્સિટીના આંતરરાષ્ટ્રીય કાયદાના પ્રાધ્યાપકનાં વ્યાખ્યાનો જે તા. ૯ થી ૧૨

માર્ચ ૧૯૬૦ દરમિયાન થયેલ હતાં, તેમાં હાજરી આપવા આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સમાજવિદ્યા ભવનના રીડર-ઇન-પોલિટિક્સ શ્રી. ડી. એન. પાઠકની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૧. સિન્ડિકેટે તેની તા. ૧૨-૨-૧૯૬૦ની સભામાં એજ્યુકેશનની અભ્યાસસમિતિ અને અકેડેમિક કાઉન્સિલની ભલામણથી સુધારેલો રે. ૪૩ મંજૂર કર્યો હતો પરંતુ તે ઉપરાંત એજ્યુકેશનની અભ્યાસસમિતિ અને અકેડેમિક કાઉન્સિલની ભલામણથી સિન્ડિકેટે એજ્યુકેશનને લગતો આખો જ અભ્યાસક્રમ મંજૂર કર્યો છે અને તે સુધારેલ અભ્યાસક્રમમાં ઉપરનો સુધારેલો રેગ્યુલેશનનો સમાવેશ થઈ જાય છે તેથી રે. ૪૩ જે જુદો મંજૂર કર્યો છે તે માટે આગળ કાંઈ કરવાનું રહેતું નથી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

અંગ્રેજી પુસ્તકોનો સરળતાથી ઉપયોગ કરી શકે એટલી એમની અંગ્રેજી ભાષાશક્તિ ખીલેલી હોવી જોઈએ એને પણ આ સભા આવશ્યક માને છે. આથી યુનિવર્સિટીનાં પહેલાં બે વર્ષો દરમિયાન, અને ખાસ કરીને ઉનાળાની લાંબી રજાઓમાં, આ વિદ્યાર્થીએ અંગ્રેજીનો ક્રમિક અભ્યાસ કરીને પોતાની ભાષાશક્તિ-વાચનશક્તિ ખીલવે ને પોતે પસંદ કરેલા વિષયોનાં અંગ્રેજી પુસ્તકો વાંચવાનો મહાવરો પાડે એ હેતુથી એક વ્યવહારક્ષમ યોજના તૈયાર કરી, યુનિવર્સિટી સાથે સંકળાયેલી કોલેજો મારફત તેનો જુદાજુદા પ્રમાણમાં અમલ કરવા સેનેટની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે.

૫. ગુજરાતી સિવાય અન્ય કોઈ ભારતીય ભાષા જેની માતૃભાષા છે, એવા અધ્યાપકને પોતાની સેવાનાં પહેલાં પાંચ વર્ષ દરમિયાન પોતાના શિક્ષણકામમાં હિંદી યા અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવાની છૂટ આપવી તેમ જ એવા વિદ્યાર્થીઓ જે પોતાના કુટુંબ સાથે ગુજરાતમાં થોડા સમય માટે આવીને વસ્યા હોય એમને હિંદી યા અંગ્રેજી દ્વારા શિક્ષણ આપવાનો પ્રબંધ જે કોઈ કોલેજ કરવા માગતી હોય તો એવા પ્રત્યેક કિસ્સાની ચકાસણી કરીને તેને તેમ કરવાની અને એવા વિદ્યાર્થીઓને પરીક્ષામાં હિંદી યા અંગ્રેજી ભાષાનો ઉપયોગ કરવાની છૂટ આપવી આંતર્દેશીય વ્યવહાર જાળવવાની દૃષ્ટિએ આવશ્યક છે એમ સેનેટની આ સભા માને છે અને તેથી તે માટે જરૂરી ધારાધોરણ ઘડવા સિન્ડિકેટને વિનંતી કરે છે.

૬. વધુમાં સેનેટની આ સભા માને છે કે, જ્યાં સુધી વિદ્યાર્થીઓ માટે જરૂરી પાઠ્યપુસ્તકો કે અન્ય સાહિત્ય ગુજરાતી તૈયાર થયું નથી ત્યાં સુધી ધારાશાસ્ત્ર, વૈદ્યકીય કે ઇજનેરી જેવી વિદ્યાશાખાઓમાં સ્નાતક તેમ જ અનુસ્નાતક વર્ગોમાં વિદ્યાર્થીઓના અભ્યાસ તેમ જ હિત સાથે સુસંગત રહી માત્ર ગુજરાતીનો બોધભાષા તરીકે ઉપયોગ કરવો મુશ્કેલ છે. આથી યુનિવર્સિટી ધારાની કલમ ૪ (૨૭)માં અંગ્રેજીના ઉપયોગ માટે મુકરર કરેલો સમય વધુમાં વધુ બીજાં પાંચ વર્ષ સુધી, એટલે કે યુનિવર્સિટી ધારાની ત્રીજી કલમ અમલમાં આવે ત્યારથી દશને બદલે પંદર વર્ષ સુધી, લંબાવવાના હેતુથી કાયદામાં આવશ્યક સુધારો મંજૂર કરવા ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાત રાજ્યની સરકાર તેમ જ વિધાનસભાને આગ્રહપૂર્વક ભલામણ કરે છે."

આથી ફરાવવામાં આવે છે કે, ઉપરની બાબત નં. ૨ની ભલામણની તરફેણમાં સિન્ડિકેટે બહુમતે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો છે, તે જોતાં આ બાબત પરત્વે સિન્ડિકેટે પોતાનો અભિપ્રાય આપવાપણું રહેતું નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૮. સેનેટની આગામી વાર્ષિક સભામાં રજૂ થનાર શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીમાં શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે ગુજરાતી ભાષા જ હોઈ શકે એ સિદ્ધાંતમાં પોતાની અવિચલ શ્રદ્ધા વ્યક્ત કરી આજ સુધી એ દિશામાં જે પ્રગતિ થઈ છે તેની નોંધ લઈ એ અંગેના પ્રયત્નોને વધુ વેગવન્ત બનાવવા સિન્ડિકેટ, એકેડેમિક કાઉન્સિલ, બોર્ડ્ઝ ઓફ સ્ટડીઝ તથા ફેકલ્ટીઝ આદિ આ યુનિવર્સિટીનાં મંડળોને તથા સમિતિઓને ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા આગ્રહપૂર્વક ભલામણ કરે છે, અને તે સાથે આ યુનિવર્સિટીમાં ભારતના દરેકેદરેક ભાગમાંથી આવતા વિદ્યાર્થીઓને પ્રવેશ મેળવવાનું ને અભ્યાસ

કરવાનું શિક્ષણના માધ્યમને કારણે મુશ્કેલ બનવું જોઈએ નહિ એવી પોતાની દૃઢ માન્યતા વ્યક્ત કરી એવા વિદ્યાર્થીઓ અંગે આ યુનિવર્સિટી તથા એની સંલગ્ન સંસ્થાઓમાં કેવા પ્રકારની જોગવાઈ થઈ શકે એમ છે તે સંબંધી ફરી તપાસ કરી સેનેટની આ માન્યતા વહેલામાં વહેલી તકે અમલી બને એ માટે ચાલુ ધારાધોરણમાં જે કંઈ સુધારાવધારા કરવા જરૂરી લાગે તેની ભલામણો સેનેટની હવે પછી મળનારી સભા સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને જણાવે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટની ખાસ સભાની બાબત નં. ૨માં દર્શાવેલ ભલામણની તરફેણમાં સિન્ડિકેટે પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હોઈ, આ બાબત પરત્વે સિન્ડિકેટે પોતાનો અભિપ્રાય આપવાપણું રહેતું નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૫. સિન્ડિકેટે તા. ૧૦-૩-૧૯૬૦ની સભામાં ઠરાવ્યા મુજબ નીચેનાં કામો અંગે બોર્ડ ઑફ એકાઉન્ટ્સના અભિપ્રાયો ઉપર વિચારણા કરવા બાબત.

૧. ૧૯૫૭-૫૮ના વર્ષના હિસાબ અંગે એક્ઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, મુંબઈની ઑડિટ-નોટ નં. L.30/BI/12268 of 1959-60, તા. ૭-૧૨-૧૯૫૯ બાબત.

૨. આસિસ્ટન્ટ એક્ઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, મુંબઈની ઇન્સ્પેક્શન-નોટ નં. L.18/38/A/615, તા. ૧૭-૪-'૫૮ બાબત.

૩. એક્ઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, મુંબઈની ઇન્સ્પેક્શન-નોટ નં. L.18/B/INSP/I/15598 બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે ૧૯૫૭-૫૮ના વર્ષના હિસાબ અંગે એક્ઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, મુંબઈની ઑડિટ નં. L.30/BI/12268 of 1959-60, તા. ૭-૧૨-૧૯૫૯, અને આસિસ્ટન્ટ એક્ઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, મુંબઈની ઇન્સ્પેક્શન-નોટ નં. L.18/38/A/615, તા. ૧૭-૪-૧૯૫૮, અને એક્ઝામિનર, લોકલ ફંડ એકાઉન્ટ્સ, મુંબઈની ઇન્સ્પેક્શન-નોટ નં. L.18/B/INSP/I/15598 ઉપરના બોર્ડ ઑફ એકાઉન્ટ્સની તા. ૨૪-૩-૧૯૬૦ અને તા. ૨-૪-૧૯૬૦ની સભાએ ઑડિટ-નોંધની બાબતો નં. ૧૬-એ, ૧૯-સી અને ૬-બ સિવાયના પરિશિષ્ટ "ક"માં ભલામણ કર્યા મુજબના જવાબ આપવાનું મંજૂર કરવું.

ઑડિટ-નોંધની બાબતો નં. ૧૬-એ, ૧૯-સી અને ૬-બ અંગે નીચે પ્રમાણે જવાબ આપવો :

૧૬-એ :

પ્રેસ-મૅનેજરનો અનુભવ અને યોગ્યતા જોતાં તેમને આપવામાં આવેલો મૂળ માસિક પગાર વાજબી છે, અને તે આપવાનું સિન્ડિકેટની સત્તાની બહાર નથી તેથી વાંધો વાજબી નથી.

૧૯-સી :

આ બાબતમાં લોકલ ફંડના સત્તાવાળાઓને લખી પૂછાવવું.

૬-બ :

ઉત્તરવહીઓ મોકલવા માટે હાલની ચાલુ પ્રથામાં ફેરફાર કરવો ઉચિત નથી.

૬. બૉર્ડ ઑફ એકાઉન્ટ્સે યુનિવર્સિટીના ૧૯૫૮-૫૯ના વાર્ષિક હિસાબ પર કરેલ હવાલ (જાણ સારુ).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હવાલની નોંધ લેવી.

હેવાલની નકલ પરિશિષ્ટ 'ખ' તરીકે સામેલ છે.

૬. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર ડૉ. એ. એમ. ત્રિવેદીના નીચેના સાત ઠરાવો પર અભિપ્રાય આપવા બાબત.

ઠરાવ ૧ :

"બધી અનુસ્નાતક પરીક્ષાઓમાં કુલ માર્કનો આઠમો ભાગ મૌખિક પરીક્ષા માટે રાખવો. આ અંગેનાં જરૂરી ધારાધોરણ નક્કી કરવા માટે કમિટી નીમવાની સિન્ડિકેટને વિનંતી કરવી."

ઠરાવ ૨ :

"બધી અનુસ્નાતક શાખાઓમાં વિદ્યાર્થીની સંખ્યાના દશ ટકા વિદ્યાર્થીઓને માફી અને દશ ટકા વિદ્યાર્થીઓને માસિક રૂા. ૨૦ લેખે સ્કોલરશિપ આપવી. (આ ઠરાવ પૂરતી ગણતરી કરતાં આવતી અપૂર્ણાંક સંખ્યાને નજદિકની પૂર્ણાંક સંખ્યા ગણવી.)"

ઠરાવ ૩ :

" યુનિવર્સિટીના અનુસ્નાતક વિભાગમાં ડેમોન્સ્ટ્રેટરના પગારનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

રૂા. ૨૦૦-૧૫-૩૫૦-૨૦-૪૫૦. "

ઠરાવ ૪ :

" અનુસ્નાતક વિભાગના ડેમોન્સ્ટ્રેટર, જો યોગ્ય શૈક્ષણિક લાયકાત ધરાવતા હોય તો તેમને અનુસ્નાતક મદદનીશ તરીકે માન્ય રાખવા.

(**સમજૂતી.**—અત્યારનાં ધારાધોરણ પ્રમાણે જોડાયેલી કૉલેજના અધ્યાપક જો પીએચ.ડી. ની ઉપાધિ પ્રાપ્ત કરે તો તેમને મદદનીશ તરીકે માન્ય કરવામાં આવે છે. ઠરાવનો આશય યુનિવર્સિટી ડિપાર્ટમેન્ટના ડેમોન્સ્ટ્રેટરને જોડાયેલી કૉલેજના અધ્યાપક બરાબર ગણવા પૂરતો છે. યુનિવર્સિટીનો આખા વખતનો સેવક હોવાથી તેને — ડેમોન્સ્ટ્રેટરને — કંઈ માનદ મહેનતાણું આપવાનો પ્રશ્ન ઊભો થતો નથી.) "

ઠરાવ ૫ :

"ઇન્ટર સાયન્સ, બી.એસસી. ઇત્યાદિ પરીક્ષાના પ્રેક્ટિકલ વિભાગના પરીક્ષકોને રોજના રૂા. ૫ પ્રમાણે ભથ્થું આપવું.

ઠરાવ ૬ :

"જુદી જુદી પ્રેક્ટિકલ પરીક્ષાઓના મદદનીશો જેવા કે હમાલ, લેબોરેટરી આસિસ્ટન્ટ, સ્ટેનો-કોપર ઇત્યાદિને મહેનતાણાનો દર ઈ. સ. ૧૯૫૧ માં પ્રવર્તતા દર પ્રમાણે આપવું."

ઠરાવ ૭ :

"પ્રેક્ટિકલ પરીક્ષાનાં કેન્દ્રોને ખર્ચ માટે ઈ. સ. ૧૯૫૧ના દર કરતાં ૨૦ ટકા વધારે આપવું."

ઠરાવ ૧ :

આથી ઠરાવવામાં આવે છે કે, આ બાબત પરત્વે સિન્ડિકેટ આ તબક્કે પોતાનો અભિપ્રાય જણાવતી નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ ૨ :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઠરાવોનો અર્થ સ્પષ્ટ થતો નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ ૩ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ ૪ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ ૫ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

ઠરાવ ૬ :

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨-૪-૧૯૫૫ના ઠરાવથી સિન્ડિકેટે પરીક્ષાનાં કામકાજ અંગે મહેનતાણાના દરમાં જે કાપ મૂકયો હતો તે કાપ અપવાદરૂપે હમાલ, લેબોરેટરી આસિસ્ટન્ટ અને સ્ટોર-કીપર પૂરતો રદ કરીને ૧૯૫૧માં જે દર પ્રવર્તતો હતો તે દર મંજૂર રાખવાની તરફેણમાં સિન્ડિકેટ છે, એમ અભિપ્રાય જણાવવો.

ઠરાવ ૭ :

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ ઉપર જણાવેલા ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને અભિપ્રાય આપવો.

૮. મજકૂર બાબતની વિચારણા ઉપર બાબત નં. ૨, ૩ અને ૪ની સાથે કરવામાં આવી હતી, અને તેની નોંધ તે સ્થળે આપવામાં આવેલી છે.

૯. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર શ્રી. જી. બી. ઓઝાના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટ આથી ઠરાવે છે કે, એમ.એ. (એક્સ્ટર્નલ) ડિગ્રી જૂન ૧૯૬૩થી આપવાની શરૂઆત કરવી; અને તે અંગે જરૂરી પરીક્ષા માટે, ધારાધોરણો વગેરે તૈયાર કરી, આ ડિગ્રી માટે આ વર્ષથી જ રજિસ્ટ્રેશન શરૂ થઈ શકે તેવી વ્યવસ્થા કરવા તેમ જ બી.એ.ની પરીક્ષા પસાર કર્યા પછી ત્રણ વર્ષને અંતે આ એક્સ્ટર્નલ પરીક્ષામાં ઉમેદવાર બેસી શકે તેવો પ્રબંધ કરવા સિન્ડિકેટને સૂચન કરે છે."

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટ સદરહુ ઠરાવની તરફેણમાં નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૦. સેનેટની આગામી વાર્ષિક સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ય. પ્રા. શુકલના નીચેના ઠરાવ પર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટીની તા. ૩-૧૦-૧૯૫૯ પરિપત્ર નં. સિં. ટ્રાય ૧૨૭૬૫૧-૬૭માં દર્શાવેલી છઠ્ઠી કલમનો (કલમ "છ" નો) અમલ અનિશ્ચિત મુદત સુધી મોકૂફ રાખવાનું ઠરાવે છે :

(નોંધ :—છઠ્ઠી કલમ નીચે પ્રમાણે છે :

(છ) : (૧) જે કૉલેજોમાં એક જ વિદ્યાશાખાના શિક્ષણની જોગવાઈ હોય તે કૉલેજોનો સમય અપોરનો રાખવો.

(૨) જે કૉલેજોમાં એક જ મકાનમાં પાળી વડે બે વિદ્યાશાખાઓના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી હોય, તે કૉલેજોમાં પણ જરૂર મુજબ વહેલું શરૂ કરી સળંગ ચાલે એમ વર્ગોનું કામ અપોરનું જ રાખવું અને એ રીતે બંને વિદ્યાશાખાનું કામકાજ સળંગ ગોઠવવું જોઈએ. એ કૉલેજોમાં જે પ્રાયોગિક કામકાજ કરવામાં આવતું હોય તો તે કામકાજ કૉલેજનો સમય સળંગ જોડાય તે રીતે વર્ગોની સાથે, આગળ કે પાછળ મકાનના ઉપયોગની સવડ જોઈને શરૂ કરી શકાય એવી છૂટ રહેશે.

(૩) ઉપરના પેટાકરાવ નં. (૧) અને (૨)નો અમલ જૂન ૧૯૬૧થી શરૂ કરવો.)"

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયના તા. ૩-૧૦-૧૯૫૯ના સદરહુ પરિપત્રમાં જણાવેલા સિન્ડિકેટના ઠરાવમાં ફેરફાર કરવાની તરફેણમાં સિન્ડિકેટ નથી, એમ સેનેટને રિપોર્ટ કરવો.

૧૧. મુંબઈ રાજ્યના વિભાજનથી ગુજરાત અને મહારાષ્ટ્રનાં જૂદાં રાજ્યો સ્થપાતાં, મુંબઈ રાજ્યના એસ.એસ.સી. બૉર્ડને બદલે આ બે રાજ્યોનાં નવાં બૉર્ડ અસ્તિત્વમાં આવેલ હોઈ, આ યુનિવર્સિટીમાં પ્રવેશ માટે આ નવાં બૉર્ડોની પરીક્ષાઓ માન્ય કરવા બાબત તથા ઉપર્યુક્ત ફેરફારને લીધે સ્ટે. ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે, એકેડેમિક કાઉન્સિલની બહાલીની અપેક્ષાએ, સુધારવા માટે સેનેટને ભલામણ કરવા બાબત :

St. 173 :

"For admission to the First Year (Pre-University) Class in the Faculties of Arts, Science and Commerce and the First Year Diploma Class in Pharmacy, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of the Gujarat State or an equivalent examination, in at least seven subjects provided he has passed in English (at higher or lower level)."

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. નં. ૧૭૩ નીચે પ્રમાણે વંચાય તે રીતે મંજૂર કરવા વાસ્તે સેનેટને ભલામણ કરવી :

" For admission to First Year (Pre-University) Course in the University, a candidate must have passed the S.S.C. Examination conducted by the S.S.C. Examination Board of Gujarat in at least seven subjects provided he has passed in English (at higher or lower level), or an examination recognised as equivalent thereto. "

૧૨. સ્ટેટ્યુટ ૨૦૪માં રીસર્ચ ફેલોનું પગારધોરણ રૂા. ૬૫-૧૫-૧૫૦ બદલીને રૂા. ૧૦૦ ઉચ્ચક રાખવાનું તેમ જ ડેમોન્સ્ટ્રેટર અથવા ટ્યુટરની જગા માટેનું પગારધોરણ રૂા. ૨૦૮-૧૦-૩૦૦ ઉમેરીને સ્ટેટ્યુટ ૨૦૪ સુધારવા બાબત.

સુધારેલો સ્ટેટ્યુટ ૨૦૪ નીચે પ્રમાણે વંચાશે :

St. 204 :

The scales of monthly salaries in the Department in addition to the usual allowances that may be fixed by the Syndicate from time to time, will be as under :

Professor . . .	. Rs. 800–50–1250
Reader . . .	. Rs. 500–25–800
Lecturer . . .	. Rs. 250–25–500
Research Fellow .	. Rs. 200 fixed (consolidated)
Demonstrator or Tutor	. Rs. 200–10–300

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. નં. ૨૦૪ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા વાસ્તે સેનેટને ભલામણ કરવી.

૧૩. આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરને ત્રીજી બી.એ.એમ.એસ.ના અભ્યાસક્રમો માટે તા. ૧૦-૧૧-૧૯૬૦થી જોડાણ ચાલુ રાખવા અંગે આવેલ અરજી ઉપર આગળ વધતાં પગલાં લેવાની એકેડેમિક કાઉન્સિલે તેની ૭/૮-૧૯૬૦ની સભામાં ઉપકુલપતિશ્રીને આપેલી સત્તાને અનુલક્ષીને સ્થાનિક તપાસસમિતિના હેવાલ પરથી ઘડેલી એકેડેમિક કાઉન્સિલની નીચેની ભલામણ પર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"નીચેની શરતોએ ત્રીજી પરીક્ષાનું જોડાણ તા. ૧૦મી નવેમ્બર ૧૯૬૦થી દોઢ વરસ માટે આપવું :

૧. Pathologyના પ્રોફેસરની નિમણૂક થવી જોઈએ.
૨. સ્વતંત્ર Anaesthetistની નિમણૂક થવી જોઈએ.
૩. Surgery, Medicine, Gynaecologyના પાર્ટ-ટાઇમ વ્યાખ્યાતાઓએ ઓછામાં ઓછું બેથી અઢી કલાક કામ દરરોજ આપવું જોઈએ.
૪. એક્ષ-રે મશીન, યોગ્ય માણસ લઈ, ચાલુ કરવું જોઈએ.
૫. લેબોરેટરીમાં વિદ્યાર્થીઓ માટે કામ કરવાની સગવડ વધારવી જોઈએ.
૬. જુદા જુદા પ્રકારના રોગીઓ હોસ્પિટલમાં આવે એટલા માટે આઉટ-ડોરમાં ક્લિનિકલ સ્ટાફના મુખ્ય માણસોએ દરરોજ નિયમિત હાજરી આપવી જોઈએ."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી અને તે પ્રમાણે સેનેટને રિપોર્ટ કરવો.

૧૪. અધ્યાપકગણમાં થતા ફેરફારો અંગેની સ્થાયી સમિતિની તા. ૧૨-૪-૧૯૬૦ના રોજ મળેલ અઢારમી બેઠકની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી. (સદરહુ સમિતિની

નોંધની નકલ પરિશિષ્ટ 'ગ' તરીકે સામેલ છે).

૧૫ ઑ. ૨૬૨-એ હેઠળ દાક્તરીના સ્નાતકોની તાલીમ માટે યુનિવર્સિટીની માન્ય શૈક્ષણિક સંસ્થા સાથે જોડાયેલી હૉસ્પિતાલ માન્ય થઈ શકતી ન હોવાથી સિવિલ હૉસ્પિટલ, અમદાવાદને સિન્ડિકેટે તેની તા. ૧૮-૩-૧૯૬૦ની સભામાં આપેલી માન્યતા રદ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિવિલ હૉસ્પિટલ, અમદાવાદને, દાક્તરી વિદ્યાશાખાના સ્નાતકોની તાલીમ માટે માન્ય સંસ્થા તરીકે આપવામાં આવેલી માન્યતા રદ કરવી.

૧૬. સને ૧૯૬૦ના માર્ચ એપ્રિલ માસમાં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અધ્યક્ષ-પ્રાશ્નિક અને મોડરેટર તરીકે અને બી.એ.ની પરીક્ષામાં પ્રાશ્નિક-પરીક્ષક તરીકે નિમાયેલ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રીના અધ્યક્ષ તરીકેનું રૂા. ૫૦)નું ટપાલખર્ચ તેમ જ મૉડરેટર તરીકેનું રૂા. ૧૦૦) નું વિશેષ ભથ્થું આપવા બાબતના તા. ૨૬-૫-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—એકેડેમિક કાઉન્સિલના સભ્ય હોઈ તેમના વેતનની મર્યાદા રૂા. ૫૦૦) આંકેલી છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીને અપવાદ તરીકે રૂા. ૫૦નો ટપાલ ખર્ચ તેમ જ મૉડરેટર તરીકેનું રૂા. ૧૦૦નું વિશેષ ભથ્થું આપવું.

૧૭. રાષ્ટ્રીય નવા કૅલેન્ડરોનો ઉપયોગ કરવા બાબતમાં ભારત સરકારના તા. ૧૫ મી ઑક્ટોબરના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નવા વર્ષથી રાષ્ટ્રીય નવા પંચાગનો ઉપયોગ પણ, યુનિવર્સિટીના પત્રવ્યવહારમાં ગ્રેગેરિયન કૅલેન્ડરની સાથે સાથે કરવાનું રાખવું.

૧૮. બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢના પ્રિન્સિપાલે પ્રી-યુનિવર્સિટી અને ઇન્ટરમીડિયેટ માર્ચ ૧૯૫૮ની પરીક્ષાઓ માટે તેમની કૉલેજના મકાનના ઉપયોગ માટે ચાર્જ કરેલ ભાડા માટે રૂા. ૨૫૦) નું ખર્ચ મંજૂર કરવા બાબત.

આથી જણાવવામાં આવે છે કે, સદરહુ બાબત માટે રૂા. ૨૫૦નો ખર્ચ મંજૂર કરવો.

૧૯. સિન્ધી અ ર્ઝ ઉર્દૂનાં પ્રશ્નપત્રો છાપવા માટે બહારના જે બાસ કારીગરોને દૈનિક ધોરણે રોજ પર યુનિવર્સિટી મુદ્રણાલયમાં રોકવામાં આવે તેમને જરૂર પ્રમાણે દરરોજના રૂા. ૧૫) સુધીના દર ઠરાવવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી મુદ્રણાલયમાં સિંધી અને ઉર્દૂનાં પ્રશ્નપત્રોના છાપકામ માટે જે કૉમ્પોઝિટરો રોકવામાં આવે તેમને રોજના રૂા. ૧૫ સુધીનું મહેનતાણું આપવાનું મંજૂર કરવું.

૨૦. યુનિવર્સિટીના કર્મચારીઓ અંગેના વહીવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે મળેલી કાયમી સમિતિની તા. ૩-૫-૧૯૬૦ની સભાની નીચેની ભલામણો પર વિચારણા કરવા બાબત :

૧. આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. આર. ડી. ભગતને એક્ઝિશિયન્સી બાર ઓળંગવાની

પરવાનગી આપી છે તેનો અમલ તા. ૧-૨-૧૯૫૮થી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીના કાયમી માણીઓને દર પાંચ વર્ષે એક ગરમ બંડી આપવી.

૩. હિસાબ વિભાગ માટે ઉપરની કક્ષા (સુપરવાઇઝરી સ્ટાફ)ના સભ્યોની વધારાની જગાઓ નીચે પ્રમાણે ઊભી કરવા અને એક જુનિયર ક્લાર્કની જે જગા ખાલી છે તે રદ કરવા તથા જે કામચલાઉ જગા બે વર્ષ માટે ઊભી કરેલી છે તે જગાની મુદત પૂરી થયેથી તે રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

હોદ્દો	પગારધોરણ	લાયકાતનું ધોરણ
૧. ડેપ્યુટી એકાઉન્ટન્ટ એક જગા	રૂા. ૨૦૦-૧૦-૨૮૦ ઈ.બી. ૧૫-૪૦૦	બી.કોમ. અને દશ વર્ષનો હિસાબી અનુભવ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અને પાંચ વર્ષનો હિસાબી અનુભવ.
૨. આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ વધુ એક જગા	હાલ પ્રમાણે, એટલે કે રૂા. ૧૫૦-૧૦-૨૫૦	બી.કોમ. અને પાંચ વર્ષનો હિસાબી અનુભવ.

૪. આથી ઠરાવવામાં આવે છે કે જુનિયર કોમ્પોઝિટરની રૂા. ૫૦-૩-૮૦ ઇ.બી. ૧૦૦ના પગારધોરણમાં કોમ્પોઝિટરની વધુ સાત જગાઓ ઊભી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ઉપરની ભલામણો મંજૂર કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી બોર્ડ ઓફ એકાઉન્ટ્સે પરીક્ષા વિભાગ માટે કર્મચારીઓની બાબતમાં જે ભલામણ કરી છે, તે ભલામણ સિન્ડિકેટની સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

(બોર્ડ ઓફ એકાઉન્ટ્સની ભલામણ પરિશિષ્ટ 'ધ' તરીકે સામેલ છે.)

૨૧. યુનિવર્સિટીના સ્ત્રી-કર્મચારીઓને પ્રસૂતિ માટેની રજાઓ આપવાનું વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે નીચે પ્રમાણે રજાનો નિયમ મંજૂર કરવો:

"કાયમી સ્ત્રી-કર્મચારીઓને પ્રસૂતિ માટેની રજા શરૂ થાય તે તારીખથી ત્રણ મહિના પૂરા થાય ત્યાં સુધીની અથવા પ્રસૂતિની તારીખથી છ અઠવાડિયાં પૂરાં થાય ત્યાં સુધીની, એ બેમાંથી જે વહેલી તારીખ હોય તે તારીખ સુધીની રજા આપવામાં આવશે.

નોંધ.—કસુવાવડની બાબતમાં પણ આવી રજા આપી શકાશે."

૨૨. સમાજવિદ્યા ભવનમાં સ્ટેનોગ્રાફર તરીકે કામ કરતા શ્રી. ટી. એ. ભાસ્કરનો પ્રોબેશન સમય તા. ૩૦-૬-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

સમાજવિદ્યા ભવનના અધ્યક્ષનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. ટી. એ. ભાસ્કરને સ્ટેનોગ્રાફર તરીકે તા. ૧-૭-૧૯૬૦થી કાયમ કરવા.

૨૩. યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા શ્રી. એ. એન. ખડાલિયાનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા વિચારણા કરવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે, શ્રી. એ. એન. ખડાલિયાને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે પાછી આપવી.

૨૪. યુનિવર્સિટી કાર્યાલયમાં માળી તરીકે કામ કરતા શ્રી. રામપ્યારે દુર્ગાદાસ ગુજરી ગયેલા હોઈ તેઓના ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ પરત કરવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે, શ્રી. રામપ્યારે દુર્ગાદાસને ખાતે નીકળતી પ્રૉવિડન્ટ ફંડની રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ પ્રમાણે, તેમના વારસને આપવી.

૨૫. કલ્ચરલ ફ્રીડમ કૉંગ્રેસ, પૅરિસમાં હાજરી આપવા માટે તેના મંત્રી તરફથી પ્રૉ. બી. આર. શેનોયને નિમંત્રણ મળેલું હોઈ તેમને તા. ૧૬-૬-૧૯૬૦થી ૧૩ દિવસ સુધીની ફરજ પરની રજા (લીવ ઑન ડ્યુટીઝ) મંજૂર કરવામાં આવી છે, પરંતુ તા. ૧૬-૬-૧૯૬૦ના રોજ નવું સત્ર શરૂ થતું હોઈ તેમને તે દિવસે રજા પર રહેવા મંજૂરી આપવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે, સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ પ્રાફેસર બી. આર. શેનોયની તા. ૧૬-૫-૧૯૬૦ના રોજની ફરજ પરની રજા (leave on duty) મંજૂર કરવી.

૨૬. શ્રી. ગોરધનદાસ બાલુભાઈ તરફથી આવેલ સખાવતના નિયમ નં ૧માં 'શ્રી. ગોરધનદાસ બાલુભાઈ સુવર્ણચંદ્રક'ને બદલે 'શ્રી. બાલુભાઈ ગિરધરલાલ સુવર્ણચંદ્રક' વંચાય તે રીતે નીચે પ્રમાણે સુધારવા બાબત :

"1. A Gold Medal called '*Shri Balubhai Girdharlal Gold Medal*' of the value of about Rs. 180/- shall be awarded annually to a candidate who passes Inter Commerce Examination with highest unmber of marks in the optional subject. The award shall be made by rotation each year in the Secretarial Practice, Insurance and Mathematics."

આથી હરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં નિયમ નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૨૭. ઑ. ૩૩ (૪ હેઠળ બાંધકામ સમિતિ પર સિન્ડિકેટે નીમેલા સભ્ય શ્રી. ટી. એ. દેસાઈની જગાએ બીજા એક સભ્યની નિમણૂક કરવા બાબત.

સદરહુ બાબત વિચારણા માટે આવી ત્યારે શ્રી. રજિસ્ટ્રારે સ્પષ્ટતા કરી કે, શ્રી. ટી. એ. દેસાઈએ બાંધકામ સમિતિ ઉપર ચાલુ રહેવા માટે મૌખિક સંમતિ દર્શાવી છે. તે જોતાં આ કામ હાથ પર લેવાની જરૂર રહી નહિ.

૨૮. આગામી યુવક મહોત્સવમાં ભાગ લેવા વાસ્તે સ્થાનિક કાર્યક્રમ અને અન્ય વિગતો તૈયાર કરવા માટે એક સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આગામી યુવક મહોત્સવ બાબતમાં સ્થાનિક કાર્યક્રમો તથા અન્ય વિગતો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. પ્રોફેસર ઉમાશંકર જોશી;
૨. પ્રિન્સિપલ યશવંત પ્રા. શુકલ;
૩. ડૉ. ધીરુભાઈ પી. ઠાકર;
૪. શ્રી. ડી. એન. પાઠક; અને
૫. ડૉ. તારાબહેન પટેલ.

૨૯. તા. ૨૧-૪-૧૯૬૦ના રોજ મળેલ બૉર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણ :

૧. આથી સહાયક સંચાલકોને જે માનદ વેતન આપવામાં આવે છે તે જ ધોરણે યોજાતી મુખ્ય રમતોના "તાલીમ વર્ગ"માં કોચને પણ માનદ વેતન આપવાનું મંજૂર કરવા આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

2. Resolved that it be recommended to the Syndicate to authorise the University Board of Sports to accept the trophies, shields, cups, etc., for the various game events and also to waive the condition of the minimum amount of Rs. 4,000/- for such conditions.

Further the Board takes the opportunity of pointing out the fact that the minimum amount of Rs. 4,000/- is quite necessary for donations regarding the prizes or medals for academic achievements ' but in sports and athletics, the Universal practice is to lay down no particular minimum amount as a prior condition. The Board also wishes to point out that no recurrent expenditure is involved in such acceptance as the trophies, etc., are awarded on the results of the tournaments which are already instituted.

આથી ઠરાવવામાં આવે છે કે—

(૧) ભલામણ નં. ૧ મંજૂર કરવી.
(૨) ભલામણ નં. ૨ બાબતમાં, રમતગમતની પ્રવૃત્તિઓ માટે "શીલ્ડ" આપવા વાસ્તે રૂા. ૪,૦૦૦ની મર્યાદા રહેતી નથી, એમ સ્પષ્ટતા કરવા.

૩૦. ઑર્ડિનન્સ નં. ૭ પ્રમાણે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ ઉપર સભ્ય તરીકે અમદાવાદ વિભાગની કૉલેજોના આચાર્યોમાંથી રમતગમતના જાણકારી ધરાવનાર એક આચાર્યને આચાર્ય તરીકે સિન્ડિકેટે નિયુક્ત કરેલ પ્રિ. ટી. એ. દેસાઈ, એન્જિનિયરિંગ કૉલેજના આચાર્ય તરીકે મટી જવાથી તેમની ખાલી પડેલી જગા પર અમદાવાદની કૉલેજના રમતગમતના જાણકારીવાળા અન્ય આચાર્યની સભ્ય તરીકે નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બોર્ડ ઉપર શ્રી. ટી. એ. દેસાઈની ખાલી પડેલી જગાએ પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયકની નિમણૂક કરવી.

૩૧. નીચે જણાવેલા વિદ્યાર્થીઓનાં ખૂટતાં પ્રમાણપત્રો નિયત કરેલી તા. ૩૧-૧-૧૯૬૦ પછી આવતા વિદ્યાર્થીઓને કાયમી પ્રવેશપત્ર કાઢી આપવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત :

૧. શ્રી. મુસ્તાફી એ. એન., એમ.ડી., આ. ૨.
૨. શ્રી. ચૌહાણ પી. આર., ઇન્ટર આર્ટ્સ.
૩. શ્રીમતી પરમાર એલ. એમ., પ્રી-યુનિ. આર્ટ્સ
૪. ,, ત્રિવેદી પી. એ., પ્રથમ એમ.બી.,બી.એસ.
૫. ,, ગુપ્ત બી. એન., જુનિ. બી.એ.
૬. ,, ભટ્ટ કે. એચ., ઇન્ટર આર્ટ્સ
૭. શ્રી. દેસાઈ એચ. સી., જુનિ. એમ.એ.
૮. ,, મહેતા ટી. એમ., ઇન્ટર આર્ટ્સ
૯. ,, શોધન એન. આર., જુનિ. બી.કૉમ.
૧૦. ,, ગોસ્વામી વિનીતલાલ, જુનિ. બી.એ.
૧૧. ,, કોટડિયા બી. જે. પ્રી-યુનિ. કૉમર્સ.
૧૨. ,, અમીન જે. એમ., પ્રથમ એલએલ.બી.
૧૩. શ્રીમતી હિન્ડિયા ડી. એમ., દ્વિતીય એલએલ.બી.
૧૪. શ્રી. ત્રિવેદી ડી. આર., પ્રથમ એલએલ.બી.
૧૫. ,, આચાર્ય એમ. એસ., પ્રી-યુનિ. સાયન્સ
૧૬. ,, વોરા એ. એન., જુનિ. બી.કૉમ.
૧૭. ,, ભગત આર. ડી., ઇન્ટર સાયન્સ
૧૮. ,, પટેલ એસ. જે., સીનિયર બી.કૉમ.
૧૯. ,, વૈદ્ય જી. બી., જુનિ. બી.એ.
૨૦. શ્રીમતી શારદા વર્મા, ,,
૨૧. શ્રી. આથવલે એચ. જી, લૉ-પ્રીલિ.
૨૨. ,, શર્મા પૃથ્વીનાથ બી., પ્રથમ લૉ, જુ. એમ.એ.
૨૩. ,, શાહ આર. જી., જુનિ. બી.કૉમ.
૨૪. ,, ગાંધી એ. આર., પ્રથમ એલએલ.બી.
૨૫. ,, જુડા અગ્નેસ. જુનિ. એમ.એ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૨. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ,રાજકોટના ડૉ. પી. વાય. દેશપાંડેની સંશોધન ગ્રન્થની માંગણી અંગે ગ્રન્થ્સ યુટિલાઇઝેશન કમિટીની તા. ૧૯-૧૧-૧૯૫૯ની બેઠકમાં થયેલ ઠરાવ અનુસાર ડૉ. રામનાથનના અભિપ્રાય મુજબ ડૉ. દેશપાંડેને રૂા. ૫૦૦) ની સંશોધન ગ્રાન્ટ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૩. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેઓનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધો અંગે રેફરીઓના રિપોર્ટોને અનુલક્ષીને તેઓને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧. શ્રી. દેસાઈ સુરેશચંદ્ર અંબેલાલ	અર્થશાસ્ત્ર	પીએચ.ડી.
૨. શ્રી. મહેતા સુમન્ત ગોરધનરાય	ફરસિયન	પીએચ.ડી.
૩. શ્રી. ઠાકોર સુરેશ રસિકલાલ	ભૌતિક વિજ્ઞાન	એમ.એસસી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૪. સિંધી અને ઉર્દૂનાં પ્રશ્નપત્રો છાપવા માટે કોમ્પોઝિટરો રોકવા માટે દૈનિક વેતન રૂા. ૧૫/- પ્રમાણે ૧૯૬૦ના એપ્રિલ માસ દરમિયાન રૂા. ૨૨૫.૦૦નો ખર્ચ મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૫. ડાયરેક્ટર ઓફ ફિઝિકલ એજ્યુકેશનને ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડની સભામાં હાજરી આપવા માટે મદ્રાસથી કોલંબો હવાઈ માર્ગે જવા શ્રી. વાઇસ-ચાન્સેલરે આપેલી પરવાનગીની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૬. આંતર-યુનિવર્સિટી સ્પોર્ટસ બોર્ડને ક્રિકેટની હરીફાઈઓ યોજવાનું આમંત્રણ આપણે મોકલ્યું હતું તેનો સ્વીકાર કરવામાં આવ્યો છે તેની નોંધ લેવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૩૭. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેઓના નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધો અંગે રેફરીઓના રિપોર્ટને અનુલક્ષીને તેઓને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧. શ્રી. પંડ્યા અશોક ચંપકલાલ	માયક્રોબાયોલોજી	એમ.એસસી.
૨. શ્રી. શુકલ જગન્નાથ સીતારામ	,,	,,
૩. શ્રી. પટેલ જનાર્દન જશવંતભાઈ	,,	,,

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૩૮. સંલગ્ન કૉલેજોમાં નિભાતા તાલીમ શિક્ષકોનું પગારધોરણ નક્કી કરવા અંગે આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, વલસાડના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨-૩-૧૯૬૦ના પત્રાંક જન./૩૧૯૮ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજોમાં નિમાતા વ્યાયામશિક્ષકો માટે, સ્નાતકની પદવી મેળવ્યા પછી કાંદિવલીની કે મદ્રાસની શારીરિક સંસ્થાનો ડિપ્લોમા કે તેની સમકક્ષ લાયકાત ધરાવનાર વ્યાયામશિક્ષક (ફિઝિકલ ટ્રેનિંગ ઇન્સ્પેક્ટર) માટે રૂા. ૧૫૦-૧૦-૨૫૦નું પગારધોરણ રાખવું.

૩૯. બી.કૉમ.ની પરીક્ષામાં એકાઉન્ટિંગના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવનાર વિદ્યાર્થીને "શ્રી. અમૃતલાલ દામોદરદાસ શોધન સુવર્ણચંદ્રક" એનાયત કરવાનો હોય છે, પરંતુ ચાલુ સાલે સદરહુ પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૧૯૪ અને ૩૩૯ બન્ને એકાઉન્ટિંગ અને ઑડિટિંગ વિષયમાં એક સરખા ગુણ (૨૦૮ ગુણ) મેળવીને બીજા વર્ગમાં ઉત્તીર્ણ થતા હોવાથી ઉપર્યુક્ત સુવર્ણચંદ્રક એનાયત કરવા બાબત પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—બી.કૉમ.ની પરીક્ષાના બધા જ વિષયોના સરવાળામાં વિદ્યાર્થી નં. ૧૯૪ને કુલ ૫૮૯ ગુણ મળે છે, જ્યારે વિદ્યાર્થી નં. ૩૩૯ને ૫૩૭ ગુણ મળે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૦ના એપ્રિલ માસમાં લેવાયેલી બી.કૉમ.ની પરીક્ષામાં 'એકાઉન્ટિંગ અને ઑડિટિંગ'ના વિષય માટેનો 'શ્રી. અમૃતલાલ દામોદરદાસ શોધન સુવર્ણચન્દ્રક' વિદ્યાર્થી નં. ૧૯૪ (કે જેને સરવાળે વધુ ગુણ મળે છે) ને આપવો.

૪૦. મે ૧૯૫૯માં યોજાયેલ "યુથ લીડરશિપ" અને "યુથ ડ્રામેટિક ટ્રેનિંગ કેમ્પ્સ" અંગેના ખર્ચ માટે ભારત સરકારના શૈક્ષણિક બાતા તરફથી પત્રાંક એફ ૯-૧૨/૫૯ પી.ઈ.-૩ તા. ૧૯-૫-૧૯૬૦થી મળેલ રૂ. ૪,૫૬૩ની ગ્રાંટની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મંજૂર બાબતની નોંધ લેવી.

૪૧. એમ. ટી. બી. કૉલેજ, સુરતને બી.એ. (રૂપે.) માનસશાસ્ત્રના અભ્યાસક્રમ માટે વધારાનું જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યા બાબત રાજ્ય સરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૨. મહિલા કૉલેજ, પોરબંદરને બી.એ.ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યા બાબત રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૩. બી. ડી. કૉલેજ, અમદાવાદને ઇન્ટર સાયન્સ 'બી' ગ્રુપ તથા બી.એ.ના અભ્યાસક્રમો માટે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યા બાબત રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૪. સ્વામીનારાયણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, અમદાવાદને ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો તથા બી.એ.ના અભ્યાસક્રમો માટે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યા બાબત રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૫. પેટલાદ કૉલેજ, પેટલાદને બી.એ. (સ્પે.) અર્થશાસ્ત્ર અને હિન્દી (જન.)ના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યા બાબત રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૬. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતને બી.એસસી. સુધીના અભ્યાસક્રમો માટે તા. ૧૫-૬-૧૯૬૦થી કાયમનું જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યા બાબત રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૭. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરતને જોડાણ આપવામાં રાજ્યસરકારને નીચે પ્રમાણે ફેરફાર કરવા માટે વિનંતી કરતા આવેલ પત્ર ઉપરથી રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

નોંધ.— ૧. કૉલેજનું નામ "ધી સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત" રાખવું.

૨. કૉલેજનું કાયમી જોડાણ તા. ૨૦-૬-૧૯૬૦ને બદલે તા. ૧૫-૬-૧૯૬૦થી રાખવું.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૮. સરદાર વલ્લભભાઈ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, અમદાવાદને ઇન્ટર આર્ટ્સ અને કૉમર્સ તથા બી.એ. (સ્પે. અને જન.) અર્થશાસ્ત્ર, અને બી.એ. (જન.) ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી અને માનસશાસ્ત્રના અભ્યાસક્રમોના જોડાણ માટે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યા બાબત રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૪૯. ૧૯૬૦ની બી.એ.ની પરીક્ષામાં નવસારી કેન્દ્રના નીચેના વિદ્યાર્થીઓના પરિણામ બાબત વિચારણા કરવા બાબત.

નં. ૨૬૬૬, ૨૭૬૨, ૨૭૬૩, ૨૭૮૧થી ૨૭૮૫, ૨૭૮૮થી ૨૮૭૮ અને ૨૮૯૧થી ૨૯૨૦, અને ૩૯૮૩થી ૩૯૯૩, ૩૯૯૬ અને ૩૯૯૭.

આથી ઠરાવવામાં આવે છે કે, સભામાં થયેલી ચર્ચાવિચારણાને અનુલક્ષીને, સદરહુ બાબતમાં ઘટતું કરવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપની.

૫૦. શ્રી. જે. સી. વોરાના કેમિસ્ટ્રી વિષયમાં પીએચ.ડી. પદવી માટેના મહાનિબંધ પર પરીક્ષકોના રિપોર્ટ બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રેફરીઓનો રિપોર્ટ સ્વીકારવો અને શ્રી. જે. સી. વોરાને પીએચ.ડી.ની પદવી માટે પાત્ર ગણવા.

૫૧. ફાઇનાન્સ કમિટીની તા. ૧૭-૬-૧૯૬૦ની સભામાં કરવામાં આવેલી ભલામણ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કમિટીની ભલામણો મંજૂર કરવી.

(ભલામણોની નકલ પરિશિષ્ટ 'ચ' તરીકે સામેલ છે.)

૫૨. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ તા. ૧૫-૬-૧૯૬૦નો પત્રાંક ૧૧૩૦.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ તા. ૧૫-૬-૧૯૬૦નો પત્રાંક એસ. ૧૧૨૯

૧. આથી ઠરાવવામાં આવે છે કે, પ્રિન્સિપલ ડૉ. ય. ગુ. નાયકનો નીચેનો પ્રસ્તાવ એકેડેમિક કાઉન્સિલની વિચારણા માટે મોકલી આપવો :

Transitory Ordinance No. 4 [*for F.Y. (Pre-University) Arts, Science and Commerce Examinations*] :

(*i*) The para two oi the Ordinance be amended as under by addition of the claufe underlined :

'Notwithstanding what is stated above, a student who fails in the Group of language papers which contains English as one either in a sub-head or in a head of the total or both or in two sub-heads, will be considered to have failed in one head only for the purposes of A.T.K.T. provided he has secured in that group at least 25 per cent. marks or **at least has passed in one of the sub-heads** in F.Y. (Arts and Science), and at least 33 per cent. total marks in F.Y.(Com.).'

This Ordinance should be made applicable with effect from Examination of 1960.

(*ii*) The last line should be modified to read as under :

'This Ordinance be in force from March 1, 1960, for a further period of three years, i e., upto the Examination of March 1963.'

૨. પ્રિન્સિપલ ડૉ. ય. ગુ. નાયકે તેમનો નીચેનો પ્રસ્તાવ સભાગૃહની સંમતિથી પાછો ખેંચી લીધો :

"The following addition to the Statute 173 be made:

'Notwithstanding what is stated above, a student who has failed in English (higher or lower level) will be admitted to the Pre-University classes of the University subject to the condition that the terms kept during the year will not be granted if he does not pass the Examination in English in the subsequent Examination of October during that year.'

This Statute be made applicable with immediate effect, i.e., from June 1960".

૫૪. યુનિવર્સિટી ભાષા-સાહિત્ય ભવનમાં રીસર્ચ ફેલો તરીકે કામ કરતાં શ્રીમતી મૃદુલા એડનવાલાનો પ્રોબેશન સમય તા. ૧-૭-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેમને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી મૃદુલા એડનવાલાને, ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં રીસર્ચ ફેલો તરીકે, તેમને હાલ મળતા વેતનથી વધુ એક વર્ષ માટે ચાલુ રાખવાં.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, રીસર્ચ ફેલોની જગાઓને કાયમી કરવી કે કેમ તે બાબત, ઘટતી માહિતી મેળવીને સિન્ડિકેટ સમક્ષ ફરીથી રજૂ કરવી.

૫૫. આ પછી પ્રમુખશ્રીની પરવાનગીથી, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીન, અને એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના ડીનના તા. ૧૬-૬-૧૯૬૦ના પત્રોમાં જણાવેલી બાબતો સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. તે પરત્વે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) આથી ઠરાવવામાં આવે છે કે, બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને શક્ય તેટલી ત્વરાએ પહેલી એમ.બી.બી.એસ.ના વર્ગના બે વિભાગો, ઑર્ડિનન્સ ૧૨૦-બીની જરૂરિયાત પ્રમાણે કરવામાં આવશે તે અપેક્ષાએ તથા કૉલેજના સત્તાવાળાઓએ જે વધારાનો સ્ટાફ રોકવા માટેની જરૂરિયાત જણાવેલી છે તે સ્ટાફ તાકીદે નીમવામાં આવશે તે અપેક્ષાએ, કૉલેજના સત્તાવાળાઓએ જણાવેલા સંજોગોમાં ચાલુ વર્ષે તે વર્ગમાં ૧૦૦ વિદ્યાર્થીઓને બદલે ૧૨૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

(૨) આથી ઠરાવવામાં આવે છે કે, એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરને મંજૂર કૉલેજમાં શિક્ષકો, જગા, પ્રાયોગિક કામ વગેરે અંગે આ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર ઘટતી વ્યવસ્થા કરવામાં ન આવી હોય તો શક્ય તેટલી ઉતાવળે તે કરવામાં આવશે એ અપેક્ષાએ ચાલુ વર્ષે પહેલી એમ.બી.બી.એસ.ના વર્ગમાં ૬૦ને બદલે ૧૦૦ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની પરવાનગી આપવી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

ન. સિં./ ૮૦૪૭૨-૪૮૬/૧૬૬૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય, અમદાવાદ.
તા. ૧૨મી જુલાઈ ૧૯૬૦.

ક. ચં. પરીખ,
મહામાત્ર.

પરિશિષ્ટ "ક"
કામકાજ નં. ૫

AUDIT REPORT ON THE ACCOUNTS OF THE GUJARAT UNIVERSITY, AHMEDABAD, FOR THE YEAR 1957-58

[FROM 1ST JULY 1957 TO 30TH JUNE 1958]

No. L.30/B-1/12268 of 1959-60

Office of the Examiner,
Local Fund Accounts,
Bombay, 7th Dec. 1959.

From

The Examiner,
Local Fund Accounts,
Bombay.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad.

The accounts of the Gujarat University, for the Revenue Year 1957-58 were audited between 16th March 1959 to 12th May 1959. The following were the principal office-bearers during the year under audit :—

Vice-Chancellor : (*i*) Shri H. V. Divetia, M.A., LL.B.
From 1st July 1957 to 30th November 1957.

(*ii*) Shri M. P. Desai
From 1st December 1957 onwards.

Registrar : Shri K. C. Parikh, M.A., LL.B.

PART I—PREVIOUS AUDIT

Audit Note for the year 1953-54

2. *Paragraph 11* : Regarding grants given for research works.

Audit Note for the year 1954-55

3. (*a*) *Paragraph 9* : Regarding termination of the services of the Ex-Registrar, Shri B. R. Patel.

(*b*) *Paragragh 10* : Regarding expenditure on the parcel of the answer-books.

(*c*) *Paragraph 12* : Regarding grants for research work.

Audit Note for the year 1955-56

4. (*a*) *Paragraph 5* : Regarding grants for research work.

(*b*) *Paragraph 8* : Regarding framing of rules for appointments and promotions.

(*c*) *Paragraph 14(i)*: Regarding payment of interest on the Provident Fund accumulations of the Ex-Registrar, Shri B. R. Patel.

(*d*) *Paragraph 16* : Regarding unspent balance out of the Library grant.

(*e*) *Paragraph 17* : Regarding submission of the impact report to the University Grants Commission.

(*f*) *Paragraph 19* : Regarding grants paid to the Charuttar Vidya Mandal, Vallabh Vidyanagar, and the B. A. College of Agriculture, Anand.

(*g*) *Paragraph 23* : Regarding grant to Birla Engineering College, Vallabh Vidyanagar.

Audit Note for the year 1956-57

5. (*a*) *Paragraph 5(a)* : Regarding excess payment of Travelling Allowances.

(*b*) *Paragraph 6* : Regarding grants for research work.

(*c*) *Paragraph 8 & 9*: Regarding payment of work-allowances to the emloyees during leave periods.

(*d*) *Paragraph 11(a) (i)* & *(ii)* Regarding Leave Rules.

(*e*) *Paragraph 11(b)*: Regarding Travelling Allowance to members.

(*f*) *Paragraph 11(c)*: Regarding stamped receipts.

(*g*) *Paragraph 11(d)*: Regarding payment of House Rent Allowance and Compensatory Allowance to the members of the staff.

6. Inspection Note of the Assistant Examiner, issued under this Office No. L.18/38/A/615, dated 17th April 1958, was not replied till the close of Audit. The replies may please be expedited.

PART II—CURRENT AUDIT

7. The following were the normal Income and the normal Expenditure of the University for the triennium ending 30th June 1958:

Year	*Normal income* Rs.	*Normal expenditure* Rs.
1955–56	15,04,563	13,06,220
1956–57	17,51,754	14,59,629
1957–58	22,04,268	18,68,956
Total	54,60,585	46,34,805
Average	18,20,195	15,44,935

Average Surplus ... ... Rs. 2,75,260

With the average Annual Surplus of Rs. 2,75,260 and as revealed from the Statement of Finances appended to this Report, the financial position of the University can be said to be satisfactory. It may be mentioned that at present all the Schools are running in deficit and if the trend continues, the surplus is likely to be reduced. Further, the University has purchased a Printing Press of its own during the year 1957–58, and its final implications on the finances can well be judged at the end of the year 1958–59.

8. *Use of a Motor Car by the Vice-Chancellor:*

According to Section 10(4) of the Gujarat University Act, the conditions under which the Vice-Chancellor is to hold the office are to be decided by Statutes. According to the original Statute 130–A(4), the then

Vice-Chancellor Shri H. V. Divetia, was provided with a car, at Ahmedabad. This provision was expressly made for the period for which Shri Divetia held office. He retired from this Office with effect from 30th November 1957, and the present Vice-Chancellor took over the charge with effect from 1st December 1957. The original Statute, providing for the car for Shri Divetia had, therefore, to be amended. The amended Statute was approved by the Chancellor on 6th May 1958 (*vide* his letter No. G. S. 2100 of 6th May 1958). As the amendment has not been passed with retrospective effect, the free use of the car by the Vice-Chancellor, Shri M. P. Desai, for the period from 1st December 1957 to 5th May 1958, which has not been covered by the Statute requires to be regularised.

9. *Rent-free quarters to the Registrar :*

Under Section 13 of the Gujarat University Act, the conditions of service of the Registrar are to be decided by the Statutes. The Registrar has been allowed by the Syndicate the use of the bunglow constructed by the University for the Registrar free of rent. The existing Statutes do not provide for any such concession and the action of the Syndicate, therefore, does not appear to be in consonance with provisions thereof. The action may please be got regularised.

10. *Grant of casual leave to the Registrar :*

The Registrar is being granted casual leave, with the sanction of the Syndicate, at the rate applicable to other employees of the University. As, however, this is not covered by the Statutes as required under Section 13 of the Act, the grant of casual leave appears to be irregular. In the absence of such a provision, the period spent on leave will have to be treated as leave due and admissible. Steps may also please be taken to make provision in the respective Statutes, if necessary.

11. *Treatment of period of absence on strike :*

It was seen from the Registrar's No. A/C-45887-97 of 3rd June 1958, that some members of the Staff observed strike on Saturday, the 24th May 1958, and resumed duties on Monday, the 26th May, at 3-20 p.m. It appeared that the matter was referred to the Syndicate, when it was

decided to grant leave, if due, on 24th May 1958. It was not clear how 26th May 1958 was treated. It was stated that by convention, the Registrar was allowed to permit a member of the Staff to attend late. in this case, the persons on strike were apparently allowed to do so, and the day was treated as full working day.

Even accepting the convention, as stated above, it is doubtul whether the absence for major portion of the day can be condoned in such a way. the matter may please be referred to the Syndicate for orders in the matter.

12. *Shri D. N. Shukla, Cateloguer in the Univerity Library :*

He was appointed as an "Issue Clerk" on probation, with effect from 6th February 1956.

According to the Resolution of the Syndicate No. 155 of 24th June 1956, he was granted leave without pay, with effect from 25th June 1956 to 10th April 1957, so as to enable him to attend the Diploma Course of the Librarian.

This Resolution of the Syndicate is contradictory to Rule 5(2) of the Rules governing the conditions of the non-teaching staff according to which, except in case of permanent employees, the duration of extra-ordinary leave, shall not exceed three months.

The grant of leave without pay in excess of three months has thus constituted a break in service and Shri Shukla's resuming the duty after this leave should be treated as a fresh appointment and the pay should be regulated accordingly.

13. *Shri M. M. Mehta, Building Supervisor :*

From the entry in his service-book, it appears that he has to continue in the service till the building works are completed.

According to Rule 14 of the Rules governing the conditions of service of the non-teaching staff, the age of compulsory retirement is 60 years, extendable by 3 years. He has already passed these age limits, his date of birth being 15th October 1890, and it may please be considered whether it is advisable to continue him any more. It may also be added that he did not appear to have produced a certificate of physical fitness

as required under Rule 14 *ibid*. He may please be asked to do so, if this has not already been done. As the continuance in service of Shri Mehta is contrary to Rules, the services may be terminated forthwith. In cases of some Class IV servants, neither their dates of birth nor the age was known. It is suggested that in their cases the age may please be got certified by the Medical Officer.

14. *Payment of House Rent Allowance on Percentage basis :*

The University follows Government Orders in this matter. It was seen that the total rent paid was taken into account while working out the amount of the House Rent Allowance, payable to an Officer, or a servant, as the case may be. This is not correct. The service-taxes, in respect of premises occupied by an employee, if not paid by him in addition to the rent, are to be deducted from the amount of rent paid and the net amount so arrived at is to be taken into account for working out the amount of the House Rent Allowance admissible. All the cases may please be reviewed in the light of the above remarks, and excess payments, if any, recovered.

15. The employees of the University, drawing pay upto Rs. 150/- per-month are allowed Rs. 5 per month as cycle allowance for attending the office. This might have been sanctioned originally, on grounds that the office was located outside the limits of the Municipal Corporation. Now that the University Offices are included in the area of the Corporation, the desirability of the discontinuance of the cycle allowance may please be considered.

15-A. The Syndicate authorised the Vice-Chancellor to contact the person recommended by the 'Navjeevan Press' for the post of the Manager of the Gujarat University Press and appointed him as the Manager with such pay as the Vice-Chancellor deemed fit. The Vice-Chancellor accordingly appointed the Manager on the maximum pay of the sanctioned time-scale in spite of the fact that an Efficiency Bar has been prescribed in the scale, and hence it was not proper to grant the initial pay above the Efficiency Bar unless the services of the incumbent have been tried and found to be highly efficient. The grant of the maximum pay, in this case, was rather abnormal and the very purpose

of prescribing a time-scale with an Efficiency Bar has been defeated. The maximum pay allowed by the Vice-Chancellor cannot, therefore, be admitted in audit and the matter should be placed before the Syndicate for regularising the pay according to the normal standard of pay fixation on initial appointment.

16. *Expenditure out of the University Funds :*

It was seen that the Vice-Chancellor, the Registrar and other Officers sanction expenditure out of the University Funds to the extent to which the Syndicate has authorised them by Resolutions.

According to Section 11 (6) of the Gujarat University Act, the Vice-Chancellor can exercise such powers as may be prescribed by Statutes, Ordinances or Regulations. Similar provision exists in respect of the Registrar, under Section 13 *ibid.* There is, however, no Statute or Ordinance or Regulation framed by the Syndicate authorisnig these authorities to sanction expenditure. In view of the provision of the Act, referred to above, it appears that only the resolutions of the Syndicate would not regularise the matter and the Syndicate may, therefore, be requested to frame necessary Ordinances.

17. *Grants to institutions :*

(a) The Syndicate, under its Resolution No. 27, dated 20th July 1957, sanctioned a Grant of Rs. 200 to the University Staff Sports Club. Section 20 of the Act, defining powers of the Syndicate, clarifies as to how the University Funds be applied and there is no specific provision covering the above-mentioned grant. The authority under which the grant could be paid may please be pointed out.

It was not clear whether the University has got any control over the management of the Club. It is further suggested that the Club may please be informed to produce an audited statement of its accounts so as to watch the necessity of paying and proper utilization of the grant.

(*b*) Under Voucher No. 263 of October 1957, an amount of Rs. 500 was paid as grant to the Gujarat Research Society, towards the expenses of Conference, as decided by the Syndicate in its meeting held on 30th and 31st August 1957.

In this case also, it is suggested that an audited statement of accounts may please be called for to watch the proper utilization of the grant.

It is suggested that in future whenever the Syndicate decides to sanction grant-in-aid to any institution, the latter may be required to produce the audited statement of accounts, mainly to ascertain that its financial position warrants an aid and that the grant paid was put to proper use and for the purpose for which it was made.

18. *Travelling Allowance :*

(*a*) *Payment of claims before completion of the journey :*

It was seen that the members of the Syndicate and other Committees, were paid their Travelling Allowance claims on the day of meeting, even though the journey was not complete. Instances were also noticed that in cases of meetings held for more than one day, or in cases members attending different meetings on successive days, they were paid Travelling Allowance equal to fares admissible for journeys both ways and Daily Allowance for the first day. The practice is not correct. The journey is complete, only when the persons starting from his Head-quarters, return to their Head-quarters and no claim for Travelling Allowance can be preferred unless the journey is completed. The present practice of payment of Travelling Allowance may please be stopped.

(*b*) *Payment of Travelling Allowance to Shri M. K. Dey :*

Under Voucher No. 1680 for Rs. 338.79 nP., he was paid Travelling Allowance for his journey from Calcutta to Ahmedabad and back, in connection with some work in Experimental Psychology.

For journey by Rail he has claimed fares by 1st class. As the University follows Bombay Civil Services Rules in this behalf and as his pay did not exceed Rs. 500 p.m., he was not entitled to 1st class. He has thus been paid Rs. 338.79 nP. as against Rs. 250.49 nP. admissible. The excess payment of Rs. 88.50 nP. may please be recovered.

(c) *Payment of Travelling Allowance to Dr. J. C. Devid, Exammer for Practical Examination in II M.B.,B.S. :*

Under Voucher No. 1180 for Rs. 437.49 nP. he was paid Traveling Allowance for the above work, which included Air-fairs from Madras to Bombay and back.

As the Rules, framed by the Syndicate in this behalf, do not provide for any such payment, it is held under objection till the sanction of the Syndicate is obtained.

(*d*) Under Voucher No. 847 of March 1958, for Rs. 743.11 nP., Shri V. P. Mehta, the Director of Physical Education, was allowed 1st class fares for his journey from Ahmedabad to Poona and back. As he was not entitled to fares by 1st class, the excess payment made to him may please be recovered.

(*e*) According to Rules in force, the members are entitled to fares at concessional rates, whenever, concessions are available. In the following cases, as this rule was not observed, the following excess payments were noticed, which may please be recovered :

Sr. No.	Vr. No.	Name	Particulars	Excess paid
				Rs. nP.
1	567/10–57	Shri N. N. Bharucha	Junagadh to Ahmedabad and back	5.75
2	585/10–57	„ A. K. Trivedi	Navsari to „ and back	4.31
3	605/10–57	Smt. Sumitra Desai	Porbandar to „ and back	7.33
4	„	Shri D. P. Joshi	Bhavnagar to „ and back	4.56
5	311	„ P. N. Seth	Jamnagar to „ and back	5.46
6	339	„ Y. P. Shukla	Rajkot to „ and back	4.24
7	343	„ I. U. Dave	„ „	4.24
8	723	„ H. B. Kharod	From Ahmedabad to Poona and back	6.50
			Total...	42.39

(*f*) The following Examiners were paid Travelling Allowances in excess, than due, as shown below, for reasons stated against each of them. The excess payments made may please be recovered (Vr. No. 1225/6–1958 for Rs. 20,902.19 nP.).

Sr.No.	Name	Amount due	Amount paid	Excess	Remarks
		Rs.nP.	*Rs.nP.*	*Rs.nP.*	
1	Shri B. S. Trivedi	25.89	33.39	7.50	As a Paper-setter, he is not enittled to any halting allowance.
2	„ C. B. Sheth	103.66	113.46	9.80	(*a*) The single fare from Porbandar to Ahmedabad was Rs. 29.33 nP. and he will get Rs. 58.66 nP. as against Rs. 60.96. (*b*) Halting Allowance for 16-2-1958 cannot be paid as no examination was held on that day (vide Rule 3).
3	„ Dushyant Pandya	50.00	57.50	7.50	As (*b*) above.
4	„ G. M. Parikh	103.66	113.46	9.80	As in case of (2) above.
5	„ K. K. Dave	103.66	113.46	9.80	„
6	„ B. R. Patel	103.66	113.46	9.80	„
7	„ K. V. Gajendragadkar	136.29	146 29	10.00	He has claimed Travelling Allowance from Dhond. As this place is not outside the Bombay State, he cannot draw the halting allowance (Vide Rule 2).
8	„ S. V. Kale	123.30	133.30	10.00	„ (He came from Poona.)
9	„ V. V. Kamat	94.30	104.36	10.00	„ (He came from Bombay.)
			Total..	84.20	

Accounts Department

(*a*) *Undisbursed amounts remaining unaccounted :*

It was seen that the anounts of pay and allowances, etc., remaining undisbursed were not accounted for anywhere, with the result that the position of the cash balance on any particular day could not be ascertained. The practice is highly irregular. The amount remaining undisbursed, should be accounted for in a separate Register which should be closed daily, with cash balance duly verified and signed by the Accuntant and the Registrar. The Registrar is also requested to verify the cash balance at random intervals and at least once in a month and record a certificate, to that effect, in the above-mentioned Register.

(*b*) *Permanent Advance Register :*

(*i*) At present the amount of permanent advance is being sanctioned in the name of the Cashier and any temporary increase in this amount is sanctioned by the Registrar. It is suggested that this amount should stand in the name of the Registrar as being Head of the Office.

This suggestion has not so far been acted upon. If it is not possible to adopt the suggestion, it may at least be seen that the Register which is closed and balanced daily is checked by the Accountant and signed by the Registrar. The balance may also be verified physically, by the Registrar, at random intervals and at least once in a month. It may further be mentioned that the amount of permanent advance to be kept by different persons will have to be sanctioned by the Syndicate and any change in that amount will require the approval of that authority.

(*ii*) It appeared that the Permanent Advance Registers of Petty Cash and Travelling Allowance, though expected to be written and balanced daily were not so written, with, the result that there were certain serious discrepancies.

An amount of Rs. 1,000 was debited to General Day-book on 8th October 1957, whereas the amount was credited to the Permanent Advance Register on 6th October 1957 and balanced subsequently accordingly.

A cheque for recoupment of Rs. 956.76 nP. was issued and encashed on 17th October 1957, whereas it was credited to Petty Cash-book on 15th October 1957.

સિનિ-૩૬૨ (બૃહ)
તા. ૧૮-૬-'૬૦

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે નાટય, સંગીત, ચિત્રકલા, શિલ્પ અને સ્થાપત્યના અભ્યાસક્રમોને એસ.એસ.સી. પછીના (Post-S.S.C.) અભ્યાસક્રમો તરીકે સ્વીકારવા તથા તે અંગેના રેગ્યુલેશનો મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસક્રમો તથા તે અંગેના રેગ્યુલેશન નં. ૨૪૩, ૨૪૩-એ, ૨૪૩-બી, ૨૪૩-સી, ૨૪૩-ડી, ૨૪૩-ઈ, ૨૪૩-એફ, ૨૪૪, ૨૪૪-એ, ૨૪૪-બી, ૨૪૪-સી, ૨૪૪-ડી,

૨૪૫, ૨૪૫-એ, ૨૪૫-બી, ૨૪૫-સી, ૨૪૬, ૨૪૬-એ, ૨૪૬-બી, ૨૪૬-સી, ૨૪૭, ૨૪૭-એ, ૨૪૭-બી, ૨૪૭-સી અને ૨૪૭-ડી મંજૂર કરવા, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

૪૩. પદવીદાન સમારંભની વ્યવસ્થા અને કાર્યવાહીમાં ઘટતા ફેરફાર કરવા અંગે વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું.

પદવીદાન સમારંભને અંગે નીચેના નિયમો મંજૂર કરવા :

૧. પદવીદાન લેવા આવનાર નીચે નં. ૨માં જણાવ્યા સિવાયના બધા સ્નાતકો પ્રથમ પોતપોતાની જગ્યાએ બેસી જાય.

૨. સભામંડપમાં નિશ્ચિત સમયે પ્રયાણ (procession)માં કુલપતિશ્રી, ઉપકુલપતિશ્રી, ડીનો, સેનેટના સભ્યો, ડેપ્યુટી રજિસ્ટ્રાર અને નીચે જણાવેલા સ્નાતકો જ દાખલ થાય :

પીએચ.ડી., એમ.ડી., એમ.એસ. અને એમ.ઈ.ની પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થયેલા સ્નાતકો;
પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયેલા સ્નાતકો;
ઇનામો કે ચંદ્રકોના વિજેતા સ્નાતકો.

૩. પ્રયાણ (procession) સભામંડપમાં દાખલ થાય ત્યારે બધા સ્નાતકો પોતાની જગ્યા ઉપર ઊભા થાય અને કુલપતિશ્રી તથા બધા સભ્યો પોતાની બેઠક લે તે પછી પોતાની જગ્યા પર બેસે.

૪. ત્યાર બાદ પ્રાર્થના અને સ્તુતિ થાય. (પ્રાર્થના નિયત કરેલી જ હોય.) પ્રાર્થનાની છાપેલી નકલો પદવી લેનાર વિદ્યાર્થીઓને આપવામાં આવે.

૫. ત્યાર બાદ દરેક વિદ્યાશાખાના અધ્યક્ષ (ડીન), એક પછી એક, પોતાની વિદ્યાશાખા હેઠળની જુદી જુદી પરીક્ષાઓમાં આપવા ધારેલી પદવીઓ વિષે પ્રસ્તાવ રજૂ કરે. એક જ પ્રસ્તાવમાં આખી વિદ્યાશાખાની બધી જ પરીક્ષાઓનો સમાવેશ થાય એ પ્રમાણે રજૂઆત થવી જોઈએ.

૬. જે વિદ્યાશાખાના અધ્યક્ષનો પ્રસ્તાવ રજૂ થાય તે વખતે તે વિદ્યાશાખાના બધા જ સ્નાતકો પોતાની જગ્યાએ ઊભા થાય.

૭. પ્રત્યેક વિદ્યાશાખામાં આવતી બધી જ પદવીઓનું અપાણ એક જ વખતે થાય અને જે તે વિદ્યાશાખાના અધ્યક્ષ સ્નાતકોને રજૂ કરે તે પછી સભાપતિશ્રી (કુલપતિશ્રી કે ઉપકુલપતિશ્રી) પદવી અર્પણ કરે તથા ઘટતો આદેશ આપે. બધી વિદ્યાશાખાઓના સ્નાતકોની રજૂઆત થઈ જાય તે પછી કુલપતિશ્રી સેનેટની સભાગૃહની સંમતિ લઈ પદવીઓ અર્પણ થયાની જાહેરાત કરે.

૮. ત્યાર બાદ દીક્ષાન્ત પ્રવચન થાય.

૯. પદવી લેવા આવનાર દરેક વિદ્યાર્થીને નીચેની બાબતોમાં છાપેલી સૂચનાઓ આપવામાં આવે :

(૧) ગુજરાત યુનિવર્સિટીનું જે પ્રતીક તેણે પહેર્યું હોય તેનો ભાવાર્થ.
(૨) ગણવેશકેવી રીતે પહેરવો તે બાબત.

(૩) સભામંડપમાં ક્યારે અને ક્યાં બેસવાનું છે તે અંગેની જરૂરી સૂચના.

(૪) આખી કાર્યવાહી દરમિયાન તેમણે ક્યારે અને ક્યાં ઊભા થવાનું છે અને શું બોલવ છે તે અંગેની સ્પષ્ટ સૂચના.

(એ પણ સૂચવવામાં આવ્યું કે, ચન્દ્રક અને ઇનામના વિજેતાઓને મંચની નજીક ઓ જગ્યાએ બેસાડવાનું રાખવું તથા તેમની હાજરી અગાઉથી લેવાનું રાખવું.)

૪૪. ૧૯૬૦ના એપ્રિલમાં લેવામાં આવેલી પ્રથમ એમ.બી.બી.એસ.ની પરીક્ષા એમ. પી. શાહ મેડિકલ કૉલેજના ૧૪ વિદ્યાર્થીઓ જેઓને શારીરિક તાલીમ, શિક્ષકના અભાવે, આપવામાં આવી ન હતી, તેઓને તે તાલીમમાંથી મુક્તિ આપવાનું મંજૂ રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને શારીરિક તાલીમમાં મુક્તિ આપવા મંજૂર રાખવું.

૪૫. આ યુનિવર્સિટીની ૧૯૬૦ના ઑક્ટોબરમાં લેવામાં આવનારી પ્રથ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં બેસનાર એમ. પી. શાહ મેડિકલ કૉલેજના વિદ્યાર્થીઓ ઓ. ૨૫૬-સી અનુસાર જરૂરી શારીરિક તાલીમ લીધી હોવાનું પ્રમાણપત્ર આપવામાંથ મુક્તિ આપવા બાબત એમ. પી. શાહ મેડિકલ કૉલેજના ડીન તરફથી આવેલી સૂચના પ વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વિદ્યાર્થીઓને શારીરિક તાલીમમાંથી મુક્તિ આપવી, અ કૉલેજના આચાર્યને જણાવવું કે, આગામી નવેમ્બર માસમાં નવું સત્ર શરૂ થાય તે પહેલાં યોગ્ય લાયકા ધરાવતા વ્યાયામશિક્ષકની નિમણૂક કરવી આવશ્યક રહેશે, અને તેવી નિમણૂક કરીને યુનિવર્સિટ કાર્યાલયને જાણ કરવી.

૪૬. શ્રી. કિરીટકુમાર જે. ત્રિવેદીનું સ્થળાંતરનું પ્રમાણપત્ર વેળાસર રજૂ ન કરી શકવ માટે રદ ગણવામાં આવેલ. તેમનું બીજી એલએલ.બી.ની પરીક્ષા માટેનું સત્ર માન્ય કરવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

નોંધ.—(૧) સિન્ડિકેટે તેની તા. ૨૪-૧-૧૯૬૦ના રોજ મળેલ સભામાં સત્રો રદ કરેલ છે,

(૨) શ્રી. કિરીટકુમાર જે. ત્રિવેદીએ એમ.કૉમ.નું સત્ર વડોદરા યુનિવર્સિટીમાં ભર્યું અને સાથે સાથે એલએલ.બી.નું સત્ર અહીં ભરેલું તેથી મારઝ્રેશન સર્ટિફિકેટ રજૂ કરી શકયા ન હતા.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કિરીટકુમાર જે. ત્રિવેદીને, અપવાદ તરીકે, તેમણે રાખેલુ બીજી એલએલ.બી.ની પરીક્ષા માટેનું **પ્રથમ** સત્ર માન્ય કરવું.

૪૭. આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં આપવામાં આવેલ એમ.એ. ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જ તરીકે શ્રી. સી. એ. શુકલને બદલે શ્રી. કે. સી. જાનીની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આર. આર. લાલન કૉલેજ, ભૂજમાં, ગુજરાતી વિષયના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રૉફેસર કે. સી. જાનીની નિમણૂક કરવી.

૪૮. "ભારતની પછાત જાતિઓ અને તેમનો ઉત્કર્ષ" એ વિષય પરત્વે ભારત સરકારના પછાત કોમો અને વર્ગીકૃત જાતિઓના કમિશનર શ્રી. લક્ષ્મીદાસ શ્રીકાંતનાં ત્રણ વ્યાખ્યાનોને છપાવવા તથા પ્રસિદ્ધ કરવાનું વિચારવા બાબત.

(**નોંધ.**—૧. ૧૦૦૦ નકલ માટેનું અંદાજી ખર્ચ રૂા. ૨૪૦/- થશે.

૨. ૫૦૦ નકલ માટેનું અંદાજી ખર્ચ રૂા ૧૬૦/- થશે.

૩. કુલ્લે પાનાં ૧૮થી ૨૪ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વ્યાખ્યાનોને પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવાં, અને તેની ૧૦૦૦ નકલ છપાવવા માટે રૂા. ૨૪૦ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

૪૯. સેનેટ ઉપર હવે લેબર યુનિયનના બે પ્રતિનિધિઓ થયા હોવાથી ઑ. ૪૭માં આનુષંગિક ફેરફાર કરવા વિચારણા કરવા બાબત તથા સુધારવામાં આવે તે ઑર્ડિનન્સ પ્રમાણે બોર્ડ આફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૪૭ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

"O. 47 :

There shall be a Board of Extramural Studies constituted as follows :

(1) The Vice-Chancellor (Chairman);

(2) The Rector, if any;

(3) The Director of Education or his nominee;

(4) One representative each of—

(*i*) Gujarat Research Society,

(*ii*) Gujarat Vidya Sabha,

(*iii*) Gujarat Vidyapeeth;

(5) Two members nominated by the Syndicate, from among the representatives of the Municipal School Boards and District School Boards on the Senate of this University, one each;

(6) Seven other members nominated by the Syndicate, not less than three of whom shall be from the Academic Council;

(7) One member nominated by the Syndicate, from among the representatives of the Labour Unions on the Senate."

વધુમાં ઠરાવવામાં આવ્યું કે, બૉર્ડ ઑફ એકસ્ટ્રામ્યુરલ સ્ટડીઝ ઉપર, લેબર યુનિયનોના એક પ્રતિનિધિ તરીકે, શ્રી. મનહરલાલ ટી. શુકલની નિમણૂક કરવી.

૫૦. યુનિવર્સિટી કાર્યાલયમાં એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટનો અજમાયશી સમય તા. ૧૬-૮-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એસ્ટેટ સુપરિન્ટેન્ડન્ટ શ્રી. પી. ડી. મિસ્ત્રીને તા. ૧૭-૮-૧૯૬૦થી તેમની જગ્યા ઉપર કાયમ કરવા.

(તેમની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.)

૫૧. યુનિવર્સિટી લાયબ્રેરીમાં કામ કરતા શ્રી. કે. એ. શાહ (ક્લાર્ક)ના પ્રોબેશન સમય તા. ૩૦-૮-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. કે. એ. શાહને તા. ૩૧-૮-૧૯૬૦થી જુનિયર ક્લાર્કની જગ્યા ઉપર કાયમ કરવા.

(તેમની કામગીરી અંગેનો બાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.)

૫૨. સિન્ડિકેટે તેની તા. ૧૮-૬-૧૯૬૦ની સભામાં સ્ટાફનાં સ્ત્રી-સભ્યોને પ્રસૂતિની રજાઓ અંગે નીચે પ્રમાણે જે નિયમ કર્યો છે તે નિયમ શ્રીમતી નિશા એ. દેસાઈ ને તા. ૧૮-૪-૧૯૬૦થી લાગુ કરવાનું વિચારવા બાબત :

"આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત નીચે પ્રમાણે રજાનો નિયમ મંજૂર કરવો :

"કાયમી સ્ત્રી-કર્મચારીઓને પ્રસૂતિ માટેની રજા શરૂ થાય તે તારીખથી ત્રણ મહિના પૂરા થાય ત્યાં સુધીની અથવા પ્રસૂતિની તારીખથી છ અઠવાડિયાં પૂરાં થાય ત્યાં સુધીની, એ બેમાંથી જે વહેલી તારીખ હોય તે તારીખ સુધીની રજા આપવામાં આવશે.

નોંધ.—કસુવાવડની બાબતમાં પણ આવી રજા આપી શકાશે."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ નિયમનો અમલ તા. ૧-૪-૧૯૬૦થી કરવાનું રાખવું.

૫૩. સિન્ડિકેટે માત્ર ઠરાવથી ઉપકુલપતિશ્રી, શ્રી. રજિસ્ટ્રાર, શ્રી. ડે. રજિસ્ટ્રાર, શ્રી. લાયબ્રેરિયન તથા ભવનોના અધ્યક્ષોને અર્ચ કરવાની અમુક રકમ સુધીની સત્તા આપી છે, પણ કાયદાની કલમ ૨૦ (XXVII)(4) મુજબ કોઈ વ્યક્તિને અર્ચ કરવાની મંજૂરી આપવાની સત્તા નથી, તેથી કાયદામાં સુધારો થાય ત્યાં સુધીના વચગાળાના સમય માટે ઑર્ડિનન્સ ૬૨-ડી ઉપરની વ્યક્તિઓને એક સભ્યની સમિતિ ગણે તેવી રીતે ઘડવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૬૨-ડી મંજૂર કરવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સની નકલ **પરિશિષ્ટ "ખ"** તરીકે સામેલ છે.)

૫૪. વિજ્ઞાન ભવન માટે અધ્યક્ષની નિમણૂક થાય ત્યાં સુધી ખર્ચ પેટે ઍડવાન્સ આપવામાં આવે છે તેમાંથી વનસ્પતિવિજ્ઞાન તથા ગણિતશાસ્ત્રના પ્રૉફેસરને તેમ જ ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાનના રીડરને પ્રત્યેકને રૂા. ૫૦/- સુધીનો ખર્ચ મંજૂર કરવાની સત્તા છે તે વધારીને રૂા. ૧૦૦/- સુધીની સત્તા આપવા અંગેની તેમની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાનભવનના પ્રત્યેક વિભાગના વડાને રૂા. ૧૦૦ સુધી ખર્ચ કરવાની સત્તા આપવા અંગે ઉપર બાબત નં. ૫૩માં જણાવેલા ઑર્ડિનન્સ ૬૨-ડીમાં ઘટતી જોગવાઈ કરવામાં આવી છે તે જોતાં, આ બાબત પરત્વે વિશેષ કાંઈ કરવાપણું રહેતું નથી.

૫૫. આચાર્ય ડૉ. ય. ગુ. નાયક તરફથી આવેલ તા. ૬૫-૬-૧૯૬૦નો પત્રાંક ૧૧૩૦.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત, આગળ બાબત નં. ૪માં જણાવેલી સમિતિને વિચારણા માટે મોકલી આપવી.

(મજકૂર પત્રની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૫૬. યુનિવર્સિટીના શિક્ષકો સાથે ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૫૧ પ્રમાણે કરવાના કરારનામાનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત સિન્ડિકેટની સ્થાયી કાનૂની સમિતિના અભિપ્રાય માટે મોકલી આપવી.

૫૭. ગુજરાત યુનિવર્સિટીનાં તમામ વિદ્યાભવનોના વિદ્યાર્થીઓની જિમખાનાની પ્રવૃત્તિઓ એકત્ર કરવા માટે તા. ૬૬-૬-૬૬૦ના રોજ મળેલ ભવનોના વડાઓની અવિધિસરની સભામાં ભલામણ કર્યા પ્રમાણે "યુનિવર્સિટી સ્કૂલ જિમખાના"નું બંધારણ મંજૂર કરવા બાબત તેમ જ તેની યોજના, ખર્ચનો અંદાજ વગેરે બાબતો પર વિચારણા કરીને ભલામણો રજૂ કરવા વાસ્તે એક સમિતિ નીમવાના સૂચન પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી સ્કૂલ્સ જિમખાનાનું બંધારણ મંજૂર કરવું.

(મંજૂર કરેલા બંધારણની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં વિદ્યાભવનો માટે રમતગમતની સગવડોની યોજના, ખર્ચનો અંદાજ વગેરે બાબતો ઉપર વિચારણા કરીને ભલામણો રજૂ કરવા વાસ્તે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. પી. એચ. પ્રભુ;
૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૩. શ્રી. વી. વી. મહેતા, ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન — મંત્રી.

૫૮. ગુજરાત યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનો અને તેમની પ્રયોગશાળાઓ માટે ફરનિચર, સ્ટેશનરી, સાધનસામગ્રી, કેમિકલ્સ વગેરે વસ્તુઓ કે સાધનો ખરીદવા અંગેના નિયમો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીનાં જુદાં જુદાં વિદ્યાભવનો અને તેમની પ્રયોગશાળાઓ માટે ફર્નિચર, સ્ટેશનરી, સાધનસામગ્રી, રસાયણો વગેરે વસ્તુઓ કે સાધનો ખરીદવા માટે કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા

(મંજૂર કરેલા નિયમોની નકલ પરિશિષ્ટ "ચ" તરીકે સામેલ છે.)

૫૯. **"શ્રી. મોહનલાલ લલ્લુભાઈ શુકલ વ્યાકરણ પારિતોષિક" આપવા માટે રૂા. ૫,૦૦૦ની સખાવત રાને ૧૯૫૬-૫૭માં પ્રાધ્યાપક જે. એમ. શુકલ તરફથી મળેલી છે અને તે અનુસાર દર વર્ષે પારિતોષિક અપાય છે તેને બદલે સુવર્ણચંદ્રક આપવાના તથા તેના ઉપર દેવનાગરી લિપિમાં "શ્રી. મોહનલાલ શુકલ વ્યાકરણશાસ્ત્ર સુવર્ણચંદ્રક : ગુજરાત યુનિવર્સિટી : વર્ષ——" અંકિત કરવાના પ્રા. જે. એમ. શુકલના તા. ૧૭-૬-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, "શ્રી. મોહનલાલ લલ્લુભાઈ શુકલ વ્યાકરણ પારિતોષિક" ને બદલે હવેથી તેને "શ્રી. મોહનલાલ શુકલ વ્યાકરણશાસ્ત્ર સુવર્ણચન્દ્રક" તરીકે આપવાનું રાખવું, તથા તે અંગે નિયમોમાં ઘટતા ફેરફાર કરવા અને તેને ૧૯૬૧ના વર્ષથી અમલમાં મૂકવો.

૬૦. **"ધી અમદાવાદ બુલિયન બ્રોકર્સ એસોસિયેશન, અમદાવાદ, તરફથી (૧) બી.એ. (સ્પેશિયલ) પદવી પરીક્ષામાં ગુજરાતી મુખ્ય વિષય લઈને ગુજરાતીનાં છ પેપરોમાં સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેને; તથા (૨) બી.એ., બી.એસસી. પદવી પરીક્ષામાં મધ્યમેટિક્સ મુખ્ય વિષય લઈને મધ્યમેટિક્સમાં સૌથી વધારે ટકા ગુણાંક મેળવી ઉત્તીર્ણ થાય તેને એ રીતે રૂા. ૧૦૦નું એક એવાં બે પારિતોષક આપવા માટે રૂા. ૬,૦૦૦ની રકમની સખાવતનો સ્વીકાર કરવા બાબત તેમ જ તે અંગેના નિયમો મંજૂર કરવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પારિતોષિકો માટે કાર્યાલયે ઘડેલા નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરેલા નિયમોની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૬૧. **બોર્ડ ઑફ સ્ટુડન્ટ્સ વેલ્ફેરની ભલામણ પ્રમાણે સિન્ડિકેટે મંજૂર કરેલી યોજના મુજબ યુનિ. સમાજવિદ્યા ભવનના પ્રા. વશીએ યુનિવર્સિટીના ચીફ મેડિકલ ઑફિસર અને ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશનના સહકારથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનાં "શારીરિક નોમ્સ" અંગેના તૈયાર કરેલાં હેવાલને છપાવવાના ખર્ચ અંગે રૂા. ૧,૫૦૦/-ની રકમ રિવાઇઝ્ડ બજેટમાં મંજૂર કરાવવા બાબત.**

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ હેવાલ છપાવવા માટે રૂા. ૧,૫૦૦ નો ખર્ચ ૧૯૬૦-૬૧ના વર્ષ માટે મંજૂર કરવો.

૬૨. **બોર્ડ ઑફ સ્પોર્ટ્સની યુનિવર્સિટી વિકાસ કાર્યક્રમ અંગેની ભલામણોને મંજૂર કરતા સિન્ડિકેટની તા. ૧૬-૪-૧૯૬૦ની સભામાં થયેલા નીચેના ઠરાવ પ્રમાણે રજૂ કરવામાં આવેલ પ્રસ્તાવ પરત્વે વિચારણા કરવા બાબત :**

સિન્ડિકેટનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે યુનિવર્સિટીના વિકાસ કાર્યક્રમમાં સદરહુ બૉર્ડે સૂચવેલ

કામોનો સમાવેશ કરવાનું મંજૂર રાખવું તથા સદરહુ કામો જો અને જ્યારે હાથ પર લેવામાં આવે તો અને ત્યારે તે અંગે જરૂરી પ્રસ્તાવ આવ્યેથી વિચાર કરવાનું રાખવું."

(નોંધ.—યુનિવર્સિટી કેમ્પસ ઉપર (૧) વ્યાયામશાળા (જિમ્નેશિયમ), (૨) બેડમિન્ટન હૉલ, અને (૩) તરવાનો હૉજ (સ્વિમિંગપુલ) બાંધવાની યોજના પ્રસ્તાવમાં છે. આ ત્રણ યોજનાઓ ૧૯૬૦-૬૧, ૧૯૬૧-૬૨ અને ૧૯૬૨-૬૩માં અનુક્રમે ઉપાડવી એમ સૂચન છે.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં "કેમ્પસ વર્કસ પ્રોજેક્ટ્સ" તરીકે, તરવાનો હૉજ, વ્યાયામશાળા તથા બેડમિન્ટન હૉલ, એ ત્રણેની યોજનાઓ મંજૂર કરવી, તથા તેનો ક્રમ, આ ઠરાવમાં સૂચવ્યા પ્રમાણે રાખવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ત્રણે યોજનાઓ માટે આલેખો તૈયાર કરાવવા તથા તે અંગે આગળ જરૂરી વહીવટી પગલાં ભરવાં અને તે યોજનાઓને એક પછી એક હાથ પર લેવાનું રાખવું.

મંજૂર કરવામાં આવેલી યોજનાઓની નકલ પરિશિષ્ટ "જ" તરીકે સામેલ છે.

૬૩. ઓર્ડિ. ૧૮૫ મુજબ એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ નીચેની શાળાઓને બી. એડ.ના અભ્યાસક્રમ અંગે તાલીમીશાળાઓ (પ્રેક્ટિસિંગ સ્કૂલ્સ) તરીકે પસંદ કર્યાની નોંધ લેવા બાબત.

૧. એ. જી. હાઈસ્કૂલ નવરંગપુરા, અમદાવાદ-૯.
૨. સી. એન. વિદ્યાલય, આંબાવાડી, અમદાવાદ-૬.
૩. દીવાન બલ્લુભાઈ હાઈસ્કૂલ, અમદાવાદ-૭
૪. નવચેતન હાઈસ્કૂલ, અમદાવાદ-૬.
૫. વિદ્યાનગર હાઈસ્કૂલ, વાડજ રોડ, અમદાવાદ.
૬. ધી. એચ. બી. કે. ન્યૂ હાઈસ્કૂલ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
૭. પ્રકાશ હાઈસ્કૂલ ફૉર ગર્લ્સ, અમદાવાદ.
૮. આર. એમ. ત્રિવેદી ન્યૂ એજ્યુકેશન હાઈસ્કૂલ, અમદાવાદ.
૯. ન્યૂ હાઈસ્કૂલ, પીરમશાહ રોડ, અમદાવાદ.
૧૦. ટ્યુટોરિયલ હાઈસ્કૂલ, કાલુપુર, અમદાવાદ.
૧૧. ,, મણ દરવાજા, અમદાવાદ
૧૨. ન્યુ. ગર્લ્સ હાઈસ્કૂલ, દાણાપીઠ, અમદાવાદ.
૧૩. સર્વોદય હાઈસ્કૂલ, માણેકચોક, અમદાવાદ.
૧૪. ન્યૂ સર્વોદય હાઈસ્કૂલ, માણેકચોક, અમદાવાદ.
૧૫. આર. બી. આર. સી. હાઈસ્કૂલ ખાડિયા, અમદાવાદ.
૧૬. ગર્લ્સ ઑન હાઈસ્કૂલ, સાંકડીશેરી, અમદાવાદ.
૧૭. વનિતા વિશ્રામ ગર્લ્સ હાઈસ્કૂલ, ખાડિયા, અમદાવાદ.
૧૮. નવજીવન હાઈસ્કૂલ ખમાસાગેટ, અમદાવાદ.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૪. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદને બી.એસસી. ઝૂલોજી (મુખ્ય)ના અભ્યાસક્રમો માટે જોડાણ આપવા સારૂ મૂકવામાં આવેલી શરતોનું પરિપાલન કર્યા બાબત રાજ્યસરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૫. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેઓનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધ અંગે રેફરીના હેવાલને અનુલક્ષીને તેમને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧.	શ્રી. તલાટી નટવરલાલ દામોદરદાસ	રસાયણવિજ્ઞાન	પીએચ.ડી.
૨.	શ્રી. પાટણકર રાજારામ ભાલચંદ્ર	અંગ્રેજી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૬. બીજી એમ.બી.બી.એસ.ની પ્રાયોગિક પરીક્ષા માટે ડો. જે. સી. રેવિસને મદ્રાસથી મુંબઈ જવા-આવવાના હવાઈ પ્રવાસના તથા તે માટેના કુલ રૂા. ૪૨૭·૪૯ના ખર્ચને મંજૂર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૭. વેસ્ટર્ન રેલવે, રાજકોટમાં ડિવિઝનલ કમર્શિયલ સુપરિન્ટેન્ડેન્ટ તરીકે કામ કરતા શ્રી. આર. પી. શ્રીવાસ્તવ મહિનામાં એક કે બે વખત સંપર્ક સાધીને પ્રોફેસર બી. આર. શિનોયના માર્ગદર્શન હેઠળ અર્થશાસ્ત્રના વિષયમાં પીએચ.ડી. પદવી માટે નામ નોંધાવવા પરવાનગી આપવાની તેમની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં સમાજવિદ્યા ભવનના અધ્યક્ષ સાથે ચર્ચાવિચારણા કરીને ઘટતો નિર્ણય લેવા વાસ્તે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૬૮. રામજસ ગ્રેજ્યુએટ ટીચર્સ કોલેજ, પોરબંદરને બી.એડ.ના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ આપવા, મૂકવામાં આવેલ શરતોના પરિપાલન કર્યા બાબતનો રાજ્ય સરકારને જાણ કર્યાની ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત..

(નોંધ.--યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ અમલમાં મૂકવા અંગે કોલેજ તરફથી રાજ્ય સરકારને લખાણ કરવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૯. ધર્મેન્દ્રસિંહજી કોલેજ, રાજકોટને બી.એસસી. બૉટાની (મુખ્ય) અને ઝૂલોજી (ગૌણ)ના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે રાજ્ય સરકારને ભલામણ કરવા વિચારણા કરવા બાબત.

નોંધ.--સરકારે શરતો ૧થી ૩નું પાલન કરવા માટે જરૂરી ગ્રાન્ટની મંજૂરી આપી છે જ્યારે શરત નં. ૪, જે યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ અમલમાં મૂકવા અંગેની છે તે પરત્વે સરકારને તે માન્ય નથી એમ જણાવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને ઉપર જણાવેલા વિષયોમાં જોડાણ આપવા બાબતે રાજ્યસરકારને ભલામણ કરવી અને યુનિવર્સિટીએ મુકરર કરેલાં પગારધોરણો અપનાવવા માટે રાજ્યસરકારને ફરી એક વાર જણાવવું.

૬૦. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદને બી.કૉમ.માં એકાઉન્ટિંગ અને ઑડિટિંગના અભ્યાસક્રમો શીખવવા માટે મૂકવામાં આવેલી શરતોનું પાલન કર્યાનો રાજ્ય સરકારને જાણ કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૧. સર્વશ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ, હિંમતલાલ ચી. શુકલ, વિક્રમ સારાભાઈ અને અદુભાઈ દેસાઈ તરફથી ગુજરાત યુનિવર્સિટી અને શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈની બાબતની રૂપેરિયલ સિવિલ એપ્લિકેશન નં. ૩૩૮ અંગે સિન્ડિકેટે તેની તા. ૧૬-૭-૧૯૬૦ની સભામાં કરેલા ઠરાવની અન્વયે શ્રી. રજિસ્ટ્રારે હાઈકોર્ટમાં ફાઇલ કરેલ જવાબ તથા હાઈકોર્ટનો O.O. No. 183/60ના ક્રમાંકવાળો તા. ૨-૮-૧૯૬૦નો હુકમ (જાણ સારુ).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

(મજકૂર જવાબ તથા હુકમની નકલો પરિશિષ્ટ "ઝ" તરીકે સામેલ છે.)

૬૨. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદને બી.એ.માં નીચે દર્શાવેલા વિષયોમાં અભ્યાસક્રમો શીખવવા કાયમી જોડાણ તથા બી.એ. (રૂપે.) માનસશાસ્ત્ર શીખવવા વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

બી.એ. (રૂપે. અને જન.) અંગ્રેજી, ગુજરાતી, અર્થશાસ્ત્ર (આંકડાશાસ્ત્ર સાથે ફિલોસોફી, હિન્દી, ગણિત અને સંસ્કૃત; અને

બી.એ. (જન.) ઇતિહાસ, પર્શિયન, ઉર્દૂ, મનોવિજ્ઞાન અને રાજનીતિશાસ્ત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ કે. એલ. દેસાઈ;
૨. ડૉ. પી. એચ. પ્રભુ.

૬૩. શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. એસ. પંચાલ સાયન્સ ઇન્ટરમીડિયેટ કૉલેજ, તલોદને ઇન્ટરમીડિયેટ આર્ટ્સ અને સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ.માં ગુજરાતી (રૂપે.) તથા બી.એસસી. (મુખ્ય) રસાયણશાસ્ત્ર, ગણિત અને ભૌતિકશાસ્ત્રના વિષયોમાં વધારાનું જોડાણ આપવા અંગે સાબરકાંઠા મહાવિદ્યા મંડળના મંત્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ અનંતરાય એમ. રાવળ;
૨. ડૉ. એ. એમ. ત્રિવેદી.

૭૪. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદના સંચાલન હેઠળ જૂન ૧૯૬૧થી ડન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે સાયન્સ કૉલેજને જોડાણ આપવા અંગે મુખ્ય ટ્રસ્ટી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. અવસારે;
૨. પ્રિન્સિપલ જે બી. સાવિડલ.

૭૫. અધ્યાપક વર્ગમાં થતા ફેરફાર અંગે યુનિવર્સિટી કાર્યાલયને માહિતી પહોંચાડવા માટેના મુકરર ફૉર્મનો કાર્યાલયે તૈયાર કરેલો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અધ્યાપકવર્ગમાં થતા ફેરફારો અંગે માહિતી મંગાવવા માટેનો કાર્યાલયે ઘડેલો મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરેલા મુસદ્દાની નકલ પરિશિષ્ટ "૮" તરીકે સામેલ છે.)

૭૬. યુનેસ્કો (UNESCO)ના ઉપક્રમે, દિલ્હી મુકામે આગામી ઑક્ટોબરની તા. ૪થી ૧૨ દરમિયાન યોજનાર પરિસંવાદ "Termites in Humid Tropics"માં આ યુનિવર્સિટીના નિરીક્ષકોને મોકલવાનું આમંત્રણ મધ્યસ્થ સરકારના તા. ૪થી જુલાઈ ૧૯૬૦ના પત્રાંક એફ. ૧૬–૯૧–૬૦ એસ. III દ્વારા મળેલ હોઈ તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર જે. જે. ચિનોયને મોકલવા.

૭૭. મેડિકલ ફેકલ્ટીની તા. ૨૨/૨૩–૬–૧૯૬૦ની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે મેડિકલ ફેકલ્ટી નીચે લેવાતી અનુસ્નાતક ડિપ્લોમાની પરીક્ષા વર્ષમાં બે વખત લેવી અને તે માટે ઑ. ૧૨૯માં નીચે મુજબ સુધારો કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

O. 129 :

(i)	*(ii)*	*(iii)*	*(iv)*	*(v)*
All Post-graduate Diploma examinations under Medical Faculty	Twice	3rd Monday in April and 1st Monday in October	Three months before the examinations	Rs. 100/–

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑર્ડિનન્સમાં ડી.એ.ડી.એમ.આર.ઈ., ડી.વી. એન્ડ ડી., ડી.જી.ઓ.ઈ.એન.ટી.ડી.એલ ઓ. અને ડિપ્લોમા ઇન પેડિયાટ્રિક્સ દરેક જુદા જણાવ્યા છે તે કમી કરવા ભલામણ છે."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૨૯માં ઉપર સૂચવેલા સુધારા કરવા, તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આગામી ઑક્ટોબર માસમાં ડિપ્લોમા ઇન એનેસ્થેસિયાની પરીક્ષા લેવા માટે પ્રવેશપત્રો સ્વીકારવાની તારીખ નક્કી કરવા વાસ્તે તથા તે અંગે પરીક્ષકોની નિમણૂક કરવાની ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૭૮. પ્રથમ એમ.બી.બી.એસ. ઑક્ટોબર ૧૯૫૯ના પરિણામની બાબતમાં શ્રી. ઝીણાભાઈ દેસાઈના તા. ૨૯-૨-૧૯૫૯ના આવેલ પત્ર પર સિન્ડિકેટે તેની તા. ૨૪-૧-૧૯૬૦ની સભામાં ઠરાવ્યા મુજબ ઉપકુલપતિશ્રીના રિપોર્ટ.

આથી ઠરાવવામાં આવે છે કે, પ્રથમ એમ.બી.બી.એસની પરીક્ષામાં બેઠેલા વિદ્યાર્થીઓની એ વિષયોની આવડત તથા તેમની અભિવ્યક્તિ બાબતમાં શી પરિસ્થિતિ છે તેનો કયાસ કાઢીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૨. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ;
૩. ડૉ. ભાસ્કરભાઈ આર. પટેલ;
૪. ડૉ. એસ. બી. અંકલેસરીઆ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિને, બની શકે તો ૧૯૫૯ના ઑક્ટોબરમાં લેવાયેલી પરીક્ષાનાં ઉત્તરપત્રો તથા ૧૯૬૦ના એપ્રિલમાં લેવાયેલી પરીક્ષાનાં ઉત્તરપત્રો ઉપરના કામ માટે ઉપલબ્ધ કરવાં.

(મજકૂર રિપોર્ટની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૭૯. સને ૧૯૬૦ના માર્ચ-એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં પ્રાશ્નિક-પરીક્ષકો તથા નિરીક્ષકોની જે ભૂલો થઈ હતી તેવા કેસો ઉપર પરીક્ષાશુદ્ધિ સમિતિની તા ૧૯-૭-૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો.

આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૧૯-૭-૧૯૬૦ના રોજ મળેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "૭" તરીકે સામેલ છે.)

૮૦. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ અને બીજાઓ તરફથી તેમ જ શ્રી. પી. ડી. પટવારી તરફથી ગુજરાત રાજ્યની વડી અદાલતમાં કરેલી અરજી અંગે રોકેલ એડવોકેટ શ્રી. જે. સી. ભટ્ટની ફી તથા મુસાફરી-ભથ્થા વગેરેના થઈને રૂા. ૨,૧૭૦નું બિલ શ્રી. જમિયતરામ દ. પંડ્યાએ ઉપકુલપતિશ્રીને મોકલેલ બિલ અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૮૧. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. એચ. જે. શાહનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેમને આતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(**નોંધ.**—તેઓ તા. ૧-૪-૧૯૫૯થી જોડાયા હતા અને તા. ૩૧-૭-૧૯૬૦થી છૂટા થયેલ હોવાથી તેઓને નોકરીનાં ત્રણ વર્ષ પૂરાં ન થતાં હોવાથી યુનિવર્સિટીનો ફાળો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એચ. જે. શાહને તેમના ખાતે જમા થયેલી પ્રોવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૮૨. સમાજવિદ્યા ભવનમાં રીડર તરીકે કામ કરતા શ્રી. ફિલિપ થૉમસનું રાજીનામું મંજૂર થયેલ હોઈ તેઓને ખાતે નીકળતી પ્રૉવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(તેઓ તા. ૭-૧૨-૧૯૫૭થી જોડાયા હતા અને તા. ૩૧-૭-૧૯૬૦થી છૂટા થયેલ છે તેથી તેઓની નોકરીનાં ત્રણ વર્ષ પૂરાં થતાં નથી; એટલે યુનિવર્સિટીનો ફાળો આપવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ફિલિપ થૉમસને તેમના ખાતે જમા થયેલી પ્રૉવિડન્ટ ફંડની રકમ યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

(**નોંધ.**—રીડર ઇન લેબર વેલ્ફેરની ખાલી પડેલી જગા જલ્દી પૂરવા માટે કાર્યાલયને સૂચવવામાં આવ્યું.)

૮૩. એન.સી.સી. ગુજરાત રાજ્યનાં ૧૫ સર્કલ કેડેટ કોરના લેફ્. કર્નલ કમાન્ડર શ્રી.ટી. આર. જેટલી તરફથી એન.સી.સી.ના ઑફિસર ટ્રેનિંગ યુનિટ યુ. ટી. ઓ. માટે પસંદ થયેલા વિદ્યાર્થીઓને શિયાળાની કે નાતાલની રજા દરમિયાન છ અઠવાડિયાંના તાલીમ શિબિરમાં જવાનું થાય ત્યારે તેમના રજાના દિવસો સિવાયના બીજા દિવસો કૉલેજમાંથી ગેરહાજર રહેવું પડે તે વાસ્તે તેમની હાજરી તે દિવસો પૂરતી ગણવા, વિનંતી કરતા આવેલા પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ શિબિર દિવાળીની રજાઓ સાથે યોજવા માટે એન.સી.સી.ના સત્તાવાળાઓને સૂચવવું.

૮૪. આફ્રિકામાં સરકારી જુનિયર સેકન્ડરી સ્કૂલોમાં નોકરી કરી આવતા ગુજરાતી ગ્રેજ્યુએટ અને અન્ડર-ગ્રેજ્યુએટ વિદ્યાર્થીઓને ટી.ડી.ના અભ્યાસક્રમમાં પ્રવેશ આપવા માટેના નિયમોમાં જોગવાઈ કરવા વાસ્તે ઑ. ૧૮૩માં સુધારો કરવાનું વિચારવા બાબત.

ઑ. ૧૮૩નો પાઠ નીચે મુજબ છે :

O. 183 :

No candidate shall be admitted to the examination for the Diploma in Teaching, unless he has passed—

(*a*) the Entrance Examination of this University or an examination recognised as equivalent thereto, and subsequently has obtained

teaching experience for a period of not less than three years in School* recognised by this University;

or

(*b*) the First Year (Pre-University) Examination in Arts, Science or Commerce of this University or any other University recognised by this University or Intermediate Arts Examination in Arts, Science or Commerce of a University or Examining Body (where the Pre-University Examination is not conducted) recognised as equivalent by this University.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના સૂચન પ્રમાણે ઑર્ડિનન્સ ૧૮૩ સુધારવા માટે ઘટતાં પગલાં લેવાં.

૮૫. નીચે દર્શાવિલી કૉલેજોએ જૂન ૧૯૬૦થી જોડાણ આપવા અંગે અરજી કરેલી જે પરત્વે મૂકવામાં આવેલી કેટલીક શરતોનું પાલન હજી સુધી થયું નથી અને તે કૉલેજોને જોડાણ આપવાની ભલામણ કરવાનું બની શકયું નથી તો તે અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ શરતોનું પાલન સેનેટના ઠરાવ અનુસાર તા. ૩૧-૫-૧૯૬૦ સુધીમાં થવું જોઈતું હતું).

કૉલેજનું નામ	વિષયો	નોંધ
૧. ડી. કે. વી. આર્ટસ અને સાયન્સ કૉલેજ, જામનગર.	બી.એસસી. ગણિત (મુખ્ય) અને ભૌતિકશાસ્ત્ર (ગૌણ)	જોડાણની શરતોના પાલન અંગે કૉલેજ તરફથી પત્ર નથી. ફકત સરકારને પગલાં લેવા અંગેની જાણ કર્યાની પત્રની નકલ મોકલી છે.
૨. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.	બી.એ. (રૂપે. અને જન.) અર્થશાસ્ત્ર, ગુજરાતી; બી.એ. (જન.) હિંદી, અંગ્રેજી, સંસ્કૃત વગેરે.	યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ અપનાવવા સિવાયની શરતોનું પરિપાલન થયું છે.
૩. શામળદાસ કૉલેજ, ભાવનગર.	બી.એ. હિન્દી (રૂપે.)	(,,)

*All Schools teaching the first three A. V. Standards (or the corresponding standards of the English teaching and European school) and recognized by the Educational Department, Bombay, the primary training Institutions recognized by the Educational Department of the Government of Bombay or the Indian State concerned and the Primary Training Institutions recognized by the Educational Department of the Government of Bombay and the Practising School attached to the Secondary Teachers Training College, Baroda, are approved by the Syndicate for the purpose of Ordinance 182.

Explanation.—Teaching done in Standards V to VII in the Primary Schools shall be considered qualifying teaching for the purposes of this Ordinance.

કૉલેજનું નામ	વિષયો	નોંધ
૪. આર. આર. લાલન કૉલેજ, ભૂજ.	બી.એ. (સ્પે.) ગુજરાતી અને અર્થશાસ્ત્ર; અને બી.એ. (જન.) અંગ્રેજી, ઇતિહાસ, સંસ્કૃત અને હિન્દી.	યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ અપનાવવા સિવાયની શરતોનું પરિપાલન થયું છે.
૫. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર.	બી.એડ.	(,,)
૬. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	બીજી અને ત્રીજી એમ.બી.બી.એસ.	નિમણૂકો કરવામાં આવી નથી અને સરકારને નિમણૂક કરવા લખાણ કર્યાની જાણ કરતો પત્ર કાર્યાલયને લખ્યો છે.
૭. એમ. એન. કૉલેજ, વિસનગર.	બી.એસસી. (મુખ્ય) ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, બોટેની અને ગણિત અને ઝૂલોજી (ગૌણ); અને બી.એ. (જન.) હિન્દી.	સરકારી કૉલેજ હોઈ યુનિ.નાં પગાર ધોરણ અપનાવવા સિવાયની શરતોનું પાલન થયું છે.
૮. એમ. એન. કૉલેજ, વિસનગર.	બી.એ. (સ્પે.) અંગ્રેજી	અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક તથા યુનિવર્સિટીનું પગાર-ધોરણ અપનાવવાની શરતોનું પાલન થયું નથી.
૯. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	બી.એસસી. (મુખ્ય) ગણિત, ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને ગણિત, ભૌતિકશાસ્ત્ર, બોટેની (ગૌણ); અને બી.એ. (જન.) હિન્દી અને સમાજ-શાસ્ત્ર.	શરતોના પરિપાલન અંગે કૉલેજ તરફથી કોઈ પત્ર નથી.
૧૦. એલ. એચ. સાયન્સ અને એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસા.	ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ.	ફક્ત ઇતિહાસના વ્યાખ્યાતાની નિમણૂક બાકી છે.
૧૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	મેન્ટલ હૉસ્પિટલની માન્યતા.	લેબોરેટરી ટેકનિશિયનની નિમણૂક તથા માનસિક રોગોના શિક્ષણની વ્યવસ્થા કરવી બાકી છે.
૧૨. શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકા.	ઇન્ટર આર્ટ્સ	લાયકાત ધરાવતી વ્યક્તિઓ હાજર ન થવાથી અંગ્રેજી, તર્કશાસ્ત્ર અને તાલીમ શિક્ષણ અંગે કામચલાઉ વ્યવસ્થા કરી છે.
૧૩. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ.	પ્રથમ વર્ષ (એગ્રિ.)	બોર્ડાણ અંગે હૉસ્ટેલ, ફર્નિચર વગેરે અંગેનું ખર્ચ તથા નિમણૂકો અને પગારધોરણની શરતોનું પરિપાલન બાકી છે.

સદરહુ રિપોર્ટની નોંધ લઈ નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

૧. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર.	સદરહુ કૉલેજની બાબતમાં, જોડાણની શરતોના પરિપાલન અંગેનો રિપોર્ટ કરવા કૉલેજના સત્તાવાળાઓને જણાવવું અને તે રિપોર્ટ આવ્યેથી આગળ પગલાં લેવાં.
૨. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.	યુનિવર્સિટીનાં પગારધોરણો અપનાવવા માટે રાજ્યસરકારને સૂચવવું તથા સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવી.
૩. સામળદાસ કૉલેજ, ભાવનગર.	યુનિવર્સિટીનાં પગારધોરણો અપનાવવા માટે રાજ્યસરકારને સૂચવવું તથા સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવી.
૪. આર. આર. લાલન કૉલેજ, ભુજ.	યુનિવર્સિટીનાં પગારધોરણો અપનાવવા માટે રાજ્યસરકારને સૂચવવું તથા સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવી.
૫. આર. જી. ટીચર્સ કૉલેજ, પેટલાદ.	યુનિવર્સિટીનાં પગારધોરણો અપનાવવા માટે રાજ્યસરકારને સૂચવવું તથા સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવી.
૬. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	સદરહુ કૉલેજની બાબતમાં જોડાણની શરતોના પરિપાલન અંગેનો રિપોર્ટ કરવા કૉલેજના સત્તાવાળાઓને જણાવવું અને તે રિપોર્ટ આવ્યેથી આગળ પગલાં લેવાં.
૭. એમ. એન. કૉલેજ, વિસનગર,	યુનિવર્સિટીનાં પગારધોરણો અપનાવવા માટે રાજ્યસરકારને સૂચવવું તથા સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવી.
૮. એમ. એન. કૉલેજ, વિસનગર,	આગામી નવેમ્બર માસમાં નવું સત્ર શરૂ થાય તે પહેલાં અંગ્રેજીના વ્યાખ્યાતાની નિમણૂક કરી રિપોર્ટ કરવા કૉલેજના સત્તાવાળાઓને જણાવવું તથા યુનિવર્સિટીનાં પગારધોરણો અપનાવવા માટે રાજ્યસરકારને સૂચવવું અને સદરહુ કૉલેજને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવી.
૯. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ.	સદરહુ કૉલેજનો, શરતોના પરિપાલન અંગેનો રિપોર્ટ આવ્યાની શ્રી. રજિસ્ટ્રારે જાણ કરી. તે પછી તેને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું.
૧૦. એલ.એચ. સાયન્સ ઇન્ટર આર્ટ્સ અને એસ.ડી. આર્ટ્સ સાયન્સ કૉલેજ, માણસા.	સદરહુ કૉલેજને ઇતિહાસના વ્યાખ્યાતાની નિમણૂક, આગામી સત્ર નવેમ્બર માસમાં શરૂ થાય તે પહેલાં કરીને રિપોર્ટ કરવા જણાવવું, તથા તેને જોડાણ આપવા માટે રાજ્યસરકારને ભલામણ કરવી.

૧૧. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	સદરહુ કૉલેજની બાબતમાં, જોડાણની શરતોના પરિપાલન અંગેનો રિપોર્ટ કરવા કૉલેજના સત્તાવાળાઓને જણાવવું અને તે રિપોર્ટ આવ્યેથી આગળ પગલાં લેવાં.
૧૨. શ્રી. શારદાપીઠ ઇન્ટર આર્ટ્સ કૉલેજ, દ્વારકા.	આ બાબત, નીચે નં. ૮૬માં આવે છે, તેથી તે અંગેની તેની નોંધ ત્યાં બતાવવામાં આવી છે.
૧૩. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢ.	સદરહુ કૉલેજની, બાબતમાં, જોડાણની શરતોના-પરિપાલન અંગેનો રિપોર્ટ કરવા કૉલેજના સત્તાવાળાઓને જણાવવું. અને તે રિપોર્ટ આવ્યેથી આગળ પગલાં લેવાં.

૮૬. શ્રી. શારદાપીઠ આર્ટ્સ કૉલેજ, દ્વારકાને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતો પૈકી નીચેની શરતોના પરિપાલનના હેવાલ પર વિચારણા કરવા બાબત.

(નોંધ.—(૧) અંગ્રેજીના વિષય માટે લાયકાત ધરાવતી વ્યક્તિ ધ્યાખ્યાતા તરીકે ન મળી શકવાથી એમ.એ. પાસ વર્ગ ધરાવતા મિસ જે. ડી. જોશીની નિમણૂક કરી. છે.

(૨) તર્કશાસ્ત્ર, માનસશાસ્ત્ર અને જગતના ધર્મો માટે લાયકાત ધરાવતી વ્યક્તિની રૂ. ૨૪૦ના પગારથી નિમણૂક કરવામાં આવેલી જે ન જોડાવાથી શ્રી. એમ. જી. ભાયાની એમ.એ. પાસ વર્ગની નિમણૂક કરી છે.

(૩) લાયકાત ધરાવતા તાલીમ શિક્ષકની રૂ. ૧૨૦ના પગારથી નિમણૂક કરવામાં આવેલી જે ન જોડાવાથી સ્કૂલમાં તાલીમ આપતા શિક્ષકની કામચલાઉ નિમણૂક કરી છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને જણાવવું કે, જોડાણ માટેની શરતોનું પરિપાલન થયાનો રિપોર્ટ આવશે તે પછી જ જોડાણ ચાલુ રાખવાની તેમની અરજી ઉપર વિચારણા કરવાનું બની શકશે.

૮૭. કલોલ તાલુકા કેળવણી મંડળ, કલોલ, તરફથી કલોલ મુકામે જૂન ૧૯૬૧થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ.

૮૮. શ્રી. આર્યસમાજ, જામનગરના સંચાલન હેઠળ જામનગર ખાતે જૂન ૧૯૬૧થી શરૂ કરાનાર આર્ટ્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે મંત્રીશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ સી. એન. પટેલ;
૨. ડૉ. જે. એસ. જેટલી.

૯૯. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાતને ઇન્ટર આર્ટ્સ સુધીના વિષયો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (સ્પે. અને જન.) ગુજરાતી, સંસ્કૃત, માનસશાસ્ત્ર, અર્થશાસ્ત્રના સિદ્ધાંતો અને હિંદી; તથા બી.એ. (જન.) પર્શિયન, ઇતિહાસ, ઉર્દૂ અને અંગ્રેજીના વિષયો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ પ્રેમશંકર હ. ભટ્ટ;
૨. પ્રિન્સિપલ પી. જી. માવળંકર.

૯૦. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદને બી.એડ. તથા ટી.ડી.ના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ;
૨. પ્રિન્સિપલ એચ. ઈ. હર્ષામ.

૯૧. પીપલ્સ ન્યૂ એજ્યુકેશન સોસાયટી, અમદાવાદના સંચાલન હેઠળ અમદાવાદ ખાતે જૂન ૧૯૬૧થી શરૂ કરાનાર આર્ટ્સ અને કૉમર્સ કૉલેજને બી.એ. સુધીના અભ્યાસક્રમો તથા ઇન્ટર કૉમર્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે મંત્રીશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ કે. એલ. દેસાઈ;
૨. પ્રિન્સિપલ એ. આર. દેસાઈ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં નવી કૉલેજો શરૂ કરવા વાસ્તે જોડાણ માટેની જે અરજીઓ આવી છે, તે અરજીઓના સંદર્ભમાં, કયા કયા સ્થળે કૉલેજની ખરેખર જરૂર છે તે અંગે વિચારણા કરીને રિપોર્ટ આપવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી:

૧. ડૉ. વિક્રમ સારાભાઈ—કન્વીનર;
૨. શ્રી. ઝીણાભાઈ ર. દેસાઈ;
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ;
૪. શ્રી. જયંતિલાલ દલાલ.

વધુમાં, આ સમિતિને સૂચવવું કે, અમદાવાદ શહેરમાં વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોની જરૂરિયાત તથા અમદાવાદના વિસ્તારની બહાર એ કૉલેજોની જરૂરિયાત શી છે તે બાબતમાં પણ તેણે વિચારણા કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિનો રિપોર્ટ આવે તે પછી આજની સભામાં જે જુદી જુદી સ્થાનિક તપાસસમિતિઓ નીમવામાં આવી છે, તેમને પોતાનું કામકાજ કરવા માટે જણાવવું.

૯૨. શ્રી. એ. એચ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય, સુરતને પ્રથમ, બીજી અને ત્રીજી બી.એ.એમ.એસ. પરીક્ષાના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે શ્રી. તાપી બ્રહ્મચર્યાશ્રમ સભા, સુરતના પ્રમુખશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ વલ્લભરામ વી. વૈદ્ય;
૨. ડૉ. પ્રાણજીવનદાસ મા. મહેતા;
૩. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ.

૯૩. રામભા ગ્રેજ્યુએટ ટીચર્સ કૉલેજ, પોરબંદરને બી.એડ.ના વર્ગમાં વધુ ત્રીસ વિદ્યાર્થીઓ દાખલ કરવા પરવાનગી આપવા અંગે આચાર્યશ્રીની વિનંતી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજને વધુ ૩૦ વિદ્યાર્થીઓ દાખલ કરવા માટે પરવાનગી આપવી, તથા તે અંગે જરૂરી શિક્ષકો તથા બીજી સગવડો ઊભી કરવા માટે કૉલેજના આચાર્યને જણાવવું.

આ પછી બાબત નં. ૧૦૧ની વિચારણા કરવામાં આવી, અને નીચે મુજબ ઠરાવવામાં આવ્યું :

નોંધ.—નીચેની બાબતો ક્રમાંક ૯૪થી ૧૦૦ની વિચારણા કરવામાં આવી ન હતી.

૯૪. દિલ્હી મુકામે ડિસેમ્બર ૨૯થી ૩૧ દરમિયાન યોજાનાર "ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉન્ગ્રેસ એસોસિયેશન"ના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના સહમંત્રી તરફથી આવેલ તા. ૨૫મી જુલાઈ ૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

૯૫. એમ.બી.બી.એસ.ની પરીક્ષા માટે કન્ડેન્સ્ડ કોર્સ દાખલ કરવા અંગે મેડિકલ કાઉન્સિલ આફ ઇન્ડિયાએ કરેલા ઠરાવ ઉપર મજકૂર ફૅકલ્ટીએ વિચારણા કરી તે ઠરાવની નકલ સંલગ્ન કૉલેજોમાં મોકલી આપવા ઠરાવ્યું તે અનુસાર એમ. પી. શાહ મેડિકલ કૉલેજના ડીન તરફથી આવેલ પત્ર અંગે વિચારણા કરી મેડિકલ ફૅકલ્ટીએ તેની તા. ૨૨/૨૩-૬-૧૯૬૦ની સભામાં કરેલી નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

"This faculty considered the suggestion made by the Medical Council of India to introduce the condensed M.B.B.S. course and resolved unanimously that it is not possible to undertake this course by any of the affiliated colleges of this University under the present circumstances."

૯૬. યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓનું કામકાજ કરવામાં યંત્રનો ઉપયોગ કરવા અંગે અને તે બાબતમાં આઈ. સી. ટી. પ્રાઇવેટ લિમિટેડ કું. તરફથી આવેલ યોજના તથા ખર્ચના અંદાજ વગેરે તપાસી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૬-૯-૧૯૬૦ની સભામાં જે સમિતિ નીમી હતી તે સમિતિની તા. ૫-૮-૧૯૬૦ની સભાના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

૯૭. માર્ચ-એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓએ ગેરવાજબી કલાકો અજમાવ્યા હતા તેમના કેસો ઉપર વિચારણા કરવા તા. ૧-૬-૧૯૬૦ના રોજ મળેલ પરીક્ષાશુદ્ધિ સમિતિની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત :

ભલામણ

"આથી આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે નીચેની અનુસ્નાતક પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓએ અનુસ્નાતક પરીક્ષા દરમિયાન ગેરરીતિઓ આજમાવી હોવાથી અને તેમણે આ યુનિવર્સિટીના સ્નાતકને અનુરૂપ વર્તન દાખવ્યું ન હોવાથી તે પ્રત્યેકને હવે કોઈ પણ અનુસ્નાતક અભ્યાસક્રમમાં કે પરીક્ષામાં પ્રવેશ આપવો નહિ :

પરીક્ષાનું નામ	વિદ્યાર્થી નંબર
એમ.એ.	૨૪૨
એમ.એસસી.	૮૭
એમ.એસસી.	૧૦૭
પ્રથમ એલએલ.બી.	૫૩૬
બીજી એલએલ.બી.	૨૭૮

૯૮. આ યુનિવર્સિટીની લેવાનાર પરીક્ષાઓમાં નેત્રહીન વિદ્યાર્થીઓને લહિયા અને નિરીક્ષકના ખર્ચમાં તથા પરીક્ષા ફી બાબતમાં રાહત આપવા વારતે અમદાવાદ શાખાના અંધજન મંડળ તરફથી આવેલ તા. ૨૦-૬-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૯૯. સેન્ટ્રલ સંસ્કૃત બૉર્ડ, દિલ્હીએ તેમની માર્ચ ૧૯૬૦ની બેઠકમાં કરેલ ઠરાવ અનુસાર ગુજરાત યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષયનું અનુસ્નાતક વિદ્યાભવન ખોલવા યુનિવર્સિટી વિચારે છે કે કેમ તે પુછાવતા યુનિવર્સિટી ગ્રાન્ટસ કમિશનના તા. ૨૬-૩૦ જુલાઈ ૧૯૬૦ના પત્રાંક એફ. ૫૬-૨૫-૬૦ (એચ) પરત્વે વિચારણા કરવા બાબત.

૧૦૦. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભવન તરફથી "સ્ટડી ટૂર" પર લઈ જવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓને તેમના ત્રીજા વર્ગના જવા-આવવાના મુસાફરી ભાડામાં રાહત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીઓને ભાડામાં ૫૦ ટકા રાહત આપવાનું પ્રો. ચિનોયનું સૂચન છે.)

૧૦૨. ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પગાર, મોંઘવારી વગેરે માગણીઓ સંબંધમાં મુંબઈ રાજ્ય સરકારે નીમેલી ઔદ્યોગિક અદાલતના ચુકાદા પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચુકાદા (award)નો અમલ કરવા વારતે ઉપકુલપતિશ્રીને જરૂરી તમામ સત્તા આપવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચુકાદામાંથી ઊભા થતા બીજા સવાલોની વિચારણા માટે આ બાબત ફરીથી સિન્ડિકેટ સમક્ષ રજૂ કરવી.

(સદરહુ ચુકાદા (award)ની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૧૦૨. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨ પછી કરવામાં આવી હતી, અને તેની નોંધ તે જગ્યાએ આપવામાં આવેલી છે.

આ પછી, નીચેની બાબતો હાથ ધરવામાં આવી, કારણ કે બાકીની બાબતો સમયના અભાવે હાથ ધરી શકાઈ નહોતી.

નોંધ.—નીચેની બાબતો ક્રમાંક ૧૦૩ અને ૧૦૪ની વિચારણા કરવામાં આવી ન હતી.

૧૦૩. સને ૧૯૫૮-૫૯ના વર્ષ આખરે અર્ચ કરતાં આવકનો વધારો રૂા. ૮,૯૬,૦૯૩·૯૯ રહેલ છે તો આ રકમમાંથી (Funded provision) ફન્ડેડ પ્રોવિજન ઊભા કરવા બાબત.

૧૦૪. ગુજરાત યુનિવર્સિટીના જૂના અને નિરુપયોગી પ્રકાશનો નો નાશ કરવા અંગે નિયમો કરવા બાબત.

૧૦૫. ફાઇનાન્સ કમિટીની તા. ૧૮-૮-૧૯૬૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૧૦૬. બાંધકામ સમિતિની તા. ૧૯-૮-૧૯૬૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.)

નોંધ.—નીચેની બાબતો ક્રમાંક ૧૦૭ અને ૧૦૮ની વિચારણા કરવામાં આવી ન હતી.

૧૦૭. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ટૂરિસ્ટ એસોસિયેશન ઉપર યુનિવર્સિટીને માનદ સભ્ય તરીકે લેવાની છે તેથી તેની ઉપર યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

**૧૦૮. કોલેજોમાં થતી તબીબી તપાસ માટે જે લાયકાતનું ધોરણ ઠરાવેલું છે તેમાં ડી.એ.એસ.એફ. તથા એની સમાન પદવીને પણ ઉમેરવા બાબતના ચીફ મેડિકલ ઑફિસર

તથા મેડિકલ ફેકલ્ટીના ડીનના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—તા. ૭-૨-૧૯૫૩ની સભામાં સિન્ડિકેટે નીચે મુજબનું ધોરણ ઠરાવેલું છે:

"આવી નિમણૂક માટે લાયકાતનું ધોરણ ઓછામાં ઓછું એમ.બી.બી.એસ. ગણવું. એમ.બી.બી.એસ. ન મળે ત્યાં ૨૦ વર્ષના અનુભવી એલ.સી.પી.એસ.ને લઈ શકાય. કોઈ સંસ્થામાં એલ.સી.પી.એસ. દાક્તર પહેલેથી જોડાયેલા હોય તો તેમને લાયક ગણવા."

આ ધોરણ મુજબ પ્રિન્સિપલ દાક્તરોનાં નામ સૂચવે છે અને સિન્ડિકેટના આદેશ મુજબ મેડિકલ ફેકલ્ટીના ડીન તથા ચીફ મેડિકલ ઑફિસર મળી નિમણૂક કરે છે.)

૧૦૯. બોર્ડ ઑફ સાયન્ટિફિક એન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચની મેટલ કમિટીના આશ્રયે જમશેદપુર મુકામે તા. ૧૬ અને ૧૭ ઑગસ્ટ ૧૯૬૦ના રોજ મળનાર "કોરોઝીન ઑફ મેટલ્સ" અંગેની પરિષદમાં યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. એ. એમ. ત્રિવેદીને મોકલ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

નોંધ.—નીચેની બાબતો ક્રમાંક ૧૧૦થી ૧૧૨ની વિચારણા કરવામાં આવી ન હતી :

૧૧૦. આચાર્યશ્રી અ. ક. ત્રિવેદી તરફથી આવેલ તા. ૧૯-૬-૧૯૬૦ના પત્રમાં પરીક્ષકોની યાદી બોર્ડ પોતે તૈયાર કરી આપે તે મતલબના સૂચન ઉપર તેમ જ તેઓશ્રીના તા. ૧૯-૭-૧૯૬૦ના પત્રમાં ગુજરાતી જાણનારને જ પરીક્ષક તથા પ્રાશ્નિક નીમવા અંગેના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

૧૧૧. ઉત્તરવહીઓ છાપવાની પદ્ધતિ તેમ જ તેના વિતરણ અંગેની વ્યવસ્થા બાબતની કાર્યાલયની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

૧૧૨. પંચવર્ષીય યોજનામાં સમાવિષ્ટ થયેલ ફરખાસ્તો અંગેના ખર્ચ તેમ જ નિભાવ અંગેની નીતિ બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના મંત્રી તરફથી આવેલ તા. ૨૭/૨૯-૭-૧૯૬૦ના પત્રાંક એફ. ૩૩-૬૮-૬૦ (સીયુપી) પરત્વે વિચારણા કરવા બાબત.

૧૧૩. ભારત સરકારના એટોમિક એનર્જી વિભાગમાંથી આવેલા તા. ૭-૬-૧૯૬૦ના પત્રાંક ૧૬-૧-૧૯૬૦(ટેક.)આઈમાં જણાવ્યા પ્રમાણે તેમના તરફથી આ યુનિવર્સિટીને ફાળવવામાં આવેલ ભૌતિકવિજ્ઞાન અને રસાયણવિજ્ઞાન માટેની બે શિષ્યવૃત્તિઓ માટે ધરણી-સમિતિ પર તેમના તરફથી નિમાયેલ સભ્યો સાથે કામ કરવા આપણી યુનિવર્સિટી તરફથી સભ્યો નીમવા બાબત પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચે જણાવેલા સભ્યોને નીમવા :

૧. ડૉ. કે. આર. રામનાથન્;
૨. પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઈ.

૧૧૪. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદરના બી.એડ. વર્ગમાં પ્રવેશ માટે શ્રીમતી બી. એમ. ઓઝાની અરજી.

(**નોંધ.**—ઑ. ૧૮૬ પ્રમાણે વિદ્યાર્થીએ પાર્ટ ૨ની પરીક્ષા આપતી વખતે ૧૦૦ દિવસ સુધી પૂરા સમયના શિક્ષક તરીકે કામ કર્યા બાબતનું પ્રમાણપત્ર રજૂ કરવું જોઈએ. પૂર્વ-સ્નાતક શિક્ષક તરીકે વિદ્યાર્થીએ માન્ય શાળામાં અભ્યાસક્રમમાં દાખલ થતાં પહેલાં ત્રણ વર્ષ શિક્ષક તરીકે કામ કર્યું હોય તો તેવા પ્રમાણપત્રની જરૂર રહે નહિ.

આ બહેને ગુજરાત રાજ્યની બહારની કરાંચી અને પૂર્વ આફ્રિકાની શાળાઓમાં કામ કર્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રીમતી બી. એમ. ઓઝાને, અપવાદ તરીકે બી.એડ.ના વર્ગમાં પ્રવેશ આપવો.

૧૧૫. સમાજવિદ્યા ભવનમાં ખાલી પડેલ રીડર કમ લેક્ચરર વેલ્ફેરની જગા માટેની વરણી સમિતિની ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

(ગઈ સમિતિમાં સિન્ડિકેટે નીમેલા સભ્યો નીચે પ્રમાણે હતા :

૧. પ્રો. એ. આર. વાડિયા;
૨. શ્રી. એન. એચ. શેખ;
૩. શ્રી. જયકૃષ્ણ હરિવલ્લભદાસ.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ વરણીસમિતિ ઉપર નીચે જણાવેલા સભ્યોને સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીમવા :

૧. પ્રોફેસર એ. આર. વાડિયા;
૨. શ્રી. એન. એચ. શેખ;
૩. શ્રી. જયકૃષ્ણ હરિવલ્લભદાસ

નોંધ.—નીચેની બાબતો ક્રમાંક ૧૧૬ થી ૧૨૧ની વિચારણા કરવામાં આવી ન હતી.

૧૧૬. નીચે દર્શાવેલા સભ્યોનો તેઓનાં નામ સામે દર્શાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોવાથી તેઓને કાયમ કરવા બાબત.

(તેઓના કામનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

૧.	શ્રી. આર્ય. વી. ત્રિવેદી	ક્લાર્ક,	સામાન્ય વિભાગ	૧૮-૬-૧૯૬૦
૨.	,, કે. એસ. પટેલ	,,	પરીક્ષા 'અ' વિભાગ	૨૦-૬-૧૯૬૦
૩.	,, સી. કે. પટેલ	,,	ગ્રંથાલય	૧૬-૬-૧૯૬૦
૪.	,, આર. સી. પટેલ	લેક્ચરર,	સમાજવિદ્યા ભવન	૧૦-૬-૧૯૬૦
૫.	,, આર. બી. પટેલ	કૉમ્પોઝિટર,	યુનિવર્સિટી પ્રેસ	૨૧-૬-૧૯૬૦
૬.	,, કે. એલ. પટેલ	,,	,,	૨૧-૬-૧૯૬૦
૭.	,, એલ. એચ. આહુજા	,,	,,	૨૧-૬-૧૯૬૦
૮.	,, એન. એસ. સતવારા	,,	,,	૨૫-૬-૧૯૬૦

૧૧૬. યુનિવર્સિટી સમાજવિદ્યા ભવનમાં લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ તરીકે કામ કરતા શ્રી. એસ. એસ. શાહનો અજમાયશી સમય તા. ૧૪-૨-૧૯૫૮ના રોજ પૂરો થયેલ હોઈ તેઓને કાયમ કરવા બાબત.

(તેઓના કામનો બાનગી અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવશે.)

૧૧૮. યુનિવર્સિટીમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. એચ. રંગપુરીનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને બાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો આપવા બાબત.

૧૧૯. ગુજરાત કેળવણી ટ્રસ્ટ અમદાવાદ તરફથી અમદાવાદ બાતે જૂન ૧૯૬૧થી આર્ટ્સ વિભાગ સહિતની લા કોલેજને ઇન્ટર આર્ટ્સ સુધીના અભ્યાસક્રમો તથા લા પ્રીલિમિનરી, પ્રથમ અને દ્વિતીય એલએલ.બી.ના અભ્યાસક્રમો શીખવવા સારુ જોડાણ આપવા અંગે ટ્રસ્ટના મુખ્ય ટ્રસ્ટી તરફથી તા. ૧૯-૮-૧૯૬૦ની આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

૧૨૦. સર પી. ટી. સાયન્સ કૉલેજ અને એસ. કે. એન્ડ એસ. એમ. આર્ટ્સ કૉલેજ, મોડાસાને ઇન્ટર આર્ટ્સ ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે ચાલુ જોડાણ તથા બી.એ. (સ્પે.)માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અર્થશાસ્ત્ર અને ગણિતશાસ્ત્ર તથા બી.એ. (જન.)માં ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી, અર્થશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર, ઇતિહાસ, પુરાણી ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ મેળવવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત.

૧૨૧. તા. ૨૨-૮-૧૯૫૩ની સિન્ડિકેટની બાબત નં. ૧૮માં વ્યાયામ શિક્ષકની ઓછામાં ઓછી લાયકાતના ધોરણમાં મધ્યસ્થ સરકાર સંચાલિત લક્ષ્મીબાઈ કૉલેજના શારીરિક શિક્ષણની પદવીનો સમાવેશ કરવા વાસ્તે તે નિયમને નીચે પ્રમાણે સુધારવા બાબત :

ઠરાવ

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ ઇન્સ્ટ્રક્ટરની લાયકાત માટે નીચેનું ધોરણ નક્કી કરવું :

૧. તેઓ કાયદાથી સ્થપાયેલ યુનિવર્સિટીના સ્નાતક હોવા જોઈએ.

૨. તેઓ કાંદીવલી ઇન્સ્ટિટ્યૂટ અથવા તો મદ્રાસ વાય.એમ.સી. એના લોંગઢમ ડિપ્લોમા ધરાવતા હોવા જોઈએ.

અથવા

તેઓ મધ્યસ્થ સરકાર સંચાલિત લક્ષ્મીબાઈ કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન, ગ્વાલિયરના શારીરિક શિક્ષણમાં સ્નાતક થયેલા હોવા જોઈએ.

૧૨૨. નીચેના સભ્યોને તેઓનાં નામ સામે દર્શાવેલ વિદ્યાશાખા એનાયત કરવાન અંકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ બાબત:

સભ્યનું નામ	વિદ્યાશાખા
૧. ચીફ જસ્ટીસ શ્રી. એમ. ટી. દેસાઈ	કાયદો
૨. શ્રી. એમ. ડી. રાજપાલ, ડાયરેકટર ઑફ એજ્યુકેશન	વિજ્ઞાન
૩. ડૉ. એમ. જે. શાહ, સર્જન-જનરલ વિથ ધી ગવર્નમેન્ટ ઑફ ગુજરાત	તબીબી
૪. ડૉ. એમ. ડી. પટેલ, ડાયરેકટર ઑફ એગ્રિકલ્ચર, ગુજરાત રાજ્ય	કૃષિ
૫. શ્રી. સી. બી. પટેલ, ડાયરેકટર ઑફ ઇન્ડસ્ટ્રીઝ, ગુજરાત રાજ્ય	વિજ્ઞાન
૬. શ્રી. યુ. જે. ભટ્ટ, ચીફ એન્જિનિયર, ગુજરાત રાજ્ય	ઇજનેરી
૭. શ્રી. હરિસિંહ, ચીફ કૉન્ઝરવેટર ઑફ ફૉરેસ્ટ	કૃષિ
૮. શ્રી. અકબરઅલી અમીજી જસદણવાલા, એમ.એલ.એ.	વિનયન
૯. ડૉ. અજિતશંકર માનશંકર ઓઝા	તબીબી
૧૦. શ્રી. શિવાભાઈ ગોકળદાસ પટેલ	વિનયન
૧૧. શ્રી. નાથાલાલ અમથાલાલ શાહ	વિનયન
૧૨. શ્રી. દુર્ગાશંકર ઉદયરામ શુકલ	વિનયન
૧૩. શ્રી. ઠાકોરલાલ શ્રીપતરાય ઠાકોર	વિજ્ઞાન

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટના ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવે વિદ્યાશાખામાં મૂકવા. (ફેકલ્ટી assign કરવી.)

નોંધ.—નીચેની બાબત ક્રમાંક ૧૨૩ અને ૧૨૪ની વિચારણા કરવામાં આવી ન હતી.

૧૨૩. એમ.બી.બી.એસ.ની પરીક્ષા અંગેના ઑ. ૨૫૮માં જણાવેલું છે કે પ્રથ એમ.બી.બી.એસ.ની પરીક્ષાનો અભ્યાસક્રમ ૩½ વર્ષનો છે અને ઑ. ૨૫૯માં જણાવેલું કે આ અભ્યાસક્રમ બે વર્ષનો છે તો ઑ. ૨૫૯માં બે વર્ષને બદલે દોઢ વર્ષ કરવા તથ આ સુધારો જૂન ૧૯૫૯માં જે વિદ્યાર્થીઓ પ્રથમ એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમમાં દાખ થયા હોય તેમને લાગુ પાડવા અંગે વિચારણા કરવા બાબત.

૧૨૪. ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન ડૉ. જીવરાજ મહેતાએ કુલપતિશ્રીને લખેલ તા. ૬-૮-૧૯૬૦નો પત્ર.

૧૨૫. ઑક્ટોબર ૧૯૬૦માં લેવાનાર આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ મ પરીક્ષકો તેમ જ પ્રાશ્નિકોની નિમણૂક બાબતમાં જે તે પરીક્ષા સમિતિઓની ભલામણ પ અંકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં કરવામાં આવેલ ભલામણો પ વિચારણા કરવા બાબત. (એ ભલામણોની નકલ બાનગી રીતે જુદી મોકલવામાં આવી છે.)

૧૯૬૦ના ઑક્ટોબરમાં લેવાનારી જુદી જુદી પરીક્ષાઓ માટે પરીક્ષકો તેમ જ પ્રાશ્નિકો નિમણૂકો, સભામાં સૂચવેલા સુધારા-વધારા સાથે મંજૂર કરવામાં આવી.

મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ સામેલ કરવામાં આવી નથી.

નોંધ.—નીચેની બાબત નં. ૧૨૬થી ૧૪૪ સુધીની વિચારણા કરવામાં આવી ન હતી.

૧૨૬. સને ૧૯૬૦ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલ પરીક્ષાઓમાં આ સાથેની યાદીમાં જણાવેલા વિદ્યાર્થીઓનાં પરિણામો સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૧૨૭. એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૪૬૧ની અરજી પર વિચારણા કરવા બાબત.

૧૨૮. તા. ૧૬-૭-૧૯૬૦ના રોજ બાબત નં. ૬૩થી નીમવામાં આવેલ સમિતિનો રિપોર્ટ.

૧૨૯. આગામી બી.એડ., પાર્ટ ૨ની પરીક્ષા માટે અમદાવાદ અને પોરબંદર કેન્દ્ર માટે જુદું જુદું પરીક્ષકમંડળ નીમવાની પ્રથાને બદલે એક જ પરીક્ષકમંડળ નીમવું કે જેથી પરીક્ષાના કામકાજમાં સમકક્ષા જળવાઈ રહે અને તેમ કરવા માટે લેખિત અને પ્રાયોગિક પરીક્ષાના કાર્યક્રમોમાં જરૂરી ફેરફારો કરવાના સૂચનવાળા પ્રિ. એલ. આર. દેસાઈના તા. ૧૦-૮-૧૯૬૦ના કાગળ ઉપર વિચારણા કરવા બાબત.

૧૩૦. આ યુનિવર્સિટીની વિનયન વિદ્યાશાખામાં બી.એ.ની પદવી પરીક્ષા સુધીની પરીક્ષાઓ માટે બહારના (એકસ્ટર્નલ) વિદ્યાર્થીઓને નોંધવા માટેના ઑર્ડિ.માં મુંબઈ રાજ્યમાં રહેતા બિનગુજરાતી વિદ્યાર્થીઓને નોંધવાની જોગવાઈ છે તે બાબતમાં જૂના મુંબઈ રાજ્યનું વિભાજન થતાં હવે મજકૂર ઑર્ડિનન્સમાં શો સુધારો કરવો તે અંગે વિચારવા બાબત.

નોંધ.—હાલના ઑ. ૧૭૪(અ) (*ii*)નો પાઠ નીચે મુજબ છે :

Others (i.e., whose mother-tongue is not Gujarati) living continuously for a period of at least six months immediately preceding the date of their registration in the Bombay State provided that Army Educational Corps personnel are exempted from the condition about residential qualifications.

૧૩૧. જુદી જુદી અભ્યાસસમિતિઓએ રેફરીઓની નિમણૂક અંગે કરેલી ભલામણો, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાએ બહાલી આપી છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

અ) મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩૦-૬-૧૯૬૦ની સભાની ભલામણ :

"નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે દર્શાવેલ વિષય અંગે આવેલ મહાનિબંધ માટે દરેક નામની સામે બતાવેલ રેફરીની ક્રમાનુસાર નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

૧. શ્રી. આર. પી. ભડકે	પીએચ. ડી.	સાયકોલોજી ઇન ઇન્ટરનેશનલ પ્રોબ્લેમ.	ડૉ. થાઉસેલ, રીડર ઇન એજ્યુકેશન સાયકોલોજી, યુનિવર્સિટી ઑફ કેમ્બ્રિજ, કેમ્બ્રિજ, યુ. કે. અથવા

				ડૉ. એસ. કે બોઝ, યુ. એન. ઈ. એસ. એસ. ઓ. રિસર્ચ સેન્ટર, પોસ્ટ બોક્સ નં. ૨૪૨, કલકત્તા.
૨.	શ્રી. એ. એસ. પ્રભુદેસાઈ	પીએચ. ડી.	સાયકોલોજિકલ લાઈટ ઑન લિટરેચર એન્ડ લિટરરી ક્રિટિસિઝમ.	ડૉ. એ. યુ. વસાવડા. મહારાજા કૉલેજ, જયપુર. અથવા ડૉ. એસ. ભલોટા, પ્રો. ઑફ સાયકોલોજી, પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ.
૩	મિસ યુ. જે. શાહ	એમ. એ.	લેડી રટ્ડન્ટસ એટિટ્યૂડઝ ડ્યુરિંગ ધી કૉલેજ ઇયર્સ.	ડૉ. જી. ડી. બોઝ, પ્રો. ઑફ સાયકોલોજી, એક્ઝામિનેશન હૉલ, મરીના, મદ્રાસ–૫. અથવા ડૉ. એસ. વી. કાલે. રીડર ઇન સાયકોલોજી, યુનિ. ઑફ બોમ્બે, મુંબઈ–૧.

ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૦–૮–૧૯૬૦ની સભાની ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણુક કરવી."

(બ) વનસ્પતિ વિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૦–૫–૧૯૬૦ની સભાની ભલામણ.

ભલામણ

આથી આ અભ્યાસસમિતિ ઍકૅડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચે જણાવેલા વિદ્યાર્થીના નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય સંબંધમાં આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની નિમણુક કરવી :

શ્રી. એમ. કે. ત્રિવેદી	એમએસસી.	બોટાની ધી એમ્બ્રયોલોજિકલ સ્ટડીઝ ઑફ ફ્લાવરિંગ પ્લાન્ટસ.	પ્રો. પી. મહેશ્વરી, પ્રોફેસર ઑફ બોટાની, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી. અથવા ડૉ. બી. એન. બેહરી, રીડર ઇન બોટાની, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી.

ઍકૅડેમિક કાઉન્સિલની તા. ૨૦–૮–૧૯૬૦ની સભાની ભલામણ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓના તેમના નામ

સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

(ક) માયક્રોબાયોલોજીની અભ્યાસસમિતિની તા. ૨૨-૨-૧૯૬૦ની સભાની ભલામણ.

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય અંગે આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. એન. સુબ્રમન્યમ	એમ.એસસી.	માયક્રોબાયોલોજી ઑય એન્ડ રપરલેશન ઑફ સમ ઈન્ડસ્ટ્રિયલ ઈમ્પોરટન્ટ સ્ટ્રેપ્ટોમાઇસીસ.	ડૉ. એફ. ફરેનાન્ડીઝ, શીબા ફાર્માસ્યુટિકલ પ્રા. લી., ઠક્કરબાપા રોડ, મુંબઈ-૧. અથવા ડૉ. વાય. એમ. ક્રોઈટાસ. હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ ઑફ માયક્રોબાયોલોજી, સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ-૧.

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની ભલામણ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

(ડ) કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ:

"નીચે જણાવેલા વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ પદવી તથા મહાનિબંધ માટે વિદ્યાર્થીના નામ સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ભલામણ કરેલા રેફરીનું નામ
૧. શ્રી. પી. આર. ચઠાણ	એમ.એસસી.	*Chemistry* Synthesis of Organosulphur Compounds	ડૉ. જી. બી. નાઇક, સુભદ્રા મહલ, ગોખલે રોડ (નોર્થ), દાદર, મુંબઈ. અથવા ડૉ. જી. આર. ગોખલે, પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી, જયા નિવાસ, પાંચમો રસ્તો, ઘાટકોપર, મુંબઈ.
૨. શ્રી. એસ. પી. ખસાદિયા	એમ.એસસી.	*Chemistry* Synthesis of thiazolidones and thoureas.	ડૉ. કે. એસ. નારગુંડ, પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી, પારલે કૉલેજ, વિલેપારલે, મુંબઈ. અથવા ડૉ. એસ. એમ. શેઠના, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા.

૨૦. યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓનું કામકાજ કરવામાં યંત્રનો ઉપયોગ કરવા અંગે અને તે બાબતમાં આઈ. સી. ટી. પ્રાઇવેટ લિમિટેડ કું. તરફથી આવેલ યોજના તથા ખર્ચના અંદાજ વગેરે તપાસી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૬-૯-૧૯૬૦ની સભામાં જે સમિતિ નીમી હતી તે સમિતિની તા. ૫-૮-૧૯૬૦ની સભાના રિપોર્ટ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૫-૮-૧૯૬૦ની સભાની ભલામણો મંજૂર કરવી, તથા આઈ. સી. ટી. (પ્રાઇવેટ) લિમિટેડ કંપની સાથે પત્રવ્યવહાર કરીને તે ભલામણો પ્રમાણે વ્યવસ્થા કરવા માટે ઘટતાં પગલાં લેવા કાર્યાલયને જણાવવું.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૧. આ યુનિવર્સિટીની લેવાનાર પરીક્ષાઓમાં નેત્રહીન વિદ્યાર્થીઓને લખિયા અને નિરીક્ષકના ખર્ચમાં તથા પરીક્ષા-ફી બાબતમાં રાહત આપવા વાસ્તે અમદાવાદ શાખાના અંધજન મંડળ તરફથી આવેલ તા. ૨૦-૬-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નેત્રહીન વિદ્યાર્થીઓ પાસેથી પાસ નિરીક્ષક અંગેના ખર્ચ લેવો નહિ, તથા પરીક્ષા-ફીમાંથી મુક્તિ માટે નેત્રહીન વિદ્યાર્થીઓની અરજી, કૉલેજના આચાર્યના, કોઈ સેનેટના સભ્યના કે સરકારી ગેઝેટેડ અધિકારીના પ્રમાણપત્ર સાથે આવ્યેથી, તેની પરીક્ષા-ફી માફ કરવી.

૨૨. ઓ. ૬૯ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા કાર્યાલયના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

O. 69 :

The student passing the Secondary School Certificate Examination conducted by the Secondary School Certificate Examination of the Board of Gujarat State and eligible for admission to this University under the relevant statute shall apply latest by 31st of August to the Registrar of this University for a certificate of enrolment and shall, at the same time, pay a fee of Rs. 10/-. The Principal shall carefully scrutinise the enrolment application of each candidate before granting him provisional admission which will be subject to the approval of the University. Pending such approval, the provisional admission shall be at the cost and risk of the student concerned.

The University after checking the eligibility of the candidate shall authorise the Principal to issue enroiment certificate in the prescribed forms in triplicate supplied by the University. One copy shall thereupon be issued by the Principal to the student concerned

and the other retained by the Principal for his college record. The triplicate copy shall be returned to the University for its record.

If, for any reason, the application for enrolment cannot be submitted by any candidate in time, the Principal shall report to the University the name of such a candidate by 10th September o each year together with the information regarding subjects taken by the candidate and the marks obtained by him at the S.S.C. or the equivalent examination as the case may be.

In cases of ineligible candidates half of the enrolment fee will be refundable.

In the event of any doubt or dispute arising in connection with the enrolment certificate, the Vice-Chancellor's decision shall be final.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૬૯ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં મૂકવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીમાં પ્રવેશતા વિદ્યાર્થીઓનાં નામ, ઉંમર, રહેઠાણ વગેરે અંગેની વિગતો યુનિવર્સિટીના દફતરે રાખી શકાય તે માટે "એન્રોલમેન્ટ સર્ટિફિકેટ"ના ફોર્મમાં ફેરફાર કરવા માટે ઘટતી વિચારણા કરવી.

૨૩. જુદી જુદી અભ્યાસસમિતિઓએ રેફરીઓની નિમણૂક અંગે કરેલી ભલામણો, જેને ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાએ બહાલી આપી છે તે પરત્વે વિચારણા કરવા બાબત.

(અ) મનોવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૩૦-૬-૧૯૬૦ની સભાની ભલામણ :

"નીચે જણાવેલ વિદ્યાર્થીઓનાં નામ સામે દર્શાવેલ વિષય અંગે આવેલ મહાનિબંધ માટે દરેક નામની સામે બતાવેલ રેફરીની ક્રમાનુસાર નિમણૂક કરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
૧. શ્રી. આર. પી. બડવે	પીએચ.ડી.	સાયકોલોજી ઇન ઇન્ટરનેશનલ પ્રોબ્લેમ.	ડૉ. થાઉસેલ, રીડર ઇન એજ્યુકેશન, સાયકોલોજી યુનિવર્સિટી ઑફ કેમ્બ્રિજ, કેમ્બ્રિજ, યુ.કે. અથવા ડૉ. એસ. કે. બોઝ, યુ. એન. ઈ. એસ. ઓ. રિસર્ચ, સેન્ટર, પોસ્ટ બો. નં. ૨૪૨, કલકત્તા.

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
૨. શ્રી. એ. એસ. પ્રમુદેસાઈ	પીએચ.ડી.	સાયકોલોજિકલ લાઇટ ઑન લિટરેચર ઍન્ડ લિટરરી ક્રિટિસિઝમ.	ડૉ. એ. યુ. વસાવડા, મહારાજા કૉલેજ, જયપુર. ડૉ. એસ. જલોટા, પ્રૉ. ઑફ સાયકોલોજી, પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢ.
૩. મિસ યુ. જે. શાહ	એમ.એ.	લેટી સ્ટુડન્ટ્સ એટિટ્યૂડ્ઝ ડ્યુરિંગ ધી કૉલેજ ઇયર્સ.	ડૉ. જી. ડી. ભોજ, પ્રૉ. ઑફ સાયકોલોજી એકઝામિનેશન હૉલ, મરીના, મદ્રાસ-૫. અથવા ડૉ. એસ. વી. કાલે, રીડર ઇન સાયકોલોજી, યુનિ. ઑફ બૉમ્બે, મુંબઈ-૧."

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓના તેમનાં નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવી."

(બ) વનસ્પતિવિજ્ઞાનની અભ્યાસસમિતિની તા. ૧૦-૫-૧૯૬૦ની સભાની ભલામણ :

ભલામણ

"આથી આ અભ્યાસસમિતિ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરે છે કે નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય સંબંધમાં આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવી :

શ્રી. એમ. કે. ત્રિવેદી	એમ.એસસી.	બોટાની ધી એમ્બ્રયોલોજિકલ સ્ટડીઝ ઑફ ફ્લાવરિંગ પ્લાન્ટ્સ.	પ્રૉ. પી. મહેશ્વરી, પ્રૉફેસર ઑફ બોટાની, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી. અથવા ડૉ. બી. એન. બનેરી, રીડર ઇન બોટાની, દિલ્હી યુનિવર્સિટી, દિલ્હી."

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓના તેમના નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવી."

(૬)

ભલામણ

"નીચે જણાવેલ વિદ્યાર્થીના નામ સામે જણાવેલ ડિગ્રી તથા વિષય અંગે આવેલા મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે :

નામ	પદવી	વિષય	રેફરીનું નામ
શ્રી. એન. સુબ્રમન્યમ્	એમ.એસસી.	માયક્રોબાયોલોજી ગ્રોથ એન્ડ રપરલેશન ઑફ સમ ઇન્ડસ્ટ્રિયલ ઇમ્પોરટન્ટ સ્ટ્રેપ્ટોમાઇસીસ	ડૉ. એફ. ફરનાન્ડીઝ, શીબા ફાર્માસ્યુટિકલ કું. લિ., વ્હાઉથબાય રોડ, મુંબઈ–૧. અથવા ડૉ. વાય. એમ. ક્રીઈટાસ, હેડ ઑફ ધી ડિપાર્ટમેન્ટ ઑફ માયક્રોબાયોલોજી, સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ–૧."

એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીના તેના નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ માટે તેના નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

(૭) કેમિસ્ટ્રીની અભ્યાસસમિતિની ભલામણ :

"નીચે જણાવેલ વિદ્યાર્થીઓના તેમનાં નામ સામે જણાવેલ પદવી તથા મહાનિબંધ માટે વિદ્યાર્થીના નામ સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા ભલામણ કરવામાં આવે છે:

વિદ્યાર્થીનું નામ	પદવી	વિષય	ભલામણ કરેલા રેફરીનું નામ
૧. શ્રી. પી. આર પઠાણ	એમ.એસસી.	*Chemistry* Synthesis of Organosulphur Compounds	ડૉ. જી. બી. નાદવ સુભદ્રા મહેલ, ગોખલે રોડ (નોર્થ), દાદર, મુંબઈ. અથવા ડૉ. જી. આર. ગોગટે, પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી, જયા નિવાસ, પાંચમો રસ્તો, ઘાટકોપર, મુંબઈ.
૨. શ્રી. એસ. પી. ખસાદિયા	એમ.એસસી.	*Chemistry* Synthesis of thiazolidones and thoureas.	ડૉ. કે. એસ. નારગુંડ, પ્રોફેસર ઑફ કેમિસ્ટ્રી, પારલે કૉલેજ, વિલેપારલે, મુંબઈ. અથવા ડૉ. એસ. એમ. શેઠના, એમ. એસ. યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા.

ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે ઉપર જણાવેલ વિદ્યાર્થીઓના તેમનાં નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ માટે તેમનાં નામ સામે જણાવેલ રેફરીની ક્રમાનુવર્તી નિમણૂક કરવી."

(અ) આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. પી. ખડવે અને કુ. યુ. જે. શાહના, તેમનાં નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ તપાસવા માટે, તેમનાં નામ સામે જણાવેલા રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, શ્રી. એ. એસ. પ્રભુદેસાઈ નો પીએચ.ડી.ની પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે રેફરીની નિમણૂક માટે ડૉ. પી. એચ. પ્રભુનું સૂચન મેળવીને નિમણૂક કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

(બ) આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એમ. કે. ત્રિવેદીનો, એમ.એસસી.ની પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે, તેમના નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

(ક) આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. એન. સુબ્રમન્યમનો, એમ એસસી.ની પદવી માટેનો મહાનિબંધ તપાસવા માટે, તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

(ડ) આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. પી. આર. પટાણ અને શ્રી. એસ. પી. ખસાદિયાના, તેમનાં નામ સામે જણાવેલ પદવી માટેના મહાનિબંધ તપાસવા માટે, તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવર્તી નિમણૂક કરવી.

૨૪. સિન્ડિકેટે તેની તા. ૧૬-૪-૧૯૬૦ની બેઠકમાં "ગ્રીષ્મવર્ગો આધુનિક ગણિતશાસ્ત્ર" અંગે એક યોજના તથા અર્થનો અંદાજ ઘડવા માટે એક સમિતિ નીમી હતી તે સમિતિનો અહેવાલ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિનો રિપોર્ટ મંજૂર કરવો, તથા ચાલુ વર્ષે, તેમાં સૂચવ્યા પ્રમાણે ગ્રીષ્મવર્ગ યોજવા માટે રૂા. ૩,૬૭૫ સુધીનો ખર્ચ મંજૂર કરવો.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, આ વર્ગનું સંચાલન, વિજ્ઞાન ભવનના ગણિતશાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યને સોંપવું.

(સમિતિના હેવાલની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૨૫. પંચવર્ષીય યોજનામાં સમાવિષ્ટ થયેલ ઇરખારતો અંગેના અર્થ તેમ જ નિભાવ અંગેની નીતિ બાબત યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હીના મંત્રી તરફથી આવેલ તા. ૨૬થી ૨૯-૭-૧૯૬૬ના પત્રાંક એફ. ૩૩-૬૮-૬૦ સીયુપી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

(મજકૂર પત્રની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે)

૨૬. સેન્ટ્રલ સંસ્કૃત બૉર્ડ, દિલ્હીએ તેમની માર્ચ ૧૯૬૦ની બેઠકમાં કરેલ ઠરાવ અનુસાર ગુજરાત યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષયનું અનુસ્નાતક વિદ્યાભવન ખોલવા યુનિવર્સિટી વિચારે છે કે કેમ તે પુછાવતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના તા. ૨૭-૩૦ જુલાઈ ૧૯૬૦ના પત્રાંક એફ. ૫૬-૨૫-૬૦(એચ) પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં સંસ્કૃત વિષય માટે અનુસ્નાતક વિદ્યાભવન (ડિપાર્ટમેન્ટ) ખોલવાની સિન્ડિકેટ તરફેણમાં છે, એમ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને જણાવવું.

૨૭. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ભવન તરફથી "સ્ટડી ટૂર" પર લઈ જવામાં આવે ત્યારે વિદ્યાર્થીઓને તેમના ત્રીજા વર્ગના જવા-આવવાના મુસાફરી ભાડામાં રાહત આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—વિદ્યાર્થીઓને ભાડામાં ૫૦ ટકા રાહત આપવાનું પ્રૉ. ચિનોયનું સૂચન છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં અભ્યાસ કરતા વનસ્પતિ-વિજ્ઞાનના વિદ્યાર્થીઓને ભવન તરફથી અભ્યાસના પ્રવાસ ("સ્ટડીટૂર") પર લઈ જવામાં આવે ત્યારે તે વિદ્યાર્થીઓને ત્રીજા વર્ગના રેલવેભાડાનો તેમને જે ખર્ચ થાય તેના ૫૦ ટકા જેટલી આર્થિક સહાય કરવાનો સિદ્ધાંત સ્વીકારવો.

૨૮. ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પગાર, મોંઘવારી વગેરે માગણીઓ સંબંધમાં મુંબઈ રાજ્ય સરકારે નીમેલી ઔદ્યોગિક અદાલતના ચુકાદા પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબત પર વિચારણા કરીને, નીચેના મુદ્દાઓ, સિન્ડિકેટની સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલી આપવાનું ઠરાવવામાં આવ્યું :

૧. જમાદારની જગ્યા માટેનું પગારધોરણ;

૨. સદરહુ ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે વાહનભથ્થું (સી.એ.), તે ચુકાદાની મર્યાદામાં નહિ આવતા કાર્યાલયના અન્ય સભ્યોને આપવા બાબત;

૩. કાર્યાલયના જે કર્મચારીઓ તા. ૨૬-૨-૧૯૫૯થી તા. ૬-૩-૧૯૫૯ સુધી હડતાળ ઉપર ઊતર્યા હતા, તેમના પગાર અને/અથવા રજા બાબત શું કરવું તે બાબત;

૪. સદરહુ ચુકાદાને પરિણામે કાર્યાલયના નીચેના વર્ગના સભ્યોનાં પગારધોરણોમાં સુધારો થાય છે તેને અનુલક્ષીને, કાર્યાલયના ઉપરના વર્ગના સભ્યોનાં પગારધોરણોમાં સુધારો કરવો કે કેમ, અને કરવો તો કેટલો તે બાબત.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ચુકાદાના પૅરેગ્રાફ નં. ૪૦ની અસ્પષ્ટતા બાબતમાં વકીલ શ્રી. જયંતિલાલ મહેતાની સલાહ લઈને આ બાબત રાજ્ય સરકારને "રિફર" કરવાનું રાખવું.

સદરહુ ચુકાદાની નકલ સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૦ની સભાના કામકાજની નોંધમાં **પરિશિષ્ટ "ત"** તરીકે આપવામાં આવેલી છે.

આ પછી, બાબત નં. ૪૯ની વિચારણા કરવામાં આવી.

૪૯. સને ૧૯૬૦ના માર્ચ-એપ્રિલમાં લેવાયેલ પરીક્ષાઓમાં આ સાથેની યાદીમાં જણાવેલા વિદ્યાર્થીઓનાં પરિણામો સુધાર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં જણાવેલા વિદ્યાર્થીઓના પ્રત્યેક કેસની વિગતો જોઈને ઉપકુલપતિશ્રીએ કરેલા કાર્યની નોંધ લેવી.

જેમનાં પરિણામ સુધારવામાં આવ્યાં છે તે વિદ્યાર્થીઓની યાદી પરિશિષ્ટ "ઘ" તરીકે સામેલ છે.

૫૦. નીચે દર્શાવેલા સભ્યોના તેમનાં નામ સામે દર્શાવેલ તારીખે અજમાયશી સમય પૂરો થતો હોવાથી તેઓને કાયમ કરવા બાબત.

ક્રમ	નામ	હોદ્દો	વિભાગ	તારીખ
૧.	શ્રી. આઈ. વી. ત્રિવેદી	ક્લાર્ક	સામાન્ય વિભાગ	૧૮-૯-૧૯૬૦
૨.	,, સી. કે. પટેલ	,,	ગ્રંથાલય	૧૬-૯-૧૯૬૦
૩.	,, આર. સી. પટેલ	લેક્ચરર	સમાજ વિદ્યાભવન	૧૦-૯-૧૯૬૦
૪.	,, આર. બી. પટેલ	કોમ્પોઝિટર	યુનિવર્સિટી પ્રેસ	૨૧-૯-૧૯૬૦
૫.	,, કે. એલ. પટેલ	,,	,,	૨૧-૯-૧૯૬૦
૬.	,, એલ. એચ. આહુજા	,,	,,	૨૧-૯-૧૯૬૦
૭.	,, એન. એસ. સતવારા	,,	,,	૨૫-૯-૧૯૬૦

સદરહુ સભ્યોની બાબતમાં તેમની કામગીરી અંગેના ખાનગી હેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યા, અને તે પછી ઠરાવવામાં આવ્યું કે, ઉપર જણાવેલા સભ્યોને તેમનાં નામ સામે જણાવેલ તારીખથી તેમની જે તે જગ્યાએ કાયમ કરવા.

૩૦. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કામ કરતા શ્રી. જે. એ. પટેલનો અજમાયશી સમય તા. ૧-૧૦-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એ. પટેલને તા. ૧-૧૦-૧૯૬૦થી ક્લાર્ક-ટાઇપિસ્ટ તરીકે કાયમ કરવા.

૩૧. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ તરીકે કામ કરતા શ્રી. એસ. એમ. શાહનો અજમાયશી સમય તા. ૧૪-૨-૧૯૫૮ના રોજ પૂરો થયેલ હોઈ તેઓને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સમાજ વિદ્યાભવનના લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ શ્રી. એસ. એમ. શાહને તા. ૧૪-૨-૧૯૫૮થી તેમની જગ્યાએ કાયમ કરવા.

૩૨. સિન્ડિકેટના સભ્યોની બનેલી વરણીસમિતિની તા. ૧૯-૮-૧૯૬૦ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની નીચેની ભલામણ મંજૂર કરવી :

૧. બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા માટે રૂા. ૨૦૦ના મૂળ માસિક પગારથી નીચે જણાવેલા ઉમેદવારોની ક્રમાનુવર્તી નિમણૂક કામચલાઉ (temporary) ધોરણે કરવી :

૧. શ્રી. ડી. એલ. પરીખ;
૨. શ્રી. આર. પી. શાહ.

૨. ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગ્યા માટે, રૂા. ૨૦૦–૧૦–૨૮૦–ઇ. બી.–૧૫–૪૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૮૦થી શ્રી. ભોગીલાલ કે. શાહની એક વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવી.

૩. નીચે જણાવેલા ઉમેદવારોની, ડેમોન્સ્ટ્રેટર ઇન બોટનીની એક જગ્યા માટે, રૂા. ૨૦૦–૧૦–૩૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦થી બે વર્ષના પ્રોબેશન ઉપર ક્રમાનુવર્તી નિમણૂક કરવી :

૧. કુ. ભારતી પાન્ડુરંગ દેશપાન્ડે;
૨. કુ. મંજુલા પરમાનંદ વ્યાસ.

સમિતિની ભલામણ નં. ૩ની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ટ"** તરીકે સામેલ છે.)

૩૩. યુનિવર્સિટીમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. એચ. રંગપુરીનું રાજીનામું મંજૂર થયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. કે. એચ. રંગપુરીને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો આપવાનું મંજૂર કરવું

૩૪. યુનિવર્સિટીમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. એમ. બ્રહ્મભટ્ટને તેઓને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં પટાવાળા તરીકે કામ કરતા શ્રી. એમ. એમ. બ્રહ્મભટ્ટને તેમના ખાતે નીકળતી પ્રોવિડન્ટ ફંડની રકમ તથા યુનિવર્સિટીનો ફાળો આપવાનું મંજૂર કરવું.

૩૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રોફેસર તરીકે નિમાયેલા ડો. વાય. જી. નાયકના તા. ૨૦-૮-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રોફેસર ઇન કેમિસ્ટ્રી અને રીડર ઇન કેમિસ્ટ્રીની જગાઓ બાબતમાં શી પરિસ્થિતિ છે તેની ટૂંકી નોંધ સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

૩૬. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવન માટે વધારાની જગાઓ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં નીચેની જગ્યાઓ ઊભી કરવી, તથા તે માટે પગાર અને લાયકાતનું ધોરણ, પ્રત્યેક જગ્યાની સામે જણાવેલી વિગતો પ્રમાણે રાખવું :

જગ્યાનું નામ	પગારધોરણ	સંખ્યા	વિભાગ	લાયકાતનું ધોરણ
૧. પ્લાન્ટ કલેક્ટર	રૂા. ૫૫-૫-૧૧૦ ઈ.બી.-૮-૧૫૦	૧	વનસ્પતિવિજ્ઞાન	પ્લાન્ટ કલેકશનનો અનુભવ; છોડો નામ જાણતા હોવા જોઇએ તથા છોડો જ્ઞાન જરૂરી.
૨. ડેમોન્સ્ટ્રેટર ઇન ફિઝિકલ કેમિસ્ટ્રી	રૂા. ૨૦૦-૧૦-૩૦૦	૧	રસાયણવિજ્ઞાન	પહેલા અથવા બીજા વર્ગમાં અનુસ્નાત પદવી.
૩. સ્ટોરકીપર	રૂા. ૫૫-૫-૧૧૦ ઈ.બી.-૮-૧૫૦	૧	વનસ્પતિવિજ્ઞાન	એસ. એસ-સી. તથા ત્રણ વર્ષ અનુભવ.
૪. સ્ટોરકીપર	,,	૧	રસાયણવિજ્ઞાન	,,
૫. પટાવાળા	રૂા. ૩૦-૧-૪૫	૨	વનસ્પતિવિજ્ઞાન	
૬. પટાવાળા	,,	૨	રસાયણવિજ્ઞાન	
૭. માળી	,,	૨	વનસ્પતિવિજ્ઞાન	બગીચાનો અનુભવ.

(કાર્યાલયના પ્રસ્તાવમાં બતાવેલ યાદી **પરિશિષ્ટ "ઠ"** તરીકે સામેલ છે.)

૩૭. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનમાં આલી પરૂલ રીડર ઇન લેબર વેલ્ફેર જગા માટે યોગ્ય ઉમેદવારો ન મળતા હોવાથી રીડરની લાયકાત હળવી કરવા બાબત શ્રી. અધ્યક્ષના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ ડૉ. પી. એચ. પ્રભુને સિન્ડિકેટના સ હોવાથી કોઈ પણ જાતનું પરીક્ષક તરીકે મહેનતાણું નિયમ પ્રમાણે મળી શકે નહિ. પ આ કામ માટે તેઓને અમદાવાદ બે વખત આવવા-જવાનું થયું તો તે માટે મુસાફરીભ આપવા બાબત. (કુલ ખર્ચ રૂા. ૨૨૫.૮૬ થશે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. પી. એચ. પ્રભુનું સદરહુ મુસાફરીભથ્થું મંજૂર કરવું.

૩૯. સને ૧૯૫૮-૫૯ના વર્ષ આખરે ખર્ચ કરતાં આવકનો વધારો રૂા. ૮,૯૬,૦૯૩ રહેલ છે તો આ રકમમાંથી ફન્ડેડ પ્રોવિજન ઊભું (Funded provision) કરવા બા

આથી ઠરાવવામાં આવે છે કે, "જનરલ રિઝર્વ ફંડ" એ નામથી એક નવું ભંડોળ (ફંડ) કરવું, તથા સને ૧૯૫૮-૫૯ના વર્ષની બચતમાંથી રૂા. ૮ લાખ તે ફંડમાં ટ્રાન્સફર કરવા.

૪૦. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના સને ૧૯૬૦-૬૧ના અંદાજપત્રમાં મુલા શિક્ષકોને વ્યાખ્યાનો વગેરે માટે તથા મોંઘવારી ભથ્થા માટે રૂા. ૨,૦૦૦ની જોગવાઈ છે. વિજ્ઞાન વિદ્યાભવનમાં પૂરતા સ્ટાફના અભાવે બહારના ૧૭ શિક્ષકોને વ્યાખ્યાનો માટે આ છે એટલે અંદાજની આ રકમ વધારીને રૂા. ૫,૫૦૦ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ૧૯૬૦-૬૧ના વર્ષના અંદાજપત્રમાં મુલાકાતી શિક્ષકો (Visiting Teachers)નાં વ્યાખ્યાનો માટે વધુ રૂા. ૩,૫૦૦.૦૦ની, એટલે કે કુલ રૂા. ૫,૫૦૦ની જોગવાઈ કરવી.

૪૧. શ્રી. ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાની દ્વિતીય શ્રેણી માટે વ્યાખ્યાતાની તેમ જ સ્થળની પસંદગી કરવા માટે સમિતિના ત્રીજા સભ્યની નિમણૂક કરવા બાબત.

(**નોંધ.—**સમિતિના બીજા બે સભ્યો નીચે મુજબ છે :

૧. ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષ;

૨. ગુજરાતીની અભ્યાસસમિતિના અધ્યક્ષ.

કોઈ પણ એક ગુજરાતી વિદ્વાન જે સાહિત્ય અને ઇતિહાસ બંનેમાં રસ ધરાવતા હોય એવા ત્રીજા સભ્યની નિમણૂક અંગે વિચારણા કરવાની છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ પર શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈની નિમણૂક કરવી.

૪૨. ગુજરાત યુનિવર્સિટીનાં જૂનાં અને નિરુપયોગી પ્રકાશનોનો નાશ કરવા અંગે નિયમો કરવા બાબત.

કાર્યાલયનાં સૂચનો નીચે પ્રમાણે છે :

૧. જે પ્રકાશનો નિરુપયોગી થયા હોય અને નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી હોય તેની નવી આવૃત્તિ બહાર પડતાં શ્રી. રજિસ્ટ્રારના હુકમ લઈ નાશ કરવો.

૨. દશ વર્ષથી આગળનાં પ્રશ્નપત્રો શ્રી. રજિસ્ટ્રારની મંજૂરી લઈ રદ કરવા.

૩. જે અભ્યાસક્રમોમાં ફેરફાર થયા હોય તે અભ્યાસક્રમોની જૂની પુસ્તિકાનો નાશ કરવો.

(**નોંધ.**—આ બાબતમાં ઑફિસમાં જરૂરી નકલો રેકર્ડ પૂરતી રાખીને જ નાશ કરવાનો રહેશે. કયા પ્રકાશનની કેટલી નકલો રાખવી તે માટે શ્રી. રજિસ્ટ્રારનો હુકમ લેવામાં આવે.).

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીનાં જૂનાં અને નિરુપયોગી પ્રકાશનોનો નાશ કરવા બાબતમાં નીચે પ્રમાણે નિયમો મંજૂર કરવા :

૧. જે પ્રકાશનો નિરુપયોગી થયાં હોય અને નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી હોય, તેની નવી આવૃત્તિ બહાર પડતાં, શ્રી. રજિસ્ટ્રારના હુકમ લઈ નાશ કરવો.

૨. પાંચ વર્ષથી આગળનાં પ્રશ્નપત્રો શ્રી. રજિસ્ટ્રારની મંજૂરી લઈ રદ કરવાં.

(**નોંધ.**—આ પ્રશ્નપત્રો રદ કરતી વખતે જે તે કૉલેજમાં તેની ઓછામાં ઓછી એક નકલ મોકલવાનું રાખવું.)

૩. જે અભ્યાસક્રમમાં ફેરફાર થયા તે અભ્યાસક્રમની જૂની પુસ્તિકાનો નાશ કરવો.

૪. આ બાબતમાં કાર્યાલયમાં જરૂરી નકલો રેકૉર્ડ માટે રાખીને જ નાશ કરવાનો રહેશે. કયા પ્રકાશનની કેટલી નકલો રાખવી તે માટે શ્રી રજિસ્ટ્રારનો હુકમ લેવામાં આવે.

૪૩. કૉલેજોમાં થતી તપાસ માટે જે લાયકાતનું ધોરણ ઠરાવેલું છે તેમાં ડી.એ.એસ.એફ. તથા એની સમાન પદવીને પણ ઉમેરવા બાબતના ચીફ મેડિકલ ઑફિસર તથા મેડિકલ ફેકલ્ટીના ડીનના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તા. ૭-૨-૧૯૫૩ની સભામાં સિન્ડિકેટે નીચે મુજબનું ધોરણ ઠરાવેલું છે. આવી નિમણૂક માટે લાયકાતનું ધોરણ ઓછામાં ઓછું એમ.બી.બી.એસ. ગણવું. એમ.બી.બી.એસ ન મળે ત્યાં ૨૦ વર્ષના અનુભવી એલ.સી.પી.એસ.ને લઈ શકાય. કોઈ સંસ્થામાં એલ.સી.પી.એસ. ડાક્ટર પહેલેથી નેડાયા હોય તો તેમને લાયક ગણવા." આ ધોરણ મુજબ પ્રિન્સિપલ ડાક્ટરોનાં નામ સૂચવે છે અને સિન્ડિકેટના આદેશ મુજબ મેડિકલ ફેકલ્ટીના ડીન તથા ચીફ મેડિકલ ઑફિસર મળી નિમણૂક કરે છે.).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સૂચન સ્વીકારવું નહિ.

૪૪. તા. ૧૨/૧૩-૮-૧૯૬૦ના રોજની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણો :

૬-અ. આથી ઠરાવવામાં આવે છે કે આંતર-કૉલેજ હરીફાઈ ઓ અંગે રૂા. ૧૧,૦૦૦ની ગ્રાન્ટની ગઈ સાલની માફક વિભાગને કરવા પડતા રેલવે ભાડાના તથા જમવા અંગેના ખર્ચના આંકડાને લક્ષમાં લઈને હાલ પૂરતી નીચે પ્રમાણે વ્યવસ્થા કરવી અને તેને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

અમદાવાદ વિભાગ	...	રૂા. ૩,૩૦૦
ઉત્તર-દક્ષિણ વિભાગ	...	રૂા. ૩,૮૦૦
પશ્ચિમ વિભાગ	...	રૂા. ૩,૯૦૦
		રૂા. ૧૧,૦૦૦

વધુમાં ચાલુ સાલે ૧૪ નવી કૉલેજને ઉમેરી હોવાથી બિનકક્ષ હરીફાઈ ઓ માટે હરીફોની સંખ્યા વધી તેથી રેલવે ભાડા તથા જમવા અંગે દરેક વિભાગને વધારાનો અને તેથી રૂા. ૧૧,૦૦૦ની રકમ દરેક વિભાગની જરૂરિયાત જોતાં પૂરતી નથી તેમ આ બોર્ડનો અભિપ્રાય છે. તેથી મંજૂર કરેલા રૂા. ૧૧,૦૦૦ ઉપરાંત વધારાના રૂા. ૩,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરીને કુલ રૂા. ૧૪,૦૦૦ની ગ્રાન્ટ મંજૂર કરવા આ બોર્ડ સિન્ડિકેટને વિનંતી કરે છે.

૭. આથી ગુજરાત યુનિવર્સિટીની હેન્ડ-બુક ઑફ સ્પોર્ટ્સની બે નકલો દરેક કૉલેજને પર મોકલાવી આપવા તથા દરેક સભ્યને એક નકલ આપવાનું મંજૂર કરવા માટે આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણો મંજૂર કરવી.

૪૫. ૧૭/૧૩-૮-૧૯૬૦ની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની બેઠકની નીચેની ભલામણ :

૧૨. બોર્ડ ઑફ સ્પોર્ટ્સની રમતોની વધતી જતી સંખ્યા તથા ઇન્ટર યુનિવર્સિટીની ક્રિકેટની હરીફાઈઓ અત્રે યોજવાની હોવાથી તે અંગેનું વધારાનું કામકાજ લક્ષમાં લઈને તે અંગે

સપ્ટેમ્બરથી પાંચેક માસના સમય દરમિયાન મદદરૂપ થાય તે હેતુથી એક કામચલાઉ મદદનીશ આશરે રૂા. ૧૦૦ની આસપાસના ઉચ્ચક પગારથી નિયુક્ત કરવા માટે બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના ચેરમેનને સત્તા આપવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે.

વધુમાં ઠરાવવામાં આવે છે કે આ અંગેનો ખર્ચ ઇન્ટર-યુનિવર્સિટી ખાતે મંજૂર કરવામાં આવેલ રૂા. ૧૭,૦૦૦ની ગ્રાન્ટની રકમમાંથી કરવો.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ભલામણ મંજૂર કરવી.

૪૬. અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત ટૂરિસ્ટ એસોસિયેશન ઉપર યુનિવર્સિટીને માનદ સભ્ય તરીકે લેવાની છે તેથી તેની ઉપર યુનિવર્સિટીના પ્રતિનિધિની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન સંચાલિત ટૂરિસ્ટ એસોસિયેશન ઉપર આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે રજિસ્ટ્રાર શ્રી. કંચનલાલ ચં. પરીખની નિમણૂક કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, કોઈ સભા કે કાર્યક્રમમાં તેઓ હાજર રહી શકે નહિ, તો તેમના પ્રતિનિધિ તરીકે કાર્યાલયના કોઈ સભ્યને મોકલવાની સત્તા રજિસ્ટ્રાર શ્રી. કંચનલાલ પરીખને આપવી.

૪૭. બો. ૭ પ્રમાણે તા. ૬-૧૨-૧૯૫૭ની સિન્ડિકેટની બેઠકમાં બૉર્ડ ઑફ સ્પોર્ટ્સના સભ્ય તરીકે નિયુક્ત થયેલ શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલ સદરહુ બૉર્ડની છેલ્લી ત્રણ બેઠકમાં લાગલાગટ ગેરહાજર રહેવાથી બો. ૬૨-સી પ્રમાણે સભ્ય તરીકે મટી જાય છે તો તે અંગે ઘટતું કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. રતિલાલ ખુશાલદાસ પટેલને સદરહુ બૉર્ડ ઉપર ફરીથી નીમવા.

૪૮. યુ.પી.એસ.સી. પરીક્ષાઓ અંગેના તાલીમવર્ગોની સંચાલન સમિતિની તા. ૧૬-૬-૧૯૬૦ની બેઠકના કામકાજની નોંધને મંજૂર કરવા બાબત; તેમ જ વર્ગમાં પૂરતા વિદ્યાર્થીઓ ન મળવાથી વર્ગ ચાલુ કરી શકાયો નથી તેની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

(મજકૂર સમિતિના હેવાલની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૪૯. સદરહુ બાબતની વિચારણા બાબત નં. ૨૮ પછી કરવામાં આવી હતી, તેથી તેની નોંધ તે સ્થળે આપવામાં આવી છે.

૫૦. નોંધાયેલા સ્નાતકો (રજિસ્ટર્ડ ગ્રેજ્યુએટ્સ)ના મતદાર વિભાગમાંથી સેનેટ પર થનારી આગામી ચૂંટણીઓ માટે મુંબઈ યુનિવર્સિટીને મતદાન કેન્દ્ર તરીકે રાખવા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૧. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેઓનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધો અંગે રેફરીઓના રિપોર્ટોને અનુલક્ષીને તેઓને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧. શ્રી. જોશી રમણલાલ જેસલાલ	ગુજરાતી	પીએચ.ડી.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૫૨. ભારતીય વિજ્ઞાન પરિષદ (ઇન્ડિયન સાયન્સ કોંગ્રેસ)નું આગામી અધિવેશન રૂરકી મુકામે તા. ૩જી થી ૯ જાન્યુઆરી '૬૧ દરમિયાન ભરનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા વાસ્તે મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૪ ઑગસ્ટ ૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૫૩. "એનેટોમિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા"ની ૧૦મી વાર્ષિક પરિષદમાં જે કાનપુર (યુ.પી.) મુકામે તા. ૨૬થી ૨૮ ડિસેમ્બર ૧૯૬૦ દરમિયાન યોજનાર છે તેમાં આ યુનિ.ના પ્રતિનિધિની નિમણૂક કરવા વાસ્તે મજકૂર સોસાયટીના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૮ ઑગસ્ટ ૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૫૪. વિજ્ઞાન વિદ્યાભવનમાં લેક્ચરર તરીકે કામ કરતા શ્રી. આર. કે. શાહે અભ્યાસ માટે અમેરિકા જવા સારુ સ્કૉલરશિપ માટે અરજી કરેલ છે. સ્કૉલરશિપ મંજૂર થાય તો તેઓને "સ્ટડી લીવ" આપવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. આર. કે. શાહની શિષ્યવૃત્તિ મંજૂર થાય ત્યારે તે બાબતમાં ઘટતી વિચારણા કરવાનું રાખવું.

૫૫. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડર તરીકે નિમાયેલા શ્રી. કે. એમ. કોટડિયાની વધારે પગારની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

(નોંધ.—આવી એક અરજી યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના લેક્ચરર શ્રી. એસ. આર. પટેલ તરફથી અગાઉ આવેલી છે તે પરત્વે શ્રી. રણિયાએ સભાગૃહનું ધ્યાન ખેંચ્યું. તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. એસ. આર. પટેલની અરજી પણ સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

૫૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં બેસનાર વિદ્યાર્થીઓમાંથી જે વિદ્યાર્થીઓનાં પરિણામ ચાલુ સત્ર દરમિયાન પાછળથી બહાર પાડવામાં આવ્યાં છે તેવા વિદ્યાર્થીઓને જોડાયેલી કૉલેજોમાં પ્રવેશ આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જે વિદ્યાર્થીઓનાં પરિણામ ચાલુ સત્ર દરમિયાન પાછળથી બહાર પાડવામાં આવ્યાં છે, તેવા વિદ્યાર્થીઓને કૉલેજમાં પ્રવેશ આપવા માટેના નિયમોમાં ઘટતી રાહત આપવી, તથા તેવા વિદ્યાર્થીઓની ચાલુ સત્ર દરમિયાન ખૂટતી હાજરી અંગેની અરજીઓ આવ્યેથી તે માફ કરવા માટે ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૫૭. આ યુનિવર્સિટીના આં. ૧૦૬ની બીજી કંડિકામાં "within two years" ક્યાંથી ગણવા તે સ્પષ્ટ ન હોવાથી તે અંગે વિચારણા કરવા બાબત.

આ. ૧૨૭નો પાઠ નીચે પ્રમાણે છે :

O. 127 :

If a candidate is allowed to join the next higher class, because he has obtained exemption from all subjects but one in which he has failed, he will not be permitted to appear for the higher examination unless (*i*) he has previously passed in the single remaining subject of the lower examination, or (*ii*) he appears in that subject simultaneously with his appearance at the higher examination. In the latter case, however, he will, in no circumstances, be considered to have passed the higher examination, or in any part of it unless he passes in the aforesaid single subject (with the percentage, if any required for the total) at the same time or within two years of his obtaining the marks necessary to pass in the higher examination, or any part of it in which separate passing or exemption is permitted by the Regulations.

When a candidate owing to his failure to pass in the single remaining subject of the lower examination within two years, is not considered to have passed the higher examination or any part of it, he will forefeit all benefits accruing from the marks obtained by him in the higher examination; but the terms kept by him for such higher examination will be available to him for any further appearance at that examination.

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૨૭નો પાઠ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવો, તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં લાવવો :

"O. 127 :

If a candidate is allowed to join the next higher class, because he has obtained exemption from all subjects but one in which he

has failed, he will not be permitted to appear for the higher examination unless (*i*) he has previously passed in the single remaining subject of the lower examination, or (*ii*) he appears in that subject simultaneously with his appearance at the higher examination. In the latter case, however, he will, in no circumstances be considered to have passed the higher examination, or in any part of it unless he passes in the aforesaid single subject (with the percentage, if any, required for the total) at the same time or within two years of his obtaining the marks necessary to pass in the higher examination, or any part of it in which separate passing or exemption is permitted by the Regulations.

When a candidate owing to his failure to pass in the single remaining subject of the lower examination within two years from the date on which he passes in the remaining subject in the lower examination, is not considered to have passed the higher examination or any part of it, he will forfeit all benefits accruing from the marks obtained by him in the higher examination; but the terms kept by him for such higher examination will be available to him for any further appearance at that examination."

૫૮. સિન્ડિકેટે તેની તા. ૧૦–૬–૧૯૬૦ની બેઠકમાં ફર્સ્ટ યર (પ્રી-યુનિ.)માં (૧) ગુજરાતી, (૨) હિંદી, (૩) સંસ્કૃત, (૪) અંગ્રેજી, (૫) પ્રાકૃત-પાલિ એ ભાષાઓના પસંદ કરેલા પાઠોના ગદ્યપદ્યસંગ્રહો (સિલેક્શન્સ) તૈયાર કરવા માટે સમિતિઓ નીમેલી. તે સમિતિઓમાંથી નીચેની સમિતિઓમાં (૧) સંસ્કૃતની અભ્યાસસમિતિમાં ચેરમેન ન હોવાથી, (૨) પ્રાકૃત-પાલિ માટે નીમેલી સમિતિના સભ્યોમાંથી શ્રી. વી. એમ. કુલકર્ણી હવે આ યુનિ. સાથે જોડાયેલી ગુજરાત કોલેજમાં નહિ હોવાથી, તેમની બદલી થવાથી, તથા હિન્દીની સમિતિમાં શ્રી. વી. એન. શુકલ તેમની બદલી થવાથી ન હોવાથી તેમની જગાઓ પૂરવા અંગે શાં પગલાં લેવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટે નીમેલી સદરહુ સમિતિઓ ઉપર, સંસ્કૃતની અભ્યાસ-સમિતિના જે ચેરમેન નિમાય તેમને નીમવા, તથા શ્રી. વી. એન. શુકલની ખાલી પડેલી જગ્યા ઉપર શ્રી. રણધીર ઉપાધ્યાયને નીમવા.

(**નોંધ.** — શ્રી. વી. એમ. કુલકર્ણીની ગુજરાત કૉલેજમાંથી બદલી થઈ નથી તેની સ્પષ્ટતા સભાગૃહમાં થઈ હતી.)

૫૯. ઉદેપુર મુકામે રાજસ્થાન યુનિવર્સિટીના ઉપક્રમે તા. ૩થી ૯ ઑક્ટોબર ૧૯૬૦ના રોજ મળનાર અખિલ ભારતીય દર્શન પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિપત્રમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે કોઈને મોકલવા નહિ.

૬૦. આર. આર. લાલન કૉલેજ, ભુજને બી.એ. (જન.) માનસશાસ્ત્ર તથા બી.એસસી. (મુખ્ય) રસાયણશાસ્ત્ર અને ભૌતિકશાસ્ત્ર તથા મૉટેની (ગૌણ)ના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસ-સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. ડૉ. પી. એચ. પ્રભુ;
૨. પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઈ.

૬૧. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગરને બી.એસસી. (મુખ્ય) ગણિત અને રસાયણ-વિજ્ઞાન તથા બી.એસસી. (ગૌણ) ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર, ગણિત અને મૉટેનીના વિષયોમાં ચાલુ જોડાણ આપવા અંગે ગુજરાત રાજ્યના ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ.

૬૨. એગ્રિકલ્ચર કૉલેજ, જૂનાગઢને પ્રેપરેટરી એગ્રિકલ્ચર પરીક્ષાના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ અને પ્રથમ વર્ષ સાયન્સ (એગ્રિકલ્ચર) પરીક્ષાના અભ્યાસક્રમો માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. શ્રી. વાય. ડી. દેસાઈ;
૨. બી. એ. કૉલેજ ઑફ એગ્રિકલ્ચર, આણંદના પ્રિન્સિપલ.

૬૩. કેળવણીમંડળ, કપડવંજ, તરફથી કપડવંજ ખાતે જૂન ૧૯૬૧થી આર્ટ્સ અને સાયન્સ કૉલેજને ઇન્ટર આર્ટ્સ અને સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે મંત્રી તરફથી આવેલ અરજી અંગે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ.

૬૪. તા. ૨૨-૮-૧૯૫૪ની સિન્ડિકેટની બાબત નં. ૧૮માં વ્યાયામ શિક્ષકની બોછામાં ઓછી લાયકાતના ધોરણમાં મધ્યસ્થ સરકાર સંચાલિત લક્ષ્મીબાઈ કૉલેજના શારીરિક શિક્ષણની પદવીનો સમાવેશ કરવા વાસ્તે તે નિયમને નીચે પ્રમાણે સુધારવા બાબત.

ઠરાવ

આથી ઠરાવવામાં આવે છે કે ફિઝિકલ ઇન્સ્ટ્રકટરની લાયકાત માટે નીચેનું ધોરણ નક્કી કરવું :

૧. તેઓ કાયદાથી સ્થપાયેલ યુનિવર્સિટીના સ્નાતક હોવા જોઈએ.

૨. તેઓ કાંદીવલી ઇન્સ્ટિટ્યૂટ અથવા તો મદ્રાસ વાય.એમ.સી.એ.ના લૉંગ-ટર્મ ડિપ્લોમા ધરાવતા હોવા જોઈએ.

અથવા

તેઓ મધ્યસ્થ સરકાર સંચાલિત લક્ષ્મીબાઈ કૉલેજ ઑફ ફિઝિકલ એજ્યુકેશન, ગ્વાલિયરના શારીરિક શિક્ષણમાં સ્નાતક થયેલા હોવા જોઈએ.

સદરહુ બાબત અંગે આગળ બાબત નં. ૪માં નિકાલ થઈ ગયો હોવાથી, તે અંગે કશું કરવાપણું રહ્યું નહિ.

૬૫. ગુજરાત યુનિવર્સિટીમાં જર્મન વ્યાખ્યાનો શરૂ કરવા. જર્મનીના કૉન્સ્યુલેટજનરલ, મુંબઈ તરફથી આવેલ તા. ૬ આગષ્ટના પત્રાંક ૬૦૦-૮૬ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ અંગે તાજેતરમાં મૉટાનીના પ્રૉ. ચિનોયે ફ્રેન્ચ અને જર્મન શીખવવા માટે વ્યવસ્થા કરવાનું સૂચવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં જર્મન ભાષાના અભ્યાસ માટે વિદ્યાભવન શરૂ કરવામાં આવ્યું નથી તેથી જર્મન ભાષા અને સાહિત્યના નિષ્ણાતની સેવાઓનો આ યુનિવર્સિટી હાલ લાભ લઈ શકે તેમ નથી, એમ જર્મનીના કૉન્સ્યુલેટ-જનરલને જણાવવું.

વધુમાં, યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં ભણતા વિદ્યાર્થીઓને માટે અનુવાદની પરીક્ષા (translation test) લેવામાં આવે છે, તે માટે વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવામાં તેઓ શી મદદ આપી શકે તેમ છે, તે પુછાવવું.

૬૬. ડિપ્લોમા ઇન ઍનેસ્થેસિયાના પ્રમાણપત્રનો મુસદ્દો મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ મુસદ્દો મંજૂર કરવો.

(મંજૂર કરવામાં આવેલા મુસદ્દાની નકલ **પરિશિષ્ટ "ત"** તરીકે સામેલ છે.)

૬૭. સને ૧૯૬૦ના માર્ચ–એપ્રિલ માસ દરમિયાન લેવાયેલ પરીક્ષાઓના કેટલાક મૉડરેટરો તરફથી આવેલ સૂચનો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત મૉડરેશનના સવાલો તપાસવા માટે જે સમિતિ નીમવામાં આવી છે, તે સમિતિને અભિપ્રાય માટે મોકલવી.

(મૉડરેટરો તરફથી આવેલાં સૂચનોની નકલ **પરિશિષ્ટ "થ"** તરીકે સામેલ છે.)

૬૮. સને ૧૯૬૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકો તેમ જ નિરીક્ષકોની થયેલ ભૂલોના કેસોની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની સભાની તા. ૧૬-૮-૧૯૬૦ની ભલામણો મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૭-૮-૧૯૬૦ની ભલામણો મંજૂર કરવી.

મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "દ"** તરીકે સામેલ છે.

૬૯. વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિ વિભાગના વિદ્યાર્થીઓને દિલ્હી, કલકત્તા અને દાર્જીલીંગ વગેરે જગ્યાએ અભ્યાસ અંગે ફરવા લઈ જવા માટે રૂા. ૧,૫૮૦ સુધીનું ખર્ચ મંજૂર કરવાની એ વિભાગના વડાની વિનંતી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત અંગે વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક શ્રી. જે. જે. ચિનોય સાથે ચર્ચાવિચારણા કરીને ઘટતો નિર્ણય લેવાની સત્તા ઉપકુલપતિશ્રીને આપવી.

૭૦. બાંધકામ સમિતિની તા. ૨૯-૮-૧૯૬૦ની ભલામણો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બાંધકામ સમિતિની તા. ૨૯-૮-૧૯૬૦ની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૭૧. Establishment of Students' Aid Fund અંગે નીચેની કૉલેજોને તેમનાં નામ સામે જણાવેલ રકમ યુનિ. ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી તેમના પત્રાંક એફ.૬૪-૬-૧૯૫૯ (એચ/જી) તા. ૧૬-૮-૧૯૬૦થી મળી છે તે જાણ સારુ.

કૉલેજનું નામ		મળેલ રકમ
		રૂા. ન.પૈ.
૧. મહિલા કૉલેજ, પોરબંદર	...	૫૦૫.૫૦
૨. બી. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	૧૯૮૯.૦૦
૩. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ	...	૧૬૨૬.૦૦
૪. એમ. એન. કૉલેજ, વિસનગર	...	૧૦૦૦.૦૦
૫. ગુજરાત કૉલેજ, અમદાવાદ	...	૧૩૫૪.૦૦

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૭૨. સિન્ડિકેટના સભ્યો, જુદી જુદી વિદ્યાશાખાઓના ડીન, બૉર્ડ ઑફ સ્ટડીઝના અધ્યક્ષો, જોડાયેલી તમામ કૉલેજોના આચાર્યો તથા યુનિવર્સિટી અનુસ્નાતક ભવનો અને માન્ય સંસ્થાઓના વડાઓની માધ્યમ અંગે ઉપસ્થિત થતા પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે અધિવિસરની સભા તા. ૩૦-૮-૧૯૬૦ના રોજ રાખવામાં આવી હતી. આ સભા માટે ઉપરની વ્યક્તિઓને મુસાફરીભથ્થું વગેરે આપવાના કાર્યકારી ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૭૩. સને ૧૯૫૯-૬૦ના વર્ષ માટે ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ ખાતામાં કયા દરે વ્યાજ આપવું તે નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૫૯-૬૦ના વર્ષ માટે, ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓને પ્રોવિડન્ટ ફંડ ઉપર ૩½ ટકાના દરે વ્યાજ આપવું.

૭૪. યુનિવર્સિટી કાર્યાલયમાં ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. કે. એસ. પટેલનો અજમાયશી સમય તા. ૨૧-૯-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં કામ કરતા જુનિયર ક્લાર્ક શ્રી. કે. એસ. પટેલનો અજમાયશી સમય વધુ એક વર્ષ લંબાવવો, તથા કાર્યાલયના કામકાજમાં તેમની ચોકસાઈ સંતોષકારક બનાવવા માટે તેમને ઘટતી સૂચના આપવી.

૭૫. યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર-ઇન-કેમિસ્ટ્રી તરીકે નિમાયેલ ડા. કે. એ. ઠાકરની તેઓની નિમણૂકની તારીખથી રૂા. ૬૦૦ મૂળ પગાર આપવાની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબત વિચારણા માટે સિન્ડિકેટની હવે પછીની સભા સમક્ષ રજૂ કરવી.

૭૬. ચાલુ વર્ષની ઓક્ટોબરની લેવાનાર પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, આગામી ઓક્ટોબર માસમાં લેવાનાર પરીક્ષાઓ માટે સીનિયર સુપરવાઇઝરોની નિમણૂક માટે કાર્યાલયે તૈયાર કરેલી યાદી મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી યાદીની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે.)

૭૭. નડિયાદ એજ્યુકેશન સોસાયટી સંચાલિત જે. એન્ડ જે. કોલેજ ઓફ સાયન્સ અને સી. બી. પટેલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને બી.એ. (જનરલ) સમાજશાસ્ત્રના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે મંત્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

ડૉ. તારાબહેન પટેલ.

૭૮. સર્વોદય હાયર એજ્યુકેશન સોસાયટી, માણસા, સંચાલિત એલ. એચ. સાયન્સ અને એસ. ડી. આર્ટ્સ કૉલેજ, માણસાને ઇન્ટર આર્ટ્સ અને સાયન્સના અભ્યાસક્રમો શીખવવા માટે કાયમી જોડાણ આપવા અંગે મંત્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. અવસારે;
૨. પ્રિન્સિપલ ચિમનભાઈ જે. પટેલ.

૬૮. ગ્રંથાલય સમિતિની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"યુનિવર્સિટીની જરૂરિયાતો ધ્યાનમાં લઈને નીચેના પુસ્તકવિક્રેતાઓ પાસેથી તેમણે આપેલી તેમજ માન્ય રાખેલી શરતો તથા દરોએ તા. ૩૧મી જુલાઈ ૧૯૬૧ સુધી આ યુનિવર્સિટી ગ્રંથાલય માટે પુસ્તકો મંગાવવાનું ઠરાવવામાં આવે છે :

૧. મેસર્સ ન્યૂ ઑર્ડર બુક કંપની, અમદાવાદ (અંગ્રેજી ઉપરાંત હિન્દી પુસ્તકો માટે)

૨. મેસર્સ બાલગોવિંદ કુબેરદાસની કંપની, અમદાવાદ

૩. મેસર્સ બુક સેન્ટર પ્રાઇવેટ લિમિટેડ, મુંબઈ

૪. મેસર્સ ઇન્ટરનેશનલ બુક હાઉસ પ્રાઇવેટ લિમિટેડ, મુંબઈ

૫. મેસર્સ ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસ, મુંબઈ (તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)

૬. મેસર્સ આત્મારામ ઍન્ડ સન્સ, દિલ્હી

૭. મેસર્સ સ્ટ્રૅન્ડ બુકસ્ટૉલ, મુંબઈ

૮. મેસર્સ ઓરિયેન્ટ લૉન્ગમેન્સ, મુંબઈ (તેમનાં તથા જે પ્રકાશકોનું તેઓ પ્રતિનિધિત્વ ધરાવે છે તેમનાં પ્રકાશનો માટે)

૯. મેસર્સ એન. એમ. ત્રિપાઠી પ્રાઇવેટ લિમિટેડ, મુંબઈ (કાયદાનાં પ્રકાશનો માટે)

૧૦. મેસર્સ કોઠારી બુક ડિપો, મુંબઈ (માત્ર મેડિકલ પ્રકાશનો માટે)

૧૧. મેસર્સ ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ (ભારતી, ચેતન, નવસર્જન, રૂપમ્ પ્રકાશન મંદિર, લક્ષ્મી પુસ્તકભંડાર, રવાણી ઍન્ડ કંપની અને રવાણી પ્રકાશનગૃહનાં પ્રકાશનો માટે)

૧૨. મેસર્સ આર. આર. શેઠની કંપની, મુંબઈ (કૉલેજ અને શાળાનાં ગુજરાતીમાં પ્રકટ થતાં પાઠ્યપુસ્તકો માટે)

૧૩. મેસર્સ સરસ્વતી પુસ્તકભંડાર, અમદાવાદ (Indologyના વિષયનાં પુસ્તકો, સંસ્કૃત પુસ્તકો અને ઉપરના ૧૧, ૧૨માં નહિ આવતાં તમામ ગુજરાતી પ્રકાશનો માટે)

પરંતુ અમદાવાદના પ્રકાશકોનાં પ્રકાશનો જો તેમની પોતાની પાસેથી ખરીદવામાં ઉપરના કરતાં સસ્તાં પડે તો તે પુસ્તકો તેના પ્રકાશકો પાસેથી ખરીદવાં."

આથી ઠરાવવામાં આવે છે કે, લાયબ્રેરી સમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૦. સાર્વજનિક લૉ કૉલેજ, સુરતના આચાર્યની, સદરહુ કૉલેજ હાલ છે તે સ્થળેથી બસેડીને "શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસ ચોકસી ગુરુકુલ બિલ્ડિંગ્સ"માં લઈ જવા માટે તથા કૉલેજનું નામ બદલીને "શેઠ વિઠ્ઠલદાસ ઠાકોરદાસ ચોકસી સાર્વજનિક લૉ કૉલેજ, સુરત" નામ રાખવાની પરવાનગી આપવા માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતમાં તપાસ કરીને રિપોર્ટ કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. શ્રી. હિંમતલાલ પ્ર. શુક્લ;
૨. પ્રિન્સિપલ એમ. એસ. પંડિત.

૮૧. શ્રી. ગુલાબકુંવરબા આયુર્વેદ મહાવિદ્યાલય, જામનગરના આચાર્યની, મજકૂર કૉલેજનું પ્રથમ અને દ્વિતીય બી.એ.એમ.એસ.ના વિષયોનું શિક્ષણ આપવા માટે જોડાણ ચાલુ રાખવા માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, નીચેના સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ બાપાલાલ વૈદ્ય;
૨. ડૉ. એમ. ડી. દેસાઈ;
૩. શ્રી. વાસુદેવ ત્રિવેદી.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં./૧૦૩૨૬૫-૮૩/૧૯૬૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
૨૨ સપ્ટેમ્બર ૧૯૬૦.
ભાદ્રપદ ૩૧, ૧૮૮૨ (શક).

કુ. ચં. પરીખ,
મહામાત્ર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૮

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિના રાજીનામા અંગે ગુજરાતના મુખ્યમંત્રી ડૉ. જીવરાજ નારાયણ મહેતાએ ગુજરાત યુનિવર્સિટીના શ્રી. કુલપતિ અને ગુજરાતના રાજપાલ શ્રી. મેહદી નવાઝજંગ ઉપર તા. ૬ઠ્ઠી ઑગસ્ટના રોજ પાઠવેલો પત્ર

સચિવાલય,
અમદાવાદ-૧૫.
ઑગસ્ટ તા. ૬, ૧૯૬૦.

નામદાર કુલપતિજી,

ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિશ્રીના રાજીનામાનો તા. ૧લી ઑગસ્ટ ૧૯૬૦નો પત્ર આપે મને જોવા માટે મોકલ્યો તે માટે હું આપનો આભાર માનું છું. એ પત્રમાં ઉપકુલપતિએ પોતાના હોદ્દાનું રાજીનામું આપવાની ઇચ્છા વ્યક્ત કરી છે અને જણાવ્યું છે કે વડી અદાલતના તાજેતરના ચુકાદાએ તેમના અંતઃકરણ માટે કટોકટી ઊભી કરી છે. એ જ પત્રમાં તેમણે ઉચ્ચ શિક્ષણના માધ્યમના પ્રશ્ન અંગેની સરકારની નીતિ સામે પણ વાંધો ઉઠાવ્યો છે.

તેમના અંતઃકરણના સવાલને લાગેવળગે છે ત્યાં સુધી આપે, આપના તા. ૩જી ઑગસ્ટના તેમના પર લખેલા પત્રમાં સાચે જ જણાવ્યું છે કે મનુષ્યે પોતાની જાત કરતાં સેવાધર્મને વધારે અગત્ય આપવી જોઈએ. આ બાબતમાં મારે કાંઈ વિશેષ કહેવાનું હોય નહિ, પરંતુ સરકારની નીતિ સામે એ પત્રમાં તેમણે પ્રદર્શિત કરેલા વાંધાની બાબતમાં નીચેના હકીકત રજૂ કરું છું, જેથી સત્યાસત્ય સ્પષ્ટ થશે.

૨. ગુજરાત યુનિવર્સિટીનો કાયદો સને ૧૯૪૯માં મંજૂર થયો હતો. એ કાયદાની કલમ ૪(૨૭) અન્વયે ગુજરાતીના અને હિંદી (દેવનાગરી લિપિવાળા)ના અભ્યાસનો વિકાસ કરવા તેમ જ ગુજરાતી અથવા હિંદી (દેવનાગરી લિપિ) અગર બન્નેનો શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે ઉપયોગ કરવાની વ્યવસ્થા કરવાનો અધિકાર યુનિવર્સિટીને આપવામાં આવ્યો છે. આ અધિકારની સાથે એક શરત એ હતી કે વખતોવખત રાજ્યપત્રમાં ઠરાવવામાં આવે તે પ્રમાણે, ગુજરાત યુનિવર્સિટી એક્ટની ત્રીજી કલમ અમલમાં મૂકવામાં આવે તે તારીખથી, દસ વર્ષથી વધારે નહિ તેટલા સમય માટે અંગ્રેજીને, ઠરાવવામાં આવે તે વિષયના શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે ચાલુ રાખવું. તા. ૨૩ નવેમ્બર ૧૯૫૦ના રોજ ઉપર્યુક્ત ત્રીજી કલમ અમલમાં આવી. ગુજરાત યુનિવર્સિટીના

કાયદાની તે કલમ અનુસાર તા. ૨૨ નવેમ્બર ૧૯૬૦ પછી શિક્ષણ કે પરીક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીને ચાલુ રાખવાની પરવાનગી આપવાનું યુનિવર્સિટી માટે શક્ય બનશે નહિ.

૩. ઉપરોક્ત ફેરફાર માટે જરૂરી વચગાળાના તબક્કાને આવરી લેવા મુંબઈ ધારાસભાએ દશ વર્ષના ગાળાની જોગવાઈ કરી હતી. આથી સ્પષ્ટ થાય છે કે સૂચિત ફેરફાર ઉપર જણાવેલા વખતમાં ધીમે ધીમે અને સરળતાથી દાખલ કરી શકાય તે માટે જરૂરી પગલાં લેવાનું શક્ય બને તે ઇરાદાથી આ મુદતની જોગવાઈ કરવામાં આવી હતી.

૪. ગુજરાત યુનિવર્સિટી કાયદાની આ જોગવાઈ અનુસાર ગુજરાતીને શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે અમલમાં લાવવા માટેનો કાર્યક્રમ એ યુનિવર્સિટીએ પોતે જ નક્કી કર્યો હતો, અને તે માટે કલમ ૪(૨૭) અન્વયે સ્ટેચ્યુટ નં ૨૦૭, ૨૦૮ અને ૨૦૯ પસાર કર્યા હતા. તેમ કરીને જુદી જુદી પરીક્ષાઓ માટે અંગ્રેજી શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે તે સ્ટેચ્યુટમાં બતાવેલા વખત કરતાં વધારે સમય ચાલુ ન રહે તેને માટે જુદી જુદી તારીખો ગુજરાત યુનિવર્સિટીએ નક્કી કરી હતી. કઈ તારીખોએથી વિદ્યાર્થીઓને વિવિધ પરીક્ષાના પરીક્ષણ માધ્યમ તરીકે ગુજરાતી પસંદ કરવાની પરવાનગી આપવી તે પણ એ સ્ટેચ્યુટોમાં ઠરાવવામાં આવ્યું હતું. વિનયન વિષયો માટે સામાન્ય રીતે સને ૧૯૫૬થી અને ટેકનિકલ વિષયોમાં સને ૧૯૬૧ સુધી એમ જુદી જુદી તારીખો નક્કી થઈ હતી.

૫. ગુજરાતી ભાષામાં પાઠ્યપુસ્તકો તૈયાર હોવાં એ આ કાર્યક્રમ માટે મૂળગત વસ્તુ હતી. આનો ખ્યાલ ગુજરાત યુનિવર્સિટીને પણ તરત જ આવ્યો હતો. આથી જ ગુજરાતી દ્વારા શીખવવાના વિષયોની બાબતમાં ગુજરાતી પાઠ્યપુસ્તકો તૈયાર ન હોય તો યુનિવર્સિટીએ નિયત કરેલા સમય દરમિયાન તે માટે યોગ્ય જોગવાઈ કરવી જોઈએ એવા સિદ્ધાંતને સ્વીકારતો ઠરાવ છેક સને ૧૯૫૨માં આ યુનિવર્સિટીએ કર્યો હતો (જુઓ પાનું ૨૩— ગુજરાત યુનિવર્સિટી બુલેટિન, મે ૧૯૫૨).

૬. પરંતુ કંઈક આશ્ચર્યની વાત તો એ છે કે પોતાના એ ઠરાવને અમલમાં મૂકવા યુનિવર્સિટીએ લગભગ કાંઈ જ કર્યું નથી. નાણાંને અભાવે આ ન થઈ શક્યું એમ પણ કહેવાય નહિ પાઠ્યપુસ્તકો તૈયાર કરવાના હેતુ માટે જ યુનિવર્સિટીએ એક સારી એવી રકમનો નિધિ અનામત રાખ્યો છે, જેમાં સને ૧૯૫૮-૫૯ના નાણાકીય વર્ષને અંતે રૂ. ૬,૮૪,૬૨૨ની રકમ સિલક હતી (જુઓ પાનું ૧૮, સને ૧૯૫૮-૫૯ના હિસાબનો વાર્ષિક અહેવાલ) મુખ્યત્વે યુનિવર્સિટીની વાર્ષિક બચતમાંથી આ નિધિ ઊભો કરવામાં આવ્યો છે. સર્વ પ્રથમ ૧૯૫૨-૫૩ના નાણાકીય વર્ષમાં રૂપિયા એક લાખની રકમથી આ નિધિની શરૂઆત થઈ. ત્યાર બાદ નિયમિત રીતે સારી જેવી રકમના ઉમેરાથી ઉપર જણાવ્યા મુજબ, આ નિધિમાંની સિલકનો આંકડો લગભગ રૂ. ૭ લાખ જેટલે પહોંચ્યો હતો. જે બચતમાંથી આ નિધિ ઊભો કરવામાં આવ્યો છે તે યુનિવર્સિટીની આવકમાંથી ખર્ચ જતાં રહેલો વધારો છે. યુનિવર્સિટીની આવકમાં સરકાર તરફથી મળતી ઉદાર મદદનો પણ સમાવેશ થાય છે. યુનિવર્સિટીના અંદાજપત્રકમાં આટલી મોટી પુરાંત હોવા છતાં (સને ૧૯૫૮-૫૯માં પુરાંતનો આંકડો રૂ. ૮.૯૬ લાખ હતો) સરકારી ગ્રાંટની રકમમાં ઘટાડો કરવાનો સવાલ સરકારે કદી ય ઉપસ્થિત કર્યો નથી એ જ બતાવી આપે છે કે યુનિવર્સિટીના આ કાર્યમાં કોઈ પણ જાતની રુકાવટ ન આવે તે જોવા અને તેવી જ રીતે તેનાં મુરકેલીભર્યાં કાર્યો બજાવવા પૂરતાં સાધનો તેને મળી રહે તે જોવા સરકાર હમેશાં ઉત્સુક હતી.

૭. વળી સરકારે આ કાર્યને આટલેથી જ અટકવા દીધું ન હતું. હિંદી અને બીજી પ્રાદેશિક ભાષાઓમાં પાઠ્યપુસ્તકો તૈયાર થાય અથવા ભાષાન્તર પામે તે ક્રિયાને વેગવંતી બનાવવા સરકાર પોતે પણ આતુર હતી. મારી સૂચનાથી મુંબઈ સરકારે પોતાની મેળે સને ૧૯૫૯માં તે વખતના મુંબઈ રાજ્યમાંની યુનિવર્સિટીઓને ઉપર્યુક્ત કાર્ય માટે વગર વ્યાજે લોન આપવાની યોજના કરી હતી. તે યોજના પ્રમાણે ગુજરાત યુનિવર્સિટીને રૂા. ૪૦,૦૦૦ની લોન આપવામાં આવી હતી. આણંદ અને વડોદરામાં આવેલી યુનિવર્સિટીઓને પણ આ જ હેતુ માટે લોન મળી હતી.

૮. પરંતુ દુઃખ સાથે કહેવું પડે છે કે આવી મોટી રકમ યુનિવર્સિટીને ઉપલબ્ધ હતી તો પણ પાઠ્યપુસ્તકોનો પ્રશ્ન ઉકેલવાનો પ્રયાસ તેણે ગંભીરતાપૂર્વક કર્યો જણાતો નથી. જુદી જુદી વિદ્યાશાખાઓમાં ઇન્ટરમીડિયેટ કક્ષા સુધી અને કેટલાક વિષયોમાં પદવીકક્ષા સુધી શિક્ષણના માધ્યમ તરીકે ગુજરાતીને દાખલ કરવાના કાર્યક્રમમાં જો યુનિવર્સિટી સફળતા મેળવી શકી હોય તો તે સંપૂર્ણપણે અધ્યાપકો તથા પ્રકાશકોના સાહસને જ આભારી હતું. એમણે જ આવાં થોડાંઘણાં પુસ્તકો તૈયાર કર્યાં અને પ્રગટ કર્યાં. આ સહેલાઈથી સમજી શકાય તેમ છે કારણ કે આવાં પ્રકાશનોમાં વ્યાપારી દૃષ્ટિએ લાભ છે. આ સિવાયના બીજા વિષયોમાં યુનિવર્સિટીએ સ્વયં સક્રિયતા બતાવવી જોઈતી હતી. તબીબી અને ટેકનોલોજીની વિદ્યાશાખાની વાત જવા દઈએ તો પણ આજે બી.એસસી.ના અભ્યાસ માટે પણ એક પણ વિષયનાં પાઠ્યપુસ્તકો મળતાં નથી. સને ૧૯૫૮-૫૯ના વર્ષમાં જ્યારે માધ્યમના ફેરફારનો સમય ઘણો નજીક આવી પહોંચ્યો હતો ત્યારે પણ — એની પાસે આ હેતુ માટે પડેલા મોટા ભંડોળમાંથી ફક્ત રૂા. ૯૭૭ જેવી નજીવી રકમ જ ગુજરાત યુનિવર્સિટીએ પુસ્તકોના પ્રકાશન માટે તે વર્ષમાં ખર્ચી હતી. આ જ બતાવી આપે છે કે ગુજરાત યુનિવર્સિટી આ બાબતમાં કેવી ઉદાસીન હતી. આ પહેલાંનાં વરસોમાં પણ આ અંગેનો ખર્ચ એવો નજીવો હતો કે માધ્યમના ફેરફાર માટે નક્કી કરેલી મુદત અગાઉ પાઠ્યપુસ્તકો તૈયાર થાય તે જોવાની યુનિવર્સિટીની તીવ્ર ઇચ્છાની ભાગ્યે જ પ્રતીતિ થાય. સને ૧૯૫૨માં એ જ યુનિવર્સિટીએ નીચે મુજબનો ઠરાવ પસાર કર્યો હતો :

ઠરાવ

"જે જે વિષયો ગુજરાતી મારફતે શીખવવાની ભલામણ કરવામાં આવી છે તે માટે યોગ્ય પાઠ્યપુસ્તકો તૈયાર ન હોય તેવા કેસોમાં એ તૈયાર કરવાનું તથા તે અંગેની જરૂરી પરિભાષા નક્કી કરવાનો પ્રબંધ ઉપર જણાવેલી મુદતમાં યુનિવર્સિટીએ કરવો જોઈએ."

આવો ઠરાવ થયેલો હોવા છતાં અને નાણાં ઉપલબ્ધ હતાં તો પણ ઉપર પ્રમાણે જણાવેલી નજીવી રકમ પુસ્તકોના પ્રકાશન માટે ખર્ચાઈ હતી તે યુનિવર્સિટીની પુસ્તકોના પ્રકાશન અંગેની ઉદાસીનતા બતાવે છે.

સને ૧૯૫૯માં અપાયેલી રૂા. ૪૦,૦૦૦ની વ્યાજમુક્ત રકમમાંથી ૧૯૬૦ના જુલાઈ માસના અંત સુધીમાં રૂા. ૧૯,૬૦૪ની રકમ ખર્ચવામાં આવી હતી.

યુનિવર્સિટીએ નીચે જણાવેલાં પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતાં :

1. *Society*, by Mac Iver and Page, Part I, Adopted by Shri A. R. Desai.
2. *Castes in India*, by Hutton. Adopted by Shri P. G. Deshpande.

3. *Elements of Sociology*. by Tara Patel.

4. *Thirteen booklets for Terminology*.

ઉપર જણાવેલા ગુજરાત યુનિવર્સિટીના પોતાના જ ઠરાવ અનુસાર પાઠ્યપુસ્તકો અને બીજી અગત્યની ચોપડીઓ પ્રસિદ્ધ કરવાનાં સક્રિય પગલાં તેણે લીધાં હોત તો ગુજરાતી પાઠ્યપુસ્તકોના અભાવે અત્યારે વિદ્યાર્થીઓને જે કિંકર્તવ્યતા મૂઢતાની પીડા છે તેમાંથી તેમને બચાવી શકાયા હોત.

૯. યુનિવર્સિટીના રજિસ્ટ્રારે પાઠ્યપુસ્તકો અંગેની સિન્ડિકેટની સમિતિનો વચગાળાનો જે અહેવાલ રજૂ કર્યો છે તે ઉપરથી પણ પરિસ્થિતિ કેટલી અસંતોષકારક છે તેનો કંઈક ખ્યાલ આવે છે. સને ૧૯૫૯ના અંતમાં આ સમિતિએ કેટલાક વિષયોના અભ્યાસક્રમને આવરી લેતા મુદ્દાઓનો વિગતવાર સારાંશ (detailed synopsis) તૈયાર કરવાનું નક્કી કર્યું હતું. આ સમિતિની એ માન્યતા હતી કે વિગતવાર સારાંશ તૈયાર થયા પછી તે વિષયો અંગે પુસ્તકો તૈયાર કરાવવાનાં પગલાંઓનો વિચાર કરી શકાશે. મને ખબર છે ત્યાં સુધી તબીબી અને ઇજનેરી વિષયોના અભ્યાસ માટે હજુ સુધી ગુજરાતીમાં અભ્યાસક્રમ તૈયાર કરવામાં આવ્યો નથી. આ સંજોગો જોતાં ગુજરાત યુનિવર્સિટી એમ આશા રાખે કે કૉલેજો ગુજરાતીનું માધ્યમ તાત્કાલિક અપનાવી લે તો તે જરૂર આશ્ચર્યકારક લેખાય.

૧૦. એમ પણ દલીલ કરવામાં આવે છે કે જરૂરી પાઠ્યપુસ્તકો ન હોય તો પણ વિદ્યાર્થીઓને ગુજરાતીમાં શિક્ષણ આપી શકાય. પરંતુ ગુજરાત યુનિવર્સિટીની સેનેટ આથી જુદો મત ધરાવે છે અને તે સને ૧૯૫૯ના ઑક્ટોબરની ૧૩ તથા ૧૪ તારીખે ઉપકુલપતિ શ્રી. મગનભાઈ દેસાઈના પ્રમુખપદે મળેલી સભામાં નીચે પ્રમાણે થયેલા ઠરાવ પરથી જોઈ શકાશે :

ઠરાવ

"માતૃભાષા દ્વારા સઘળા તબક્કાનું શિક્ષણ આપવાના સિદ્ધાંતમાં પોતાની અવિચળ શ્રદ્ધા ફરીથી વ્યક્ત કરતાં ગુજરાત યુનિવર્સિટી સેનેટની આ સભા ગુજરાતી પરિભાષા તેમ જ પાઠ્યપુસ્તકોની બાબતમાં કેટલીક વિદ્યાશાખામાં જોઈએ તેટલી પ્રગતિ થઈ ન હોવાથી તેમજ હાલની સ્થિતિમાં મુશ્કેલી પડે છે અથવા નજીકના ભવિષ્યમાં મુશ્કેલી પડશે એ પરિસ્થિતિ તરફ પોતાનું ઊંડું ચિંતાનું ધ્યાન દોરે છે. આવશ્યક પરિભાષા તથા પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા સારુ તેમ જ માતૃભાષા દ્વારા સર્વ શિક્ષણ આપવાના સિદ્ધાંતનો ગુજરાત યુનિવર્સિટીની બધી વિદ્યાશાખાઓમાં અસરકારક રીતે અમલ થાય તે માટે જરૂરી યોજના અને સમયપત્રક ઘડી કાઢવા સારુ અને વચગાળાના સમયનાં માધ્યમ અને પાઠ્યપુસ્તકોની શી વ્યવસ્થા કરવી એ ત્યજે પ્રત્યેક વિદ્યાશાખાની અનુકૂળતા-પ્રતિકૂળતા લક્ષમાં રાખી ચોક્કસ ભલામણો કરવા સારુ એક સમિતિ નીમવા અને તેનો અહેવાલ પોતાની ભલામણો સાથે માર્ચ ૧૯૬૦ના અંત પહેલાં સેનેટ સમક્ષ રજૂ કરવા આ સભા સિન્ડિકેટને આગ્રહપૂર્વક વિનંતી કરે છે"

૧૧. તારીખ ૧લી મે ૧૯૬૦ના રોજ ગુજરાતનું નવું રાજ્ય સ્થપાયું ત્યારે પરિસ્થિતિ આ પ્રમાણે હતી. ભાગ્યે જ કોઈ પુસ્તકો — પાસ કરીને તબીબી અને ટેકનોલોજીના વિષયોની બાબતનાં — તૈયાર હતાં એટલું જ નહિ, પણ માધ્યમના ફેરફાર માટે પ્રાધ્યાપકો પોતે તૈયાર થઈ શકે અને એને મદદરૂપ થાય એવાં કોઈ ખાસ પગલાં પણ લેવામાં આવ્યાં ન હતાં. એથી ઊલટું જે પ્રાધ્યાપકને એમ લાગે કે ગુજરાતી અગર હિંદીનો ઉપયોગ પોતે ઠીક ઠીક રીતે કરી શકે તેમ નથી તેને સર્કયુલર નં. ૨૦૯ પ્રમાણે નવેમ્બર ૧૯૬૦ સુધી શિક્ષણના માધ્યમ તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરવા જે છૂટ આપવામાં આવી હતી તેનો દુરુપયોગ કરવામાં આવ્યો હતો અને કેટલાય પ્રાધ્યાપકો, જેમાંથી કેટલાક તો ગુજરાતીભાષી હોવા છતાં, અંગ્રેજીમાં શીખવતા હતા.

પ્રાધ્યાપકો સ્વેચ્છાએ આ બાબતમાં આગળ વધવામાં કદાચ નિષ્ફળ નીવડ્યા હોય, પરંતુ આ પ્રકારની પરિસ્થિતિ સુધારવા યુનિવર્સિટીએ કોઈ સક્રિય અને ચોક્કસ પગલાં લીધાં હોય એમ જણાતું નથી. તબીબી કૉલેજો અને ઈજનેરી શિક્ષણ-સંસ્થાઓમાં પ્રાધ્યાપકોની સંખ્યા અંગે સને ૧૯૬૦ની શરૂઆતમાં નીચે પ્રમાણેની પરિસ્થિતિ હોવાનું માલૂમ પડે છે:

	કુલ જગ્યા	ખાલી જગ્યા	ગુજરાતી જાણનાર	ગુજરાતી નહિ જાણનાર
મેડિકલ				
પ્રોફેસરો, આસ્સિ. પ્રોફેસરો અને લેક્ચરરો...	૧૨૭	૩૮	૪૦	૪૯
ઇજનેરી				
પ્રોફેસરો, આસ્સિ. પ્રોફેસરો અને લેક્ચરરો...	૧૬૭	૮૧	૪૧	૪૫

૧૨. પાઠ્યપુસ્તકો તૈયાર ન હોય છતાં પ્રાધ્યાપકો ગુજરાતીમાં શીખવે એવો આગ્રહ રાખવામાં આવે તો પણ અત્યારે તબીબી અને ઇજનેરી કૉલેજોમાં ઘણી ખાલી જગ્યાઓ અને મોટા ભાગના ગુજરાતી નહિ જાણનારા પ્રાધ્યાપકો હોવાના પરિણામે, હાલના સ્ટાફ વડે ગુજરાતીમાં શિક્ષણ આપી શકાય એમ છે ખરું? ગુજરાત યુનિવર્સિટી સાથે જોડાયેલી આ સંસ્થાના આચાર્યોએ યુનિવર્સિટીને મોકલેલા તેમના સામયિક હેવાલોમાં ગુજરાતી નહિ જાણનાર અધ્યાપકોની મોટી સંખ્યા તેમ જ પાઠ્યપુસ્તકોના અભાવ અંગે ખાસ ધ્યાન દોર્યું હતું અને ગુજરાતીમાં શિક્ષણ આપવાની શરૂઆત ન કરી શકવા માટે આ બન્ને કારણોને જવાબદાર ગણાવ્યાં હતાં. આમ છતાં જુદી જુદી વિદ્યાશાખાના વિષયો અંગે પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા યુનિવર્સિટી તરફથી ખાસ નક્કર પગલાં લેવામાં આવ્યાં ન હતાં.

૧૩. તા. ૨૬ મે ૧૯૬૦ના રોજ શાળાઓમાં અંગ્રેજીના સ્થાનનો વિચાર કરવા સરકારે બોલાવેલી પરિષદના ટાંકણે આ પરિસ્થિતિ હતી. સરકારને એ સ્પષ્ટ થયું હતું કે પાઠ્યપુસ્તકો તૈયાર થયાં ન હતાં, તેમ જ ગુજરાતીમાં શિક્ષણ શરૂ કરવા, ખાસ કરીને તબીબી, ઇજનેરી અને ખેતીવાડીની બાબતમાં, પ્રાધ્યાપકો ન તો તૈયાર હતા કે ન ઉપલબ્ધ હતા. વિજ્ઞાનની વિદ્યાશાખામાં પણ પરિસ્થિતિ બહુ સુખદ ન હતી. આમ છતાં, મૂંઝવનારી પરિસ્થિતિ ઊભી ન થાય તે હેતુસર ઉપર્યુક્ત પરિષદમાં બોલતાં યુનિવર્સિટી કક્ષાના શિક્ષણના માધ્યમ અંગે ફક્ત તબીબી, ઇજનેરી અને ખેતીવાડી વિદ્યાશાખાઓમાં પાંચ વર્ષનો મુદત-વધારો કદાચ કરવો પડે એમ મેં કહ્યું હતું. એ પરિષદમાં મેં એ પણ સ્પષ્ટ અને નિઃસંદેહ શબ્દોમાં જાહેર કર્યું હતું કે, અંગ્રેજીને તેના હાલના સ્થાનમાંથી પદભ્રષ્ટ કરવું જ પડશે અને કોઈ પણ સંજોગોમાં તેને લાંબા વખત સુધી શિક્ષણના માધ્યમ તરીકે રાખી શકાશે નહિ. એમાં સૂચન માત્ર એટલું જ હતું કે અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ફેરફાર કરવા માટે જે જે વિષયોમાં સંપૂર્ણ તૈયારી ન થઈ હોય તે તે વિષયો પૂરતું થોડો વખત અંગ્રેજીને કદાચ ચાલુ રાખવું પડે. એ ભાષણમાં એવું કંઈ ન હતું કે જે અંગ્રેજી ભાષાને હમેશને વાસ્તે ચાલુ રાખવાનો ઇરાદો છે એવો કોઈ પણ પ્રકારનો સંદેહ ઊભો કરે, અથવા સરકાર યુનિવર્સિટીને સહકાર આપવા માગતી નથી એવો ખ્યાલ આપે. વસ્તુતઃ મેં ઉપર્યુક્ત સભામાં એ પણ કહ્યું હતું કે યુનિવર્સિટીને પાઠ્ય-પુસ્તકો પ્રગટ કરવા વ્યાજમુક્ત લોન ઉપરાંત પાઠ્યપુસ્તકો તૈયાર કરવા ગ્રાન્ટ આપવા સરકાર તૈયાર રહેશે. ગુજરાતીમાં શિક્ષણ શરૂ કરવાની બાબતમાં હાલની જે મુશ્કેલીભરી પરિસ્થિતિ છે, તેમાંથી વ્યવહારુ માર્ગ દાખવવાના એકમાત્ર હેતુથી ઉપરોક્ત સૂચનો કરવામાં આવ્યાં હતાં.

એ પણ અત્રે જણાવવું યોગ્ય ગણાશે કે શ્રી. ઉપકુલપતિ ગુજરાત યુનિવર્સિટીના મુખ્ય અધિકારી (પ્રિન્સિપલ એક્ઝિક્યુટિવ ઍન્ડ ઍકેડેમિક ઑફિસર) છે અને ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૧૧ (૩) અન્વયે યુનિવર્સિટીના કાયદા, નિયમો, વટહુકમો અને ધારાધોરણો વફાદારીથી પાળવામાં આવે તે જોવાનું કાર્ય તેમનું છે અને તે માટે જરૂરી સત્તા પણ ઉપર જણાવેલી કલમ અનુસાર તેમને અપાઈ છે. ઉપકુલપતિને ઉપર પ્રમાણેની સત્તા હોવા છતાં, ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં જણાવ્યા પ્રમાણે, માધ્યમનો ફેરફાર કરી શકાય તે માટે જરૂરી તૈયારી કરવાનું કાર્ય, ખાસ કરીને પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવાનું, યુનિવર્સિટીએ ઠરાવેલી તારીખો પહેલાં, પૂરું કરી શક્યા નથી એટલું જ નહિ, પરંતુ કેટલાક વિષયોમાં તો તે કાર્ય હાથ પણ ધરવામાં આવ્યું નથી. આ રીતે ઉપકુલપતિ પોતાની આ બાબતોની ફરજ બજાવવામાં નિષ્ફળ નીવડ્યા છે. તાજેતરમાં ૧૯૬૦ના જુલાઈ માસમાં, અને તે પણ મેં રૂબરૂ કહ્યા પછી જ, ઉપકુલપતિ શ્રી. મગનભાઈ દેસાઈએ લખેલા એક પત્રને બાદ કરતાં, ઉપલબ્ધ માહિતી પ્રમાણે ઉપકુલપતિએ કોઈ પણ તબક્કે સરકાર-સંચાલિત તબીબી અને ઇજનેરી કૉલેજોમાં શિક્ષણ અંગે ફેરફાર કરવાની તૈયારીના અભાવ પ્રત્યે સરકારનું પ્રત્યક્ષ ધ્યાન દોર્યું નથી. બીજી બાજુએ જોઈએ તો, સરકારે પોતાની મેળે સામે ચાલીને બધી વિદ્યાશાખાઓ માટે પુસ્તકો તૈયાર કરવા લોન અને ગ્રાન્ટની મદદ આપવા તૈયાર છે એમ ગુજરાત યુનિવર્સિટી તેમ જ ગુજરાતની બીજી યુનિવર્સિટીઓને કહ્યું હતું. આથી સ્પષ્ટ થાય છે કે ગુજરાત યુનિવર્સિટીને સહકાર આપવા સરકાર તૈયાર ન હતી એવો શ્રી. મગનભાઈ દેસાઈએ કરેલો આક્ષેપ કોઈ પણ રીતે વાજબી કે ન્યાયી ગણી શકાય નહિ. રાજ્યની ભાષાને પ્રોત્સાહન આપવાની સરકારની નીતિ જાહેર થયેલી જ છે. તેણે તાજેતરમાં કરેલી જાહેરાત અને ખાસ કરીને સરકારી નોકરોને આપેલાં ફરમાનો, તેમ જ રોજ-બ-રોજના વહીવટમાં ગુજરાતની શરૂઆતથી જ ગુજરાતીનો થતો વધુ ને વધુ ઉપયોગ તથા ગુજરાત રાજ્ય માટેની જાહેર નોકરી પંચની પરીક્ષાઓ ગુજરાતીમાં લેવાનો સરકારનો ઠરાવ, આ બધું જોતાં સરકારની ગુજરાતી ભાષાને પ્રોત્સાહન આપવા બાબતની નિષ્ઠા અને ધગશ માટે કોઈનાય મનમાં શંકા રહેવા જોઈએ નહિ. ગુજરાત યુનિવર્સિટીના કાયદાની કલમ ૪(૨૭)માં જણાવેલી મુદતમાં, યુનિવર્સિટીની તબીબી, ખેતીવાડી અને ઇજનેરી વિદ્યાશાખાઓ માટે પાંચ વર્ષનો વધારો કરવાની સૂચના મુશીબતોનો વ્યવહારુ ઉકેલ કાઢવાના એકમાત્ર હેતુથી કરવામાં આવી હતી અને યુનિવર્સિટી-કક્ષાએ શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે ગુજરાતીને સ્વીકારવાના જાહેર કરેલા આદર્શનો તેમાં કોઈ વિરોધાભાસ ન હતો. આવા સંજોગોમાં સરકાર કે માહિતગાર જનતા આ પ્રશ્નની વાસ્તવિક પરિસ્થિતિ તરફ દુર્લક્ષ કરી શકે નહિ.

૧૪. ગુજરાત યુનિવર્સિટીએ સરકારને ગુજરાત યુનિવર્સિટીનો કાયદો સુધારવાની ભલામણો કર્યાના કેટલાય દાખલા દફતરે નોંધાયા છે. દાખલા તરીકે, સને ૧૯૫૩માં યુનિવર્સિટીના કાયદામાં કેટલાક અગત્યના સુધારા કરવાની ભલામણ સેનેટે કરી હતી. ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં સુધારા કરવાની ભલામણના ઠરાવોના આવા પ્રકારના બીજા કેટલાક દાખલા પણ આપી શકાય તેમ છે. આ રીતે સને ૧૯૫૦, ૧૯૫૪ અને ૧૯૫૬માં એમ ત્રણ ત્રણ વખત ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં સેનેટની ભલામણ પ્રમાણે સુધારા કરવામાં આવ્યા હતા અને તે માટે મુંબઈની ધારાસભાએ સને ૧૯૫૦નો કાયદો નં. ૧૯, ૧૯૫૪નો કાયદો નં. ૩૦ અને ૧૯૫૬નો કાયદો નં. ૧૮ પસાર કરી ત્રણ વખત ગુજરાત યુનિવર્સિટીના કાયદામાં સુધારા કર્યા હતા. આમ ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ પોતે જ સેનેટના સભાસદ તરીકે જે પ્રણાલિકાઓ સ્થાપવામાં સહાયભૂત હતા તે જ પ્રણાલિકાઓ વિરુદ્ધ

ઉપકુલપતિએ પોતે, ગુજરાત યુનિવર્સિટીનો કાયદો સુધારવાની જે સૂચના આવી હતી તેની ચર્ચા થવા દેવા વિરુદ્ધ ફેંસલો આપ્યો હતો. તેના સ્વાભાવિક પરિણામરૂપે દુઃખદ પરિસ્થિતિ સર્જાઈ અને આખરે આ વિવાદ વડી અદાલતે પહોંચ્યો. સેનેટે પોતે જ સ્થાપેલી પ્રણાલિકાઓ અનુસાર સેનેટનું કામકાજ ઉપકુલપતિએ ચાલવા દીધું હોત તો આ બધી પરિસ્થિતિ સર્જાઈ હોત નહિ. સ્ટેચ્યુટ નંબર ૨૨ શરૂઆતથી જ અસ્તિત્વમાં હોવા છતાં, ભૂતકાળમાં કેટલાય સુધારાની ચર્ચા ઉપર જણાવ્યા પ્રમાણે સેનેટે અવારનવાર કરી હતી. રજૂ થયેલો ઠરાવ અને તે અંગેના સુધારા ઉપર ચર્ચા કરવા દેવામાં આવી હોત તો કોઈ જાતનું નુકસાન થાત નહિ એમ માની શકાય. વસ્તુતઃ જ્યારે શ્રી. હાકોરભાઈ દેસાઈનો ગુજરાતીની તરફેણ કરતો ઠરાવ ચર્ચા માટે આવ્યો અને તેને હાથ ન ધરવાનું સેનેટમાં ઠરાવવામાં આવ્યું ત્યારે પરોક્ષ રીતે સેનેટનો મત આપોઆપ પ્રદર્શિત થયો હતો. ગુજરાતી માધ્યમ દાખલ કરવાની દશ વર્ષની મુદતને વધારવાનો ઠરાવ માત્ર ભલામણરૂપ હતો અને કોઈ પણ જાતનો નિર્ણય લેતાં પહેલાં આ પ્રશ્નની બધી બાજુનો વિચાર સરકાર જરૂર કરત જ. આ બધી હકીકતથી એટલું તો સ્પષ્ટ થશે કે માધ્યમ અંગેની પરિસ્થિતિને અસર કરે તેવું, કે તેના જેવું જ કાંઈક, અને ઉપકુલપતિ માનતા હોવાનું જણાય છે તેમ પરિસ્થિતિને વણસાવે એવું સરકારે કાંઈ જ કર્યું નથી.

૧૫. અહીં તેનો પણ ઉલ્લેખ કરવો જોઈએ કે કાયદામાં સુધારો કર્યા સિવાય પણ અંગ્રેજીને શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે ચાલુ રાખી શકાય એવો મત ધરાવતો પણ એક વર્ગ છે. આ મત અંગે ઍડવોકેટ જનરલે પોતાનો એવો અભિપ્રાય દર્શાવ્યો છે કે "કાયદાની જોગવાઈઓ ધ્યાનમાં લેતાં તા. ૨૩મી નવેમ્બર ૧૯૬૦ પછી ગુજરાત યુનિવર્સિટી ઍક્ટની કલમ ૪(૨૭)માં સુધારો કર્યા વિના અંગ્રેજીને શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે ચાલુ રાખવાનું યુનિવર્સિટી માટે શક્ય બનશે નહિ અને જો તે તેમ કરશે તો તેનું તે કાર્ય અદાલતમાં પડકારી શકાશે." આ ઉપરથી જોઈ શકાશે કે કાયદામાં સુધારો કર્યા વિના કેટલાક વિષયોમાં અંગ્રેજી ચાલુ રાખવાનો સૂચિત માર્ગ અપનાવવાનું શક્ય નથી. ઉપર જણાવેલાં કારણોસર અંગ્રેજીને શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ તરીકે થોડો વખત પણ ચાલુ રાખવું હોય તો કાયદામાં સુધારો કરવો પડશે જ અને તા. ૨૬મી મે ૧૯૬૦ના મારા ભાષણમાં મેં જે કંઈ કહ્યું હતું તે આ નક્કર હકીકતની સભાનતાનું વાસ્તવદર્શન જ હતું. યુનિવર્સિટીમાંથી ગુજરાતીને શિક્ષણના માધ્યમ તરીકે ઉડાવી દેવાનો કોઈ પ્રશ્ન જ હતો નહિ. પરંતુ ઉપકુલપતિ અને તેમના જેવા વિચાર ધરાવનારાઓએ આનો જુદો અર્થ કર્યો અને બિનજરૂરી તથા ગેરવાજબી રીતે શંકાશીલ બન્યા. દુર્ભાગ્યે પ્રતિકૂળ વાતાવરણ સર્જાયું, જે ગુજરાતના ઊગતા રાજ્યને મજબૂત કરવાના કાર્યના આપણા અંતરના મનોરથો પર પ્રતિકૂળ પ્રત્યાઘાત કરશે.

ઉપકુલપતિ પોતાનો પત્ર વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવા મોકલે તો મારો આ પત્ર પણ વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવા દેવાની આપની પરવાનગી હું માગીશ.

પ્રતિ

શ્રી. મેહદી નવાઝ જંગ
કુલપતિ, ગુજરાત યુનિવર્સિટી,
રાજભવન, અમદાવાદ.

આ જ,

જીવરાજ ના. મહેતા.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૯

By Express Delivery

ચંદ્રવદન શાહ,
આચાર્ય,
જીવનભારતી, સુરત.
૨૪-૮-૧૯૬૦

પ્રતિ

શ્રી. ઉપકુલપતિ,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

સુજ્ઞ મહાશય,

ગુજરાત યુનિવર્સિટીમાં માધ્યમ અંગેની ઉગ્ર ચર્ચાનો હાલ તુરત તો અંત આવ્યો હોય એમ લાગે છે. સરકાર ગુજરાત યુનિવર્સિટી ધારામાં સુધારો કરાવી કેટલીક વિદ્યાશાખામાં શિક્ષણ તેમ જ પરીક્ષાના વૈકલ્પિક માધ્યમ તરીકે અંગ્રેજીનો ઉપયોગ બીજાં વધુમાં વધુ ૬ વર્ષ સુધી કરવાની છૂટ અપાવશે એવો સંભવ છે.

મને લાગે છે કે આ વચગાળાનો સમય ઘણો ટૂંકો છે ને જો યુનિવર્સિટી વિના વિલંબે જાગ્રત થઈને કાર્યરત નહિ બને તો આ સમય તો ગતગતેતામાં વીતી જશે ને આપણે આજે છીએ એવી જ સ્થિતિમાં આ સમયને અંતે આવી પડીશું.

આથી યુનિવર્સિટીનાં બધાં કામોમાં પાઠ્યપુસ્તકોના પ્રશ્નને સૌથી પ્રથમ સ્થાન આપવાની આવશ્યકતા પહેલાં કદી ન હતી એટલી તાકીદની બની છે. સરકારે ત્રણ પાઠ્યપુસ્તક સમિતિઓ નીમી છે. આ સમિતિઓ રાજ્યની ત્રણે વિદ્યાપીઠોને આવરી લે છે. છતાં ગુજરાતી પાઠ્યપુસ્તકોની આવશ્યકતા આપણી યુનિવર્સિટી જેટલી બીજીને સ્પર્શતી નથી. આ સમિતિને સોંપાયેલું કામ ચોક્કસ કયા પ્રકારનું છે, ને એને અંગે એમને કેટલા અધિકાર સરકારે બક્ષ્યા છે તે આપણે જાણતા નથી. પરંતુ પાઠ્યપુસ્તકો તૈયાર કરી, છપાવીને પ્રગટ કરવામાં જો આ સમિતિ નિષ્ફળ નીવડશે અગર તો મોડી પડશે તો બીજી યુનિવર્સિટીમાં તો એની જે અસર થવાની હોય તે થાય, પરંતુ આપણે ત્યાં તો મોટી મડાગાંઠ જ ઊભી થશે એવી મને દહેશત રહે છે. એટલે આ સમિતિઓ સાથે સહકાર સાધીને એમના કાર્યને વેગ આપવાને યોગ્ય પગલાં લેવા હું આપના દ્વારા સિન્ડિકેટને વિનંતી કરું છું.

આ પ્રશ્નને અંગે હું સિન્ડિકેટની વિચારણા માટે નીચેનાં સૂચનો કરવાની રજા લઉં છું :

૧. ગુજરાતી ભાષાને માધ્યમ તરીકે અપનાવવા સારુ તેમ જ એમાં પાઠ્યપુસ્તકો તેમ જ અભ્યાસનું સાહિત્ય તૈયાર કરવા માટે આપણા અધ્યાપકગણમાં લોકમત કેળવવા તથા અનુકૂળ હવા પેદા કરવા પ્રત્યેક વિદ્યાશાખાના અધ્યાપકોનાં બેત્રણ દિવસનાં અલગ અલગ સંમેલનો (સેમિનાર) તેના ડીનના નેતૃત્વ હેઠળ આવતા નવેમ્બર માસમાં દિવાળીની રજા દરમિયાન યોજવાં જોઈએ. આ સંમેલનો બોલાવવાનો હેતુ સ્પષ્ટ કરવા તથા તેનો કાર્યક્રમ ઘડવા સિન્ડિકેટે પ્રબંધ કરવો જોઈએ.

૨. દરેક વિદ્યાશાખામાં પાઠ્યપુસ્તકોને અંગે જુદા જુદા વિષયો અને પરીક્ષાને અનુલક્ષીને કેટલું કામ, કેટલી મુદતમાં કરવાનું રહે છે તેની તપાસ કરીને વિગતવાર અહેવાલ જેમ બને તેમ જલદી તૈયાર કરવા સિન્ડિકેટે વ્યવસ્થા કરવી જોઈએ.

૩. પાઠ્યપુસ્તકો અંગે સિન્ડિકેટે જે નીતિ અપનાવેલી કહેવાય છે એ નિષ્ફળ નીવડી છે એમ સ્વીકાર્યા વિના છૂટકો નથી. આજપર્યંત યુનિવર્સિટીએ પોતાનાં પ્રકાશનો તરીકે તો ત્રણચાર પુસ્તકો જ પ્રગટ કર્યાં છે એટલે આપણો આજ સુધીનો અનુભવ આપણને એમ કહે છે કે સામા પડીને કોઈ વિદ્વાન અધ્યાપક યુનિવર્સિટી પાસે પોતાના પુસ્તકની હસ્તપ્રત લઈને આવતા નથી. બીજી બાજુ યુનિવર્સિટી કોઈ વ્યક્તિને આ કામ સોંપતા ડરતી લાગે છે કે રખેને તેના પર પક્ષપાત કર્યાનો કે ઇજારા-પદ્ધતિને ઉત્તેજન આપ્યાનો આક્ષેપ આવે !

જો આપણે સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ પાઠ્યપુસ્તકોનો વિકટ પ્રશ્ન, ખાસ કરીને વૈદકીય, કાનૂની, ખેતીવાડી ને ઇજનેરી વિદ્યાશાખામાં, હલ કરવો હોય તો અત્યાર સુધી માન્ય રાખેલી નીતિ પર હિંમતપૂર્વક ફેર-વિચારણા કરી એમાં ધરમૂળથી ફેરફાર કરવો ઘટે.

આથી મારું સૂચન એ છે કે સિન્ડિકેટે ગુજરાતી પાઠ્યપુસ્તકો પ્રગટ કરવાની પોતાની નીતિની પુનર્વિચારણા કરી હાલની આપણી જરૂરિયાતોને પહોંચી વળે એવી ચોક્કસ, નવી યોજના રજૂ કરવા એક સમિતિ નીમવી ને તેને એક મહિનામાં પોતાનો અહેવાલ રજૂ કરવા આદેશ આપવો. મને ખાતરી છે કે પાંચસાત સમભાવી સજ્જનો ભેગા મળીને જો આ પ્રશ્નનો વિચાર કરે તો સિન્ડિકેટને હાલ જે ભાંતિ છે તેને આડે આવવા દીધા વિના, કાર્યસાધક બને એવી અસરકારક નીતિનું નિર્માણ તેઓ કરી શકશે. આપણી સામે આજે સૌથી મોટો પ્રશ્ન આપણા વિદ્વાન અધ્યાપકગણને પાઠ્યપુસ્તકો તૈયાર કરવા સારુ પ્રેરવાનો છે, એમની શ્રદ્ધા સુદૃઢ કરવાનો છે, ને એમને પોતાના ગ્રંથો પ્રગટ કરવાની ચિંતામાંથી મુક્ત કરવાનો છે. આ દૃષ્ટિએ આ કામ વિના વિલંબે ઉપાડી લેવા હું આપને અને સિન્ડિકેટને નમ્રભાવે અરજ કરું છું.

આ પ્રશ્ન એટલો તાકીદનો છે કે એમાં એક દિવસનો વિલંબ પણ પોષાય એમ નથી. એટલે પૂરતા સમયની ખબર હું આપી શકયો નથી છતાં આ પત્ર આપ તા. ૨૭મીની સિન્ડિકેટની સભામાં ખાસ કામ તરીકે રજૂ કરશો તો હું આપનો અત્યંત આભારી થઈશ.

સિન્ડિકેટનો નિર્ણય જાણવાની અપેક્ષા રાખતો,

ભવદીય,
ચન્દ્રવદન શાહ

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૦

O. 259 :

Candidates before presenting themselves for the first examination shall produce certificates of —

(*A*) having attended the following courses to the satisfaction of the Head of the College :

(*i*) *Human Anatomy and Embryology :*

(*a*) A course of lectures and demonstration on human Anatomy including Embryology, with special reference to their application to Medicine and Surgery, extending over three terms.

(*b*) A course of dissections, extending over three terms. The candidate must have dissected the whole body to the satisfaction of their teachers.

(*ii*) *Human Physiology :*

(*a*) A course of lectures and demonstration on Physiology including Bio-Chemistry and Bio-Physics, extending over three terms.

(*b*) A practical course in Histology, Experimental Physiology, Bio-Chemistry and Bio-Physics, extending over three terms.

(*iii*) *Normal Psychology :*

A course of instruction in Elementary Normal Phychology.

(*ix*) *An introduction to Phrmacology.**

* The amount of time alloted to the study of this subject shall not exceed three months.

(*v*) *Elements of the methods of Clinical examination*, including the use of the common instruments and the examination of body fluids, with demonstrations on both normal and abnormal living subject.

N.B. — Courses in (*iii*), (*iv*) & (*v*) above shall be attended in the second academic year.

(*B*) having passed a test in (*iv*) above conducted by the College.

(*C*) having undergone a course of physical training and attended at least three fourths of the possible number of periods in a physical training class of their college unless exempted on medical grounds or on the grounds of being a member of the University Training Corps or that he has been regularly taking part as a member of the college team in the recognised fixtures of matches of the major games.

The member of the National Cadet Corps exempted from physical training will be required to attend at least 75% of the number of parades before they are admitted to the examination.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૧૩

નં. એમ્યુ./૯૨૦૫૦-૬૪
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
અમદાવાદ-૯.
૨૫મી સપ્ટેમ્બર, ૧૯૬૦.
ભાદ્રપદ ૨૧, ૧૮૮૨ (શક).

યુવક મહોત્સવ અંગે સિન્ડિકેટે નીમેલી એક સમિતિની ત્રણ બેઠકો, અનુક્રમે તા. ૧૨-૮-૧૯૬૦, ૧૮-૮-૧૯૬૦ અને ૨૦-૮-૧૯૬૦ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૧૨-૮-૧૯૬૦	તા. ૧૯-૮-૧૯૬૦	તા. ૨૦-૮-૧૯૬૦
૧. પ્રો. ઉમાશંકર જોષી	ગેરહાજર	હાજર	હાજર
૨. પ્રિન્સિ. યશવંત પ્રા. શુકલ	હાજર	હાજર	હાજર
૩. પ્રિન્સિ. ડૉ. ધીરુભાઈ ઠાકર	હાજર	હાજર	હાજર
૪. શ્રી. ડી. એન. પાઠક	હાજર	હાજર	હાજર
૫. ડૉ. તારાબેન પટેલ	હાજર	હાજર	હાજર

સમિતિ સમક્ષ ભારત સરકાર તરફથી આવેલ પત્ર નં. એફ. ૧૪-૨૬૦-પી. ઈ. ૩ નં. ૧૩-૧૭-૬૦-પી. ૩, અને નં. ૧૩-૧૬-૬૦-પી. ૩ રજૂ કરવામાં આવ્યા હતા, અને આ યુનિવર્સિટીમાં આંતર-કૉલેજ યુવકમહોત્સવ ઊજવવાની શક્યતા તેમ જ તેની વ્યવસ્થા, ખર્ચ વગેરેની વિચારણા કરવા માટે સમિતિને ડેપ્યુટી રજિસ્ટ્રાર તરફથી સૂચવવામાં આવ્યું હતું.

વિસ્તૃત ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે સિન્ડિકેટને ભલામણ કરવાનું ઠરાવવામાં આવ્યું :

યુવક મહોત્સવ ઊજવવાનો હેતુ કલાકારો એકબીજાના સંપર્કમાં આવે તથા મહોત્સવના સમય દરમિયાન સમૂહજીવન ગાળે તે ધ્યાનમાં રાખીને તેમ જ યુનિવર્સિટી સાથે હાલમાં જોડાયેલી કૉલેજોની સંખ્યાને ધ્યાનમાં લઈને તથા જે પરિસ્થિતિને કારણે સમગ્ર હિંદની યુનિવર્સિટીઓનો યુવક મહોત્સવ બંધ રાખવાનું ઠરાવવામાં આવ્યું તે કારણનું પુનરાવર્તન ન થાય તે ધ્યાનમાં રાખી નીચેની ભલામણો કરવામાં આવે છે :

૧. આ યુનિવર્સિટીમાં આંતર-કૉલેજ યુવક મહોત્સવ દિલ્હીમાં જે રીતે યોજાય છે તે રીતે અને તેના નિયમો વગેરે લક્ષમાં રાખીને સામાન્ય રીતે યોજવો જોઈએ. તે માટે રમતગમત હરીફાઈની

જેમ યુનિવર્સિટી વિસ્તારને ૩ કે ૪ વિભાગ (ઝોન)માં વહેંચી દઈ, તે ઝોનમાં પ્રાથમિક હરીફાઈ થયા પછી છેવટની હરીફાઈ યુનિવર્સિટીએ અમદાવાદમાં યોજવી.

૨. ચાલુ વર્ષે પ્રાથમિક હરીફાઈઓ ૨૨મી ઑકટોબર પહેલાં પૂરી થાય અને છેવટની હરીફાઈ અમદાવાદમાં તા. ૩૦-૩૧ ઑકટોબર અને તા. ૧-૨ નવેમ્બરે રાખવી.

૩. જે જે હરીફાઈઓ દિલ્હીમાં યોજનાર હતી તે બધી હરીફાઈઓ યુનિવર્સિટીએ પણ રાખવી.

૪. ચાલુ વર્ષે આ હરીફાઈઓની યોજના ગયા વર્ષની જેમ રાખવી, એટલે કે—

(૧) સમૂહનૃત્ય, સમૂહસંગીત અને એકાંકી નાટક માટે દરેક ઝોનમાં યુનિવર્સિટી તરફથી નિર્ણાયકો, એક અથવા વધારે સ્થળે જાય અને દરેક ઝોનનું પરિણામ આવે પછી છેવટની હરીફાઈ યોજાય. (જેમાં એક અગર બે વ્યક્તિઓને જ ભાગ લેવાનો છે તેવી સઘળી બાબતની હરીફાઈ ઝોનમાં ન યોજતાં અમદાવાદમાં જ યોજવી.)

(૨) ઝોનની હરીફાઈઓ માટે નિર્ણાયકોને જરૂરી મુસાફરી-ભાડું-ભથ્થું વગેરે આપવું.

(૩) ઝોનલ હરીફાઈ માટે આવનાર કલાકારોને આવવાજવાનું ખર્ચ કે ભોજનખર્ચ વગેરે જે તે ભાગ લેનાર કૉલેજે ઉપાડી લેવું.

(૪) જે સ્થળે હરીફાઈ હશે તે સ્થળે તેમને ઊતરવા માટેની વ્યવસ્થા કરી આપવા માટે બનતો પ્રયત્ન કરવો.

(૫) દરેક વિભાગની કે સ્થળની હરીફાઈની વ્યવસ્થા કે ખર્ચ તે વિભાગની કૉલેજોએ ઉપાડી લેવો. યુનિવર્સિટી યોગ્ય લાગે તો સ્ટેજ અંગેનો ખર્ચ તેમને આપવાનું વિચારે.

૫. વિભાગીય હરીફાઈ પછી આખરી સ્પર્ધા અમદાવાદમાં રાખવી.

૬. યુનિવર્સિટીની છેલ્લી હરીફાઈ માટે જે ટુકડીઓ અમદાવાદમાં આવે તેમની યુનિવર્સિટી કૅમ્પસમાં ઊતરવા માટે તેમ જ રહેવા માટે હૉસ્ટેલો મેળવીને સગવડ કરવી અને તેમને રહેવા-જમવાનું ખર્ચ યુનિવર્સિટીએ આપવું.

૭. જો મહોત્સવમાં ભાગ લેવા આવનારા કલાકારોને કૅમ્પસમાં રાખવાનું શક્ય ન બને તો આ સમિતિ મહોત્સવ ઊજવવાની તરફેણમાં નથી.

૮. આ હરીફાઈઓ માટે રૂ. ૧૦,૦૦૦નું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

૯. આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે કે આ મહોત્સવનું સમયસર આયોજન અને વ્યવસ્થા કરવા માટે એક સમિતિ નીમવી અને તેને જરૂરી બધો ખર્ચ કરવાની સત્તા આપવી તેમ જ કાર્યાલયમાંથી પણ જરૂરી સ્ટાફની સહાય આપવી.

આ સમિતિને અત્યાર સુધી દિલ્હીના તેમ જ માયસોરના યુવક મહોત્સવમાં તેમ જ શિબિરોમાં ગયા હોય તેવા શિક્ષકો અને આચાર્યોને કો-ઑપ્ટ કરવાની સત્તા આપવી.

૧૦. છેવટની હરીફાઈનો કાર્યક્રમ આખા દિવસને આવરી લે તે પ્રમાણે ગોઠવવો.

૧૧. આ હરીફાઈના કાર્યક્રમો જ્યાં જ્યાં જરૂર જણાય ત્યાં ફક્ત ભાગ લેનારા કલાકારો પૂરતો જ મર્યાદિત રાખવો.

૧૨. વધુમાં આ સમિતિ હવે પછીનાં વર્ષોમાં યુવક મહોત્સવનું કામ વ્યવસ્થિત થાય તે માટે રમતગમત હરીફાઈની માફક જરૂરી વિભાગીય સમિતિઓ નીમી તે અંગેના નિયમો વગેરે તૈયાર કરી તે માટે જરૂરી તંત્ર ઊભું કરવા સિન્ડિકેટને ભલામણ કરે છે.

જ. મં. મહેતા,
મહામાત્ર વતી.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૭

માર્ચ–એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલી આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓએ ગુણચકાસણી (વેરિફિકેશન) માટે અરજી કરી હતી, તે પૈકી જે વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ પરીક્ષકોએ મોકલેલા પાર્સલમાંથી મળી નહોતી, તે વિદ્યાર્થીઓની ગુણચકાસણીની અરજીઓ બાબતમાં શું કરવું તે વાસ્તે સિન્ડિકેટે તેની તા. ૧૬–૭–૧૯૬૦ની સભામાં નીમેલી સમિતિની ચોથી સભા તા. ૨૦–૮–૧૯૬૦ના રોજ બપોરે ૧૧–૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૩. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	ગેરહાજર
૪. શ્રી. કં ચં પરીખ, રજિસ્ટ્રાર	હાજર
૫. શ્રી. જે. એમ. મહેતા, ડે. રજિસ્ટ્રાર	હાજર

સભાનું પ્રમુખસ્થાન પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયકે લીધું હતું.

તા. ૧૮–૮–૧૯૬૦ના રોજ મળેલી સમિતિની ત્રીજી સભાની નોંધ મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

ફર્સ્ટ ઇયર કૉમર્સના વિદ્યાર્થી નં. ૨૨૫૫ની ગણિતના વિષયની ઉત્તરવહીઓ બાબતમાં, કાર્યાલયની તપાસમાં જણાયું હતું કે, સદરહુ વિદ્યાર્થીએ બે વાર ગણિતનાં ઉત્તરપત્રોની ચકાસણી કરવા માટે અરજી કરી હતી, અને તેથી તેની પહેલી અરજીના આધારે ગુણચકાસણી કરીને કાર્યાલયમાંથી જવાબ આપવામાં આવ્યો હતો, જ્યારે તેની બીજી અરજી પરથી તેની ઉત્તરવહીઓની શોધ કરવામાં આવી હતી, એમ વધુ ઝીણવટભરી તપાસ કરતાં તા. ૧૯–૮–૧૯૬૦ના રોજ શ્રી. ડેપ્યુટી રજિસ્ટ્રારના ધ્યાન પર આવ્યું હતું. સમિતિને આની જાણ કરવામાં આવી.

તે પછી લંબાણ ચર્ચાવિચારણા પછી આ સાથે જોડેલો રિપોર્ટ સિન્ડિકેટને કરવાનું ઠરાવવામાં આવ્યું.

સમિતિનો રિપોર્ટ

માર્ચ-એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલી ગુજરાત યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓમાં બેઠેલા વિદ્યાર્થીઓ પૈકી નીચેના જે સાત વિદ્યાર્થીઓએ તેમનાં નામ સામે જણાવેલ વિષયમાં પોતાને મળેલ ગુણની ચકાસણી કરવા માટે અરજીઓ કરેલી, તેમની ઉત્તરવહીઓ મળતી ન હોવાનું જણાવતાં તેમની અરજીઓ ઉપર

શાં પગલાં લેવાં તે બાબત અંગે વિચારણા કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૬-૭-૧૯૬૦ની સભામાં એક સમિતિ નીમી હતી :

વિદ્યાર્થી નંબર	પરીક્ષા	વિષય
(૧) ૪૩૧૯	પ્રથમ વર્ષ વિનયન	અંગ્રેજી
(૨) ૬૬૭	પ્રથમ વર્ષ વાણિજ્ય	ગુજરાતી
(૩) ૨૨૫૫	પ્રથમ વર્ષ વાણિજ્ય	ગણિત
(૪) ૪૦૧	દ્વિતીય વર્ષ વિનયન	લૉજિક
(૫) ૩૫૨૬	દ્વિતીય વર્ષ વિનયન	લૉજિક
(૬) ૪૫	ત્રીજી એમ.બી.બી.એસ.	મિડવાઇફરી અને ગાયનેકોલોજી
(૭) ૫૯	ત્રીજી એમ.બી.બી.એસ.	મિડવાઇફરી અને ગાયનેકોલોજી

આ સમિતિની તા. ૨૧-૭-૧૯૬૦, તા. ૧૧-૮-૧૯૬૦, તા. ૧૮-૮-૧૯૬૦ અને તા. ૨૦-૮-૧૯૬૦ના રોજ, એમ કુલ ચાર સભાઓ મળી હતી.

આ બાબતમાં સમિતિ પૂરતી તપાસ અને જરૂરી ચર્ચાવિચારણા કરીને નીચે પ્રમાણે રિપોર્ટ કરે છે :

ઉપરના સાત વિદ્યાર્થીઓ સિવાય નીચેના વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસ કરતાં તેમનાં નામ સામે જણાવેલ તારીખોએ મળી છે અને તે અંગે જે તે વિદ્યાર્થીને ઘટતા જવાબો મોકલવામાં આવ્યા છે, તેથી તે બાબતમાં વિશેષ પગલાં લેવાનાં રહેતાં નથી.

વિદ્યાર્થી નંબર	પરીક્ષા	ઉત્તરવહીઓ મળ્યા તારીખ
(૧) ૪૩૧૯	પ્રથમ વર્ષ વિનયન	૧૯-૭-૧૯૬૦
(૨) ૪૫	ત્રીજી એમ.બી.બી.એસ.	૧૮-૭-૧૯૬૦
(૩) ૫૯	ત્રીજી એમ.બી.બી.એસ.	૧૮-૭-૧૯૬૦

નીચેના ત્રણ વિદ્યાર્થીઓના બાબતમાં, તેમને અન્ય વિષયોમાં મળેલા ગુણ અને સમગ્ર પરિણામ તપાસ્યા પછી તેમજ તેમની જે વિષયની એક ઉત્તરવહી મળતી નથી તે વિષયમાં તે ઉત્તરવહીમાં લખાયેલા પ્રશ્નોના પરીક્ષકોના ગુણપત્રકમાં આપેલાં ગુણો જોતાં સમિતિને ખાતરી થાય છે કે આ વિદ્યાર્થીઓનાં જાહેર કરવામાં આવેલાં પરિણામ બદલાય તેવા કોઈ શક્યતા જણાતી નથી, અને તેથી તે વિદ્યાર્થીઓને નીચે પ્રમાણે જવાબ આપવા, એમ સૂચવવામાં આવે છે :

"It has been found that answers to all the.....questions attempted in the question-paper of..... ...t the..... Examination held in.....1960 have been assessed and the total is found to be correct."

૧. વધુમાં, આ સમિતિને તેની તપાસ દરમિયાન કાર્યાલય તરફથી જણાવવામાં આવ્યું કે, ઉપર જણાવેલી ઉત્તરવહીઓ સિવાય પણ આશરે ૭૭૫ ઉત્તરવહીઓ કાર્યાલયને મળેલી જણાતી નથી. આ બાબતમાં તપાસ કરતાં જણાયું કે, પરીક્ષકો પાસેથી ઉત્તરવહીઓનાં જે પાર્સલો આવે છે તે પાર્સલો મળ્યેથી તેની પહોંચ સ્વીકારવામાં આવે છે, પણ પહોંચ સ્વીકારતી વખતે, તેમાં મૂકેલી ઉત્તરવહીઓ મેળવી લેવાનો શિરસ્તો નથી. સમિતિને એમ પણ જણાયું કે, છેલ્લાં બે વર્ષથી, જે ઉત્તરવહીઓનાં પાર્સલો આવે છે, તે પાર્સલો, પરીક્ષાઓના ક્રમાંક પ્રમાણે ગોઠવવાની પદ્ધતિ શરૂ કરવામાં આવી છે. આ પદ્ધતિને વધારે અસરકારક બનાવવા વાસ્તે, ઉત્તરવહીઓનાં જે પાર્સલો આવે તે પાર્સલોમાંની ઉત્તરવહીઓ બરાબર મેળવી લીધા પછી જ પાકી રસીદ કાઢવાનું રાખવું જોઈએ. આ કામ માટે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં પૂરતા કર્મચારીઓની જોગવાઈ કરવાની રહેશે, એ દેખીતું છે.

૨. વધુમાં, સમિતિ, પરીક્ષામાં બેઠેલા બધા જ વિદ્યાર્થીઓનાં ગુણપત્રકોની ચકાસણી કરીને તેમનાં પરિણામ બરાબર છે કે નહિ તેની ખાતરી કરી લેવાની શક્યતાઓ વિચારવા સિન્ડિકેટને સૂચન કરે છે.

૩. ઉપર જણાવેલાં બે સૂચનો ઉપર વિચારણા કરવા વાસ્તે એક સમિતિ નીમવા માટે પણ સમિતિ સિન્ડિકેટને સૂચન કરે છે.

તા. ૨૪-૮-૧૯૬૦.

(સહી) વાય. જી. નાયક

પરિશિષ્ટ "છ"
કામકાજ ક્રમાંક ૨૦

યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓનું કામકાજ કરવામાં મશીનોના ઉપયોગ અંગે અને તે બાબતમાં International Computars and Tabulators (India) (Private) Ltd. (I. C. T.) તરફથી આવેલ યોજના તથા ખર્ચના અંદાજ વગેરે તપાસી રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે તેની તા. ૧૬-૭-૧૯૬૦ની સભામાં એક સમિતિ નીમી હતી, તે સમિતિની એક સભા તા. ૫-૮-૧૯૬૦ના રોજ સાંજે ૪૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. વી. એસ. ભાનોટ, ચેરમેન, એસ.એસ સી. બોર્ડ, ગુજરાત	હાજર
૨. પ્રિ. વાય. જી. નાયક	હાજર
૩. પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. કે. સી. પરીખ, રજિસ્ટ્રાર	હાજર
૬. શ્રી. જે. એમ. મહેતા, ડે. રજિસ્ટ્રાર	હાજર

સમિતિના સભ્યો સમક્ષ આઈ.સી.ટી. તરફથી આવેલા એસ્ટિમેટ્સ અને હેવાલ રજૂ કરવામાં આવ્યા હતા તે જોઈતપાસી સમિતિએ સૂચવ્યું કે :

૧ પરીક્ષાનાં કામકાજ અંગેનો સુધારા કરવાનો સિદ્ધાન્ત સ્વીકારવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે અને સમિતિ આઈ.સી.ટી. કંપનીનો જે હેવાલ આવ્યો છે તે જોઈ તેના અંગેની બાબતમાં નીચેનો ફેરફાર કરવાનું સૂચવે છે :

૧. ૮૦ કૉલમના કાર્ડ માટેનું પંચિંગ મશીન મંગાવવાને બદલે ૧૦૦ કૉલમના કાર્ડવાળું પંચિંગ મશીન મંગાવવું, તે પરીક્ષાના કામકાજની દૃષ્ટિએ વધુ અનુકૂળ રહેશે. તેમ કરવામાં ટેબ્યુલેટરના ભાડામાં થોડો વધારો થાય તે સંભવિત છે

૨. કંપનીએ જે ૭ Punchers અને ૭ Verifiers ની જરૂર દર્શાવી છે તે પૈકી ઓછામાં ઓછા ૩ Punchers અને ૩ સ્વયંચાલિત Verifiers (Automatic) લેવા, એવી સમિતિ ભલામણ કરે છે.

૩. બધાં મશીનો ૨૩૦ વૉલ્ટના વીજળી પ્રવાહ પર કામ કરે તે પ્રમાણેના લેવાં.

૪. મશીનો ઑપરેટ કરવા માટે જે સ્ટાફની સંખ્યા કાયમ રાખવા હેવાલમાં જણાવેલ છે તે થોડી ઓછી કરી શકાય એમ લાગે છે, છતાં કંપની પાસે જરૂરી ગણતરી કરાવી બધો કાયમી સ્ટાફ રાખવાને બદલે થોડો કાયમી અને બાકીનો રોજિંદો સ્ટાફ જરૂર પ્રમાણે રાખી કામ કરાવી શકાય તો તે જોવું.

૫. સમિતિ સૂચવે છે કે કંપની સાથેનો કરાર કરતી વખતે યુનિવર્સિટીને જે યંત્રો ભાડે આપવામાં આવે તેના પર યુનિવર્સિટીના કામને સર્વોચ્ચ અગ્રિમતા (ટોપ પ્રાયોરિટી) આપવાની સ્પષ્ટ જોગવાઈ કરવી.

૬. આ યંત્રો રાખવા માટે અને કામ કરવા માટે જુદો અલાયદો વિભાગ અને સ્ટાફને બેસવા માટે જરૂરી અલાયદી સગવડ કરવાની રહેશે તે પ્રત્યે પણ યુનિવર્સિટીનું ધ્યાન દોરવામાં આવે છે.

વધુમાં બધાં જ યંત્રો તદ્દન નવાં જ આવે તે જોવું જરૂરી જણાય છે અને તે માટે જરૂરી આયાત પરવાનો વગેરેની વ્યવસ્થા કરવી ઘટે તો તે કરવી એમ સમિતિ સૂચવે છે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું અને બીજી સભા તા. ૨૦-૮-૧૯૬૦ના રોજ બોલાવવી એમ સૂચવવામાં આવ્યું હતું. દરમિયાન વચગાળાનો રિપોર્ટ સિન્ડિકેટને કરવો એમ ઠરાવવામાં આવ્યું હતું.

તા. ૮-૮-૧૯૬૦.

(સહી) કં. ચં. પરીખ,
મહામાત્ર.

પરિશિષ્ટ "જ"
કામકાજ ક્રમાંક ૨૪

ગણિત વિભાગ, વિજ્ઞાન ભવન,
નં. એસસી. મેથ. ૨-૧૯૬૦,
તા. ૨૯-૭-૧૯૬૦.

શ્રી. રજિસ્ટ્રાર,
ગુજરાત યુનિવર્સિટી,
અમદાવાદ-૯.

વિષય.—ગ્રીષ્મવર્ગો — આધુનિક ગણિત.

ભાઈશ્રી,

આપના પત્રાંક જન. પી. જી. નં ૬૩૧૨૨, તા. ૩૦-૫-૧૯૬૦માં જણાવ્યા પ્રમાણે નિમાયેલી સમિતિએ ઉપરના વિષય પરત્વે યોજના તથા ખર્ચનો અંદાજ નક્કી કરવા વિચારણા કરી છે. તેનો રિપોર્ટ નીચે પ્રમાણે છે:

કમિટીનો રિપોર્ટ

ગ્રીષ્મવર્ગો ૧૯૬૧ના ઉનાળામાં ૧૫ દિવસ માટે યોજવા.

તારીખ : ૧. તા. ૧૫મી મેથી તા. ૧૦મી જૂન સુધીના ગાળામાં પંદર દિવસો માટે વર્ગનો સમય ગોઠવવો.

સ્થળ : ૨. વર્ગનું સ્થળ નીચેનાં શહેરોમાંથી કોઈ એક જગ્યાએ ત્યાંની સાયન્સ કૉલેજમાં નક્કી કરવું:
જામનગર, સુરત, ભાવનગર, અમદાવાદ.

ભરતી : ૩. વર્ગમાં દરેક કૉલેજ દીઠ એક માન્ય અનુસ્નાતક ગણિત શિક્ષકની ભરતી કરવી. આ પ્રમાણે ભરતી થયેલ શિક્ષકનું ખર્ચ યુનિવર્સિટી ઉઠાવે. આ ઉપરાંત કોઈ પણ કૉલેજ પોતાને ખર્ચે અથવા તે શિક્ષકને ખર્ચે એકથી વધારે શિક્ષકો મોકલી શકે, પરંતુ કોઈ પણ સંયોગોમાં તે માન્ય અનુસ્નાતક શિક્ષક કે મદદનીશ શિક્ષક હોવો હોવો જોઈએ.

વ્યવસ્થા : ૪. વર્ગમાં રોજ ૬ કલાકનું શૈક્ષણિક કાર્ય થશે. બે વિષયો — મોડર્ન એલ્જિબ્રા અને ટોપોલોજી ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. દરેક વિષય માટે રોજ એક કલાક વ્યાખ્યાન, અડધો કલાક પ્રશ્નોત્તરી વ્યાખ્યાતા સાથે, ૧ કલાક સમૂહચર્ચા — એમ અઢી કલાકનો ક્રમ રહેશે. ઉપરાંત રોજ એક કલાક ગણિતની શિક્ષણપદ્ધતિ, આપણો અભ્યાસક્રમ, ત્રણ વર્ષના સ્નાતક ક્રમમાં ગણિતનો અભ્યાસક્રમ વગેરે યુનિવર્સિટીના ગણિતશિક્ષણના રોજિંદા પ્રશ્નો ઉપર સમૂહ — વિચારણા થશે. આ રીતે રોજનો ૬ કલાકનો કાર્યક્રમ ગોઠવાશે.

વર્ગની વ્યવસ્થા યુનિવર્સિટી વિજ્ઞાન ભવનના ગણિત વિભાગ મારફત થશે.

અંદાજ : ૫. અંદાજનો હિસાબ લગાવવા માટે નીચે પ્રમાણે પાયો લેવામાં આવ્યો હતો :

૧. વર્ગમાં ૧૫ કૉલેજ તરફથી માન્ય અનુસ્નાતક શિક્ષકો યુનિવર્સિટીના ખર્ચે જોડાશે.
૨. રોજનું ખર્ચ રૂા. ૫ પ્રમાણે ગણવું.
૩. રેલવે મુસાફરી માટે આવતાજતાનું થર્ડ ક્લાસનું ભાડું તથા માઈલે ૮ પાઈ ભથ્થું ગણવું.
૪. મકાનની સગવડ વગર ભાડે મળશે.

આ પ્રમાણે ખર્ચનો અંદાજ મૂકતાં નીચે પ્રમાણે આંકડા મૂકી શકાય :

(૧) ભોજનખર્ચ	...	રૂા. ૧,૫૦૦
(૨) મુસાફરીખર્ચ	...	રૂા. ૬૭૫
(૩) આમંત્રિત મહેમાનો (સરેરાશ પાંચ મહેમાનની ગણતરીએ)	...	રૂા. ૯૦૦
(૪) બે વ્યાખ્યાતાઓને ઑનરેરિયમ	...	રૂા. ૨૦૦
(૫) વ્યવસ્થાખર્ચ	...	રૂા. ૪૦૦
કુલ ખર્ચ	...	રૂા. ૩,૬૭૫

કમિટીના સભ્યોની સહી :

ય. ગુ. નાયક
જે. બી. સાન્ડિલ
પી. સી. વૈદ્ય
ડી. જી. વરંડી

ઉપરોક્ત રિપોર્ટ સિન્ડિકેટ સમક્ષ મૂકવા વિનંતી છે.

લિ.
પી. સી. વૈદ્યનાં વંદન.

પરિશિષ્ટ "ઝ"
કામકાજ ક્રમાંક ૨૫

University Grants Commission,
Old Mill Road, New Delhi.
Dated the 27th July, 1960.

No. F. 33-68/60 (Cop)

Dear Mr. Vice-Chancellor,

The University Grants Commission has frequently been asked what the fate of various development projects for which the Commission gives a recurring grant would be after the Commission's grant is withdrawn. We would like to explain the situation as we see it.

It is to be understood that the Commission's statutory responsibility, as far as the State Universities are concerned, does not relate to maintenance but is limited to assistance for development schemes. It is not the function of the U.G.C. to assist in the maintenance of State Universities or Colleges or any of their departments. Nevertheless, in actual practice, and by way of a pilot scheme or an experiment, the Commission has, during the last few years, frequently undertaken to contribute towards the recurring expenditure of an approved development scheme for a period of years. Usually such assistance is limited to the plan period in which the scheme is approved. But the Commission is prepared to continue the assistance beyond the plan period for a total period of five years from the inception of the scheme. Thereafter the continuance of such schemes is for all purposes maintenance and naturally becomes the responsibility of the State. We are aware that there has been some uncertainty about the availability of funds with the State Governments for the continued maintenance of schemes started off as development schemes. This is mainly due to the fact that there has been no clear (synchronization) between the Finance Commissions which are periodically appointed and the Five-year Plans.

We now understand that it is proposed to appoint the next Finance Commission before the Third Five-year Plan begins, and it should be possible for each State Government to place before that Commission a clear statement of its needs to meet the recurring requirements of developments undertaken during the previous plan period. We have found that in such matters as the payment of salaries of teaching staff appointed for new developments and for meeting the increased expenditure resulting from the revision of scales of pay in universities and colleges, State Governments have frequently not made clear appropriations. We would now strongly urge upon the Universities and State Governments that steps be taken to deal with this problem of finding funds for development expenditure, which becomes committed expenditure, by means of a careful assessment of requirements with the Finance Commission.

It is clearly ultra vires of the statutory powers of the U.G.C. to continue to meet the recurring cost of any schemes in the State Universities beyond the initial period for which a grant may be given to help in starting off the scheme and to enable the experiment to succeed. But after the experimental stage, it must be the function of the State Governments to find the money required for the continuance of such schemes and it is hoped that the Universities and State Governments will take action to obtain the necessary financial resources in the manner indicated. Whether it is the continuance of a new department or the revision of salary scales it would obviously be highly undesirable to drop the schemes when the U.G.C.'s assistance ceases, as it must under the law.

We trust that this matter will receive your serious attention and that the Universites will be able to discuss it with the State Governments and appropriate steps taken as early as possible since the Central Government have already, it seems, announced their intention to appoint the next Finance Commission.

Shri Maganbhai P. Desai,
Vice-Chancellor,
Gujarat University,
Ahmedabad.

Yours sincerely,
(Sd/–) S. Mathai.

પરિશિષ્ટ "૮"
કામકાજ ક્રમાંક ૩૨

સિન્ડિકેટની વરણીસમિતિની એક સભા તા ૧૯–૮–૧૯૬૦ના રોજ સાંજના ત્રણ વાગ્યે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. પ્રમુખસ્થાન કાર્યકારી ઉપકુલપતિ પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ એ લીધું હતું. સભામાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨. શ્રી. એમ. ડી. રાજપાલ	હાજર
૩. ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૫. શ્રી. બકુભાઈ એચ. દેસાઈ	હાજર
૬. શ્રી. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૭. ડૉ. નાનુભાઈ આર. દેસાઈ	ગેરહાજર
૮. શ્રી. જયંતિ જી. દલાલ	ગેરહાજર
૯. શ્રી. એન. એસ. શોધન	ગેરહાજર
૧૦. શ્રી. હિંમતલાલ શુકલ	ગેરહાજર
૧૧. શ્રી. બિહારીલાલ શાહ	ગેરહાજર
૧૨. ડૉ. વિક્રમ સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૧૪. પ્રૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. પ્રિ. એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. પ્રિ. ડૉ. કે. જી. નાયક	ગેરહાજર
૧૭. પ્રિ. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૮. શ્રી. વી. વી વૈદ્ય	હાજર

ઉપરાંત નીચેના સભ્યો ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા :

(૧) પ્રૉ. જે. જે. ચિનોય
(ડેમોન્સ્ટ્રેટર ઇન બૉટેનીની જગ્યા માટે)

(૨) શ્રી. બી. એમ. પટેલ, એકાઉન્ટન્ટ
(ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગ્યા માટે)

(૩) શ્રી. પી. મિસ્ત્રી
(બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા માટે)

૧. બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) શ્રી. ડી. ડી. પટેલ	ગેરહાજર
(૨) શ્રી. ડી. એલ. પરીખ	હાજર
(૩) શ્રી. આર. પી. અધ્વર્યુ	ગેરહાજર
(૪) શ્રી. આર. પી. શાહ	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ ઠરાવ્યું કે, બિલ્ડિંગ સુપરવાઇઝરની જગ્યા માટે રૂ. ૨૦૦-૦૦ મૂળ માસિક પગારથી નીચે જણાવેલા ઉમેદવારોની ક્રમાનુવર્તી નિમણૂક કામચલાઉ (temporary) ધોરણે કરવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) શ્રી. ડી. એલ. પરીખ

(૨) શ્રી. આર. પી. શાહ

૨. ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગ્યા માટે નીચે જણાવેલા ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) શ્રી. ભોગીલાલ કે. શાહ	હાજર
(૨) શ્રી. મૂળચંદ એમ. શાહ	હાજર
(૩) શ્રી. વી. એચ. શાહ	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ ઠરાવ્યું કે, ડેપ્યુટી એકાઉન્ટન્ટની જગા માટે રૂ. ૨૦૦-૧૦-૨૮૦-ઇ.બી.-૧૫-૪૦૦ના પગાર ધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂ. ૨૮૦-૦૦ થી શ્રી. ભોગીલાલ કે. શાહની એક વર્ષના પ્રોબેશન પર નિમણૂક કરવા વાસ્તે સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. પ્રકાશન અધિકારીની જગ્યા માટે નીચે જણાવેલા ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) શ્રી. વાડીલાલ જીવાભાઈ ચોકસી	હાજર
(૨) શ્રી. કનકરાય છોટાલાલ જાની	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લેવામાં આવી હતી. તે પછી સમિતિએ નીચે પ્રમાણે ઠરાવ્યું :

પ્રકાશન અધિકારીની ફરજો સ્પષ્ટ રીતે નક્કી કરવા માટે તથા તે જગ્યા માટે લાયકાતનું જે ધોરણ સૂચવવામાં આવ્યું છે, તે ધોરણ ફરીથી વિચારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. ડેમોન્સ્ટ્રેટર ઇન બૉટનીની એક જગ્યા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

(૧) કુ. ભારતી પાન્ડુરંગ દેશપાંડે હાજર
(૨) શ્રી. એ. દુકરનાથ પનીકકર હાજર
(૩) કુ. મંજુલા પરમાનંદ વ્યાસ હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી સમિતિએ ઠરાવ્યું કે, નીચે જણાવેલા ઉમેદવારોની, ડેમોન્સ્ટ્રેટર ઇન બૉટનીની એક જગ્યા માટે રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૦૦ થી બે વર્ષના પ્રોબેશન ઉપર ક્રમાનુવર્તી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

(૧) કુ. ભારતી પાન્ડુરંગ દેશપાંડે
(૨) કુ. મંજુલા પરમાનંદ વ્યાસ

પરિશિષ્ટ "ઠ"
કામકાજ ક્રમાંક ૩૬

વિજ્ઞાન વિદ્યાભવન માટે ઊભી કરવાની નવી જગ્યાની યાદી

અ.નં.	જગ્યાનું નામ	સૂચિત પગારધોરણ	વનસ્પતિ વિભાગ		રસાયણવિજ્ઞાન વિભાગ		સૂચિત લાયકાતનું ધોરણ
			૧૯૬૦–૧૯૬૧	૧૯૬૧–૧૯૬૨	૧૯૬૦–૧૯૬૧	૧૯૬૧–૧૯૬૨	
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	પ્લાન્ટ કલેક્ટર	રૂ. ૫૫–૫–૧૧૦ ઈ.બી.–૮–૧૫૦	૨	—	—	—	પ્લાન્ટ કલેક્શનનો પાંચ વર્ષનો અનુભવ. છોડોનાં નામ જાણતા હોવા જોઈએ તથા છોડોનું જ્ઞાન હોવું જરૂરી છે.
૨.	ડેમોન્સ્ટ્રેટર ઇન ફિઝિકલ કેમિસ્ટ્રી	૨૦૦–૧૦–૩૦૦	—	—	૧	—	પહેલા અથવા બીજા વર્ગમાં અનુસ્નાતકની પદવી.
૩.	રિસર્ચ ફેલો. (ફિઝિકલ ઓર્ગેનિક તથા ઇન-ઓર્ગેનિક માટે)	૧૫૦–૦૦ બધું મળીને	—	—	૩	—	અનુસ્નાતકની પદવી.
૪.	એનાલિસ્ટ (માઇક્રો-એનાલિસિસ માટે)	૨૮૦–૧૦–૩૦૦	—	—	—	૧	અનુસ્નાતકની પદવી.
૫.	ગ્લાસ બ્લોઅર-કમ-ટેકનિશિયન	૧૦૦–૫–૧૫૦	—	—	—	૧	

(સમજૂતી) ૧૯–૩–૬૧

૧	૨	૩	૪	૫	૬	૭	૮
		રૂા.					
૬.	સ્ટોરકીપર	૫૫-૫-૧૧૦ ઈ.બી.-૮-૧૫૦	૧	—	૧	—	એસ.એસ.સી. તથા ત્રણ વર્ષનો અનુભવ.
૭.	પટાવાળા	૩૦-૧-૪૫	૧	૧	૨	—	
૮.	ગાર્ડન સુપરવાઇઝર	૧૦૦-૧૦-૨૦૦	૧	—	—	—	પાંચ વર્ષનો ગાર્ડનિંગ તથા સુપરવાઇઝિંગનો અનુભવ.
૯.	માળી	૩૦-૧-૪૫	૨	—	—	—	બગીચાનો અનુભવ જરૂરી છે.
૧૦.	લેક્ચરર	૨૫૦-૨૫-૫૦૦	૨	૧	—	—	યુનિવર્સિટીના નિયમ મુજબ.
૧૧.	રિચર્સ આસિસ્ટન્ટ	૨૫૦ બધું મળીને	૧	—	—	—	સ્નાતક બીજો વર્ગ તથા અનુ-સ્નાતક બીજો વર્ગ.
૧૨.	ફોટોગ્રાફર	૧૦૦-૧૦-૨૦૦	૧	—	—	—	ફોટોગ્રાફીનું જ્ઞાન, ડેવલપિંગ, પ્રિન્ટિન્ગ તથા એ-લાર્જમેન્ટનું જ્ઞાન હોવું જરૂરી છે.

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૪૮

સને ૧૯૬૦-૬૧ના વર્ષમાં યુ.પી.એસ.સી.ના તાલીમવર્ગો શરૂ કરવા બાબત જે અરજીઓ મંગાવવામાં આવી હતી તે અરજીઓની ચકાસણી કરી તાલીમવર્ગો શરૂ કરવા માટે યુનિવર્સિટી કાર્યાલયમાં તા. ૧૯-૭-૧૯૬૦ના રોજ સાંજે ૪-૦૦ કલાકે ઉપકુલપતિશ્રીના અધ્યક્ષપદે એક સભા બોલાવવામાં આવી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. પ્રિ. એસ. આર. ભટ્ટ, વિનયનના ડીન	હાજર
૩. પ્રિ. ડૉ. વાય. જી. નાયક, વિજ્ઞાનના ડીન	ગેરહાજર
૪. પ્રિ. ફાધર ડિસોઝા	હાજર

૧. ગયા વર્ષે આ વર્ગો શરૂ કરી શકાયા ન હતા તે અંગેની હકીકત જણાવતો રિપોર્ટ પણ સભામાં રજૂ કરવામાં આવ્યો હતો, જે પર ઉપકુલપતિશ્રીએ સહી કરી હતી.

૨. સભા સમક્ષ આ વર્ષે દાખલ થવા માટે આવેલી સાત અરજીઓ રજૂ કરવામાં આવી હતી અને તે તપાસતાં નિયમ અનુસાર ફક્ત બે વિદ્યાર્થીઓના ૫૦ ટકા કરતાં વધારે ગુણ હોવાથી તેઓ જ વર્ગમાં જોડાવાને પાત્ર હતા. આ બે પૈકીનો એક વિદ્યાર્થી ઇજનેરી વિદ્યાશાખાનો હોવાથી, એમ ઠરાવવામાં આવ્યું કે ચાલુ વર્ષે વર્ગ શરૂ કરવાને બદલે આ વિદ્યાર્થીઓ પૈકી શ્રી. પટેલ ચુનીલાલ ગુલાબચંદને અર્થશાસ્ત્ર (ઇકોનોમિક્સ) અને આંકડાશાસ્ત્ર (સ્ટેટિસ્ટિક્સ)ના વિષયોમાં ઘટતું માર્ગદર્શન આપવા માટે ગોઠવણ કરવા સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ પ્રૉ. શિનોયને વિનંતી કરવી તથા ભૂગોળના વિષયમાં માર્ગદર્શન આપવા પ્રૉ. એસ. મુકરજી (એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ)ને વિનંતી કરવી. બંને વિદ્યાર્થીઓને અંગ્રેજીના વિષય માટે પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ અને ફાધર ડિસોઝાએ માર્ગદર્શન આપવા સંમતિ આપી હતી. વિદ્યાર્થીઓએ તેમના શિક્ષકોને મળીને સ્થળ અને સમય નક્કી કરી લેવા જણાવવું.

૩. સભામાં એમ સૂચવવામાં આવ્યું કે યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ભણતા વિદ્યાર્થીઓ જેઓ મોટા ભાગે બીજા વર્ગમાં ઉત્તીર્ણ થયેલા હોય છે તેઓને તેમ જ યુનિવર્સિટી તરફથી જેમને દક્ષિણા ફેલોશિપની સ્કોલરશિપ આપવામાં આવે છે તેમને પણ આ તાલીમવર્ગનો લાભ લેવાનું સૂચવવું અને જો પૂરતા પ્રમાણમાં વિદ્યાર્થીઓ મળે તો તે બાબત વિચારણા કરવા માટે આ સમિતિની બીજી બેઠક બોલાવવી.

જ. મં. મહેતા,
રજિસ્ટ્રાર વતી.

પરિશિષ્ટ "ણ"
કામકાજ ક્રમાંક ૪૯

માર્ચ ૧૯૬૦માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓનાં પરિણામમાંથી ઉપકુલપતિશ્રીએ સિન્ડિકેટની બહાલીની અપેક્ષાએ સુધારેલાં પરિણામોની વધારાની યાદી

અનુ. નં.	પરીક્ષાનું નામ	પરીક્ષાનો નંબર	જાહેરનામા નંબર	અગાઉ જાહેર કરેલ પરિણામ	સુધારેલ પરિણામ	કારણ	રિમાર્કસ
૧.	બી.કૉમ.	૫૧૭	૭૨	નાપાસ	પાસ વર્ગ	કાર્યાલયની ભૂલ	
૨.	ઇન્ટર આર્ટ્સ	૪૩૮૭, ૪૪૩૮	૭૩	ઉત્તીર્ણ	ઑ. ૧૨૭ મુજબ અનામત	,,	
૩.	,,	૪૦૨૮	૭૪	ઑ. ૧૨૭ મુજબ અનામત	ઉત્તીર્ણ	,,	
૪.	,,	૩૩૮૩	૭૫	પાસ વર્ગ	ઑ. ૧૨૭ મુજબ અનામત	,,	
૫.	,,	૪૨૯૧	,,	નાપાસ	પાસ વર્ગ	,,	
૬.	ફર્સ્ટ બી.ફાર્મ.	૨૦	,,	નાપાસ	પાસ વર્ગ	જુ. સુ. ની ભૂલ	
૭.	બી.એસસી.	૧૯૮૩	,,	પાસ વર્ગમાં ઉત્તીર્ણ	પ્રથમ વર્ગ	કાર્યાલયની ભૂલ	
૮.	બી.એ.	૨૮૮૩	૭૬	પાસ વર્ગ	દ્વિતીય વર્ગ	,,	
૯.	એફ.ઈ.	૧૯૨	૭૭	નાપાસ	પાસ વર્ગ	,,	
૧૦.	બી.ફાર્મ.	૨૬, ૩૧	૭૮	પાસ વર્ગ	બીજો વર્ગ	જૂના કોર્સ મુજબ	
૧૧.	પ્રથમ વર્ષ વિનયન	૫૧૮૫	૮૨	એ.ટી.કે.ટી.	પાસ વર્ગ	વિદ્યાર્થીની ભૂલ	
				નાપાસ	એ.ટી.કે.ટી.	પરીક્ષા કાર્યાલયની ભૂલ	

સિમરેજ (સપ્ટેમ્બર)
તા. 3-૯-'૫૦

૧૩.	ઇન્ટર સોયલ્સ	૧૩૦૫	૬૬	નોમોશન	કોમ્પિલેમની બ્લેક
૧૪.	ઇન્ટર ગ્લોલ્સ	૫૪૩૪	૬૭	નોમોશન	ગ્રેટ. યુ. ની બ્લેક
૧૫.	પ્લીઝેન્ટ.	૬૦૨, ૬૦૫, ૬૦૬, ૬૦૯, ૬૧૩, ૬૧૦, ૬૨૩, ૬૨૫, ૬૨૭, ૬૫૦, ૬૫૨, ૬૫૩, ૬૫૫, ૬૫૬	૬૬	નોમોશન	પરીક્ષક ગ્લાસ કોમ્પિલેમની બ્લેક
૧૬.	સ્ટેફોર્ડ.	૫૬૬	૬૧	નોમોશન	પ્લોમેં વ્યાં પરીક્ષકની બ્લેક
૧૭.	ઇન્ટર ગ્લોલ્સ	૬૨૪૬	૬૫	નોમોશન	પોશ

સિન્ડિકેટ (સપ્ટેમ્બર)
તા. 3-૯-૬૦

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૬૬

We, the Chancellor, Vice-Chancellor and Members of the Senate of the Gujarat University, certify that the

_____ withinsigned

_____ having undergone a post-guaduate course of one year for the Diploma in Anaesthesia at the _____ College, _____, and having been examined and found qualified for the said

DIPLOMA IN ANAESTHESIA

has been conferred on at _____ on the _____ day of the month of _____ in the year one thousand nine hundred and sixty-_____.

In testimony whereof are set the Seal of the said University and the Signature of the said _____.

Chancellor.

_____

Chancellor.

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૬૭

સને ૧૯૬૦ના માર્ચ/એપ્રિલ માસ દરમિયાન લેવાયેલ પરીક્ષાઓના કેટલાક મોડરેટરો તરફથી આવેલાં સૂચનો સિન્ડિકેટની વિચારણા માટે

૧. શ્રી. આર. એન. સુતરિયા (મોડરેટર)

જીવવિજ્ઞાન—પ્રથમ વર્ષ અને દ્વિતીય વર્ષ વિજ્ઞાન

સૂચન.—"I had scrutinized very carefully the reports given to me by the Examiners who had been to the different centres for practical examination and I found to my great regret that most of Colleges do not possess ordinary and common specimens both in plants and animals, in their laboratories as required by the University according to F.Y.Sc. Syllabus, and hence not shown to the students at all, during their regular college practicals. It is high time that our University should take necessary steps to see that the laboratories are well-equipped with necessary specimens, so that poor students may not suffer."

૨. શ્રી. એચ. પી. ચોકસી (મોડરેટર)

દ્વિતીય વર્ષ વિનયન

સૂચન.—"Standard printed forms for Examiners' and Moderators' reports should be supplied along with the blank mark-sheets. In the standard forms meant for Examiners, Examiners should be requested to furnish information in separate columns on the important points, such as, the students' performance (good, bad, satisfactory....), glaring mistakes, suggestions, etc., so also in the Moderator's report, separate columns should be kept for recording the factual mistakes, name of the Examiner who has committed the mistake, seat numbers of candidates in whose cases, the Examiner has committed mistakes, irregularities and delay in work, under-assessment or over-assessment or non-assessment and total number of answer-books moderated."

(નોંધ.—કાર્યાલયને આ સ્વીકાર્ય છે.)

૩. શ્રી. એચ. પી. ચોકસી (મોડરેટર)

દ્વિતીય વર્ષ વિનયન

સૂચન.—"Instead of asking the Examiners and Moderators to submit the voucher-receipts for postal and other expenses, the University authorities should arbitrarily fix an amount of money to be given in lump sum to enable the Examiners and Moderators to meet these expenses."

૪. શ્રી. એમ. એસ. પારેખ, શ્રી. ડી. એચ. સુતરિયા, શ્રી. એન. પી. વ્યાસ તથા શ્રી. આર. જી. મજમુદારની સહીવાળો કાગળ.

સૂચન.—"The remuneration scheduled to be given to the Moderators is really very low and scales for Moderators should be revised."

પરિશિષ્ટ "૬"
કામકાજ ક્રમાંક ૬૮

સન ૧૯૬૦ના માર્ચ-એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પ્રાશ્નિકો, પરીક્ષકો તેમ જ નિરીક્ષકોની થયેલ ભૂલોના કેસોની વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા માટે સિન્ડિકેટે નીમેલી પરીક્ષાશુદ્ધિ સમિતિની સભા તા. ૧૭-૮-૧૯૬૦ના રોજ સાંજે ૪-૩૦ કલાકે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી, જેમાં હાજરી નીચે મુજબ હતી :

૧. ઉપકુલપતિશ્રી	હાજર
૨. શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર
૩. શ્રી. મોતીભાઈ ડી. પટેલ	હાજર
૪. શ્રી. બિહારીલાલ પી. શાહ	ગેરહાજર
૫. શ્રી. એલ. આર. દેસાઈ.	હાજર

બેઠકનું પ્રમુખસ્થાન કાર્યકારી ઉપકુલપતિશ્રી પ્રિ. એસ. વી. દેસાઈએ સંભાળ્યું હતું.

તા. ૧૯-૭-૧૯૬૦ના રોજ મળેલ શુદ્ધિ સમિતિની બેઠકના કામકાજની નોંધ મંજૂર કરવામાં આવી તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

આ સભા સમક્ષના કામકાજના બધા કાગળો રજૂ કરવામાં આવ્યા હતા. પ્રત્યેક કેસના કાગળો જોઈતપાસીને તથા ચર્ચાવિચારણા કરીને આ સમિતિ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરે છે :

અનુ.નં.	એજન્ડા કામકાજ ક્રમાંક	
૧	૨	૩
૧.	૪૨	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ.,બી.એસસી.ની પરીક્ષાના મિકેનિકસ, પેપર ૧ના સવાલ નં. ૧૦નું ગુજરાતી ભાષાંતર અધૂરું હતું. આ ભૂલ બદલ પરીક્ષક શ્રી. એન. ટી. શેઠના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા. સદરહુ પરીક્ષાના મિકેનિકસ, પ્રશ્નપત્ર નં. ૨ના સવાલ નં. ૮(અ)ના ગુજરાતી તથા અંગ્રેજી ભાષાંતરમાં સામ્ય ન હોવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. ડી. એમ. પટેલના ખુલાસાની નોંધ લઈને એ કાગળો દફ્તરે કરવા. એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ., બી.એસસી.ની પરીક્ષાના ઇલેક્ટ્રિસિટી એન્ડ મેગ્નેટિઝમ, પ્રશ્નપત્ર નં. ૮ના સવાલ નં. ૪(બી)માં અંગ્રેજી પાઠમાં

૧	૨	૩
		"૮ ઇંચની રેટિયસ" એ શબ્દો હતા જ્યારે ગુજરાતી પાઠમાં તેને બદલે "૧૦ ઇંચની રેટિયસ" લખવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. ડી. એમ. પટેલના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.
		એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ., એસસી.ની પરીક્ષાના ઇલેક્ટ્રિસિટી એન્ડ મેગ્નેટિઝમ પ્રશ્નપત્ર નં. ૮ માં સવાલ નં. ૧(અ), ૨, ૩(અ) ૪(અ) અને ૮માં અંગ્રેજી અને ગુજરાતી પાઠમાં સામ્ય ન હોવાથી ભૂલ બદલ અધ્યક્ષ શ્રી. એ. આર. રાવના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
		એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ., બી.એસસી.ની પરીક્ષાના એલ્જિબ્રા એન્ડ જ્યોમેટ્રી વિષયના પ્રશ્નપત્રના સવાલ નં. ૧૧(બી)ના ગુજરાતી પાઠમાં "એકસ-એકિસસ બતાવ્યું હતું, જ્યારે અંગ્રેજી પાઠમાં ઝેડ-એક્સિસ બતાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એ. આર. રાવના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.
૨.	૪૮	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૦૪૧ની જીવશાસ્ત્ર વિષયની પ્રશ્નપત્ર નં. ૨ વિભાગ ૨ની ઉત્તરવહી પરના ગુણનો સરવાળો ખોટો કરવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એન. એલ. નાયકના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૩.	૪૯	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૦૨ની રસાયણવિજ્ઞાનના વિષયમાં પ્રશ્નપત્ર નં. ૨ના વિભાગ બીજાની ઉત્તરવહીના પાના નંબર ૭ પર પ્રશ્ન નંબર ૬ના ચાર ગુણ દર્શાવેલ, પણ ઉત્તરવહીના ઉપલા પાના પર સદરહુ પ્રશ્નના ગુણ ન બતાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એ. જી. મુન્શીના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૪.	૫૦	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૭૧ની ભૌતિકવિજ્ઞાન વિષયની પ્રશ્નપત્ર નં. ૨ વિભાગ ૧ની ઉત્તરવહી પરના ગુણનો સરવાળો ખોટો કરવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. જી. કે. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૫.	૫૧	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નંબર ૮૯૫ની ભૌતિકવિજ્ઞાન વિષયની ઉત્તરવહીના ઉપલા પાના ઉપર પ્રશ્ન નં. ૧૧ના ગુણ ન દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એમ. ડી. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૬.	૫૨	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નંબર ૧૬૬૪ની જીવશાસ્ત્ર વિષયની ગૌણ ઉત્તરવહીના સવાલ નં. ૩ના ગુણ મુખ્ય ઉત્તરવહીમાં સરવાળામાં ઉમેરવાના રહી જવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એમ. સી. પરીખના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.

૧	૨	૩
૭.	૫૩	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૫૯૫ની એકાઉન્ટન્સી વિષયની ઉત્તરવહીમાં ૩૮ ગુણને બદલે ૨૮ ગુણ આપવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એમ. એ. પરીખના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૮.	૫૪	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૪૨૯ની જીવશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્ર નં. ૨માં વિભાગ બીજાની ઉત્તરવહીમાં પ્રશ્ન નં. ૭ના ૩ને બદલે ૨ ગુણ ગણ્યા તે ભૂલ બદલ પરીક્ષક શ્રી. એન. એલ. નાયકના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૯.	૫૫	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૪૨૯ની જીવશાસ્ત્ર વિષયના પ્રશ્નપત્ર એના વિભાગ એક તથા એની ઉત્તરવહીઓ પરના ગુણનો સરવાળો જે ૧૯ થાય છે તે ગુણપત્રકમાં ૯ જણાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. આર. એન. સુતરિયાના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૧૦.	૫૬	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૭૬૬ની "કોમર્શિયલ કોરસ્પોન્ડન્સ" વિષયની ઉત્તરવહીમાં પ્રશ્ન નં. ૨માં ત્રણ ગુણને બદલે બે ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. પી. એમ. ટોલેના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૧૧.	૫૭	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નંબર ૪૪૧૧ની ભૌતિકવિજ્ઞાન વિષયના પ્રશ્નપત્રના એક વિભાગ એકની ઉત્તરવહીમાં સવાલ નં. ૫માં આપેલ સાત ગુણ સદરહુ ઉત્તરવહીના મુખ્ય પાના ઉપર ન દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એમ. સી. ભટ્ટના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૧૨.	૫૮	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં નવસારી કેન્દ્રમાં વિદ્યાર્થી નં. ૩૪૦૩ની સાયકોલોજી વિષયની પૂરક ઉત્તરવહી ઉપર સદરહુ વિદ્યાર્થીએ પોતાનો બેઠક ક્રમાંક લખ્યો નહોતો, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એન. એફ. મોદીને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૧૩.	૫૯	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં નવસારી કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થીઓ નંબર ૩૩૬૯ અને ૩૩૯૬ની સાયકોલોજી વિષયની પૂરક ઉત્તરવહીઓ પર બેઠક નંબરો જુદા હતા, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર કુ. ભાનુબેન આર. દેસાઈને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.

૧	૨	૩
૧૪	૬૦	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં ભરૂચ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થીઓ નં. ૨૭૩૮, ૨૭૪૪, ૨૭૫૮ અને ૨૭૬૩ની સાયકોલોજી વિષયની પૂરક ઉત્તરવહીઓ ઉપર તેઓના બેઠક નંબરો નહોતા, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. જી. ડી. શુકલને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૧૫.	૬૧	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં સુરત કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થીઓ નંબર ૪૧૮૯ અને ૪૧૯૨ કે જેઓએ તેમની મનોવિજ્ઞાન વિષયની પૂરક ઉત્તરવહીઓ ઉપર બેઠક નંબર લખ્યા ન હતા, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. જે. જે. કુમાસિયાને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું
૧૬.	૬૨	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં ભૂજ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નંબર ૨૬૮૧ની તર્કશાસ્ત્ર વિષયની પ્રશ્નપત્ર નં. ૨માં વિભાગ એકની ઉત્તરવહી પરીક્ષકને મળી હોવા છતાં ૨૬૮૦ નંબર કે જે ગેરહાજર હતો તેને બદલે ૨૬૮૧ને રિપોર્ટમાં ગેરહાજર બતાવવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એસ. એમ. ઘોળકિયાના મહેનતાણામાંથી રૂા. ૧-૦૦ કાપી લેવો.
૧૭.	૬૩	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં ભૂજ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૪૨૯ની તર્કશાસ્ત્ર વિષયની ઉત્તરવહી ખોટી રીતે મોકલવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝરો શ્રી. બી. સી. શાહ તથા શ્રી. એસ. એમ. ઘોળકિયાના દરેકના મહેનતાણામાંથી એકેક રૂપિયો કાપી લેવો.
૧૮.	૬૪	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં પેટલાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૦૩૦૪ની ગુજરાતી વિષયની મુખ્ય ઉત્તરવહી સિવાય બીજી ગુણપૂરક ઉત્તરવહીઓ ઉપર બેઠક નંબર લખ્યો નહોતો, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. બી. કે. પઢાણને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૧૯.	૬૫	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં પેટલાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થીની ઉત્તરવહીઓ ઉપર સહી તથા તારીખ તેમ જ ખોટા નંબરો હતા, જે ચકાસવાના રહી જવાની ભૂલ બદલ ફેકલ્ટીટમ શ્રી. ડી. પી. પટેલના ખુલાસાની નોંધ લીધી છે અને તે અંગેના કાગળો દફ્તરે કરવા.
૨૦.	૬૬	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં પેટલાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૪૪૫ની ગુજરાતી વિષયની ઉત્તરવહી ઉપર સહી તથા તારીખ રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. બી. એ. ચોકસીના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.

૧	૨	૩
૨૧.	૬૭	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં પેટલાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૦૨૩૬ની ગુજરાતી વિષયની પૂરક ઉત્તરવહી પર ૧૦૨૩૬ નંબરના બદલે ૨૦૨૩૬ નંબર લખેલો હતો, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. વાય. કે. જોષીના ખુલાસાની નોંધ લેવી અને તે અંગેના પત્ર બે દફ્તરે કરવા.
૨૨.	૬૮	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં જામનગર કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૦૪૩ની સાયકોલોજી વિષયની પૂરક ઉત્તરવહી ઉપર નંબર નહોતો, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. પી કે. શેઠને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૨૩.	૬૯	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં જામનગર કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૯૩૬, ૨૯૫૩ તથા ૨૯૫૮ની મનોવિજ્ઞાન વિષયની પૂરક ઉત્તરવહીઓ પર બેઠક નંબરો નહોતા, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. સી. કે. નાકેરને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૨૪.	૭૦	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં સુરેન્દ્રનગર કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૩૭૧ની સાયકોલોજી વિષયની પૂરક ઉત્તરવહી પર બેઠક નંબર નહોતો, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એ. એ. રાવળને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૨૫.	૭૧	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બીજી એલએલ.બી.ની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૨૨ની લૉ ઑફ પ્રોપર્ટી એન્ડ ઇઝમેન્ટના પ્રશ્નપત્રની પૂરક ઉત્તરવહી પર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એમ. એમ. પંડ્યાના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૨૬.	૭૨	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બીજી એલએલ.બી.ની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૧૪ની લૉ ઑફ પ્રોપર્ટી એન્ડ ઇઝમેન્ટના પ્રશ્નપત્રની પૂરક ઉત્તરવહી પર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. જે. એન. શાહના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૨૭.	૭૩	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૭૬૭૮ની જગતના ધર્મો વિષયની ઉત્તરવહી બ્લોક નં. ૧૨૧માં ન હોવાની નોંધ નથી તેમજ સદરહુ બ્લોકમાં વિદ્યાર્થી નં. ૭૬૭૬ હાજર હોવા છતાં ગેરહાજર બતાવવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એસ. સી. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. ૧-૦૦ કાપી લેવો.

૧	૨	૩
૨૮.	૭૪	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બ્લોક નં. ૧૨૬માં ૨૮ વિદ્યાર્થીઓ ગુજરાતી વિષયની પરીક્ષામાં હાજર હતા પરંતુ જુનિયર સુપરવાઇઝરે પોતાના રિપોર્ટમાં ૩૨ વિદ્યાર્થી હાજર દર્શાવ્યા હતા તે ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એસ. આર. દ્વિવેદિયાના મહેનતાણામાંથી રૂા. ૧-૦૦ કાપી લેવો.
૨૯.	૭૫	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં જામનગર કેન્દ્રમાં એડેલ વિદ્યાર્થી નં. ૪૩૨૭, ૪૩૪૫ અને ૪૩૪૮ની જગતના ઇતિહાસની કેટલીક ઉત્તરવહીઓ ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. આર. એ. ઉપાધ્યાયના મહેનતાણામાંથી રૂા. ૩-૦૦ કાપી લેવા.
૩૦.	૭૬	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં નવસારી કેન્દ્રમાં એડેલ વિદ્યાર્થી નં. ૨૭૬૦ અને ૨૭૬૬ની ફરજિયાત અંગ્રેજી પ્રશ્નપત્ર નં. એકના વિભાગ બીજાની ઉત્તરવહી ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ રહી જવાની ભૂલ બદલ જુ. સુપરવાઇઝર શ્રી. એફ. કે. તંબોલીના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૩૧.	૭૭	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં નવસારી કેન્દ્રમાં એડેલ વિદ્યાર્થી નં. ૨૬૯૩ની ફરજિયાત અંગ્રેજી વિષયની પ્રશ્નપત્ર એક વિભાગ બીજાની ઉત્તરવહી ઉપર જુનિયર સુપરવાઇઝરની તારીખ અને સહી રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એન. એફ. મોદીના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૩૨.	૭૮	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં સુરત કેન્દ્રમાં એડેલ વિદ્યાર્થી નં. ૪૧૭૬, ૪૧૯૫, ૪૧૯૬ તથા ૪૧૯૭ના અર્થશાસ્ત્ર વિષયની વિભાગ પહેલાની તથા વિદ્યાર્થી નં. ૪૧૯૪ની વિભાગ બીજાની ઉત્તરવહીઓ ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપર-વાઇઝર શ્રી. જે. ડી. સાલેના મહેનતાણામાંથી રૂા. ૩-૦૦ કાપી લેવા.
૩૩.	૭૯	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં એડેલ વિદ્યાર્થી નં. ૭૭ની એકાઉટન્સી વિષયની ઉત્તરવહીઓ પર જુનિયર સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એચ. એમ. સોનીના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૩૪.	૮૦	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વાણિજ્યની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં એડેલ વિદ્યાર્થી નં. ૮૭૨૯ની એકાઉટન્સી વિષયની ઉત્તરવહીઓ પર જુનિયર સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. કે. એસ. દવેના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.

૧	૨	૩
૩૫.	૮૧	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનના વિષયની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૫૦૩ની રસાયણવિજ્ઞાનના વિષયની મુખ્ય ઉત્તરવહી પર જુનિયર સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એસ. એ. શાહના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૩૬.	૮૨	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૫૪૪ની રસાયણવિજ્ઞાનની મુખ્ય ઉત્તરવહી પર જુનિયર સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. ડી. કે. ભોજાણીના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૩૭.	૮૩	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં જામનગર કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થીઓ નં. ૪૨૦૯ અને ૪૨૧૬ની અંગ્રેજી વિષયની મુખ્ય ઉત્તરવહીઓ ઉપર તેમ જ વિદ્યાર્થી નં. ૪૨૦૮, ૪૨૮૨, ૯૨૭૨, ૪૨૧૯, ૩૬૯૫ અને ૩૭૧૯ની પૂરક ઉત્તરવહીઓ પર જુનિયર સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. સી. કે. નાકેરના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.
૩૮.	૮૪	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં જામનગર કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નંબર ૯૨૭૨ની અંગ્રેજી વિષયની ઉત્તરવહી પર જુનિયર સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એચ. એમ. ઠાકરના મહેનતાણામાંથી રૂા. ૨-૦૦ કાપી લેવા.
૩૯.	૮૫	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૧૧૩ની ભારતનું રાજ્યબંધારણ વિષયની એક પૂરક ઉત્તરવહી પર જુનિયર સુપરવાઇઝરની સહી રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. વી. ડી. દવેના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૪૦.	૮૬	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ એલ.એલ.બી.ની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૭૯ હાજર હોવા છતાં ગેરહાજર અને વિદ્યાર્થી નં. ૬૭૭ ગેરહાજર બતાવવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. આર. પી. રાઠોડના મહેનતાણામાંથી રૂા. ૧.૦૦ કાપી લેવા.
૪૧. અને ૪૨.	૮૭ ૮૮	આ કેસો ઉપર તા. ૧૯-૭-૧૯૬૦ની સભાએ વિચારણા કરી હતી અને તે બેઠકના કામકાજની નોંધ અનુક્રમ ચાર મુજબ પગલાં લેવાનું સિન્ડિકેટે સૂચવ્યું છે.
૪૩.	૮૯	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૯૦૩, ૧૯૦૬, ૧૯૦૭ અને ૧૯૧૬ની ગુજરાતી વિષયની પૂરક

૧	૨	૩
		ઉત્તરવહીઓ પર જુનિયર સુપરવાઇઝરની તારીખ રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. કે. વી. શેહના મહેનતાણામાંથી રૂા. ૩.૦૦ કાપી લેવા.
૪૪.	૯૦	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં જામનગર કેન્દ્રમાં એરેલ વિદ્યાર્થી નં. ૨૯૧૫થી ૨૯૩૫ની અંગ્રેજી વિષયની ઉત્તરવહીઓ પ્રો. એન. ટી. શેહના તથા શ્રી. એન. એમ. રાવને મોકલવાને બદલે પ્રો. નાગામિયા અને પ્રો. ડી. એન. પંડિતને મોકલવાની ભૂલ બદલ સીનિયર સુપરવાઇઝર શ્રી. એસ. જી. દેસાઈના મહેનતાણામાં રૂા. ૫.૦૦ કાપી લેવા.
૪૫.	૯૧	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રે એરેલ વિદ્યાર્થી નં. ૫૦૨, ૫૧૪ અને ૫૨૨ની ભૌતિકવિજ્ઞાનના વિષયની પૂરક ઉત્તરવહીઓ પર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. એસ. એસ. રાવતના મહેનતાણામાંથી રૂા. ૩.૦૦ કાપી લેવા.
૪૬.	૯૨	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રે એરેલ વિદ્યાર્થી નં. ૫૩૯, ૫૪૫, ૫૬૦ અને ૫૬૪ની ભૌતિકવિજ્ઞાનની વિષયની ઉત્તરવહીઓ ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ ન હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. શીરીલ કાઝેલના મહેનતાણામાંથી રૂા. ૩.૦૦ કાપી લેવા.
૪૭.	૯૩	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં એરેલ વિદ્યાર્થી નં. ૬૩૯ની ભૌતિકવિજ્ઞાનના વિષયની પૂરક ઉત્તરવહી પર જુનિ. સુપરવાઇઝરની સહી અને તારીખ ન હોવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. આર. એચ. પટેલના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૪૮.	૯૪	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં સુરત કેન્દ્રમાં એરેલ વિદ્યાર્થી નં. ૬૩૦૬, ૬૩૦૮ અને ૬૩૦૯ની રાજ્યબંધારણના વિષયની મુખ્ય ઉત્તરવહીઓ ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. ટી. આઈ. પટેલના મહેનતાણામાંથી રૂા. ૩.૦૦ કાપી લેવા.
૪૯.	૯૫	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં સુરત કેન્દ્રમાં એરેલ વિદ્યાર્થી નં. ૬૪૨૦ અને ૬૪૨૪ની રાજ્યબંધારણના વિષયની મુખ્ય ઉત્તરવહીઓ ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. એચ. આર. પઢાણના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૫૦.	૯૬	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં એરેલ વિદ્યાર્થી નં. ૧૦૫૨૨ની નાગરિકશાસ્ત્રના વિષયની મુખ્ય અને બે પૂરક

૧	૨	૩
		ઉત્તરવહીઓ ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. વી. જી. પંડ્યાના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૫૧.	૯૭	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં જૂનાગઢ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૯૪૩૧ની રાજ્યબંધારણના વિષયની ઉત્તરવહી ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. જી. એસ. મલેકના મહેનતાણામાંથી રૂા. ૨ ૦૦ કાપી લેવા.
૫૨.	૯૮	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં સુરત કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૪૪૪ જગતના ઇતિહાસના પ્રશ્નપત્ર વખતે બ્લોક નં. ૧૨માં હાજર હોવા છતાં ગેરહાજર બતાવવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી આર. વી. દેસાઇના મહેનતાણામાંથી રૂા. ૧.૦૦ કાપી લેવો.
૫૩.	૯૯	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં સુરેન્દ્રનગર કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૬૪૩ની જગતના ધર્મો વિષયની પૂરક ઉત્તરવહી ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી તથા તારીખ રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. કે. સી. પટેલના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૫૪.	૧૦૦	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલા વિદ્યાર્થી નં. ૬૭૪ની ભારતનું રાજ્યબંધારણના વિષયની ઉત્તરવહીઓ ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર કુ. જયોત્સ્ના બી. દેસાઇના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૫૫.	૧૦૧	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૯૭ની ભારતનું રાજ્યબંધારણ વિષયની ઉત્તરવહીઓ ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી નહિ હોવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. બી. એચ. કામડિયાના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૫૬.	૧૦૨	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં પેટલાદ કેન્દ્રે બેઠેલ વિદ્યાર્થી નં. ૩૫૭૧ની મનોવિજ્ઞાનના વિષયની પૂરક ઉત્તરવહી પર સદરહુ વિદ્યાર્થીએ ૩૦૭૧ નંબર લખ્યો હતો, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. બી. એ. ચોકસીને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૫૭.	૧૦૩	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં પેટલાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૬૦૮ની મનોવિજ્ઞાનના વિષયની પૂરક ઉત્તરવહી પર સદરહુ વિદ્યાર્થીએ નંબર લખ્યો ન હતો, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. આઈ. એમ. પટેલને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.

૧	૨	૩
૫૮.	૧૦૪ (અ)	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં ભાવનગર કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૦૨૯ના કેસમાં જુનિ. સુપરવાઇઝર શ્રી. એન. કે. પંડ્યાના મહેનતાણામાંથી રૂા. ૫.૦૦ કાપી લેવા.
	(બ)	સદરહુ બ્લોકની ઉત્તરવહી ચકાસવાનું કામ કરનાર શ્રી. એન. આર. શાહના મહેનતાણામાંથી પણ રૂા. ૨.૦૦ કાપી લેવા.
	(ક)	સદરહુ વિદ્યાર્થીનું પરિણામ ફરજિયાત અંગ્રેજી વિષયના પ્રશ્નપત્ર નં ૧માં ગેરહાજર ગણી બહાર પાડયું.
૫૯.	૧૦૫	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૧૯૮ની ભારતનું રાજ્યબંધારણ વિષયની મુખ્ય ઉત્તરવહી ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. પી. આઈ. પટેલને તાકીદ આપવી અને ભવિષ્યમાં કાળજી રાખવા જણાવવું.
૬૦.	૧૦૬	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૧૮૧, ૨૧૮૨, ૨૧૮૬ અને ૨૨૦૨ની ભારતનું રાજ્યબંધારણ વિષયની ઉત્તરવહીઓ ઉપર જુનિ. સુપરવાઇઝર શ્રી. પી. આઈ. પટેલની સહીને બદલે શ્રી. આર. સી. પરીખની સહી હતી. આ અંગે કાંઈ પગલાં ન લેતાં આ કાગળો દફ્તરે કરવા.
૬૧.	૧૦૭	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૦૬૪ની ભારતનું રાજ્યબંધારણ વિષયની પૂરક ઉત્તરવહી ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી ન હોવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. એમ. આર. ત્રિવેદીના મહેનતાણામાંથી રૂા. ૨/– કાપી લેવા.
૬૨.	૧૦૮	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૧૭૨ની ગુજરાતી વિષયની પૂરક ઉત્તરવહીઓ ઉપર જુનિ. સુપરવાઇઝરની સહી રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. સી. કે. મહેતાના મહેનતાણામાંથી રૂા. ૨/– કાપી લેવા.
૬૩.	૧૦૯	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૦૪૦, ૨૦૪૩, ૨૦૪૪ અને ૨૦૪૫ની ગુજરાતી વિષયની મુખ્ય ઉત્તરવહીઓ ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી રહી જવાની ભૂલ બદલ જુનિયર સુપરવાઇઝર શ્રી. પી. આઈ. પટેલના મહેનતાણામાંથી રૂા. ૩.૦૦ કાપી લેવા.
૬૪.	૧૧૦	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બીજી એલએલ.બીની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૩૬૨, ૩૮૧ અને ૩૮૬ની લૉ ઑફ પ્રૉપર્ટી ઍન્ડ ઇઝમેન્ટ

૧	૨	૩
		વિષયની મુખ્ય કે પૂરક ઉત્તરવહીઓ ઉપર જુનિયર સુપરવાઇઝરની સહી અને તારીખ ન હોવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. એસ. એચ. ઉદાણીના મહેનતાણામાંથી રૂા. ૩.૦૦ કાપી લેવા.
૬૫.	૧૧૧	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં સુરત કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૪૧૨૧ની અર્થશાસ્ત્ર વિષયની ઉત્તરવહી પર જુનિ. સુપરવાઇઝરની સહી અને તારીખ ન હોવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. એમ. એન. શુકલના મહેનતાણામાંથી રૂા. ૨.૦૦ કાપી લેવા.
૬૬.	૧૧૨	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં અમદાવાદ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૮૮૪ની ભારતનું રાજ્યબંધારણ એ વિષયની મુખ્ય ઉત્તરવહી ઉપર વિદ્યાર્થીએ ૮૮૮ નંબર લખ્યો હતો. જુનિ. સુપરવાઇઝરને ૮૮૮ નંબરની બે ઉત્તરવહીઓ મળવાથી તેણે વિદ્યાર્થી નં. ૮૮૮ની મુખ્ય ઉત્તરવહી ઉપર નં. ૮૮૪ લખવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. બી. એસ. કાપડિયાના મહેનતાણામાંથી રૂા. ૫.૦૦ કાપી લેવા.
૬૭.	૧૧૩	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં ભરૂચ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૬૮૪, ૨૬૯૧, ૨૭૦૪, ૨૭૧૫ તથા ૨૭૩૦ની સાયકોલોજી વિષયની પૂરક ઉત્તરવહીઓ ઉપર સદરહુ વિદ્યાર્થીઓએ નંબરો લખ્યા ન હતા, જે ચકાસવાનું રહી જવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. ડી. વી. કરપેના ખુલાસાની નોંધ લેવી અને આ અંગે કોઈ પણ પગલાં ન લેતાં સદરહુ કાગળો દફ્તરે કરવા.
૬૮.	૧૧૭	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એસસી.ની પરીક્ષામાં રાજકોટ કેન્દ્રમાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૫૭૨ની ભૌતિકશાસ્ત્ર વિષયની પ્રશ્નપત્ર ત્રણના વિભાગ એક અને બેની ઉત્તરવહીઓ લાગતાવળગતા પરીક્ષકોને ન મોકલવાની ભૂલ બદલ જુનિ. સુપરવાઇઝર શ્રી. જી. એમ. મેવાવાળા અને શ્રી. દાતાર હરિનારાયણના દરેકના મહેનતાણામાંથી રૂા. ૧–૦૦ કાપી લેવો.
૭૦.	૧૨૦	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૬૯૬ની ભૌતિકવિજ્ઞાનના વિષયની ઉત્તરવહીમાં ૧૮ને બદલે ૧૯ ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. આર. એચ. પટેલના મહેનતાણામાંથી રૂા. ૧૦–૦૦ કાપી લેવા.
૭૧.	૧૨૧	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૯૩૩ની તર્કશાસ્ત્ર વિષયની પ્રશ્નપત્ર બીજાના વિભાગ બીજાની ઉત્તરવહી ઉપર ૫૧ ગુણ દર્શાવવાને બદલે ૪૫ ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રીમતી માલતીબેન એ. જનીના મહેનતાણામાંથી રૂા. ૧૦–૦૦ કાપી લેવા.

૧	૨	૩
૭૨.	૧૨૨	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૨૪૬ની અર્થશાસ્ત્રના વિષયમાં વિભાગ બીજાની ઉત્તરવહીમાં વિદ્યાર્થીએ લખેલા બધા જ જવાબો તપાસી તે ગુણો દર્શાવવા અંગે યુનિવર્સિટીને આપેલ સૂચનાઓનું પાલન ન કરવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. જયેશ જે. દેસાઈના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૭૩.	૧૨૩(અ)	માર્ચ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ વિજ્ઞાનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૨૦૫ની ભૌતિકવિજ્ઞાનના વિષયની ઉત્તરવહીમાં પ્રશ્ન નં. ૯માં આકૃતિ સામે એક ગુણ દર્શાવેલ પરંતુ તે સદરહુ પ્રશ્નના કુલ ગુણમાં ગણવાનો ન હોવા છતાં તે ચેકડા ન નાખવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. એસ એસ. મજમુદારના મહેનતાણામાંથી રૂા. ૫-૦૦ કાપી લેવા.
	(બ)	સદરહુ વિદ્યાર્થીની ભૌતિકશાસ્ત્ર વિષયની પ્રાયોગિકની ઉત્તરવહી પર અનુક્રમે ૯ અને ૧૨ કુલ ૨૧ ગુણ મૂક્યા હોવા છતાં કાર્યાલયને સુપરત કરેલ ગુણપત્રકોમાં સદરહુ વિદ્યાર્થીના ફક્ત ૧૨ ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. આર એમ. ધડિયાના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૭૪.	૧૨૪	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૧૩૦૮ની હિંદી વિષયની ઉત્તરવહી પર ૨૭ ગુણને બદલે ૨૫ ગુણ આપ્યાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. જી. ડી. શર્માના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૭૫.	૧૨૫	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૯૩૬ની અર્થશાસ્ત્ર વિષયની ઉત્તરવહીના મુખ્ય પૃષ્ઠ પર સવાલ નં. ૬માં ૪ ને બદલે ૧ ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. ટી. એમ. મિસ્ત્રીના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૭૬.	૧૨૬	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ એફ.ઈ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૫૯૯ની ગણિત પ્રશ્નપત્ર એકના વિભાગ બીજાની ઉત્તરવહીમાં સવાલ નં. ૭(અ) અને (બ)માં ૬ ગુણને બદલે ૪ ગુણ દર્શાવવાની ભૂલ બદલ પરીક્ષક શ્રી. આઈ. એમ. પંડ્યાના મહેનતાણામાંથી રૂા. ૧૦-૦૦ કાપી લેવા.
૭૭.	૧૨૭	એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ બી.એ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૪૩૧ના કેસ ઉપર વિચારણા કરવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે.

(**નોંધ.**— આ અંગે લાગતાવળગતા કાર્યાલયના સભ્યોનાં ખુલાસા મંગાવવાની કાર્યવાહી ચાલુ છે. આ અંગે ઓગષ્ટ માસની સિન્ડિકેટમાં સ્વતંત્ર નોંધ મૂકવામાં આવી છે.)

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

મહામાત્ર.

પરિશિષ્ટ "ધ"
કામેકાજકમાંક ૭૦

બાંધકામ સમિતિની તા. ૨૯-૮-૧૯૬૦ની ભલામણો

૧. આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે સિન્ડર ટ્રેકની અંદર માટી પૂરવા માટે સ્થપતિ શ્રી. બી. વી. દોશીના અભિપ્રાય પ્રમાણે ટ્રેકની પશ્ચિમ બાજુએથી ગોળાકારમાં ૧૦૦' × ૨૫૦'ના પ્લૉટમાંથી સરેરાશ ૧ ફૂટ ખોદીને માટી લેવી અને આખા પ્લૉટમાં બરાબર સરખું ખોદીને તળાવમાં પાણી જાય તેમ સારો ઢાળ રાખવો. માટી ખોદીને નાખવા અને બરાબર કૂંએ તેમ જ લેવલ કરવાં સહિતનું રૂા. ૩૦,૦૦૦ સુધીનું ખર્ચ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી, અને આ કામ માટે ટેન્ડર મંગાવી આ સભા સમક્ષ રજૂ કરવાં.

૨. સમિતિના સભ્યોએ સ્થળ પર જઈને જોઈતપાસીને સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવ્યું :

સ્થપતિ શ્રી. બી. વી. દોશીના અભિપ્રાય પ્રમાણે ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનની પશ્ચિમ બાજુએ આંબાના ઝાડ પાસેની જગામાં સાયકલ શેડ બાંધવાનું અને આ જગામાં ૨૦૦ જેટલી સાયકલ રહી શકે તેવો આલેખ તૈયાર કરવાનું કામ સ્થપતિ શ્રી. બી. વી. દોશીને સોંપવું, અને હાલ પૂરતું ૧૦૦ સાયકલો માટેનું શેડ બાંધવું.

૩. ઉપસમિતિની સભા જે તા. ૨૭-૮-૧૯૬૦ના રોજ રાખવામાં આવી હતી તે મળી શકી ન હતી. પરંતુ ઉપસમિતિના સભ્યોની સંમતિથી કાર્યાલયે તૈયાર કરેલો પ્રસ્તાવ બાંધકામ સમિતિ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. તે પછી ઠરાવવામાં આવ્યું કે કર્મચારીઓનાં રહેઠાણો માટે નીચે મુજબ યોજના કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીનાં મકાનોનાં બાંધકામમાં જરૂર પડતા "વધારાના કામકાજ" (એકસ્ટ્રા આઇટેમ્સ)ની મંજૂરીના નિયમો નીચે મુજબ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

૧. યુનિવર્સિટીના સ્થપતિએ બાંધકામમાં જે કોઈ વધારાની "એકસ્ટ્રા આઇટેમ્સ" આવતી હોય તે કામ થાય તે પહેલાં વહેલી તકે યુનિવર્સિટીને "Cost analysis" સાથે મોકલી આપવી.

૨. આ આઇટેમ્સ જોઈ લેવા માટે સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર, પી.ડબ્લ્યુ.ડી. (N.G.C.)ની નિષ્ણાત તરીકે નિમણૂક કરવી. સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર એકસ્ટ્રા આઇટેમ્સ બરાબર ચકાસીને યોગ્ય અભિપ્રાય આપે.

૩. સદરહુ સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયરને રૂા. ૫,૦૦૦ સુધીની એકસ્ટ્રા આઇટેમ્સ બિલ્ડિંગ કમિટીની ભલામણની અપેક્ષાએ મંજૂર કરવા સત્તા આપવી.

૪. એકસ્ટ્રા આઇટેમ્સનું કુલ ખર્ચ રૂા. ૫,૦૦૦થી વધારે થાય તો સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયરનો અભિપ્રાય બાંધકામ સમિતિ સમક્ષ ભલામણ માટે રજૂ કરવો.

મહામાત્ર.

(અ) શિક્ષક સભ્યો તથા અધ્યક્ષોના બંગલા માટેની યોજના

		અંદાજી કિંમત	આશરે રકમ
૧.	અધ્યક્ષના બંગલા (૪ બંગલા) ...	રૂા. ૫૦,૦૦૦ (એક બંગલાના)	૨,૦૦,૦૦૦
૨.	છાત્રાલય માટે રેકટરનો બંગલો (એક બંગલો) ...	રૂા. ૨૫,૦૦૦	૨૫,૦૦૦
૩.	"એ" ટાઇપના પ્રોફેસર માટેના બંગલા (૧૦ બંગલા) ...	રૂા. ૨૫,૦૦૦	૨,૫૦,૦૦૦
૪.	નોકરો તથા પગી માટેના કવાર્ટર્સ (૧૫ યુનિટ) ...	રૂા. ૫,૦૦૦ (યુનિટ દીઠ)	૭૫,૦૦૦
૫.	છાત્રાલયનો રસ્તો તથા બંગલા માટેના એપ્રોચ રસ્તાઓ અને સ્ટ્રીટ લાઇટ્સનું વ્યવસ્થા ખર્ચ		૧,૫૦,૦૦૦
			૭,૦૦,૦૦૦

(બ)

૧. ટાઇપ.	યુનિટ.	એક યુનિટનો અંદાજી ખર્ચ રૂા. આશરે	આશરે રકમ રૂા.
'બી' ...	૧૦	૧૫,૦૦૦	૧,૫૦,૦૦૦
'સી' ...	૨૦	૧૦,૦૦૦	૨,૦૦,૦૦૦
'ડી' ...	૨૦	૮,૦૦૦	૧,૬૦,૦૦૦
			૫,૧૦,૦૦૦

૨. બહારની સર્વિસ માટેનું ખર્ચ, વોટર સપ્લાય, ડ્રેનેજ ૪૦,૦૦૦

૩. કવાર્ટર્સ માટે એપ્રોચ રસ્તાઓ, સ્ટ્રીટ લાઇટ્સ ૫૦,૦૦૦

૬,૦૦,૦૦૦

(૬)

યુનિવર્સિટીની પરીક્ષાઓ માટેની સાધન સામગ્રી માટે	...	...	રૂા. ૩,૦૦,૦૦૦
(અ) અધ્યક્ષના બંગલા તથા પ્રોફેસરના બંગલાની યોજના	...	...	રૂા. ૭,૦૦,૦૦૦
(અ) સ્ટાફનાં રહેઠાણોની યોજના	...	...	રૂા. ૬,૦૦,૦૦૦
(૬) પરીક્ષાઓ માટેની સાધનસામગ્રી	...	...	રૂા. ૩,૦૦,૦૦૦
		કુલ	રૂા. ૧૬,૦૦,૦૦૦

પરિશિષ્ટ "ન"
કામકાજ ક્રમાંક ૭૬

ઑક્ટોબર ૧૯૬૦માં લેવાનાર જુદી જુદી પરીક્ષાના સીનિયર સુપરવાઇઝરોની યાદી

પરીક્ષાનું નામ	બેસનાર વિદ્યાર્થીની સંખ્યા	સ્થળ	સીનિયર સુપરવાઇઝરનું નામ
૧	૨	૩	૪
બી.એસસી. (સા.)	૧૩૭	અમદાવાદ (ગુજરાત)	ડૉ. વાય. જી. નાયક
પીએચ.ડી.	૧		પ્રિ. એમ. એસ. પંડિત
લૉ પરીક્ષાઓ	૮૧૫	,,	
બી.કૉમ.	૨૯૨	એચ. એલ. કૉમર્સ	પ્રિ. એમ. સી. દેસાઈ
બી.ફાર્મ.	૧	,,	પ્રૉ. વી. એન. જોષી
પહેલી, બીજી, ત્રીજી એમ.બી. બી.એસ.	૪૪૪	બી. જે. મેડિકલ	ડૉ. જી. કે. કરંડીકર
એમ.ડી.,એમ.એસ.			ડૉ. વાય. એમ. ભીડે
બી.એસસી. (મેડ.)	૩૧	,,	
એમ.એસસી. (મેડ.)			
બી.ઈ.	૨૪	એલ. ડી. એન્જિ.	પ્રિ. એસ. કે. કાત્રક પ્રૉ. કુલકર્ણી જી. જે.
બી.એસસી. (સા.)	૧૯	ભાવનગર	પ્રિ. એસ. સી. પાઠક
બી.કૉમ.	૧૫૦		પ્રિ. જે. બી. સાંડીલ
બી.એસસી. (સા.)	૧૭	રાજકોટ	પ્રિ. એમ. એન. કોરેગાંવકર
લૉ પરીક્ષાઓ	૨૮૦		પ્રિ. એચ. એસ. સંઘવી
બી.એસસી. (સા.)	૩૪	સુરત	શ્રી. કે. એલ. દેસાઈ
બી.કૉમ.	૧૫૦	,,	પ્રિ. એ. આર. દેસાઈ
લૉ પરીક્ષાઓ	૧૧૪	,,	પ્રિ. સી. ડી. વ્યાસ
પહેલી, બીજી અને ત્રીજી એ.એમ.એસ.	૪૬	,,	

૧	૨	૩	૪
પહેલી, બીજી અને ત્રીજી બી.એ.એમ.એસ.	૪૯	જામનગર	શ્રી. રાજપુરકર અથવા પ્રિ. વલ્લભરામ વૈદ્ય
પહેલી અને બીજી એમ.બી.બી.એસ.	૯૭	,,	શ્રી. એસ. એસ. બક્ષી
બી.ઈ.	૨૨	મોરબી	પ્રિ. એમ. એસ. યાજ્ઞિક પ્રો. સી. એમ. પટેલ

Gujarat University Press, Ahmedabad-9.

G.U.P. 336-300-11-60

આનગી

સિન્ડિકેટ (ઓકટોબર)
તા. ૧-૧૦-'૬૦

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૦ના ઑકટોબર માસની સભા, શનિવાર, તા. ૧-૧૦-'૬૦ના રોજ બપોરેના ૧૨-૩૦ વાગ્યે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, કાર્યકારી ઉપકુલપતિ પ્રિન્સિપલ એસ. વી. દેસાઈના પ્રમુખપદે મળી હતી. તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર
૨. શ્રી. ડી. એલ. શર્મા, ડેપ્યુટી ડાયરેકટર ઑફ એજ્યુકેશન	હાજર
૩. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. ડૉ. ભાસ્કરભાઈ આર. પટેલ	હાજર
૭. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	હાજર
૮. શ્રી. જયંતિલાલ ધે. દલાલ	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર
૧૦. શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	ગેરહાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	હાજર

૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	હાજર
૧૫. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૧૬. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	હાજર
૧૮. પ્રિન્સિપલ વલ્લભરામ વી. વૈદ્ય	હાજર

૧. તા. ૩-૯-૧૯૬૦ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૦ના સપ્ટેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત :

તા. ૩-૯-૧૯૬૦ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૦ના સપ્ટેમ્બર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સેનેટની આગામી સભા સમક્ષ રજૂ થનાર આચાર્ય ય. પ્રા. શુકલના નીચેના ઠરાવ ઉપર અભિપ્રાય આપવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની આ સભા ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વિનંતી કરે છે કે સિન્ડિકેટના તા. ૩-૧૦-૧૯૫૯ના પરિપત્ર નં. સિ./ટ્રાય./૧૨૭૬૫૧-૬૭માં દર્શાવેલી છઠ્ઠી કલમનો અમલ અનિશ્ચિત મુદ્દત સુધી સિન્ડિકેટ મોકૂફ રાખે :

(**નોંધ.**—૬ઠ્ઠી કલમ નીચે પ્રમાણે છે :

(૬) [૧] જે કૉલેજોમાં એક જ વિદ્યાશાખાના શિક્ષણની જોગવાઈ હોય તે કૉલેજોનો સમય બપોરનો રાખવો.

[૨] જે કૉલેજોમાં એક જ મકાનમાં પાળી વડે બે વિદ્યાશાખાઓના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી હોય, તે કૉલેજોમાં પણ જરૂર મુજબ વહેલું શરૂ કરી સળંગ ચાલે એમ વર્ગોનું કામ બપોરનું જ રાખવું. અને એ રીતે કૉલેજોમાં જો પ્રાયોગિક કામકાજ કરવામાં આવતું હોય તો તે કામકાજ કૉલેજનો સમય સળંગ જોડાય તે રીતે વર્ગોની સાથે, આગળ કે પાછળ મકાનના ઉપયોગની સવડ જોઈને, શરૂ કરી શકાય એવી છૂટ રહેશે.

[૩] ઉપરના પેટાઠરાવ નં. (૧) અને (૨) નો અમલ જૂન ૧૯૬૧થી શરૂ કરવો.)"

લંબાણ ચર્ચાવિચારણા પછી વધુમતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી વધુમતે ઠરાવવામાં આવે છે કે, જે કૉલેજોમાં એક જ વિદ્યાશાખાના શિક્ષણની જોગવાઈ હોય તે કૉલેજનો સમય બપોરનો રાખવો એવા સિન્ડિકેટના ઠરાવનો અમલ અનિશ્ચિત મુદ્દત સુધી મોકૂફ રાખવાના પ્રિન્સિપલ ય. પ્રા. શુક્લના ઠરાવની તરફેણમાં સિન્ડિકેટ છે એમ સેનેટને રિપોર્ટ કરવો.

આ પછી સભાગૃહની સંમતિથી બાબત નં. ૮૨ હાથ ધરવામાં આવી.

૮૨. શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ અને બીજાઓ તરફથી તથા શ્રી. પી. ડી. પટવારી તરફથી યુનિવર્સિટી અને તેના ઉપકુલપતિશ્રી સામે ગુજરાત રાજ્યની વડી અદાલતમાં

કરવામાં આવેલી રીટ અરજી અંગે ઍડવોકેટ શ્રી. એસ. જે. પંડ્યાના રૂા. ૧,૦૦૦ તથા ખર્ચની રકમ આપવા બાબતના પત્ર પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાતની વડી અદાલત સમક્ષ ગુજરાત યુનિવર્સિટી અને તેના ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ સામે શ્રી. કસ્તૂરભાઈ લાલભાઈ અને બીજાઓએ કરેલી "રિટ" અરજીના દાવા નં. ૩૩૮ બાબતમાં, ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈ તરફથી રોકવામાં આવેલા વકીલની ફી માટે રૂા. ૧૦૦૦·૦૦ તથા થયેલો "actual" ખર્ચ મંજૂર કરવો.

૩. યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રોફેસર તરીકે નિમાયેલા શ્રી. વાય. જી. નાયકના તા. ૨૦-૮-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આ સંબંધમાં ડૉ. વાય. જી. નાયકનો તા. ૨૦-૯-૧૯૬૦નો પત્ર પણ સભાગૃહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો.

(ડૉ. વાય. જી. નાયકના તા. ૨૦-૮-૧૯૬૦ અને તા. ૨૦-૯-૧૯૬૦ના બન્ને પત્રોની નકલ **પરિશિષ્ટ "ક"** તરીકે સામેલ છે.)

સદરહુ બાબતમાં લંબાણ ચર્ચાવિચારણા કર્યા પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

(૧) સિન્ડિકેટનાં અનુસ્નાતક ભવનોમાં બીજા શિક્ષકોની નિમણૂકની શરતો જોતાં, સિન્ડિકેટને એમ જણાય છે કે, ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે ડૉ. વાય. જી. નાયકની નિમણૂકમાં અજમાયશી સમય (probationary period) ન રાખવાની તેમની માગણી સ્વીકારી શકાય નહિ.

(૨) વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ તરીકે તેમની નિમણૂક કરવાની તેમની વિનંતી પર, વિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષની નિમણૂક કરવાનો સવાલ ઉપસ્થિત થાય ત્યારે ઘટતી વિચારણા કરવામાં આવે.

(૩) વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે બે વર્ષ માટે ડૉ. વાય. જી. નાયકની સેવાઓ લોન ઉપર આપવા માટે રાજ્ય સરકારને વિનંતી કરવી.

૪. (૧) યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના ભૌતિકવિજ્ઞાનના રીડરો તરીકે નિમાયેલા સર્વશ્રી. પી. ડી. પાઠક અને કે. એમ. કોઠડિયાની વધારે પગારની માગણી ઉપર વિચારણા કરવા બાબત. (૨) યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનમાં રીડર ઇન કેમિસ્ટ્રી તરીકે નિમાયેલ ડૉ. કે. એ. ઠાકરની તેઓની નિમણૂકની તારીખથી રૂા. ૬૦૦ મૂળ પગાર આપવાની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત. (૩) યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના રસાયણવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે નિમાયેલ શ્રી. એસ. આર. પટેલની વધારે પગારની માગણી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ ત્રણે બાબતો સિન્ડિકેટની સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલવી.

૫. યુનિવર્સિટી સમાજ વિદ્યાભવનમાં ખાલી પડેલ રીડર ઇન લેબર વેલ્ફેરની જગા માટે યોગ્ય ઉમેદવારો ન મળતા હોવાથી રીડરની લાયકાત હળવી કરવા બાબત શ્રી. અધ્યક્ષના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, રીડર ઇન લેબર વેલ્ફેરની જગા માટે લાયકાતનું ધોરણ હળવું કરવાનું સૂચન સિન્ડિકેટ સ્વીકારી શકે તેમ નથી, પરંતુ સદરહુ જગા માટે અનુસ્નાતક ડિપ્લોમાને માસ્ટરની પદવી (Master's Degree) તુલ્ય ગણવો.

૬. રીડર ઇન બોટાની માટે વરણીસમિતિ પર સિન્ડિકેટ તરફથી ત્રણ સભ્યોની નિમણૂક કરવા બાબત.

O. 66 (3) (B): Three by the Syndicate, who shall not be the members of the Senate, members of the faculties or teachers.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ ઉપર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. ડૉ. ટી. એસ. મહાબલે;
૨. શ્રી. ટી. એસ. સદાશિવન્;
૩. ફાધર સાન્ટા પ્રૉ., એસ. જે., સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈ.

૭. મેન્ટલ હૉસ્પિટલ, અમદાવાદને માનસિક રોગો શીખવવા માટે માન્યતા આપવા અંગે મૂકવામાં આવેલી શરતો પરત્વે ડાયરેક્ટર ઑફ મેડિકલ સર્વિસીઝ, ગુજરાત રાજ્ય, તરફથી આવેલ તા. ૨૯-૮-૧૯૬૦ના પત્રાંક એમસીએ-૧૨૬૦-૮૮૬૩-ઈ પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડિસેમ્બર ૧૯૬૦ સુધીમાં નીચેની શરતોનું પરિપાલન કરવા માટે કૉલેજના સત્તાવાળાઓને જણાવવું, અને મેન્ટલ હૉસ્પિટલમાં માનસિક રોગો શીખવવા માટે બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદને માન્યતા આપવા સારુ રાજ્ય સરકારને ભલામણ કરવી :

(1) That one Laboratory Technician should be provided so that the Laboratory which is lying idle, may be efficiently run;
(2) That the new Superintendent, who has adequate qualifications, viz., D.P.M., should take part in teaching under-graduates.

૮. નૂતન કેળવણી મંડળ, વલસાડ, સંચાલિત આર્ટ્સ અને સાયન્સ કૉલેજને બી.એ. (રૅ. અને જન.) અર્થશાસ્ત્ર અને ગુજરાતી; અને બી.એ. (જન.) સંસ્કૃત, માનસશાસ્ત્ર અને હિંદી; અને બી.એસસી. રસાયણશાસ્ત્ર (મુખ્ય) અને ભૌતિકવિજ્ઞાન અને વનસ્પતિવિજ્ઞાન (ગૌણ) ના વિષયોમાં કાયમી જોડાણ; તથા બી.એસસી. વનસ્પતિ-વિજ્ઞાન (મુખ્ય) અને ઝૂલૉજી (ગૌણ) ના વિષયોમાં વધારાનું જોડાણ આપવા અંગે માનદ મંત્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૩. શ્રી. જે. ડી. ઓઝા.

૯. મહિલા કૉલેજ, પોરબંદરને તા. ૩૦-૮-૧૯૬૰થી યુનિવર્સિટીએ નક્કી કરેલ નિયમ મુજબ વ્યાયામ શિક્ષિકની લાયકાત ધરાવતી વ્યક્તિ ન મળતી હોવાથી શ્રીમતી ગાર્ગીબેનની નિમણૂકને કામચલાઉ માન્ય કરવા અંગે મજકૂર કૉલેજના આચાર્ય તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—આ જગા જૂન ૧૯૫૯થી ખાલી છે. તેઓ આર્યકન્યા ગુરુકુલ, વડોદરાના સ્નાતિકા છે તથા વ્યાયામની તાલીમ લીધેલી છે. આર્યકન્યા ગુરુકુલ જે એસ.એસ.સી.ની પરીક્ષાના અભ્યાસક્રમ સુધીનું શિક્ષણ આપે છે તેમાં લાંબા સમયથી વ્યાયામ શિક્ષિકા તરીકે કામ કરે છે.)

આ સંબંધમાં શ્રી. રજિસ્ટ્રારે ખુલાસો કર્યો કે, શ્રીમતી ગાર્ગીબેનની નિમણૂક કર્યા પછી તેઓએ તેમની જગ્યાએ શ્રી. વિઠ્ઠલભાઈ પટેલ, બી.એ., સી.પી.એડ.ની નિમણૂક કર્યાનો આચાર્યશ્રીનો તા. ૨૪-૯-૧૯૬૰નો પત્ર આવ્યો છે.

તે પછી સિન્ડિકેટે ઠરાવ્યું કે, ચાલુ વર્ષ માટે વ્યાયામશિક્ષક તરીકે શ્રી. વિઠ્ઠલભાઈ પટેલની નિમણૂકને માન્ય કરવી, તથા કોઈ પણ સંજોગોમાં જૂન ૧૯૬૧થી યોગ્ય લાયકાત ધરાવનાર વ્યાયામશિક્ષકની નિમણૂક કર્યા વિના ચાલી શકશે નહિ એમ સદરહુ કૉલેજને જણાવવું.

૧૦. રાજપીપળામાં છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલય તરફથી સ્નાતકો માટે ચાલતા શારીરિક શિક્ષણના ડિપ્લોમાને કાંદીવલીની સમકક્ષ ગણવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, છોટુભાઈ પુરાણી વ્યાયામ મહાવિદ્યાલયનો શારીરિક શિક્ષણનો ડિપ્લોમા સ્નાતક થયા પછી લેવામાં આવ્યો હોય તો તે ડિપ્લોમા, વ્યાયામશિક્ષકની નિમણૂક માટે, કાંદીવલીના ડિપ્લોમાની સમકક્ષ ગણવો.

૧૧. પૂના નજીક અડકવાસલા મુકામે તા. ૧૫/૧૬ જૂન ૧૯૬૰ના રોજ મળેલ ઉપકુલપતિઓની પરિષદનાં સાથે જોડેલ મંતવ્યો અને ભલામણો અંગે યોગ્ય પગલાં લેવા માટે ભારત સરકારના શિક્ષણ ખાતા તરફથી આવેલા તા. ૨-૮-૧૯૬૰ના પત્રાંક ડી. ઓ. એફ. ૩-૪-૬૰/યુ/૪ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૨. ઑ. ૧૨૦-બી નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૰ની સભાની ભલામણ :

O. 120-B :

1. The provisions under this Ordinance shall come into force with effect from 20th June 1958;

2. There shall not be more than 1500 students in a College;

3. If a College has more units than one, the total strength of such units taken together shall not exceed 1500 students;

4. If the total strength in two or more units of a College taken together exceeds 1500 students, there shall be two more different Principals as may be required at the rate of one Principal

per 1500 students provided always that no Principal shall be in charge of more than two units;

5. No division shall consist of more than 100 students, provided the Vice-Chancellor, may, in his discretion and at the request of a College, allow it to admit such further number of students as does not exceed ten per cent of the maximum number of students permissible in each class or a division thereof.

This sub-clause shall come into effect from 20th of June 1958 and shall be progressively implemented."

Notwithstanding anything contained above, it shall be competent for the Vice-Chancellor to permit, in his descretion and at the request of a Medical College, to admit such number of additional students as does not exceed twenty per cent of the maximum number of students permissible in a class or a division thereof."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧૨૦-બી ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા સુધારેલા ઑર્ડિનન્સને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૧૩. ભારતીય વિજ્ઞાન પરિષદ (Indian Science Congress) નું આગામી અધિવેશન રૂરકી મુકામે તા. ૩જી થી ૯ જાન્યુ. ૧૯૬૧ દરમિયાન ભરાનાર હોઈ, તેમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા વાસ્તે મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૪મી ઑગસ્ટ ૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક;
૨. ડૉ. પી. એચ. પ્રભુ;
૩. પ્રિન્સિપલ એસ. કે. કાત્રક.

૧૪. સાગર યુનિવર્સિટીના આશ્રયે અને સાગર મુકામે તા. ૧૫થી ૧૬ ઑક્ટોબર ૧૯૬૦ દરમિયાન યોજાનાર ભારતીય સમાજશાસ્ત્ર પરિષદના છઠ્ઠા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા, મજકૂર પરિષદના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૯-૯-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સમાજ વિદ્યાભવનના સમાજશાસ્ત્રના લેક્ચરર શ્રી. આર. ડી પરીખને નીમવા.

૧૫. અખિલ ભારતીય શૈક્ષણિક અને ધંધાકીય માર્ગદર્શન મંડળ (All-India Education and Vocational Guidance Association)ની હૈદરાબાદ ખાતે,

આગામી ઓક્ટોબર ૨૬થી ૨૮ દરમિયાન મળનાર વાર્ષિક પરિષદમાં આપણી યુનિવર્સિટીના એક પ્રતિનિધિની નિમણૂક કરવા વાસ્તે મંડળ તરફથી આવેલ તા. ૨૮-૮-૧૯૬૦ના, તેમ જ મધ્યસ્થ સરકાર તરફથી આવેલ તા. ૫-૯-૧૯૬૦ના પત્રાંક એફ. ૫. ૬-૬૦—CBEVG ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદના પ્રૉફેસર શ્રી. કે. જી. દેસાઈને નીમવા.

૧૬. જબલપુર મુકામે આગામી ડિસેમ્બર ૩૧થી ૧ જાન્યુ. ૧૯૬૧ દરમિયાન યોજાનાર અખિલ ભારતીય વાણિજ્ય પરિષદમાં આપણી યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે, આચાર્ય શ્રી. એસ. સી. પાઠકના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ અને પ્રિન્સિપલ એસ. સી. પાઠકને નીમવા.

૧૭. નાટ્ય, સંગીત, ચિત્રકલા અને શિલ્પ-સ્થાપત્ય તથા નૃત્યના અભ્યાસક્રમો માટેની પ્રવેશ પરીક્ષાની વ્યવસ્થા વગેરે તૈયાર કરવા અંગે એકેડેમિક કાઉન્સિલે જે સમિતિ નીમી હતી તેની ભલામણને એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાએ બહાલી આપી હોઈ મજકૂર અભ્યાસક્રમો અંગેના ઑ. ૩૬૫, ૩૬૫-એ, ૩૬૫-બી અને રે. ૨૪૮ મંજૂર કરવા બાબત :

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ નં. ૩૬૫, ૩૬૫-એ અને ૩૬૫-બી તથા રેગ્યુલેશન ૨૪૮ મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સ નં. ૩૬૫, ૩૬૫-એ અને ૩૬૫-બી તથા રેગ્યુલેશન ૨૪૮ની નકલ પરિશિષ્ટ "અ" તરીકે સામેલ છે.)

૧૮. પત્રકારત્વના ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવાની શક્યાશક્યતા અંગે વિચાર કરવાની વિનંતી કરતો એકેડેમિક કાઉન્સિલનો તા. ૨૦-૮-૧૯૬૦ની સભાનો નીચેનો ઠરાવ :

"આથી ઠરાવવામાં આવે છે કે, પત્રકારત્વના ડિપ્લોમાનો અભ્યાસક્રમ શીખવવાની શક્યાશક્યતા વિચારવા માટે સિન્ડિકેટને વિનંતી કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૧૯. તા. ૧૦-૩-૧૯૬૦ની મેથેમેટિક્સ અને સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિની સભાની ભલામણ પરત્વે એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની નીચે મુજબની ભલામણ :

"આથી મજકૂર અભ્યાસસમિતિ એકેડેમિક કાઉન્સિલને એમ.એ. મેથેમેટિક્સને લગતો રેગ્યુલેશન ૨૬ અને એમ.એસસી. મેથેમેટિક્સને લગતો રેગ્યુલેશન ૯૦ (૧) સુધારવા અને ઉપર દર્શાવેલ રેગ્યુલેશનો મુજબ સુધારેલા અભ્યાસક્રમ મંજૂર કરવા તેમ જ સુધારેલા અભ્યાસ-ક્રમ જૂન ૧૯૬૧થી શરૂ થતા સત્રથી અમલમાં લાવવા ભલામણ કરે છે. વધુમાં એમ.એ.

(મેથેમેટિક્સ)ને લગતા રેગ્યુલેશન ૨૭, ૨૭-એ, ૨૭-બી, ૨૭-સી, ૨૭-ડી, ૨૭-ઈ, ૨૭-એફ, ૨૭-જી અને ૨૭-એચ રદ કરીને એમ.એ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમને (મેથેમેટિક્સના રેગ્યુલેશન બેગા હતા તે સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમને) રેગ્યુલેશન નં. ૨૭ આપવા ભલામણ કરે છે.

(નોંધ. — એમ.એ. અને એમ.એસસી.ને લગતો અભ્યાસક્રમ સુધાર્યો હોવાથી જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા માર્ચ/એપ્રિલ ૧૯૬૩ સુધી લેવા તેમ જ જેમણે જૂના અભ્યાસક્રમ મુજબ સત્ર રાખ્યાં હોય તેમને માર્ચ/એપ્રિલ ૧૯૬૪થી નવા અભ્યાસક્રમ મુજબ સત્ર રાખ્યા વગર પરીક્ષા આપવાની છૂટ આપવા ભલામણ છે.)

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવા, તથા તેમાં જણાવેલા રેગ્યુલેશન ૨૬ અને રેગ્યુલેશન ૯૦(૧)ને તે પ્રમાણે સુધારવા તથા રેગ્યુલેશન ૨૭, ૨૭-એ, ૨૭-બી, ૨૭-સી, ૨૭-ડી, ૨૭-ઈ, ૨૭-એફ, ૨૭-જી અને ૨૭-એચને રદ કરવા તથા એમ.એ. સ્ટેટિસ્ટિક્સને અભ્યાસક્રમના રેગ્યુલેશનના રેગ્યુલેશન ૨૭ તરીકે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

"વધુમાં ઠરાવવામાં આવે છે કે ઉપર મુજબ સુધારેલો અભ્યાસક્રમ જૂન ૧૯૬૧થી શરૂ કરવા તથા એમ.એ. અને એમ.એસસી.માં સ્ટેટિસ્ટિક્સના જૂના અભ્યાસક્રમ મુજબની, એટલે કે હાલ ચાલતા અભ્યાસક્રમ મુજબની, પરીક્ષા માર્ચ ૧૯૬૩ સુધી લેવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તેમાં જણાવેલા રેગ્યુલેશન ૨૬ અને રેગ્યુલેશન ૯૦ (૧)ને તે પ્રમાણે સુધારવા, તથા રેગ્યુલેશન ૨૭, ૨૭-એ, ૨૭-બી, ૨૭-સી, ૨૭-ડી. ૨૭-ઈ, ૨૭-એફ, ૨૭-જી અને ૨૭-એચ રદ કરવા, તથા એમ.એ. સ્ટેટિસ્ટિક્સના અભ્યાસક્રમનો રેગ્યુલેશન, રેગ્યુલેશન ૨૭ તરીકે મંજૂર કરવો, અને મંજૂર કરવામાં આવેલા રેગ્યુલેશનોને જૂન ૧૯૬૧થી, એટલે કે માર્ચ ૧૯૬૩ની પરીક્ષાથી, અમલમાં મૂકવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, હાલના જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા માર્ચ/એપ્રિલ ૧૯૬૩ સુધી લેવાનું રાખવું.

(સુધારેલા રેગ્યુલેશન ૨૬ અને ૯૦ (૧) તથા રદ કરવામાં આવેલા રેગ્યુલેશન નં. ૨૭, ૨૭-એ, ૨૭-બી, ૨૭-સી, ૨૭-ડી, ૨૭-ઈ, ૨૭-એફ, ૨૭-જી અને ૨૭-એચ તથા જે નવો ક્રમાંક આપ્યો છે તે રેગ્યુલેશન નં. ૨૭ની નકલ **પરિશિષ્ટ "ગ"** તરીકે સામેલ છે.)

૨૦. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની નીચે મુજબની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે 'માયક્રોબાયોલોજી'ની અભ્યાસસમિતિની તા. ૨૨-૨-૧૯૬૦ની આ સાથે જોડેલી ભલામણો મંજૂર કરવી તથા તે પ્રમાણે સુધારેલા અભ્યાસક્રમને જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તેમાં જણાવેલા અભ્યાસક્રમને લગતા રેગ્યુલેશન નં. ૭૭ને જૂન ૧૯૬૧થી, એટલે કે માર્ચ/એપ્રિલ ૧૯૬૩ની પરીક્ષાથી, અમલમાં મૂકવા.

(મંજૂર કરવામાં આવેલા અભ્યાસક્રમની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૧. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની નીચે મુજબની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, એમ.એસસી.ના અભ્યાસક્રમને લગતા રેગ્યુલેશન ૯૦માં "(૪) બોટની"માં જણાવેલ સ્પેશિયલ વિષયોની યાદીમાં નીચેના વિષયો ઉમેરવા :

(*j*) Plant Physiology,
(*k*) Plant Anatomy,
(*l*) Plant Embryology;

તથા સુધારા સાથેના રેગ્યુલેશન ૯૦ને જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા રેગ્યુલેશન ૯૦માં "(4) Botany"માં જણાવેલ સ્પેશિયલ વિષયોની યાદીમાં નીચેના વિષયો ઉમેરવા :

(*j*) Plant Physiology,
(*k*) Plant Anatomy,
(*l*) Plant Embryology;

તથા સુધારેલા રેગ્યુલેશન ૯૦ને જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા અને સદરહુ સુધારા પ્રમાણે સુધારેલો અભ્યાસક્રમ આ વખતે સીનિયર એમ.એસસી.ના વર્ષમાં ચાલવાનો હોવાથી તે મુજબની પ્રથમ પરીક્ષા માર્ચ/એપ્રિલ ૧૯૬૨માં લેવાનું રાખવું.

૨૨. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ :

"આથી ઠરાવવામાં આવે છે કે, દાકતરી વિદ્યાશાખામાં ડિપ્લોમા ઇન ટ્યુબરકયુલોસિસ (D.Tb.) સ્થાપવા માટે સિન્ડિકેટ તથા સેનેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે દાકતરી વિદ્યાશાખામાં ડિપ્લોમા ઇન ટ્યુબરકયુલોસિસ (D.Tb.) સ્થાપવા માટે સેનેટને ભલામણ કરવી.

૨૩. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના સેક્રેટરી તરફથી આવેલા એમ.ડી. (પેથોલોજી) અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાના મુલાકાતીઓએ સંસ્થાની મુલાકાત લઈ કરેલા રિપોર્ટ ઉપર મેડિકલ ફેકલ્ટીની તા. ૨૨/૨૩-૬-૧૯૬૦ની સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત :

"This faculty considered the inspection report on the facilities for teaching and standard of examination for M. D. (Pathology), and the observations made thereon by the Dean, B. J. Medical College, Ahmedabad.

"It is resolved to report to the Medical Council of India, New Delhi, that regarding their recommendations for M. D. (Pathology), the needful will be done in the matter."

આથી ઠરાવવામાં આવે છે કે, દાકતરી વિદ્યાશાખાના ઉપરના ઠરાવની નોંધ લેવી.

૨૪. ઑ. ૧૨૯નો સંબંધકર્તા ભાગ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત અંકડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ :

Examination	How many times held in a year	Date of commencement	Date of Application	Exam. fees Rs.
M.D., Part I	Twice	2nd Monday in March and 1st Monday in October	3 months before the Examination	100/-
M.D., Part II	Twice	..	..	200/-
M.S., Part I	Twice	..	..	100/-
M.S., Part Ii	Twice	..	..	200/-
B.Sc. (Medical)	Twice	..	..	100/-
M.Sc. (Medical)	Twice	..	..	200/-
First Year Dip. in Architecture	Once	4th Monday in March	8 weeks before the Examination	40/-
Second Year ,,	Once	-do-	-do-	50/-
Final Exam. ,,	Once	-do-	-do-	75/-
Final Diploma Examination in Dramatics, Musics, Dances, Painting & Sculpture	Once	Monday following the 4th Monday in March	On or before 10th Feb.	75/-

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ઑર્ડિનન્સ ૧૨૯માં સુધારો કરવો, અને તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૨૫. એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

એકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સુધારેલો ઑર્ડિનન્સ ૧૩૯ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે હાલ ઑર્ડિનન્સ ૧૪૧ને ૧૪૧-એ એવો ક્રમાંક આપવો, તથા નવા ઘડેલા ઑર્ડિનન્સ ૧૪૧-બીને મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સ ૧૩૯ને મંજૂર કરવો, તથા હાલના ઑર્ડિનન્સ ૧૪૧ને ૧૪૧-એ એવો ક્રમાંક આપવો તથા નવો ઘડેલો ઑર્ડિનન્સ ૧૪૧-બી મંજૂર કરવો, તથા તેમને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

(ઑર્ડિનન્સ ૧૩૯, ૧૪૧-એ અને ૧૪૧-બીના પાઠની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨૬. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ મુજબ રે. ૧૬(૫)માં નીચે મુજબ ઉમેરો કરવા બાબત:

However, candidates who appear for the B.A. (General & Special) Examination under the provisions of the above quoted clause with exemption in Compulsory English only shall be considered eligible for the award of classes in the examination.

(**નોંધ.**—બી.એ.માં વિષય બદલી બેસનાર વિદ્યાર્થીને ફરજિયાત અંગ્રેજી અને એક ગૌણ વિષય (Subsidiary subject) માંથી મુક્તિ મળતી હતી. ઉપરની કંડિકા ઉમેરવાથી ફક્ત ફરજિયાત અંગ્રેજીમાં મુક્તિ સ્વીકારી, આઠ વૈકલ્પિક પેપરોમાં બેસનાર વિદ્યાર્થીને શ્રેણી આપવાની જોગવાઈ કરવામાં આવે છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુલેશન ૧૭(૫)માં સુધારો કરવો તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૨૭. પ્રાશ્નિક/પરીક્ષકને અપાતી સૂચનાવલિમાં જરૂરી સુધારાવધારા સૂચવતો તેમ જ હાલની સૂચનાઓના ક્રમાંક બદલવાનું સૂચન કરતો શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રીના તા. ૨૬-૫-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૮. રે. ૧૭૦, રે. ૧૭૬ અને રે. ૧૮૩ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા તથા રે. ૧૭૧ રદ કરવા પરત્વે મેડિકલ ફેકલ્ટીની તા. ૧૩/૧૪-૪-૧૯૬૦ની સભાની ભલામણ ઉપર ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"The subject or subjects in which successful candidates may have distinguished themselves will be shown on the list. In order to obtain distinction in any subject, the candidate should pass the examination at the first attempt in all the subjects and obtain 75 per cent of the full marks in the subject.

Only those candidates who have passed the whole examination at the first attempt will be eligible for distinction or for any prize or scholarship to be awarded at the examination. Nothing herein shall be deemed to render a candidate ineligible for any prize, scholarship or distinction on the ground that he has availed himself of the concessions in the matter of keeping terms, available to holder of the L.C.P.S. Diploma.

ફર્સ્ટ, સેકન્ડ તથા ફાઈનલ એમ.બી.બી.એસ.ની પરીક્ષામાં ડિસ્ટિંકશન આપવા અંગેની બાબત અંગે વિચારણા કરવામાં આવી. ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે રેગ્યુ. ૧૭૦

તથા રેગ્યુ. ૧૭૬ તથા રેગ્યુ. ૧૮૩ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા એકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે રેગ્યુ ૧૭૧નો ભાગ રેગ્યુ. ૧૭૦માં આવી જતો હોવાથી રે. ૧૭૧ રદ કરવો."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે, મેડિકલ ફેકલ્ટીની તા. ૧૩/૧૪-૪-૧૯૬૦ની સભાની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુલેશન ૧૭૦, રેગ્યુલેશન ૧૭૬ તથા રેગ્યુલેશન ૧૮૩ સુધારવા, તથા રેગ્યુલેશન ૧૭૧ને રદ કરવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે સુધારેલા રેગ્યુલેશન ૧૭૦, ૧૭૬ અને ૧૮૩ મંજૂર કરવા, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા, અને રે. ~~૧૭૧~~ રદ કરવો.

(સુધારેલા રેગ્યુલેશન ૧૭૦, ૧૭૬ અને ૧૮૩ અને રદ કરવામાં આવેલા રેગ્યુલેશન ૧૭૧ના પાઠની નકલ પરિશિષ્ટ "છ" તરીકે સામેલ છે.)

૨૯. ઑ. ૨૬૮ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ :

Ordinance 268 :

No candidate shall be admitted to the Third M.B.B.S. Examination unless he has passed the Second M.B.B.S. Examination, one shall have been engaged in Medical Studies at a Medical College recognised by this University for at least three years after passing the First M.B.B.S. :

Provided further that any candidate who has failed at the Second M.B.B.S. Examination shall nevertheless be admissible to the Third M.B.B.S. Examination, if he/she so desires, the result of the latter not being declared till after he/she has been declared successful at the Second M.B.B.S. Examination.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા ઑર્ડિનન્સ ૨૬૮ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૩૦. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૩/૧૪-૪-૧૯૬૦ની સભાની તથા એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ અનુસાર ઑ. ૨૭૮ અને ઑ. ૨૮૧ નીચે પ્રમાણે વંચાય તે રીતે સુધારવા બાબત :

Ordinance 278 :

Every candidate presenting himself for Part II of the M.D. Examination for the first time shall submit, with his application

for admission to the examination, three type-written copies of a dissertation, prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases, autopsy record, discussion of topics (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for Part II of the examination for the particular Branch, and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva voce examination and due credit may be given to the same.

When the dissertation is rejected, the Examiners should clearly specify the reasons for the same for the guidance of the candidate.

Ordinance 291 :

Every candidate presenting himself for Part II of the M.S. Examination for the first term shall submit, with his application for admission to the examination, three written copies of dissertation, prepared under the direction and guidance and to the satisfaction of his University teacher. The dissertation may relate to a series of clinical cases; autopsy records, discussion of a topic (modern or historical) or a review of the work on a specific theme. The dissertation shall be referred to the Examiners for Part II of the examination for the particular branch and acceptance of it by the Examiners shall be a condition precedent to his being declared successful. It may form the basis of the viva voce examination, and due credit may be given to the same.

When the dissertation is rejected, the Examiners should clearly specify the reason for the same for the guidance of the candidate.

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા ઓર્ડિનન્સ ૨૭૮ અને ૨૯૧ ઉપર પ્રમાણે વંચાય તે રીતે સુધારવા અને તે પ્રમાણે સુધારેલા ઓર્ડિનન્સોને તાત્કાલિક અમલમાં આવેલા ગણવા.

૩૧. ડી.એ.ના કન્સેશન્સોનો નિયમ નં. ૧ નીચે મુજબ સુધારવા મેડિકલ ફેકલ્ટીની તા. ૨૨/૨૩-૬-૧૯૬૦ની સભાની ભલામણને એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં બહાલી આપી હોઈ તે ઉપર વિચારણા કરવા બાબત :

1. A candidate who has worked at least for one year in the Department of Anaesthesia in a recognised medical institution or an affiliated medical College, and is certified to have administered Anaesthetics to at least 1000 patients, 300 of which had undergone major operations, will be allowed to appear for the examination."

આથી ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે ડિપ્લોમા ઇન એનેસ્થેશિયાની પરીક્ષા માટે ક-સેશ-સનો નિયમ નં. ૧ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવો.

૩૨. શ્રી. જે. એન. ત્રિવેદીને ડુપ્લિકેટ માઇગ્રેશન સર્ટિફિકેટ કાઢી આપવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જે. એન. ત્રિવેદી બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં ખાનગી વિદ્યાર્થી તરીકે બેસવા ઇચ્છતા હોઈ તેમને તા. ૨૩-૮-૧૯૫૭ના રોજ જે માઇગ્રેશન સર્ટિફિકેટ કાઢી આપેલું તેની ડુપ્લિકેટ નકલ કાઢી આપવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. જે. એન. ત્રિવેદીને બીજું (ડુપ્લિકેટ) માઇગ્રેશન સર્ટિફિકેટ કાઢી આપવું.

૩૩. ઑ. ૮૪(e) નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા બાબત.

"That nothing owing by him for the College and/or N.C.C. dues."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૮૪ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવો, તથા તેને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો :

O. 84:

No student shall at any time be admitted to another College unless he produces from the Principal of the College he leaves:

(*i*) a certificate (called Transference Certificate), showing—

(*a*) the number of days attended at the College, which the student has left, in all the terms during which he attended the College, after passing his last University examination;

(*b*) the number of College examinations he did and did not attend, with the result of each examination, since the last University examination that he passed;

(*c*) *that he has written exercises in English Composition in class to the satisfaction of his teacher;

(*d*) that he has no books in his possession belonging to the College he has left;

(*e*) that nothing is owing by him for the College and/or N. C. C. dues;

(*f*) that he bears a good moral character;

(*g*) his date of birth as entered in the College registers;

(*h*) *the voluntary subject or group of subjects in which he has attended courses of instruction at the College;

(*i*) *his Honours or General group if he is a student of the B.A. Class, or his Principal and Subsidiary subjects, if he is a student of the B.Sc. Class.

(*ii*) *In case of a First Year Science student his laboratory journal certified by the Head of the College he is leaving, as the record of work actually done by the student.

Notwithstanding anything contained above, a student who prosecutes study for one post-graduate and one under-graduate courses simultaneously in two different institutions, other than the original institution or College he leaves, shall produce a Transference Certificate in original to the institution or College he joins first and a copy attested by the Principal of the College or the Head of the Institutions he so joins, to the other.

૩૪. Starting of Private Colleges—conditions of endowments એ વિષય પરત્વે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ તા. ૬-૯-૧૯૬૦ના પત્ર પરત્વે વિચારણા કરવા બાબત:

આથી ફલાવવામાં આવે છે કે, સદરહુ બાબત, કૉલેજોના બેડાણ બાબતમાં સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૦ના રોજ મળેલી સભાના બાબત નં. ૯૧ના ફલાવથી નીમવામાં આવેલી સમિતિની વિચારણા માટે મોકલી આપવી.

૩૫. સ્ટેટ્યુટ ૧૧૮(૪) અનુસાર નીચેના બે સભ્યોની મુદત તા. ૧૬-૧૧-૧૯૬૦ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગાએ બોર્ડ ઓફ યુનિવર્સિટી ટીચિંગ પર બે સભ્યોની નિમણૂક કરવા બાબત:

---

*To be struck out where it is not applicable.

(હાલના સભ્યો :

૧. ડૉ. કે. જી. નાયક;
૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ.

સ્ટેટ્યુટ ૧૧૮(૪) નીચે મુજબ છે :

St. 118(4).— "Two members nominated by the Syndicate for a period of three years.")

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટે. ૧૧૮(૪) અનુસાર, સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે, બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ ઉપર, તા. ૧૬-૧૧-૧૯૬૦થી ત્રણ વર્ષ માટે, નીચેની બે વ્યક્તિઓની નિમણૂક કરવી :

૧. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ.

૩૬. ઑર્ડિ. ૩૭ અનુસાર નીચેના સભ્યોની મુદત તા. ૧૬-૧૧-૧૯૬૦ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગાએ ગ્રાન્ટ્સ યુટિલિઝેશન કમિટી પર બીજા ૬ સભ્યોની નિમણૂક કરવા બાબત :

૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક;
૨. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ;
૩. ડૉ. વિક્રમ એ. સારાભાઈ;
૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૫. પ્રિન્સિ. એસ. વી. દેસાઈ;
૬. ડૉ. કે. આર. રામનાથન.

ઑર્ડિનન્સ ૩૭ નીચે પ્રમાણે છે :

O. 37 :

"The Grants Utilization Committee shall consist of the Vice-Chancellor, the Rector, if any, and six other members appointed by the Syndicate for a period of three years."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૩૭ અનુસાર, સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે, ગ્રાન્ટ્સ યુટિલિઝેશન કમિટી ઉપર, તા. ૧૬-૧૧-૧૯૬૦થી ત્રણ વર્ષ માટે, નીચેના સભ્યોની નિમણૂક કરવી :

૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક;
૨. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ;
૩. પ્રિન્સિપલ એસ. કે. કાત્રક;
૪. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૫. શ્રી. ત્રીણુભાઈ ૨. દેસાઈ;
૬. ડૉ. કે. આર. રામનાથન.

૩૭. ઑર્ડિ. ૧(૪) અનુસાર નીચેના સભ્યોની મુદત તા. ૧૬-૧૧-૧૯૬૦ના રોજ પૂરી થતી હોવાથી તેમની જગાએ પ્રકાશન સમિતિ ઉપર સાત વ્યક્તિઓની નિમણૂક કરવા બાબત :

૧. પ્રિન્સિ. એલ. આર. દેસાઈ;
૨. પ્રિન્સિ. ડૉ. આર. પી. પટેલ;
૩. ડૉ. વિક્રમ એ. સારાભાઈ;
૪. પ્રિન્સિ. ડૉ. કે. જી. નાયક;
૫. ડૉ. એમ. ડી. દેસાઈ;
૬. પ્રિન્સિ. જે. બી. સાણ્ડેસલ;
૭. પ્રૉ. ઉમાશંકર જોષી.

ઑ. ૧(૪) નીચે મુજબ છે :

(*iv*) Seven persons appointed by the Syndicate five of whom shall be from amongst the Heads of the University Departments, Heads of recognised Institutions and Members of the Board of University Teaching."

આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૧(૪) અનુસાર, તા. ૧૬-૧૧-૧૯૬૦થી ત્રણ વર્ષ માટે, પ્રકાશન સમિતિ (બૉર્ડ ઑફ પબ્લિકેશન્સ) ઉપર નીચેના સભ્યોને વધુ ત્રણ વર્ષની મુદત માટે ચાલુ રાખવા :

૧. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ;
૨. પ્રિન્સિપલ ડૉ. આર. પી. પટેલ;
૩. ડૉ. વિક્રમ એ. સારાભાઈ;
૪. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક;
૫. ડૉ. એમ. ડી. દેસાઈ;
૬. પ્રિન્સિપલ જે. બી. સાણ્ડેસલ;
૭. પ્રૉફેસર ઉમાશંકર જોષી.

૩૮. યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનોમાં લેક્ચરરની જગા માટેની લાયકાતનાં ધોરણોનો નિયમ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૭-૮-૧૯૬૦ની સભાની ભલામણ :

III. For Lecturership

(1) A first or second class both in the Bachelor's and Master's Degree in the subject;

and

(2) At least five years' experience of teaching the subject to post-intermediate classes;

or

A Ph.D. Degree."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૩૯. બૉર્ડ ઑફ યુનિ. ટીચિંગ તથા ઍકેડેમિક કાઉન્સિલની અનુક્રમે તા. ૨૪-૨-૧૯૬૦ તથા તા. ૨૦-૮-૧૯૬૦ની સભાઓના ઠરાવો અનુસાર ઑર્ડિ. ૬૫-કે(૧) ૬૫-કે(૨), ૬૫-કે(૩), ૬૫-કે(૪), ૬૫-કે(૫), અને ૬૫-કે(૬)(બી) તથા ઑર્ડિ. ૬૫-કેની પેટાકલમ (૨)(*ii*) સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૦. મેડિકલ ફેકલ્ટીમાં મદદનીશ અનુસ્નાતક શિક્ષક તરીકે નિમણૂક કરવા અંગેના ઑ. ૬૫-એમ(૧)(ડી)ની નોંધ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા મેડિકલ ફેકલ્ટીની તા. ૨૨/૨૩-૬-૧૯૬૦ની સભાની ભલામણ તથા તે મુજબ સુધારવા અને તે પ્રમાણે સુધારેલા ઑ. ૬૫ને મંજૂર કરવાની ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ :

O. 65-M(1)(d), Note 1 :

In the Medical Faculty, any one who holds the Degree of M.D. or M.S. or its equivalent in the Branch for which he is applying and has worked as a Registrar in the same Branch for two years in teaching institution where he is working in his own speciality shall be considered eligible for an Assistant's post.

In case he has not worked as a Registrar for the requisite period, he will be recognised as an Assistant to post-graduate teacher, only after he has filled up the whole or the remaining period in his post as an Assistant."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી તથા તે અનુસાર ઑર્ડિનન્સ ૬૫-એમ(૧)(ડી)ની નોંધ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવી, તથા તે પ્રમાણે સુધારેલા ઑર્ડિનન્સ ૬૫-એમ(૧)(ડી)ને તાત્કાલિક અમલમાં આવેલો ગણવો.

૪૧. ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં આપવામાં આવેલ એમ.એ. અંગ્રેજી વિષયના અનુસ્નાતક કેન્દ્ર માટે પ્રો. એસ. ટી. બૂચની પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટમાં અંગ્રેજીના અનુસ્નાતક કેન્દ્રના પ્રૉફેસર-ઇન-ચાર્જ તરીકે પ્રૉફેસર એસ. ટી. બૂચની નિમણૂક કરવી.

૪૨. "પ્રિ. ડૉ. કે. જી. નાયક સુવર્ણચંદ્રક"ના નીચે જણાવેલા નિયમ પ્રમાણે એક સમિતિ નીમવા બાબત :

3. The hiring of the equipment shall be for a minimum period of two years from the date of installation subject to termination by either party giving three months' written notice to expire at the end of the minimum period or at any time thereafter, provided that, upon breach of any of these conditions by you (including failure to pay rentals promptly) or upon your suffering any distress or execution or committing an act of bankruptcy or, being a company, entering into liquidation (otherwise than for the purpose of amalgamation or reconstruction), we may by notice forthwith determine the hiring. Upon termination under this clause or otherwise we shall be entitled by our authorised agents to enter your premises to recover possession of the equipment. The exercise of the rights of termination and of recovery shall be without prejudice to our rights to recover any sums payable at the date of termination and any sums payable at the date of termination and any damages for breach of contract.

4. *(a)* The rental for the equipment shall be due and payable monthly in advance on the first day of each month. The first payment shall be made on the first day of the month following the date of installation and shall include a sum representing rental for the part month from and including the date of installation to the last day of installation.

(b) The rentals shown overleaf are based on the current scale of rentals for the types of equipment covered by this contract. In the event of any increase or decrease in this scale between the date of the order and the date of installation the rentals payable under this contract shall be increased or decreased accordingly. Further we may on or after the expiration of one year from the date of installation, upon three months' notice in writing given at any time, increase or decrease the rental for any equipment, provided that such adjusted rental shall not exceed the rental then current.

5. We shall, at our own expense (subject to clause 6 *(a)*) during our normal working hours carry out routine maintenance and repairs and supply replacement parts except as made necessary by your fault or negligence. Reasonable access to the equipment must be given for this purpose. If you should use punches or cards not supplied

by us or cards treated with any substance, we reserve the right to charge on additional rental in any or all subsequent monthly periods.

6 (*a*) Cost of packing and cases, transport and insurance, clearance and forwarding charges, licence fees, duties and taxes in respect of the supply of equipment and parts from our works and premises and/or from the works of International Computers and Tabulators Limited in the United Kingdom, all such costs, charges, fees, duties and taxes in respect of the removal of equipment and parts from your premises to our works or premises in India and/or to the works of International Computers and Tabulators Limited in the United Kingdom, and all expenses incurred in installing and in removing equipment and parts shall be borne by you.

(*b*) Any changes you may require in the equipment after installation shall be made at your own expense and where appropriate the rental shall also be adjusted.

7. (*a*) Not more than one shift of operators may be employed on the equipment per day without our written consent.

(*b*) No alterations may be made nor attachments fitted to the equipment nor repairs or adjustments carried out except by us or with our written consent.

(*c*) The equipment must be housed in suitable premises and must be well cared for in accordance with instructions as we may give.

(*d*) The equipment must not leave your possession or be fixed or attached to or be removed from your promises nor in any way be sub-let, mortgaged or charged.

8. The equipment must not be removed without our consent in writing and the cost of any removal from one place to another including dismantling, reassembling, packing, insurance and supervision by our representative shall be borne by you.

9. Neither party shall be liable for failure to perform its obligations hereunder if such failure shall be caused by force majeure, fire, storm, industrial dispute, war, governmental act or circumstances of a like nature beyond the control of the parties.

10. No report, representation or statement made by any of our representatives, not stated herein, shall be binding, this document evidencing the entire contract between us. If any difference shall arise between the parties hereto touching this contract or the constuction thereof of any conditions of hire and the operation theeof, or the rights, duties and liabilities of either party in connection herewith, then and in every such case such difference shall be referred to two arbitrators, one to be appointed by each of the parties in difference pursuant to the Indian Arbitration Act No. X of 1940 promulgated at page 41 of the Gazette of India, Part VI, dated 18-3-1940.

પરીક્ષાઓમાં મશીનોનો ઉપયોગ કરવા અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિની નોંધ

યુનિવર્સિટીની આગામી પરીક્ષાઓનું કામકાજ કરવામાં મશીનોનો ઉપયોગ કરવા અંગે સિન્ડિકેટે તેની તા. ૧૬-૭-૧૯૬૦ની સભામાં જે સમિતિ નીમી હતી, તે સમિતિની એક બેઠક, રવિવાર તા. ૨૫-૯-૧૯૬૦ ના રોજ સવારના ૯-૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. તેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. ચી. એમ. ભાનોટ, ચેરમેન, એસ. એસ. સી. બોર્ડ, ગુજરાત	હાજર
૨. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૩. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ચેરહાજર
૫. શ્રી. ક. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર
૬. શ્રી. જ. મં. મહેતા, ડે. રજિસ્ટ્રાર	હાજર

પ્રમુખસ્થાને પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક હતા.

સમિતિના સભ્યોએ ગઈ સભામાં જે જે મુદ્દાઓ અંગે માહિતી મગાવવાનું ઠરાવ્યું હતું, તે માહિતી આઈ. ટી. સી. કંપનીએ તેમના તા. ૧૬મી ઑગસ્ટ ૧૯૬૦ના પત્રથી આપી હતી અને તે સભ્યો સમક્ષ રજૂ કરવામાં આવી હતી.

ત્યાર બાદ તે અંગે જરૂરી વિચારણા કરી ઠરાવવામાં આવ્યું કે નીચેની બાબતો અંગે વધુ માહિતી મેળવી યોગ્ય કરવા સિન્ડિકેટને જણાવવું :

૧. "Automatic Punchers" અને "Verifiers' સીધાં ખરીદી લેવાને બદલે શરૂઆતનાં બે વર્ષ કંપની આપણને ભાડે આપી શકે કે કેમ તે તથા બે વર્ષ પછી ખરીદી લેવાં હોય તો તેની શરત બાબત તેમને પુછાવવું.

૨. આઈ. ટી. સી. કંપનીએ તેમના તા. ૧૬મી ઑગસ્ટના પત્રમાં "Programme Board Punch" એનું નામ જણાવ્યું છે તો તે મશીનના પ્રકાર વિષે પણ જો માહિતી મળે તો મેળવી લેવી અને અગાઉના તેમના પત્રમાં જે "Hand Puncher"નો ઉલ્લેખ છે તે અને આ "Puncher" એ બે વચ્ચેનું કોઈ model હોય તો તેની પણ તપાસ કરવી.

૩. આ ઉપરાંત સભાને જણાવવામાં આવ્યું કે પરિણામો તૈયાર કરતી વખતે "Comptometers"-ની પણ જરૂર રહેશે અને વિદ્યાર્થીઓની સંખ્યા, વગેરે જોતાં સમિતિને એમ લાગે છે કે યુનિવર્સિટીએ ઓછામાં ઓછા બે "Comptometers" ખરીદી લેવાં જોઈએ. અને જ્યારે કામકાજ ચાલુ હોય ત્યારે ઓછામાં ઓછાં ૧૩ જેટલાં "Comptometers" ભાડે મેળવવાનાં રહેશે. દરેક "Comptometer" આશરે રૂા. ૨,૫૦૦ની કિંમતનું આવે છે.

૪. આ ઉપરાંત જુદાં જુદાં મશીનો ઉપર કામ કરવા માટે તાલીમ પામેલા માણસો (trained personnel) ની પણ જરૂર રહેશે અને તે માટે વ્યવસ્થા કરવાની રહેશે. આ માટે એમ સૂચવવામાં આવે છે કે, કાર્યાલયના જ થોડા માણસોને આ કામની તાલીમ આપવામાં આવે અને થોડા માણસો બહારથી આવા કામ માટે દૈનિક વેતનથી મોસમ દરમિયાન મળી રહેશે તેનો ઉપયોગ કરવામાં આવે.

સમિતિએ વધુમાં એમ સૂચવ્યું કે આવતા માર્ચની પરીક્ષાઓનું કામકાજ મશીનો દ્વારા થાય તે માટે શકય તમામ પ્રયત્નો કરવામાં આવે.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

અમદાવાદ.
તા. ૨૮મી સપ્ટેમ્બર., ૧૯૬૦.

ક. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭૨

GUJARAT UNIVERSITY EMPLOYEES' UNION

Ahmedabad.
Dated 22-8-1960.

To

The Registrar,
Gujarat University,
Ahmedabad-9.

Sir,

We intend to hold a general meeting of this Union and as it is usual and normal practice, we seek your permission to hold the same at such time and day as would not in any way conflict with other routine work of the University. It may be suggested that the Senate Hall will be a suitable place for the same. Please, therefore. accord the approval at your earliest convenience.

Time and date of the meeting will be communicated. In the proposed meeting, main item of the agenda will be the recent award of the Industrial Tribunal.

Thanking you,

Yours faithfully,
S. K. ZAVERI,
Hon. Gen. Secretary.

વકીલ શ્રી. જે. બી. મહેતાનો અભિપ્રાય

JAYANTILAL BAPALAL MEHTA,
B.Sc., LL.B.,
Advocate.

20, Pritamnagar,
Ahmedabad.
Dt. 21-9-1960.

To

The Gujarat University,
Ahmedabad.

Sir,

With respect to your querry in connection with granting permission to the Union to hold meetings on the premises and for its recognition, I have to state as under :

1. The Trade Union Act, 1926, provides for registration of the Unions but there is no obligation on the employers to recognise any registered trade union. The Act has been amended in 1947 by inserting Chapter III-A providing for recognition of trade unions by agreement or by Labour Court but the said provisions are not still brought in force.

2. That is why in the absence of any statutory obligation, the employers are usually reluctant to recognise any trade union.

3. The same is true so far as such permissions are sought from the employer for holding meetings on the premises or for putting Union notices on the Board of the employer or for permitting collections of Union dues or subscriptions on the premises. Once the employer starts giving permission, it will be difficult to withhold it later when it would be expedient to do so on various considerations.

4. In the circumstances, even though there is no legal bar, the question may be examined from the point view of practical difficulties, if any.

Yours faithfully,

J. B. MEHTA,
Advocate.

પરિશિષ્ટ "ત"
કામકાજ ક્રમાંક ૭૩

ફાઇનાન્સ કમિટીની તા. ૨૮-૯-૧૯૬૦ની બેઠકની સિન્ડિકેટને ભલામણો

યુનિવર્સિટી પ્રેસની જરૂરિયાત માટેના કાગળ માટેનાં આવેલાં બાર ટેન્ડરોમાંથી તેઓના નમૂના ધ્યાનમાં લઈને નીચે પ્રમાણે કાગળ ખરીદવા આ સમિતિ સિન્ડિકેટને ભલામણ કરે છે:

અ. નં.	કાગળની જાત	જરૂરિયાત (રીમમાં)	વેપારીનું નામ	ભાવ
૧	૨	૩	૪	૫
૧.	૧૮×૨૩/૧૪ રતલી વાઇટ પ્રિન્ટિંગ (શીટ ૪૮૦) (સ્ટાર)	૫૦	નૉબલ પેપર માર્ટ, અમદાવાદ.	રૂા. ૧૨·૭૦ (રીમના) (ટેક્ષ જુદો) (યુનિવર્સિટી ડિલિવરી)
૨.	૧૮×૨૩/૧૪ રતલી (વેસ્ટકોસ્ટ) કલર બૉન્ડ	૧૫૦	કલ્યાણ પેપર માર્ટ, અમદાવાદ.	રૂા. ૧·૧૩ (રતલના) (Inclusive of 5% S.T. and Delivery at Uni. Press)
૩.	૧૮×૨૩/૧૨ રતલી દેશી (રાજહંસ) મેનીફોલ્ડ	૫૦	બાલગોવિંદ કુબેરદાસ એન્ડ કું., અમદાવાદ.	રૂા. ૧૫·૭૫ (રીમના) (ટેક્ષ સાથે) (યુનિવર્સિટી ડિલિવરી)
૪.	૧૭×૨૭/૧૯॥ રતલી (ઓરિયેન્ટ) સફેદ ક્રીમવોલ	૩૫૦૦	„ „	રૂા. ૧૭·૦૦ (રીમના) (ટેક્ષ સાથે) (યુનિવર્સિટી ડિલિવરી)
૫.	૧૭×૨૭/૩૦ રતલી કવર પેપર (રોહતાઝ)	૨૫	કલ્યાણ પેપર માર્ટ, અમદાવાદ.	રૂા. ૦·૯૨ (રતલના) (ટેક્ષ સાથે) (યુનિવર્સિટી ડિલિવરી)

૧	૨	૩	૪	૫
૬.	૧૭×૨૭/૧૧ રતલી મેનીફોલ્ડ (શીટ ૪૮૦)	૩૦	નોબલ પેપર માર્ટ, અમદાવાદ.	રૂા. ૨૦·૩૦ (રીમના)
૭.	૧૭×૨૭/૨૮ રતલી લેજર (ટીટાઘર મિલનો)	૪૫૦	તેના એજન્ટ શ્રીપત ગોરધનદાસ એન્ડ સન્સ, અમદાવાદ, પાસેથી મિલ રેઇટ + ૫ ટકા સેલટેક્ષ તથા ૨ ટકા જકાત તથા એકસ્ટ્રા એક્ષ-પેન્સના ભાવે લેવો.	
૮.	૨૨×૨૮/૨૮ રતલી રંગીન કાર્ડ (ટીટાઘર મિલનો)	૧૦	,, ,,	
૯.	૨૪×૩૬/૬૦ રતલી (રોહતાઝ) કવર પેપર (બ્રૂફ)	૫	કલ્યાણ પેપર માર્ટ, અમદાવાદ.	રૂા. ૧·૦૫ (રતલના) (ટેક્ષ સાથે) (યુનિ. ડિલિવરી)
૧૦.	૨૩×૩૬/૩૬ રતલી (રોહતાઝ) વાઇટ મૉન્ડ	૫૦	,, ,,	રૂા. ૦·૯૭ (રતલના) (ટેક્ષ સાથે) (યુનિ. ડિલિવરી)

પરિશિષ્ટ "થ"
કામકાજ ક્રમાંક ૮૪

નવી કૉલેજોનાં જોડાણની અરજીઓ અંગે સિન્ડિકેટે નીમેલી સમિતિનો વચગાળાનો હેવાલ

સિન્ડિકેટે તેની તા. ૨૭-૮-૧૯૬૦ની સભામાં નીચે મુજબના ઠરાવથી નીમેલી સમિતિની પ્રથમ બેઠક તા. ૧૪-૯-૧૯૬૦ના રોજ યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી :

સિન્ડિકેટનો તા. ૨૭-૮-૧૯૬૦નો ઠરાવ

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી વિસ્તારમાં નવી કૉલેજો શરૂ કરવા વાસ્તે જોડાણ માટેની જે અરજીઓ આવી છે તે અરજીઓના સંદર્ભમાં, કયા કયા સ્થળે કૉલેજોની ખરેખર જરૂર છે તે અંગે વિચારણા કરીને રિપોર્ટ આપવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી :

૧. ડૉ. વિક્રમ સારાભાઈ (કન્વીનર);
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ;
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ;
૪. શ્રી. જયંતિલાલ દલાલ."

સિન્ડિકેટની તા. ૩-૯-૧૯૬૦ની સભાએ કરેલ નીચેના ઠરાવની પણ સમિતિને જાણ કરવામાં આવી હતી :

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, સિન્ડિકેટની તા. ૨૭-૮-૧૯૬૦ના રોજ મળેલી સભામાં બાબત નં. ૯૧ ઉપર નિમાયેલી સમિતિને, વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યની કૉલેજોની જરૂરિયાત ઉપરાંત, ધારાશાસ્ત્રની કૉલેજોની જરૂરિયાત અંગે પણ તપાસ કરીને રિપોર્ટ કરવા વિનંતી કરવી".

સભામાં હાજરી નીચે મુજબ હતી :

૧. ડૉ. વિક્રમ સારાભાઈ	હાજર
૨. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૩. શ્રી. બિહારીલાલ પો. શાહ	હાજર
૪. શ્રી. જયંતિલાલ દલાલ	હાજર

સભાનું પ્રમુખસ્થાન ડૉ. વિક્રમ સારાભાઈએ સંભાળ્યું હતું.

શરૂઆતમાં સમિતિના કાર્યપ્રદેશ અંગે સામાન્ય ચર્ચા થવા પામી હતી અને આ અંગે સમિતિએ નીચેના બે મુદ્દાઓ તારવ્યા હતા:

૧. કોઈ પણ જગાએ નવી કૉલેજ સ્થાપવાની જરૂરિયાત છે કે નહિ તે નક્કી કરવા માટે નીચેના બે મુદ્દાઓ ધ્યાનમાં રખાવા જોઈએ એવો આ સમિતિનો અભિપ્રાય છે:

(૧) જે વિસ્તારમાં નવી કૉલેજ સ્થાપવી હોય તે વિસ્તારમાં રહેતા (ડે. સ્ટુડન્ટ્સ) માટે તે વિદ્યાશાખામાં તે કક્ષાના શિક્ષણ માટેની તાત્કાલિક અને નજીકના ભવિષ્યની જરૂરિયાત કેટલી છે તે જોવાવું જોઈએ. આ ઉપરાંત જોડાણ આપવાની ભલામણ કરતી વખતે તે વિદ્યાશાખામાં તે કક્ષાના શિક્ષણ માટે તે વિસ્તારમાં કેટલી સગવડો છે તેનો પણ ખ્યાલ રાખવો જોઈએ.

(૨) જે મંડળ નવી કૉલેજ શરૂ કરવા માટે અરજી કરે તે મંડળ કોઈ શૈક્ષણિક વિશિષ્ટતાની દૃષ્ટિથી નવી કૉલેજ શરૂ કરવા ધારે છે કે કેમ તે સંબંધી તે મંડળના ખ્યાલો ધ્યાનમાં લેવા જોઈએ. આ બાબતમાં નીચે મુજબની વિશિષ્ટતા હોઈ શકે:

(અ) મંડળ યુનિવર્સિટીમાં હાલનાં જે ઓછામાં ઓછાં શૈક્ષણિક ધોરણો છે તેનાથી ઊંચી કક્ષાએ અને વધુ સારી રીતે શિક્ષણનું કાર્ય હાથ ઉપર લેવા ધારે છે? વધુ અનુભવી અને ઊંચી લાયકાતવાળા શિક્ષકોની નિમણૂક, શિક્ષક-વિદ્યાર્થીનું વધુ સારું પ્રમાણ વગેરે બાબતોનો આમાં સમાવેશ થઈ શકે.

(બ) મંડળ યુનિવર્સિટીનાં ધારાધોરણો અને નિયમોની મર્યાદામાં રહીને કોઈ નવા શૈક્ષણિક સિદ્ધાંતો કે દૃષ્ટિને ખ્યાલમાં રાખીને કૉલેજ શરૂ કરવા ધારે છે? આ બાબતમાં વધારે ટ્યુટોરિયલ અને સેમિનાર પદ્ધતિનો અમલ, કૉલેજની સ્વતંત્ર સામયિક પરીક્ષા કે ચકાસણી (ટેસ્ટ), વિદ્યાર્થીઓને ગ્રામ્યજીવન અથવા સામાજિક સેવા પ્રત્યે અભિરુચિ કેળવાય તેવી રીતે શિક્ષણનું આયોજન, બધા વિદ્યાર્થીઓ છાત્રાલયમાં રહી અભ્યાસ કરે તેવી વ્યવસ્થા કે એવા કોઈ બીજા વિશિષ્ટ શૈક્ષણિક પ્રયોગોનો સમાવેશ થઈ શકે.

૨. કોઈ જગાએ નવી કૉલેજ ખોલવી કે નહિ તે નક્કી કરવા માટે હાલ સ્થાનિક તપાસસમિતિઓને જે સૂચનાઓ યુનિવર્સિટી તરફથી આપવામાં આવે છે તેમાં ફેરફાર કરવા અંગે પણ વિચારવું જોઈએ. આ અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મદ્રાસ, આંધ્ર વગેરે કેટલીક યુનિવર્સિટીઓમાં કૉલેજો પાસે નાણાકીય જોગવાઈ રખાવવાના જે નિયમો છે તે પ્રત્યે બધી યુનિવર્સિટીનું ધ્યાન દોરતો જે પત્ર આવ્યો હતો તે પણ ધ્યાનમાં લેવાયો હતો.

ઉપર પ્રમાણે આ સમિતિના કાર્યપ્રદેશના નિર્ણય બાદ નવી કૉલેજો શરૂ કરવા માટે ચાલુ વરસે જે અરજીઓ આવી છે તે અંગે નીચે મુજબ વિચારવામાં આવ્યું:

૧. સમિતિએ કાર્યાલયને સૂચવ્યું કે નવી કૉલેજોની જરૂરિયાત નક્કી કરવા માટે જે બે મુદ્દાઓ ઉપર મુજબ તારવવામાં આવ્યા છે તે સંબંધી બધી સંસ્થાઓને પુછાવી તેમના જવાબો વહેલી તકે મેળવી લેવા.

૨. આ સમિતિના કામકાજ માટે સમિતિને કેટલીક માહિતીની જરૂર લાગી અને તેનું ટાંચણ શ્રી. રજિસ્ટ્રારને આપવામાં આવ્યું. આ પૈકી કેટલીક માહિતી કાર્યાલયમાંથી તાત્કાલિક મળી શકે એમ છે અને બાકીની માહિતી ભેગી કરતાં કેટલો સમય જાય તેમ છે તેનો ખ્યાલ સમિતિની હવે પછીની તા. ૧૭-૯-૧૯૬૦ના રોજ મળનાર સભામાં આપવા શ્રી. રજિસ્ટ્રારને જણાવ્યું.

૩. ઉપર (૧) અને (૨)માં જણાવેલ માહિતી આવ્યા બાદ સમિતિએ પોતાનો હેવાલ તા. ૧૫મી ઑક્ટોબર ૧૯૬૦ સુધીમાં આપવો એમ નક્કી કરવામાં આવ્યું. દરમિયાન શનિવાર, તા. ૧૭-૯-૧૯૬૦ના રોજ મળનાર સભામાં કોઈ વચગાળાની ભલામણ સિન્ડિકેટને કરવાની જરૂર જણાય તો તે પણ વિચારી લેવી.

ત્યાર બાદ સભાનું તે દિવસનું કામ પૂરું થયું હતું.

તા. ૨૧-૯-૧૯૬૦.

કું. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "દ"
કામકાજ ક્રમાંક ૮૫

યુનિવર્સિટીનાં વિદ્યાભવનોમાં ખાલી પડેલી જગાઓ પર નિમણૂક કરવા બાબતની સિન્ડિકેટે નીમેલી વરણીસમિતિની ભલામણો

સિન્ડિકેટના તમામ સભ્યોની બનેલી વરણીસમિતિની એક સભા, શનિવાર તા. ૧-૧૦-૧૯૬૦ના રોજ, સવારના ૧૧-૩૦ વાગે યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યકારી ઉપકુલપતિ પ્રિન્સિપલ એસ. વી. દેસાઈના પ્રમુખપદે મળી હતી, તે વખતે સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર
૨. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	ગેરહાજર
૩. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક	હાજર
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	હાજર
૬. ડૉ. ભાસ્કર આર. પટેલ	ગેરહાજર
૭. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	ગેરહાજર
૮. શ્રી. જયંતિલાલ ચે. દલાલ	ગેરહાજર
૯. શ્રી. નવનીતલાલ એસ. શોધન	ગેરહાજર
૧૦. શ્રી. હિંમતલાલ પ્ર. શુકલ	ગેરહાજર
૧૧. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૧૨. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	ગેરહાજર
૧૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર
૧૪. ડૉ. પી. એચ. પ્રભુ	ગેરહાજર
૧૫. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	ગેરહાજર
૧૬. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક	હાજર
૧૭. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ	ગેરહાજર
૧૮. પ્રિન્સિપલ વલ્લભરામ વી. વૈદ્ય	ગેરહાજર

આ ઉપરાંત સમાજ વિદ્યાભવનના અધ્યક્ષ પ્રૉફેસર બી. આર. શેનોય, વિજ્ઞાનભવનના ગણિત-શાસ્ત્રના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્ય અને સમાજ વિદ્યાભવનના રાજ્યશાસ્ત્રના રીડર શ્રી. ડી. એન. પાઠક ખાસ આમંત્રણથી હાજર રહ્યા હતા.

૧. ટ્યૂટર ઇન મેથેમેટિક્સ

વિજ્ઞાનભવનમાં ટ્યુટર ઇન મેથેમેટિક્સની એક જગા માટે નીચેના ઉમેદવારોને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા :

૧.	કુ. કે. એમ. રિસ્વડકર	હાજર
૨.	શ્રી. બી. એમ. શાહ	હાજર

હાજર રહેલા ઉમેદવારોની મુલાકાત લીધા પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

ગણિતશાસ્ત્રની ખાલી રહેલી લેક્ચરરની જગા માટે યોગ્ય ઉમેદવારો મળ્યા નહિ હોવાથી, તે જગાને હાલ પૂરતી ટ્યુટરની જગામાં ફેરવવા સારુ યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનની અનુમતિ લેવી, તથા ગણિતશાસ્ત્રના ટ્યુટર તરીકે, રૂા. ૨૦૦-૧૦-૩૦૦ના પગારધોરણમાં, શ્રી. બી. એમ. શાહની, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૨૮૦થી નિમણૂક કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સ

સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સની એક જગ્યા માટે બે ઉમેદવારોના અરજીઓ આવી હતી. તે પૈકી શ્રી. દેવેન્દ્ર હીરાલાલ મુતરિયાને વરણીસમિતિની તા. ૫-૯-૧૯૫૯ની સભા સમક્ષ મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા. પરંતુ તેમની નિમણૂક માટે સમિતિ ભલામણ કરી શકી નહોતી. તેથી બીજા એકમાત્ર ઉમેદવાર શ્રી ધરતિદેવ ડાહ્યાભાઈ દેસાઈને મુલાકાત માટે બોલાવવામાં આવ્યા હતા. તેમની મુલાકાત લીધા પછી સમિતિએ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરવાનું ઠરાવ્યું :

સમાજ વિદ્યાભવનમાં લેક્ચરર ઇન પોલિટિકલ સાયન્સની એક જગા ઉપર, શ્રી. ધરતિદેવ ડાહ્યાભાઈ દેસાઈને, રૂા. ૨૫૦-૨૫-૫૦૦ના પગારધોરણમાં, શરૂઆતના મૂળ માસિક પગાર રૂા. ૩૭૫થી બે વર્ષના પ્રોબેશન ઉપર નીમવા.

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

કુ. ચ. પરીખ,
રજિસ્ટ્રાર.

ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદ-૯.

C.U.P. 331-300-11-60

સિન્ડિકેટ (નવેમ્બર)
પા. ૫/૬-૧૧-'૬૦

ખાનગી

ગુજરાત યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટની સને ૧૯૬૦ના નવેમ્બર માસની સભા, શનિવાર, તા. ૫-૧૧-૧૯૬૦ના રોજ, બપોરના ૧૨.૩૦ વાગે, ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં, કાર્યકારી ઉપકુલપતિ પ્રિન્સિપલ એસ. વી. દેસાઈના પ્રમુખપદે મળી હતી, અને રવિવાર, તા. ૬-૧૧-૧૯૬૦ના રોજ પણ, તે જ સમયે ચાલુ રહેવાની હતી, પણ કાર્યસાધક હાજરી (quorum)ના અભાવે, બીજે દિવસે ન ગણી શકી નહોતી. બન્ને દિવસોએ સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

	તા. ૫-૧૧-૧૯૬૦	તા. ૬-૧૧-૧૯૬૦
૧. આચાર્ય એસ. વી. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર	હાજર
૨. ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન	હાજર	હાજર
૩. આચાર્ય ડૉ. યશવંતભાઈ ગુ. નાયક	હાજર	ગેરહાજર
૪. શ્રી. ઝીણાભાઈ રતનજી દેસાઈ	હાજર	હાજર
૫. શ્રી. બટુભાઈ હ. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૬. ડૉ. ભાસ્કર ૨. પટેલ	હાજર	ગેરહાજર
૭. ડૉ. નાનુભાઈ ૨. દેસાઈ	ગેરહાજર	ગેરહાજર
૮. શ્રી. નવનીતલાલ એસ. શોધન	હાજર	ગેરહાજર
૯. શ્રી. હિંમતલાલ પ્રભાશંકર શુકલ	ગેરહાજર	ગેરહાજર
૧૦. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર	હાજર
૧૧. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર	હાજર
૧૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ	ગેરહાજર	ગેરહાજર

	તા. ૫-૧૧-૧૯૬૦	તા. ૬-૧૧-૧૯૬૦
૧૩. પ્રૉ. પંઢરીનાથ લ. પ્રભુ	હાજર	હાજર
૧૪. આચાર્ય સંતપ્રસાદ ર. ભટ્ટ	હાજર	હાજર
૧૫. આચાર્ય ડૉ. કુંવરજી ગુ. નાયક	હાજર	હાજર
૧૬. આચાર્ય મુકુંદલાલ રા. દેસાઈ	હાજર	ગેરહાજર
૧૭. શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય	હાજર	ગેરહાજર

૧. તા. ૧-૧૦-૧૯૬૦ના રોજ મળેલ સિન્ડિકેટની સને ૧૯૬૦ના ઑક્ટોબર માસની સભાના કામકાજની નોંધને મંજૂરી આપવા બાબત.

તા. ૧-૧૦-૧૯૬૦ના રોજ મળેલી સિન્ડિકેટની સને ૧૯૬૦ના ઑક્ટોબર માસની સભાના કામકાજની નોંધને મંજૂર કરવામાં આવી, તથા તે પર પ્રમુખશ્રીએ સહી કરી.

૨. સેનેટે તેની તા. ૧૬-૧૦-૧૯૬૦ની સભામાં પસાર કરેલ આચાર્ય શ્રી. ય. પ્રા. શુક્લના નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત :

"ગુજરાત યુનિવર્સિટીની સેનેટની આ સભા ગુજરાત યુનિવર્સિટીની સિન્ડિકેટને વિનંતી કરે છે કે, સિન્ડિકેટના તા. ૩-૧૦-૧૯૫૯ના પરિપત્ર નં. સિં./ટ્રાય./૧૨૭૬૫૧-૯૭માં દર્શાવેલી ૬ઠ્ઠી કલમનો અમલ અનિશ્ચિત મુદત સુધી સિન્ડિકેટ મોકૂફ રાખે.

(**નોંધ.**— ૬ઠ્ઠી કલમ નીચે પ્રમાણે છે :

(૧) જે કૉલેજમાં એક જ વિદ્યાશાખાના શિક્ષણની જોગવાઈ હોય તે કૉલેજનો સમય બપોરનો રાખવો.

(૨) જો કૉલેજમાં એક જ મકાનમાં પાળી વડે બે વિદ્યાશાખાઓના શિક્ષણની જોગવાઈ કરવામાં આવી હોય તો તે કૉલેજમાં પણ જરૂર મુજબ વહેલું શરૂ કરી સળંગ ચાલે એમ વર્ગોનું કામ બપોરનું રાખવું અને એ રીતે કૉલેજમાં જો પ્રાયોગિક કામકાજ કરવામાં આવતું હોય તો તે કામકાજ કૉલેજનો સમય સળંગ જોડાય તે રીતે વર્ગોની સાથે, આગળ કે પાછળ મકાનના ઉપયોગની સવડ જોઈને શરૂ કરી શકાય એવી છૂટ રહેશે.

(૩) ઉપરના પેટાઠરાવ નં. ૧ અને ૨નો અમલ જૂન ૧૯૬૧થી શરૂ કરવો.)"

આથી ઠરાવવામાં આવે છે કે, સેનેટનો ઉપરોક્ત ઠરાવ મંજૂર કરવો, તથા તે પ્રમાણે યુનિવર્સિટી કાર્યાલયના તા. ૩-૧૦-૧૯૫૯ના પરિપત્રાંક સિં./ટ્રાય./૧૨૭૬૫૧-૯૭માં દર્શાવેલી ૬ઠ્ઠી કલમનો અમલ અનિશ્ચિત મુદત સુધી મોકૂફ રાખવો.

૩. સેનેટે તેની તા. ૧૬-૧૦-૧૯૬૦ની સભામાં "રિફર બૅક" કરેલ ઑ. ૬૨-ડીના સભાની ચર્ચાના મંતવ્યને લક્ષમાં લઈ, મુસદ્દા ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ ઑર્ડિનન્સ નં. ૬૨-ડી માં જણાવ્યા પ્રમાણે, યુનિવર્સિટીના જે જે અધિકારીઓને આર્થિક સત્તા આપવામાં આવેલી છે, તે અધિકારીઓના સંદર્ભમાં વર્ષ દરમિયાન કુલ ખર્ચ અંગેની

મર્યાદા મૂકવી કે કેમ તે બાબત પર ચર્ચાવિચારણાને અંતે નક્કી કરવામાં આવ્યું કે, આવી કોઈ મર્યાદા મૂકવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

તે પછી, ભાષાની દૃષ્ટિએ સદરહુ ઑર્ડિનન્સના પાઠમાં ફેરફાર કરીને તે મંજૂર કરવામાં આવ્યો.

(મંજૂર કરવામાં આવેલા ઑર્ડિનન્સ નં. ૬૨-ડીની નકલ પરિશિષ્ટ "ક" તરીકે સામેલ છે.)

૪. શ્રી. શારદાપીઠ વિદ્યાસભા સંચાલિત અનુસ્નાતક વર્ગો ચલાવવા સંસ્થાને માન્યતા આપવા અંગે આવેલ અરજી અંગે નિમાયેલ સ્થાનિક તપાસસમિતિના સભ્યો પૈકી શ્રી. ડોલરરાય ર. માંકડ સદરહુ સંસ્થાની ગવર્નિંગ બૉડીના સભ્ય હોઈ તેમના સ્થાને અન્ય સભ્યની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ તપાસસમિતિ ઉપર શ્રી. ડોલરરાય ર. માંકડને બદલે પ્રૉફેસર આર. બી. આથવલેની નિમણૂક કરવી.

૫. પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણને બી.એ. તથા બી.એસસી.માં નીચેના અભ્યાસક્રમો શીખવવા માટે વધારાનું જોડાણ આપવા અંગે આચાર્યશ્રી તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત:

બી.એ. (સ્પે. અને જન.) ગુજરાતી, સંસ્કૃત અને અર્થશાસ્ત્ર
બી.એ. (જન.) અંગ્રેજી, ઇતિહાસ, મનોવિજ્ઞાન અને હિન્દી
બી.એસસી. રસાયણશાસ્ત્ર (મુખ્ય), ગણિત (મુખ્ય) અને ભૌતિકશાસ્ત્ર (ગૌણ)

(નોંધ.—ઑ. ૧૨૦ મુજબ જોડાણ અંગેની અરજી પહેલી જુલાઈ પહેલાં કરવી જોઈએ. સંચાલનની ફેરબદલીને લઈને અરજી કરવામાં મોડું થયું છે એમ જણાવવામાં આવ્યું છે.)

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૨. પ્રિન્સિપલ ડૉ. આર. ડી. દેસાઈ.

૬. પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણનો વહીવટ ઉત્તર ગુજરાત યુવક મંડળ, પાટણ, પાસેથી ઉત્તર ગુજરાત એજ્યુકેશન સોસાયટી, મુંબઈએ સંભાળી લીધા અંગે ઉપરોક્ત કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ તા. ૨૯-૯-૧૯૬૦ના પત્રાંક જી. યુ.-જે-એમ.-૬૮૧નો પત્ર.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૭. અધ્યાપકગણમાં થતા ફેરફાર અંગેની સ્થાયી સમિતિની તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ મળેલ સભાની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ મળેલી સભાની નોંધ નીચેના સુધારા સાથે મંજૂર કરવી:

"પ્રકાશ કૉલેજમાં ગૃહવિજ્ઞાનનાં અધ્યાપક તરીકે ડૉ. ગીતાબેન જોશીની નિમણૂક, ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી જ મંજૂર કરવી."

(સદરહુ સમિતિની નોંધ પરિશિષ્ટ "ખ" તરીકે સામેલ છે.)

૮. નીચે દર્શાવેલી કૉલેજો અંગે ત્રિવાર્ષિક તપાસસમિતિ નીમવા બાબત :

(૧) ગુજરાત કૉલેજ, અમદાવાદ (આર્ટ્સ અને સાયન્સ).
(૨) ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ (આર્ટ્સ અને સાયન્સ).
(૩) એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત (આર્ટ્સ).
(૪) એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (આર્ટ્સ).
(૫) શામળદાસ કૉલેજ, ભાવનગર (આર્ટ્સ).
(૬) બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ (આર્ટ્સ).
(૭) સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત (સાયન્સ).
(૮) એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ (સાયન્સ).
(૯) એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ (કૉમર્સ).
(૧૦) સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ (લૉ).
(૧૧) એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ (એન્જનેરી).
(૧૨) બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિસર્ચ, અમદાવાદ (આર્ટ્સ).

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલી કૉલેજોની ત્રિવાર્ષિક તપાસ માટે, તેમનાં નામ સામે જણાવેલા સભ્યોની બનેલી તપાસસમિતિઓ નીમવી :

ક્રમાંક	કૉલેજનું નામ		ત્રિવાર્ષિક તપાસસમિતિના સભ્યો
૧.	ગુજરાત કૉલેજ, અમદાવાદ (વિનયન અને વિજ્ઞાન)	...	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક; ૨. પ્રિન્સિપલ અ. ક. ત્રિવેદી.
૨.	ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ (વિનયન અને વિજ્ઞાન)	...	૧. ડૉ. વિક્રમ સારાભાઈ; ૨. પ્રિન્સિપલ ય. પ્રા. શુકલ.
૩.	એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત (વિનયન)	...	૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ; ૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ.
૪.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ (વિનયન)	...	૧. પ્રિન્સિપલ કે. એલ. દેસાઈ; ૨. પ્રિન્સિપલ એન. એન. ભરૂચા.
૫.	શામળદાસ કૉલેજ, ભાવનગર (વિનયન)	...	૧. શ્રી ઝીણાભાઈ ૨. દેસાઈ; ૨. પ્રિન્સિપલ ય. પ્રા. શુકલ.
૬.	બહાઉદ્દીન કૉલેજ, જૂનાગઢ (વિનયન)	...	૧. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ; ૨. પ્રિન્સિપલ પુ. ગ. માવળંકર.
૭.	સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ સુરત (વિજ્ઞાન)	...	૧. પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક; ૨. પ્રિન્સિપલ જે. બી. સાણ્ડેસરા.

ક્રમાંક	કૉલેજનું નામ	ત્રિવાર્ષિક તપાસસમિતિના સભ્યો
૯.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ (વિજ્ઞાન) ...	૧. પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક; ૨. પ્રિન્સિપલ જે. બી. સાણ્ડિલ.
૯.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ (વાણિજ્ય) ...	૧. પ્રિન્સિપલ એસ. સી. પાઠક; ૨. પ્રિન્સિપલ એ. આર દેસાઈ.
૧૦.	સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ (કાયદો) ...	૧. પ્રિન્સિપલ એચ. એસ. સંઘવી; ૨. પ્રિન્સિપલ વી. આર. રણદીવે.
૧૧.	એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ (ઇજનેરી) ...	૧. શ્રી. ગિરીષચંદ્ર એસ. દેસાઈ; ૨. શ્રી. ડી. સુબ્બારાવ, ડીન, ફેકલ્ટી ઑફ એન્જિનિયરિંગ ઍન્ડ ટેકનોલોજી, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી, વડોદરા.
૧૨.	બી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ ઍન્ડ રિસર્ચ, અમદાવાદ (વિનયન) ...	૧. શ્રી. ડોલરરાય ૨. માંકડ; ૨. શ્રી. વિષ્ણુપ્રસાદ ૨. ત્રિવેદી.

૯. દિલ્હી મુકામે આગામી ડિસેમ્બરની તા. ૨૮થી ૩૦, ૧૯૬૦ દરમિયાન યોજનાર "ઑલ-ઇન્ડિયા ઇંગ્લિશ ટીચર્સ પરિષદ"ના ૧૧મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર મંડળના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૮મી ઑક્ટોબર ૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે નીચેની વ્યક્તિઓને નીમવી :

૧. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૨. પ્રિન્સિપલ એન. એન. ભરૂચા.

૧૦. પંજાબ યુનિવર્સિટી, ચંદીગઢના આશ્રયે ડિસેમ્બર ૧૯૬૦માં યોજનાર અખિલ ભારતીય અર્થશાસ્ત્ર પરિષદના ૪૩મા અધિવેશનમાં, આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓની નિમણૂક કરવા મજકૂર મંડળના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૬–૧૦–૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ એસ. વી. દેસાઈની નિમણૂક કરવી.

૧૧. અલીગઢ મુકામે આગામી ડિસેમ્બરના રોજ તા. ૨૬થી ૨૮, ૧૯૬૦ દરમિયાન યોજનાર "ઇન્ડિયન હિસ્ટરી કૉંગ્રેસ"ના ૨૩મા અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર કૉંગ્રેસના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૨૭–૯–૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈની નિમણૂક કરવી.

૧૨. અખિલ ભારતીય તત્ત્વજ્ઞાન પરિષદનું ઉપરનું અધિવેશન આગામી ડિસેમ્બર ૨૭થી ૩૦, ૧૯૬૦ દરમિયાન યોજાનાર હોઈ, મજકૂર પરિષદના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે મજકૂર પરિષદના મંત્રી તરફથી આવેલ તા. ૨૦-૬-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર યુ. ડી. ભટ્ટ (ધર્મેન્દ્રસિંહજી કૉલેજ, રાજકોટ)ની નિમણૂક કરવી.

૧૩. પંજાબ યુનિવર્સિટીના આશ્રયે, ચંદીગઢ મુકામે "ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની ૨૬મી વાર્ષિક પરિષદ આગામી ડિસેમ્બરની તા. ૨૭થી ૨૯, ૧૯૬૦ દરમિયાન યોજાનાર હોઈ આ પરિષદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર સોસાયટીના મંત્રી તરફથી આવેલ તા. ૨૮-૬-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ફરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ડૉ. પી. સી. વૈદ્યની નિમણૂક કરવી.

૧૪. આગામી ડિસેમ્બર તા. ૨૬થી ૩૧, ૧૯૬૦ દરમિયાન યોજાનાર "ઇન્ડિયન ફાર્માસ્યુટિકલ કૉંગ્રેસ"ના આગામી અધિવેશનમાં, સિન્ડિકેટે તેની તારીખ ૬-૬-૧૯૬૦ની સભામાં ડા. આર. પી. પટેલની પ્રતિનિધિ તરીકે નિમણૂક કરી હતી અને તેઓશ્રી અન્ય હોદ્દાની રૂએ જવાના હોય તો તેમની જગ્યાએ પ્રોફેસર સી. આર. મહેતાની નિમણૂક કરવી તેમ ઠરાવેલ છે. પરંતુ પ્રિ. આર. પી. પટેલે ફાર્માકોગ્નોસી વિભાગના ડા. સી. એસ. શાહ પ્રમુખ ચૂંટાયેલા હોઈ તેઓશ્રીની નિમણૂક કરવા, કરેલ સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે, પ્રોફેસર સી. આર. મહેતાની જગ્યાએ ડૉ. સી. એસ. શાહની નિમણૂક કરવી.

૧૫. યુનિવર્સિટીનો સને ૧૯૫૯-૬૦ના વર્ષનો વાર્ષિક હેવાલ તૈયાર કરવા અંગે સમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનો ૧૯૫૯-૬૦ના વર્ષનો વાર્ષિક હેવાલ તૈયાર કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી:

૧. ઉપકુલપતિશ્રી;
૨. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;
૩. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ;
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ;
૫. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ.

૧૬. શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ અંગે સેનેટે તેની તા. ૧૩-૮-૧૯૬૦ની સભામાં કરેલા ઠરાવ ઉપરથી ઊભા થતા પ્રશ્નો વિચારવા માટે ઉપકુલપતિશ્રીએ બોલાવેલ સિન્ડિકેટના સભ્યો, અભ્યાસસમિતિઓના અધ્યક્ષો, વિદ્યાશાખાઓના ડીનો અને સંલગ્ન કોલેજોના આચાર્યોની અવિધિસરની સભાએ નીમેલી સમિતિના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

લંબાણ ચર્ચાવિચારણાને અંતે નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું:

The Syndicate noted the report submitted by the Committee appointed by an informal meeting of the members of the Syndicate, Deans of the Faculties, Chairmen of the Boards of Studies and Principals of affiliated Colleges convened by the Vice-Chancellor on 30th August, 1960, and resolved that the report be sent to the State Government for their information and that it be also sent to the Academic Council and the Board of University Teaching.

Vote.—One member of the Syndicate expressed his dissent, and as desired by him, the Syndicate directed that his dissent be recorded in the proceedings of the Syndicate meeting.

(અહેવાલની નકલ પરિશિષ્ટ "ગ" તરીકે સામેલ છે.)

૧૭. "કો-ઑપરેશન"ને બી.એ.ના અભ્યાસક્રમમાં એક વિષય તરીકે દાખલ કરવા અંગે તથા તે અનુસાર રેગ્યુલેશન ૧૬ અને રેગ્યુલેશન ૧૮ સુધારવા સારુ સિન્ડિકેટે તેની તા. ૧૬-૨-૧૯૬૦ની સભામાં ઠરાવ કર્યો હતો તે અન્વયે "કો-ઑપરેશન"નો વિષય રેગ્યુલેશન ૧૬ તથા રેગ્યુલેશન ૧૮માં દર્શાવેલ અર્થશાસ્ત્રના વિષયના જૂથના જનરલ તથા સ્પેશિયલ વિષયોમાં સામેલ કરવાની અકેડેમિક કાઉન્સિલની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, અકેડેમિક કાઉન્સિલની ઉપરોક્ત ભલામણ મંજૂર કરવા તથા તે પ્રમાણે, સુધારેલા રેગ્યુલેશન ૧૬ અને ૧૮ને મંજૂર કરવા.

૧૮. શિક્ષણની કાઉન્સિલના ભારત સરકારના શિક્ષણ ખાતાના માધ્યમિક એક વર્ષનો અનુસ્નાતક કન્ડેન્સ્ડ કોર્સ સેકન્ડરી ટીચર્સ માટે દાખલ કરવા અંગેની સાયન્સ ફેકલ્ટીની તા. ૨૪-૮-૧૯૫૯ની સભાની નીચેની ભલામણ ઉપરની અકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત:

"It was resolved that the Faculty of Science is not in favour of awarding an M.Sc. Degree to teachers but is in favour of awarding a Post-graduate Diploma or Certificate in General Science for proficiency in Physics, Chemistry and Biology. Such Diploma can be awarded to all teachers irrespective of their being Government

School teachers or not. A special curicula and courses of instructions for the purpose will be worked out on approval of the All-India Council of Secondary Education and subject to approval of the Academic Council."

એકેડેમિક કાઉન્સિલનો ઠરાવ

"આથી ઠરાવવામાં આવે છે કે વિજ્ઞાનની વિદ્યાશાખાની ઉપરની ભલામણ સાથે એકેડેમિક કાઉન્સિલ સંમત છે."

આથી ઠરાવવામાં આવે છે કે, વિજ્ઞાનની વિદ્યાશાખાની ઉપરોક્ત ભલામણ ઉપરના એકેડેમિક કાઉન્સિલના અભિપ્રાયની નોંધ લેવી, તથા વિજ્ઞાનની વિદ્યાશાખાની મજકૂર ભલામણ મંજૂર કરવી.

૧૯. ફેકલ્ટી ઓફ ટેકનોલોજી કંન્કલુડિંગ એન્જિનિયરિંગના અભ્યાસક્રમમાં દાખલ થવા માટે ઓછામાં ઓછી વયમર્યાદા નક્કી કરવા બાબતમાં સેક્રેટરી ટુ ધી ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા, મિનિસ્ટ્રી ઓફ સાયન્ટિફિક રિસર્ચ અન્ડ કલ્ચરલ અફેર્સ, ન્યૂ દિલ્હી, તરફથી આવેલા સૂચન અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—ધ્રજનેરી વિદ્યાશાખાના ડીનનો અભિપ્રાય નીચે મુજબ છે :

"With reference to your letter No. C./B./89557, dated 2nd September, 1960, I feel that, for the present, there should be no minimum age restriction for admission to Engineering Colleges.")

આથી ઠરાવવામાં આવે છે કે, ધ્રજનેરી વિદ્યાશાખાના ડીનના ઉપરના અભિપ્રાય સાથે સિન્ડિકેટ સંમત છે, અને તે પ્રમાણે ભારત સરકારના વૈજ્ઞાનિક સંશોધન અને સાંસ્કૃતિક બાબતોના ખાતાને ઘટતો જવાબ આપવો.

૨૦. લા કોન્ફરન્સની નીચેની ભલામણ પરત્વે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ, જેની સાથે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં સંમતિ દર્શાવી છે તે અંગે વિચારણા કરવા બાબત :

લો કોન્ફરન્સની ભલામણ

Teachers of Law—Whole-time or part-time :

"The Conference are of opinion that there should be, in addition to whole-time teachers of Law, part-time teachers as well.

Qualifications and remuneration for Teachers :

For future appointments, the qualifications of teachers are to be as follows :

(1) Ordinarily a 1st Class LL.B. preferably an LL.M. for the posts of Lecturers.

(2) Ordinarily an LL.M. with research experience preferably with a doctor of laws for the post of a Reader.

(3) Ordinarily a dectorate in Law with research publication for the post of Professor.

Experienced members of the Bar, though not fulfilling the above qualifications, may be invited to deliver either courses of lectures or as part-time teachers by the Colleges.

The teachers of Law should be remunerated in the same way and on par with teachers in technical and other professional subjects like Medicine and Engineering."

ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ

For V & VI :

For qualification and remuneration for teacher of Law, the Faculty is of the opinion that the Standards suggested by the Law Conference are desirable but, under the existing circumstances, it would not be possible to recruit such personnel."

આથી ફરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૧. લૉ કૉન્ફરન્સની નીચેની ભલામણ પરત્વે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ, જેની એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં નોંધી લીધી છે તે અંગે વિચારણા કરવા બાબત:

લૉ કૉન્ફરન્સની ભલામણ

VIII. Methods of Teaching :

(*a*) The present mass lecture system followed in many Colleges is not conducive to draw the best of the teachers and students. In the opinion of the conference, drastic changes should be brought about in the teaching of law to achieve the subjects enumerated above.

We recommend a system of teaching which will ensure more intimate relation between the teacher and the taught. There should be a proper teacher-pupil ratio. Instruction be imparted in addition to lectures, through tutorials, seminars, courts and by adopting the case method to the needs of the students.

(*b*) It is absolutely necessary that the roll strength of each class, whether for lecture, tutorial or seminar, etc., should be kept as low as practicable."

ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ

Methods of Teaching :

"The Faculty is in favour of tutorials on principle, but is further of opinion that the expenses incurred in introducing tutorials will be very heavy. The Faculty, therefore, would request the University Grants Commission to make up the deficit in implementing the scheme."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૨. લૉ કૉન્ફરન્સની નીચેની ભલામણ પરત્વે ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ જેની સાથે એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં સંમતિ દર્શાવી છે તે અંગે વિચારણા કરવા બાબત :

લૉ કૉન્ફરન્સની ભલામણ

"*X. LL.M :*

In such of the college where proper facilities are available, steps should be taken to impart instruction for the LL.M. course.

Teachers for the LL.M. course should ordinarily be at least LL.M. with research and teaching experience to their credit preferably a doctor of laws with experience.

XI. Research Facilities :

Research facilities should be provided by each University having a Faculty of Law with courses for LL.M. in collaboration with the departments of other Social Sciences including Sociology, Politics, Economics, etc."

ધારાશાસ્ત્રની વિદ્યાશાખાની ભલામણ

"*LL.M. & Research Facilities :*

The Faculty is of the opinion that the post-graduate teaching in Law should be undertaken by the University itself at University

School of Law, i.e., Separate Department in Law should be instituted and the research facilities should be provided."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૩. મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની કારોબારી સમિતિના નીચેના ઠરાવ ઉપર તબીબી વિદ્યાશાખાની ભલામણ, જેની અકેડેમિક કાઉન્સિલે તેની તા. ૨૦-૮-૧૯૬૦ની સભામાં લીધી છે તે નોંધ અંગે વિચારણા કરવા બાબત :

મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયાની એક્ઝિક્યુટિવ કમિટીનો ઠરાવ

"The Executive Committee accepted the recommendations of the sub-committee that 45 % marks obtained at the Intermediate Examination in Science should be the minimum required either for admission to a Medical College or even for eligibility to sit at any special competitive examination for purposes of admission except in case of Scheduled Castes and Scheduled Tribes."

મેડિકલ ફેકલ્ટીની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતમાં અત્યારના સંજોગો જોતાં કશું કરવાની જરૂર નથી."

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૪. બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગ તથા અકેડેમિક કાઉન્સિલની અનુક્રમે તા. ૨૪-૨-૧૯૬૦ તથા તા. ૨૦-૮-૧૯૬૦ની સભાઓના ઠરાવો અનુસાર ઑર્ડિનન્સ ૬૫-કે (૧), ૬૫-કે (૨), ૬૫-કે (૩), ૬૫-કે (૪), ૬૫-કે (૫) અને ૬૫-કે (૬) (બી) તથા ઑર્ડિનન્સ ૬૫-કેની પેટાકલમ (૨) (*ii*) સુધારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૨૫. ૧૯૬૧ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પરીક્ષકોની નિમણૂક માટેની ભલામણો કરવા માટેની "પરીક્ષાસમિતિ"માં સિન્ડિકેટ તરફથી ઑર્ડિનન્સ ૬૭ હેઠળ પ્રત્યેક વિદ્યાશાખા અંગેની સમિતિમાં બબ્બે સભ્યો નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૧ની સાલમાં લેવાનારી પરીક્ષાઓ માટે પ્રાશ્નિકો, પરીક્ષકો વગેરેની નિમણૂકો કરવા માટેની ભલામણો કરવા માટેની જુદી જુદી વિદ્યાશાખાઓની પરીક્ષાસમિતિઓ ઉપર નીચે પ્રમાણે નિમણૂક કરવી :

(૧) વિનયન વિદ્યાશાખા : (૧) પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
(૨) ડૉ. પી. એચ. પ્રભુ.

(૨) વિજ્ઞાન વિદ્યાશાખા	:	(૧) પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક; (૨) ડૉ. વિક્રમ એ. સારાભાઈ.
(૩) વાણિજ્ય વિદ્યાશાખા	:	(૧) શ્રી. નવનીતલાલ શોધન; (૨) પ્રિન્સિ એમ. સી. દેસાઈ.
(૪) ધારાશાસ્ત્રની વિદ્યાશાખા	:	(૧) શ્રી. બટુભાઈ હ. દેસાઈ; (૨) શ્રી. બિહારીલાલ પો. શાહ.
(૫) તબીબી વિદ્યાશાખા	:	(૧) ડૉ. મોતીભાઈ ડી. પટેલ; (૨) શ્રી. વલ્લભરામ વી. વૈદ્ય.
(૬) ઇજનેરી વિદ્યાશાખા	:	(૧) પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક; (૨) પ્રિન્સિપલ ડૉ. વાય. જી. નાયક.
(૭) આયુર્વેદિક મેડિસિનની વિદ્યાશાખા	:	(૧) ડૉ. મોતીભાઈ ડી. પટેલ.

૨૬. પ્રાશ્નિક/પરીક્ષકને અપાતી સૂચનાવલિમાં જરૂરી સુધારાવધારા સૂચવતા તેમ જ હાલની સૂચનાઓના ક્રમ નંબર બદલવાનું સૂચન કરતા શ્રી. હરિપ્રસાદ શાસ્ત્રીના તા. ૨૬-૫-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીનાં સૂચનો મંજૂર કરવાં, તથા તે સૂચનો પ્રમાણે પ્રાશ્નિકો/પરીક્ષકોને અપાતી સૂચનાઓમાં ઘટતો ફેરફાર કરવો.

(ડૉ. હરિપ્રસાદ ગં. શાસ્ત્રીના પત્રની નકલ **પરિશિષ્ટ "ઘ"** તરીકે સામેલ છે.)

૨૭. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૩/૧૪-૪-૧૯૬૦ની સભાની અને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૯-૧૯૬૦ની સભાની ભલામણો અન્વયે એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષાઓ માટે પરીક્ષકોને આપવામાં આવતી સૂચનાઓમાં સુધારાઓ કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષાઓ માટે પરીક્ષકોને આપવામાં આવતી સૂચનાઓ સુધારવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી.

(સુધારેલી સૂચનાઓની નકલ **પરિશિષ્ટ "ચ"** તરીકે સામેલ છે.)

૨૮. સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૫૯ની સભામાં બોડરેશન અંગે નીમેલી સમિતિનો રિપોર્ટ, જેને એકેડેમિક કાઉન્સિલની તા. ૧૫-૯-૧૯૬૦ની સભાએ મંજૂર કરવા ભલામણ કરી છે. તેમાં ભલામણો કરેલા બોડરેશન અંગેના નિયમો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, બોડરેશન અંગેના નિયમો મંજૂર કરવા.

(મંજૂર કરવામાં આવેલા નિયમોની નકલ **પરિશિષ્ટ "છ"** તરીકે સામેલ છે.)

૨૯. સને ૧૯૫૯ તથા ૧૯૬૦ના માર્ચ/એપ્રિલ માસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન કાર્યાલયના કર્મચારીઓની થયેલ ભૂલોના કેસો તથા સને ૧૯૬૦ના માર્ચ/એપ્રિલ

આસમાં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓ દરમિયાન પરીક્ષકો તથા નિરીક્ષકોની થયેલ ભૂલોના કેસો ઉપર વિચારણા કરી સિન્ડિકેટને રિપોર્ટ કરવા પરીક્ષાશુદ્ધિ સમિતિની તા. ૨૦-૯-૧૯૬૦ તથા તા. ૬-૧૦-૧૯૬૦ની સભાની ભલામણો મંજૂર રાખવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૦-૯-૧૯૬૦ અને તા. ૬-૧૦-૧૯૬૦ની સભાઓની ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "જ"** તરીકે સામેલ છે.)

૩૦. જે. એન્ડ જે. કૉલેજના વિદ્યાર્થી શ્રી. સોની કનુભાઈ ગોરધનદાસ કે જેઓ માર્ચ/એપ્રિલ ૧૯૬૦માં દ્વિતીય વર્ષ વિજ્ઞાનની આપણી યુનિવર્સિટીની પરીક્ષામાં પરીક્ષા નંબર ૧૯૮૪થી બેઠા હતા, તેઓ સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠની ૧૯૬૦ની પ્રી-એન્જિનિયરિંગની પરીક્ષામાં ભૌતિકવિજ્ઞાનની પ્રાયોગિક પરીક્ષામાં વિદ્યાર્થી નં. ૨૯૨ તરીકે ખોટી રીતે બેઠા હતા. તે બાબત અંગે સદરહુ વિદ્યાર્થી સામે ઘટતાં પગલાં લેવાની યુનિવર્સિટીની વિનંતી પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—દ્વિતીય વર્ષની માર્ચ/એપ્રિલ ૧૯૬૦ની પરીક્ષામાં સદરહુ વિદ્યાર્થી નાપાસ થયો હતો.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. સોની કનુભાઈ ગોરધનદાસને આ યુનિવર્સિટીની કોઈ પણ પરીક્ષામાં, એપ્રિલ ૧૯૬૪ સુધી બેસવા દેવા નહિ.

૩૧. તા. ૨૩-૭-૧૯૬૦ના રોજ મળેલી સ્ટેન્ડિંગ કમિટીઓની ડિફિનેલન્સ ઑફ એક્ઝામિનેશન્સે કરેલી તથા એકેડેમિક કાઉન્સિલે તેની તા. ૧૫-૯-૧૯૬૦ની સભામાં મંજૂર કરેલી ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૨૩-૭-૧૯૬૦ના રોજ મળેલી સભાએ કરેલી ભલામણો મંજૂર કરવી.

(મંજૂર કરવામાં આવેલી ભલામણોની નકલ **પરિશિષ્ટ "ઝ"** તરીકે સામેલ છે.)

૩૨. ચંદીગઢ મુકામે મળેલ ઇન્ટર-યુનિવર્સિટી બોર્ડ, ઇન્ડિયાની ૩૪મી વાર્ષિક સભાની નીચેની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત:

૧. ડિપાર્ટમેન્ટ ઑફ મિટિરિયોલોજી સ્થાપવા બાબત.

૨. બી.એ. તથા બી.એસસી.ના પદવી પ્રમાણપત્રોમાં વિદ્યાર્થીઓએ સફળતા મેળવેલ વિષયોનો સ્પષ્ટ નિર્દેશ કરવા બાબત.

૧. આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઑફ મિટિરિયોલોજી સ્થાપવું કે કેમ તે બાબત ડૉ. કે. આર. રામનાથનનો અભિપ્રાય મગાવવો, અને તેમનો અભિપ્રાય હકારમાં હોય તો તે ડિપાર્ટમેન્ટ માટેની યોજના ઘડીને મોકલવા માટે તેમને વિનંતી કરવી.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, હાલ અપાતાં બી.એ. અને બી.એસસી.ની પદવીનાં પ્રમાણપત્રોમાં, સ્નાતકોએ લીધેલા વિષયોનો નિર્દેશ કરવાનો ફેરફાર કરવાની જરૂર સિન્ડિકેટને જણાતી નથી.

૩૩. નીચે જણાવેલા વિદ્યાર્થીનાં નામ સામે જણાવેલ પદવી તથા વિષય સંબંધમાં આવેલ મહાનિબંધ માટે તે સામે જણાવેલ રેફરીની નિમણૂક કરવા અંગે રસાયણવિજ્ઞાનની તા. ૧૨-૯-૧૯૬૦ની સભાની ભલામણ :

ક્રમાંક	નામ	પદવી	વિષય	રેફરીનું નામ
1.	Shri B. K. Raval	Ph.D.	Synthesis of Thiazolidones and related compounds.	1. Dr. Pranklin Prout, Dept. of Chemistry, 1036, W. Belden Avenue, De Paul Univ., Chicago-14. Illinois (U.S.A.); *or* 2. Dr. William Pasterozyk, Chairman, Dept. of Chemistry, 1036, W. Belden Avenue, De Paul Univ., Chicago-14, Illinois (U.S.A.). **For viva** Dr. K.S. Nargund, Science & Arts College, Ville Parle, East, Bombay.
2.	Shri G. S. Patel	Ph.D.	Studies in the Synthesis of Chalkones and related compounds and synthesis of the 5-(Substituted Amine) Aeridine and 4-Ketoquin asolines.	1. Prof. M. M. Culliane, University College, University of Wales, Cardiff (Wales) (U.K.); *or* 2. Prof. Richard Baltzoly, The Well

ક્રમાંક	નામ	પદવી	વિષય	રેફરીનું નામ
				come Laboratory Tuckehoe, New York (U.S.A.).
				For viva Prof. G. V. Jadhav, Subhadra Blocks, Gokhle Road, Dadar, Bom.-28.
3.	Shri R. V. Shah	M.Sc.	Synthesis of 5-nitro-3-Methyl 2-hydrosoy Chalkones and related compounds and Monchalogenation of Melon monoancides.	1. Dr. T. N. Mehta, 29, Hindustan Colony, Amravati Road, Nagpur. *or* 2. Dr. A. B. Kulkarni, Institute of Science, Mayo Road, Bombay.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપર જણાવેલા વિદ્યાર્થીઓનાં નામ સામે બતાવેલી પદવી માટેના તથા વિષય ઉપરના મહાનિબંધો તપાસવા માટે, તેમનાં નામ સામે જણાવેલ રેફરીઓની ક્રમાનુવત નિમણૂક કરવી.

૩૪. યુનિવર્સિટીનાં અનુસ્નાતક કેન્દ્રોની વ્યવસ્થાનું અવલોકન કરી તેમાં જરૂર જણાય તે સુધારા કરવા માટે વિચારવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયે તૈયાર કરેલી પ્રશ્નાવલિ કૉલેજોના આચાર્યો તથા માન્ય સંસ્થાઓ અને યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોનો તેમ જ જુદાં જુદાં અનુસ્નાતક કેન્દ્રોના પ્રૉફેસર-ઇન-ચાર્જને મોકલીને જવાબ મગાવવા, તથા તે આવ્યેથી સદરહુ બાબત બૉર્ડ ઑફ યુનિવર્સિટી ટીચિંગના અભિપ્રાય માટે મોકલવી.

(પ્રશ્નાવલિની નકલ પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.)

૩૫. આ યુનિવર્સિટી તરફથી પ્રકાશિત કરવામાં આવેલ (૧) "કાસ્ટ ઇન ઇન્ડિયા" હટનકૃત નામના અંગ્રેજી ભાષાના પુસ્તકનો શ્રી. પાં. ગં. દેશપાંડેએ કરેલ ગુજરાતી ભાષામાં અનુવાદ "હિંદુસ્તાનની જ્ઞાતિસંસ્થાઓ અને તેના રીતરિવાજો"; તેમ જ (૨) "સોસાયટી" મૅકઆઇવરના અંગ્રેજી ભાષાના પુસ્તકને ગુજરાતી ભાષામાં ઉતારનાર (Adaptor) શ્રી.

અક્ષયકુમાર આર. દેસાઈના "સમાજ" પુસ્તકને અવલોકન માટે કોને કોને મોકલવાં તે વિચારવા બાબત તથા યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે આ અંગે સામાન્ય નીતિનિયમો અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીનાં ગુજરાતી પ્રકાશનો નીચે જણાવેલી સંસ્થાઓ તથા સામયિકોને અવલોકન માટે મોકલવાં :

૧. ગુજરાતની યુનિવર્સિટીઓ;
૨. ગુજરાતી સાહિત્ય પરિષદ;
૩. ભો. જે. અધ્યયન-સંશોધન વિદ્યાભવન, અમદાવાદ;
૪. ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરત;
૫. "માનસી";
૬. "સંસ્કૃતિ";
૭. "નવજીવન".

૩૬. ઉચ્ચ કક્ષાનાં પુસ્તકોનું હિંદીમાં ભાષાંતર કરવા અંગેની યોજના બાબત રાજ્ય સરકારના શિક્ષણખાતાના તા. ૨૬-૯-૧૯૬૦ના પત્રાંક યુ.એલ.જી.-૪૨૬૦-૨૨૨૫૬-બી ઉપર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતના સંદર્ભમાં, પબ્લિકેશન બોર્ડની તા. ૨૫-૧૦-૧૯૬૦ના રોજ મળેલી સભાની બાબત નં. ૧૨ ઉપરની ભલામણો પણ લક્ષમાં લેવામાં આવી હતી.

તે પછી ઠરાવવામાં આવ્યું કે :

૧. ભારત સરકારના સદરહુ પત્રની નકલ જુદી જુદી અભ્યાસસમિતિઓના અધ્યક્ષોને મોકલી આપવી, તથા તે સાથે ભારત સરકારે જે પુસ્તકોનો હિન્દી અનુવાદ કરવાનું ઠરાવ્યું છે તેની યાદી પણ તેમને મોકલવી, અને તેમને જણાવવું કે, યાદીમાં જણાવેલાં પુસ્તકો પૈકી ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવવા યોગ્ય પુસ્તકોનાં નામો તેઓ સૂચવે.

૨. ભારત સરકારને પુછાવવું કે, સદરહુ યાદીમાં જણાવેલાં પુસ્તકો પૈકી કેટલાંક પુસ્તકોનો ગુજરાતી અનુવાદ કરાવવાનું યુનિવર્સિટી માથે લે તો તેઓ કેટલી અને કયા પ્રકારની મદદ કરશે.

૩. સદરહુ યાદીમાંનાં જે પુસ્તકોનો હિન્દી અનુવાદ કરવાનું કામ કોઈને સોંપવામાં નથી આવ્યું, તેવાં પુસ્તકોનો અનુવાદ, ભારત સરકારે જણાવેલી શરતો પ્રમાણે કરવા માટે કોઈ શિક્ષકો યોગ્ય અને તૈયાર હોય તો તેમનાં નામો સૂચવવા માટે કોલેજોના આચાર્યો અને માન્ય સંસ્થાઓ તથા યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના અધ્યક્ષોને વિનંતી કરવી.

૪. ભારત સરકારે અંગ્રેજી પુસ્તકોના હિન્દી અનુવાદ માટે જે યોજના ઘડી છે, તે યોજનાને આધાર-રૂપ ગણીને, તેવી જ યોજના, ઘટતા ફેરફારો સાથે, ગુજરાતી અનુવાદ માટે ઘડવા રાજ્ય સરકારને વિનંતી કરવી, તથા ભારત સરકાર સાથે ઘટતો પત્રવ્યવહાર કરીને ગુજરાતીમાં આ અનુવાદ કરવા વાસ્તે મૂળ પુસ્તકોના કોપીરાઇટ હકો મેળવવા માટે ઘટતું કરવું, અને ભારત સરકારને, આ અનુવાદ માટે કોઈ અમુક પ્રકારની "ટર્મિનોલોજી" માટે આગ્રહ ન રાખવા સૂચવવું.

(રાજ્ય સરકારના પત્ર સાથે જોડેલ ભારત સરકારના મજકૂર પત્ર અને યોજનાની નકલ પરિશિષ્ટ "ઠ" તરીકે સામેલ છે.)

૩૭. વનસ્પતિવિજ્ઞાનના વિષયમાં ગુજરાતી ભાષામાં પુસ્તકો તૈયાર કરવા વાસ્તે યુનિવર્સિટી વિજ્ઞાન વિદ્યાભવનના વનસ્પતિવિજ્ઞાનના પ્રાધ્યાપક જે. જે. ચિનોયે બોલાવેલી તે વિષયના શિક્ષકોની સભાના અહેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૩૮. સ્કોલરશિપ, રિસર્ચ સ્કોલરશિપ અને ફેલોશિપ વગેરે બાબતો પર વિચારણા કરી સિન્ડિકેટને હેવાલ રજૂ કરવા માટે નિમાયેલ સ્થાયી સમિતિની તા. ૧૧-૧૦-૧૯૬૦ના રોજ મળેલી બારમી સભાની નોંધ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે કે, સદરહુ સમિતિની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ પરિશિષ્ટ "ડ" તરીકે સામેલ છે.)

૩૯. યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી જુદી જુદી યુનિવર્સિટીઓમાં ફિલ્મ ક્લબો સ્થાપવા અંગે એક યોજના તૈયાર કરી મોકલવામાં આવી હતી તે આ યુનિવર્સિટીએ સ્વીકારી હોવાથી તે ફિલ્મ સોસાયટીનું બંધારણ તેમ જ તેના હેતુઓ વગેરે બાબત ઘડવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ફિલ્મ સોસાયટીનું બંધારણ મંજૂર કરવું, તથા સદરહુ સોસાયટીની પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે ઘટતાં પગલાં લેવાં.

(મંજૂર કરવામાં આવેલા બંધારણની નકલ પરિશિષ્ટ "ણ" તરીકે સામેલ છે.)

૪૦. "વિદ્યાર્થી રાહત ફંડ સ્થાપના" અંગે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, ન્યૂ દિલ્હી, તરફથી આવેલ તા. ૧૧-૧૦-૧૯૬૦ના પત્રાંક એફ. ૩૭-૧૦-૫૭ (એચ-જી.) ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પત્રની નોંધ લેવી.

(સદરહુ પત્રની નકલ પરિશિષ્ટ "ત" તરીકે સામેલ છે.)

૪૧. ચાલુ વર્ષે યુનિવર્સિટી સપ્તાહ યોજવા અંગે તથા તે અંગેની વિગતો નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે યુનિવર્સિટી સપ્તાહ યોજવું નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ભવિષ્યમાં યુનિવર્સિટી સપ્તાહ યોજવા બાબતમાં તથા તેના કાર્યક્રમોની રૂપરેખા અને સંબંધકર્તા અન્ય વિગતો તૈયાર કરવા માટે નીચેના સભ્યોની બનેલી સમિતિ નીમવી:

૧. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ;
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૩. ડૉ. વિક્રમ એ. સારાભાઈ;
૪. શ્રી. ડેપ્યુટી રજિસ્ટ્રાર.

૪૨. ટાગોર જયંતી ઊજવવા અંગે બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૦-૯-૧૯૬૦ની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"બોર્ડના એક સભ્ય શ્રી. હકૂમત દેસાઈનો પત્ર વિચારણા માટે રજૂ કરવામાં આવ્યો અને તે ઉપર ઠરાવવામાં આવ્યું કે ટાગોર જયંતીની ઉજવણી યુનિવર્સિટીને અનુરૂપ રીતે યોજવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ચાલુ વર્ષે ટાગોર શતાબ્દી ઊજવવા માટે ઘટતો કાર્યક્રમ તથા અન્ય વિગતો તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવી :

૧. ઉપકુલપતિશ્રી — અધ્યક્ષ;
૨. પ્રોફેસર ઉમાશંકર જોશી;
૩. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ;
૪. શ્રી. ઝીણાભાઈ ૨. દેસાઈ;
૫. શ્રી. ડી. એલ. શર્મા, ડેપ્યુટી ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન;
૬. શ્રી. રજિસ્ટ્રાર — મંત્રી.

૪૩. ઇન્ડિયન એડલ્ટ એજ્યુકેશન અસોસિયેશન તરફથી યુનિવર્સિટીમાં ડિપાર્ટમેન્ટ ઑફ એડલ્ટ એજ્યુકેશન ખોલવા માટે આવેલો પત્ર તથા તે ઉપર બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની નીચેની ભલામણ :

બોર્ડ ઑફ એક્સ્ટ્રામ્યુરલ સ્ટડીઝની તા. ૧૦-૯-૧૯૬૦ની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે આ બાબતની વિચારણા જ્યારે યુનિવર્સિટી પોતાનું શિક્ષણશાખાનું વિદ્યાભવન કાઢવામાં આવે ત્યારે તે ભવનમાં એક વિભાગ તરીકે આ બાબતમાં શું થઈ શકે તે બાબત બરાબર વિચારણા કરવી તેવો આ બોર્ડનો અભિપ્રાય છે."

આથી ઠરાવવામાં આવે છે કે, બોર્ડના ઉપરના ઠરાવ સાથે સિન્ડિકેટ સંમત છે.

૪૪. ગુજરાત યુનિવર્સિટી એમ્પ્લોયીઝ યુનિયનના જનરલ સેક્રેટરીના ઇન્ડસ્ટ્રિયલ ડિસ્પ્યુટ ઍક્ટની કલમ નં. ૩ પ્રમાણે વર્ક્સ કમિટી નીમવા બાબતના તા. ૨૬-૯-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

કલમ ૩(૧) અને (૨) નીચે પ્રમાણે છે :

3(1).— In the case of any industrial establishment in which one hundred or more workmen are employed or have been employed on any day in the preceding twelve months, the appropriate Government may, by general or special order, require the employer to constitute in the prescribed manner a Works Committee consisting of representatives of employers and workmen engaged in the establishment so however that the number of representatives of workmen on the

Committee shall not be less than the number of representives of the employer. The representatives of the workmen shall be chosen in the prescribed manner from amount the workmen engaged in the establishment and consultation with their trade union, if any, registered under the Indian Trade Unions Act, 1926 (XVI of 1926).

(2) It shall be the duty of the Works Committee to promote measures for securing and preserving amity and good relation between the employer and workmen and to that end a comment upon matters of their common interest or concern and endeavour to compose any material difference of opinion in respect of such matters.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ "વર્કસ કમિટી" સ્થપાય તે પર આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે, શ્રી. નવનીતલાલ શોધન, શ્રી. બિહારીલાલ પો. શાહ અને પ્રિન્સિપલ એમ. સી. દેસાઈની નિમણૂક કરવી.

(નોંધ.—આવી સમિતિ સ્થાપવા માટે રાજ્ય સરકારે જણાવ્યું નથી, તેની સ્પષ્ટતા કરવામાં આવી હતી.)

૪૫. સિન્ડિકેટના સર્વ સભ્યોની બનેલી ચરણીસમિતિની તા. ૧૯-૮-૧૯૬૦ની નીચેની નોંધ ઉપર વિચારણા કરવા બાબત :

"હાજર રહેલા પ્રકાશન અધિકારીઓની જગા માટેના ઉમેદવારોની મુલાકાત લેવામાં આવી હતી, તે પછી નીચે પ્રમાણે ઠરાવ્યું :

'પ્રકાશન અધિકારીની ફરજો સ્પષ્ટ રીતે નક્કી કરવા માટે તથા તે જગા માટે લાયકાતનું જે ધોરણ સૂચવવામાં આવ્યું છે તે ધોરણ ફરીથી વિચારવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.'"

૧. આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન અધિકારીની ફરજો નીચે પ્રમાણે રાખવી :

(૧) યુનિવર્સિટીના પ્રકાશન વિભાગનું સંચાલન કરવું;
(૨) યુનિવર્સિટીનાં પ્રકાશનો માટે ઘટતી સભા-સમિતિઓ અને/અથવા અધિકારીઓની અનુમતિ મેળવીને પ્રકાશનોની હસ્તપ્રતો તૈયાર કરાવવી તથા છાપવી છપાવવી;
(૩) પ્રકાશનોને લગતા કાનૂની, વહીવટી અને આર્થિક પ્રશ્નો તપાસવા;
(૪) યુનિવર્સિટી બોર્ડ ઓફ પબ્લિકેશન્સ તથા પ્રકાશનોનાં કામ માટે યુનિવર્સિટીનાં જે તે સત્તામંડળોની સમિતિઓના કામકાજની નોંધ રાખવી;
(૫) યુનિવર્સિટી મુદ્રણાલયના કામકાજનું સંયોજન કરવું;
(૬) યુનિવર્સિટીની પ્રકાશન-પ્રવૃત્તિઓની કાર્યક્ષમતા અને વેગ વધે તે માટે જરૂરી તમામ પગલાં લેવાં;
(૭) ઉપકુલપતિશ્રી અને/અથવા શ્રી. રજિસ્ટ્રારની સૂચનાઓ અનુસાર જે કામ સોંપવામાં આવે તે કરવું.

૨. આથી ઠરાવવામાં આવે છે કે, પ્રકાશન અધિકારીની જગા માટે ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ નીચે પ્રમાણે રાખવું :

અનુસ્નાતક પદવી ઉપરાંત ઓછામાં ઓછાં પાંચ વર્ષનો વહીવટી અનુભવ; પ્રકાશન અને સંપાદનના કામનો અનુભવ એ વધારાની લાયકાત ગણાશે.

૪૬. યુનિવર્સિટી મનોવિજ્ઞાન વિદ્યાભવનના અધ્યક્ષ શ્રી. પી. એચ. પ્રભુનો અજમાયશી સમય તા. ૮-૧૨-૧૯૬૦ના રોજ પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવી.

૪૭. નીચેના સભ્યોનો અજમાયશી સમય તેઓનાં નામ સામે દર્શાવેલ તારીખે પૂરો થતો હોઈ તેઓને કાયમ કરવા બાબત :

૧.	શ્રી. એમ. સી. જયસ્વાલ	લેક્ચરર, સમાજ વિદ્યાભવન	૧૮-૧૧-૧૯૬૦
૨.	શ્રી. ડી. એમ. પંડ્યા	પ્રૂફરીડર, ગુજરાત યુનિવર્સિટી પ્રેસ	૧૧-૧૧-૧૯૬૦

સદરહુ સભ્યોની કામગીરી અંગેના બાનગી હેવાલો સમાયુક્ત સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. તે પછી નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું :

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોને, તેમનાં નામ સામે જણાવેલ જગ્યા ઉપર અને તારીખથી કાયમ કરવા :

૧.	શ્રી. એમ. સી. જયસ્વાલ	લેક્ચરર ઇન સ્ટેટિસ્ટિક્સ, સમાજ વિદ્યાભવન	૧૮-૧૧-૧૯૬૦
૨.	શ્રી. ડી. એમ. પંડ્યા	પ્રૂફરીડર, યુનિવર્સિટી મુદ્રણાલય	૧૧-૧૧-૧૯૬૦

૪૮. કાર્યાલયમાં જુનિયર ક્લાર્ક તરીકે કામ કરતા શ્રી. ડી. એચ. શાહનું રાજીનામું મંજૂર થઈ ગયેલ હોવાથી તેઓને ખાતે નીકળતી પ્રોવિડંટ ફંડની રકમ પરત કરવા બાબત.

(નોંધ.— તેઓ તા. ૧-૩-૧૯૬૦ના રોજ જોડાયા અને તા. ૧૬-૭-૧૯૬૦ના રોજ છૂટા થયા.)

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. ડી. એચ. શાહને તેમના પ્રોવિડંટ ફંડ ખાતે નીકળતી રકમ, યુનિવર્સિટીનાં ધારાધોરણ અનુસાર પરત કરવી.

૪૯. યુનિવર્સિટી કાર્યાલય માટે ૧૯૬૧-૬૨ના વર્ષ માટે બજેટ કમિટીની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૧-૬૨ના વર્ષ માટે યુનિવર્સિટીનું અંદાજપત્ર તૈયાર કરવા માટે નીચે જણાવેલા સભ્યોની બનેલી સમિતિ નીમવા :

૧. ઉપકુલપતિશ્રી;
૨. શ્રી. બિહારીલાલ પો. શાહ;
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ;

૪. પ્રિન્સિપલ એમ. રા. દેસાઈ;
૫. શ્રી. નવનીતલાલ શેાધન;
૬. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ.

૫૦. ગુજરાત યુનિવર્સિટીની દ્વિતીય વર્ષ વિજ્ઞાનની ગ્રુપ "બી"ની પરીક્ષામાં વિજ્ઞાનના વિષયમાં સૌથી વધારે ગુણાંક મેળવનાર વિદ્યાર્થિનીને આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજમાં એમ.બી.બી.એસ. કે બી.ફાર્મ ડિગ્રીનેા અભ્યાસક્રમ ચાલુ રાખવાની શરતે "શ્રીમતી શાન્તાગૌરી નટવરલાલ શાહ પારિતેાષિક" આપવા માટે રૂા. ૫,૦૦૧ની સખાવત આપવાનું જણાવતા શ્રી. એસ. બી. શાહના તા. ૨૬-૮-૧૯૬૦ અને તા. ૨૧-૯-૧૯૬૦ના પત્રો પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીની દ્વિતીય વર્ષ વિજ્ઞાન (ઇન્ટરમીડિયેટ સાયન્સ)ની પરીક્ષામાં પ્રાણીવિજ્ઞાન (Biology) સાથે બેસનાર વિદ્યાર્થીઓ પૈકી વિજ્ઞાનના વિષયોમાં સૌથી વધુ ગુણાંક મેળવનાર વિદ્યાર્થિનીને, આ યુનિવર્સિટી સાથે જોડાયેલી કૉલેજમાં એમ.બી.બી.એસ., બી.ફાર્મ. કે આયુર્વેદિક મેડિસિનમાં અભ્યાસ ચાલુ રાખવાની શરતે, "શ્રીમતી શાન્તાગૌરી નટવરલાલ શાહ પારિતેાષિક" આપવા માટે, રૂ ૫,૦૦૧ની શ્રી. એસ. બી. શાહની સખાવતનેા સાભાર સ્વીકાર કરવેા.

૫૧. શ્રી. ગેાવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળાની પહેલી શ્રેણીનાં વ્યાખ્યાનેા પ્રાધ્યાપક વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ તા. ૧૬-૮-૧૯૬૦થી તા. ૨૦-૮-૧૯૬૦ સુધી ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનમાં આપ્યાં હતાં તેની હસ્તપ્રત યુનિવર્સિટીને સુપરત કરેલી છે તેના પ્રકાશન બાબતમાં વિચારણા કરવા બાબત તેમ જ શ્રી. એન. એમ. ત્રિપાઠી (પ્રાઇવેટ) લિમિટેડના તા. ૨૦-૯-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મેસર્સ એન. એમ. ત્રિપાઠી (પ્રાઇવેટ) લિમિટેડને જણાવવું કે, "શ્રી. ગેાવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળા"ની પહેલી શ્રેણીનાં જે વ્યાખ્યાનેા પ્રાધ્યાપક વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ તા. ૧૬-૮-૧૯૬૦થી તા. ૨૦-૮-૧૯૬૦ સુધીમાં આપ્યાં હતાં, તે વ્યાખ્યાનેા પુસ્તકાકારે પ્રસિદ્ધ કરવા માટે, પ્રથમ આવૃત્તિ માટે, કુલ છપાયેલ પ્રતેાની છપેલી કિંમતના ૧૦ ટકા જેટલી "રેાયલ્ટી" આપે તથા સદરહુ પુસ્તકની પ્રતેાની વેચાણકિંમત યુનિવર્સિટીને પૂછીને નક્કી કરવામાં આવે તે શરતેાએ, સદરહુ પુસ્તકની પહેલી આવૃત્તિ યુનિવર્સિટી તરફથી છાપવા માટે તેમને પરવાનગી આપવાનું વિચારી શકાશે.

૫૨. આ યુનિવર્સિટી તરફથી અપાતા સુવર્ણચંદ્રકેા ઉપરના ગુજરાતી લખાણની લિપિ નક્કી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી તરફથી અપાતા સુવર્ણચન્દ્રકેા ઉપર જ્યારે ગુજરાતી લખાણ લખવાનું આવે ત્યારે તે લખાણની લિપિ દેવનાગરી રાખવી.

૫૩. ગુજરાત યુનિવર્સિટીનાં અનુસ્નાતક વિદ્યાભવનેામાં ગુણવત્તા, શિષ્યવૃત્તિઓ તેમ જ માફી કે અર્ધમાફી આપવા અંગેના સુધારેલા નિયમેા મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટીનાં તમામ અનુસ્નાતક વિદ્યાભવનોમાં ગુણવત્તાની શિષ્યવૃત્તિઓ તેમ જ ફાઈ કે અર્ધમાફી આપવા અંગેના સુધારેલા નિયમો મંજૂર કરવા.

(સુધારેલા નિયમોની નકલ પરિશિષ્ટ "થ" તરીકે સામેલ છે.)

૫૪. ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના જી. આર. નં. પી. ૨ (૭) (૬) બી., તા. ૧૩-૧૦-૧૯૬૦થી રૂા. ૨૬,૮૦૦ની વ્યાજમુક્ત લોન પ્રાદેશિક ભાષા અને હિન્દીમાં પાઠ્યપુસ્તકોના પ્રકાશન માટે મંજૂર કરતા તા. ૬૮-૭-૧૯૬૦ના પત્રાંક યુએસજી-૧૧૬૮ પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ લોનનો ગુજરાત રાજ્યની સરકારે જણાવેલી શરતોએ સાભાર સ્વીકાર કરવો.

(ગુજરાત રાજ્યના શિક્ષણ અને મજૂર ખાતાના તા. ૧૮-૭-૧૯૬૦ના પત્રાંક યુએસજી-૧૧૩૮-ની નકલ પરિશિષ્ટ "દ" તરીકે સામેલ છે.)

૫૫. રાજ્ય સરકાર તરફથી મેઇન્ટેનન્સ ગ્રાન્ટના પ્રથમ હપતાની રૂા. ૨,૬૯,૬૦૦ની ગ્રાન્ટ મળ્યાની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની નોંધ લેવી.

૫૬. તા. ૬૬-૧૦-૧૯૬૦ના રોજ મળેલી બોર્ડ ઓફ સ્ટુડન્ટસ વેલ્ફેરની નીચેની ભલામણ :

"૪. તે પછી સિન્ડિકેટને એવી ભલામણ કરવામાં આવી કે અમદાવાદમાં છાત્રાલયોમાં વસતા વિદ્યાર્થીઓમાંથી જે બીમારીવાળા હોય તેમને કોલેજના આચાર્ય અને/અથવા તે છાત્રાલયના ગૃહપતિના સહકારથી તેમાંના ઓછા વજનવાળા અને આર્થિક રીતે મદદને પાત્ર હોય તેવા વિદ્યાર્થીઓ પૈકી ચીફ મેડિકલ ઓફિસર પસંદ કરે તે વિદ્યાર્થીઓને જરૂરી ટૉનિક્સ, વિટામિન, દૂધ વગેરે ઘટતી મદદ આપી પ્રયોગ કરી જોવો અને ત્રણ માસ બાદ અથવા બોર્ડની હવે પછીની સભા સમક્ષ હેવાલ રજૂ કરવો. આ અંગે જે કંઈ જરૂરી ખરીદી તેમ જ વહીવટી ખર્ચ થાય તે કરવાની સત્તા ચીફ મેડિકલ ઓફિસરને આપવામાં આવે.

આ ઉપરાંત અમદાવાદ બહારની કોલેજોના વિદ્યાર્થીઓ માટે પણ આ વર્ષ અથી કોલેજોના આચાર્યોને પરિપત્ર મોકલી તેમની કોલેજના જેવા બીમારીવાળા વિદ્યાર્થીઓ હોય તો તે વિદ્યાર્થીઓને તેમની કોલેજ દ્વારા કયા પ્રકારની મદદ જોઈશે અને અંદાજી કેટલો ખર્ચ થશે તે લખી મોકલવા જણાવવું. આ માટે જરૂરી શકય તેટલી મદદ રૂા. ૧૦,૦૦૦ની મર્યાદામાં રહીને આપવાની સત્તા ચીફ મેડિકલ ઓફિસરને આપવામાં આવે.

૫. શ્રી. પી. જી. શાહની સૂચનાથી એવું ઠરાવવામાં આવ્યું કે બજેટમાં મૂકેલી તબીબી સારવાર માટેની રકમ પૂરેપૂરી ખર્ચાઈ ન હોય તો વધેલી રકમ 'વિદ્યાર્થી કલ્યાણ ફંડ' નામનું ફંડ ઊભું કરીને તે ખાતે જમા કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, સ્ટુડન્ટ્સ વેલ્ફેર બોર્ડની ઉપર જણાવેલી ભલામણ નં. ૪ અને ૫ મંજૂર કરવી.

૫૭. ખંભાત મુકામે જૂન ૧૯૬૧થી ઇન્ટર સાયન્સ સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે ખંભાત તાલુકા સાર્વજનિક કેળવણી મંડળના કન્વીનર તરફથી આવેલ અરજી પરત્વે વિચારણા કરી સ્થાનિક તપાસસમિતિ નીમવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી :

૧. પ્રિન્સિપલ ડૉ. એમ. ડી. અવસારે;
૨. પ્રિન્સિપલ કે. પી. દેસાઈ.

૫૮. આગામી જાન્યુઆરી ૧૯૬૧ની શરૂઆતમાં "ઇન્ડિયન કાઉન્સિલ ઑફ એગ્રિકલ્ચર"ની વાર્ષિક સભા, અખિલ ભારતીય વિજ્ઞાન પરિષદની ભૂસ્તરશાસ્ત્ર અને ભૂગોળ શાખાની સાથે, રૂરકી મુકામે યોજાનાર હોઈ આ પરિષદમાં આપણી યુનિવર્સિટીના એક સીનિયર ભૂગોળશાસ્ત્રીને "પ્રતિનિધિ" તરીકે મોકલવા મજકૂર કાઉન્સિલના માનદ મંત્રી તરફથી આવેલ તા. ૧૫-૧૦-૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશન માટે આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રોફેસર એસ. મુખરજીની નિમણૂક કરવી.

૫૯. ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની ૨૬મી સભા ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે બોલાવવા અંગેના યુનિવર્સિટીના વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતના પ્રાધ્યાપક ડા. પી. સી. વૈદ્યના તા. ૨૬-૧૦-૧૯૬૦ના પત્રાંક એસસી./મેથ./૧ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઇન્ડિયન મેથેમેટિકલ સોસાયટીની ૨૭મી સભા, ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે બોલાવવા અંગેનું વિજ્ઞાન વિદ્યાભવનના ગણિતના પ્રાધ્યાપક ડૉ. પી. સી. વૈદ્યનું સૂચન મંજૂર કરવું, તથા તે અંગે આગળ ધપતાં પગલાં લેવા માટે ડૉ. વૈદ્યને સૂચનો રજૂ કરવા જણાવવું.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ અધિવેશનના ખર્ચ પેટે ધટતી આર્થિક સહાય આપવા માટે ભારત સરકાર અને રાજ્ય સરકારનાં શિક્ષણ ખાતાંઓને તથા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને વિનંતી કરવી.

૬૦. એફ. વાય. એગ્રિકલ્ચરના અભ્યાસક્રમ અંગે સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, આણંદમાં ફર્સ્ટ ઇયર એગ્રિકલ્ચરમાં જે અભ્યાસક્રમ શીખવવામાં આવે છે તે હાલના અભ્યાસક્રમને બદલે મંજૂર કરવા અંગેની અંકુરમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ અનુસાર ઑ. ૨૪૦-એ, ૨૪૦-બી, ૨૪૦-સી, અને ૨૪૦-ડી, તથા રેગ્યુલેશન ૧૩૧-એ, ૧૩૧-બી, ૧૩૧-સી અને ૧૩૧-ડી, આ સાથે આપેલ પરિશિષ્ટ મુજબ સુધારવા તથા સુધારેલા ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનો જૂન ૧૯૬૧થી અમલમાં લાવવા અંગે વિચારણા કરવા બાબત.

અંકુરમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, આણંદમાં ફર્સ્ટ ઇયર એગ્રિકલ્ચરમાં જે અભ્યાસક્રમ શીખવવામાં આવે છે તે અભ્યાસક્રમ હાલના અભ્યાસક્રમને બદલે મંજૂર કરવા તથા તેને જૂન ૧૯૬૧થી અમલમાં મૂકવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ફર્સ્ટ ડીગ્રી એગ્રિકલ્ચરના અભ્યાસક્રમ અંગેની એકેડેમિક કાઉન્સિલની ભલામણ મંજૂર કરવી, તથા તે અનુસાર, ઑર્ડિનન્સ નં. ૨૪૦-એ, ૨૪૦-બી, ૨૪૦-સી અને ૨૪૦-ડી તથા રેગ્યુલેશન નં. ૧૩૧-એ, ૧૩૧-બી, ૧૩૧-સી અને ૧૩૧-ડી મંજૂર કરવા, અને તેમને ૧૫મી જૂન, ૧૯૬૦થી અમલમાં આવેલા ગણવા.

(મંજૂર કરવામાં આવેલા સદરહુ ઑર્ડિનન્સો અને રેગ્યુલેશનોની નકલ **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૬૧. માર્ચ ૧૯૬૦માં લેવાયેલ આ યુનિવર્સિટીની પ્રથમ વર્ષ વિનયનની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૦૦૬એ પરીક્ષા માટેના પોતાના આવેદનપત્રમાં પોતાને જન્મસ્થમાં ભારતના રાજ્યબંધારણમાંના વિષયમાં મળેલ મુક્તિ અંગેનો ઉલ્લેખ કર્યો ન હતો અને જેને પરિણામે તે નાપાસ જાહેર થયા હતા. આ વિદ્યાર્થીની સદરહુ ભૂલ દરગુજર કરી તેમનું પરિણામ સુધારી આ કાર્યાલયના જાહેરનામા નંબર ૧૦૬, તા. ૧૪-૧૦-૧૯૬૦થી મજકૂર પરીક્ષામાં દ્વિતીય વર્ષ વિનયનની પરીક્ષા માટે સત્રો ભરવાનો કે અહારના વિદ્યાર્થી તરીકે ઇન્ટર આર્ટસની પરીક્ષામાં રજિસ્ટર કરવાનો લાભ આપવા અંગેના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૨. એસ. બી. ગાર્ડા કોલેજ, નવસારીમાં મનોવિજ્ઞાનના પ્રોફેસર તરીકે કામ કરતા શ્રી. એ. એન. દેસાઈએ તેમનો પીએચ.ડી. પદવી માટેનો મહાનિબંધ "The Problem of Juvenile Delinquency"એ વિષય ઉપર યુનિવર્સિટીમાં રજૂ કરેલો તે પરત્વે તે મહાનિબંધ તપાસવા આપ્યા રેફરી તરીકે શ્રી. ડી. ડી. મહેતા, મુંબઈને નીમવામાં આવ્યા હતા, પરંતુ ડૉ. ડી. ડી. મહેતા મજકૂર શ્રી. એ. એન. દેસાઈના સગા સાઢુભાઈ થાય છે એમ પાછળથી જાણવા પડતાં તે વિષે પ્રિન્સિપલ એ. કે. ત્રિવેદીને તથા ડા. ડી. ડી. મહેતાને પુછાવતાં તેમના તરફથી આવેલ જવાબો (શ્રી. એ. એન. દેસાઈનો મહાનિબંધ પીએચ.ડી.ની પદવી માટે સ્વીકારવામાં આવ્યો છે).

સદરહુ બાબત પર લંબાણપૂર્વક ચર્ચાવિચારણા ચાલી, પણ આ ચર્ચાવિચારણા દરમિયાન, સિન્ડિકેટની સભા માટે આવશ્યક એવી ઓછામાં ઓછા આઠ સભ્યોની હાજરી ચાલુ રહી નહિ, તેથી તે દિવસે સભાનું કામકાજ બંધ કરવામાં આવ્યું.

રવિવાર, તા. ૬-૧૧-૧૯૬૦ના રોજ પણ, બપોરના ૧૨-૩૦ વાગે સિન્ડિકેટની સભા ચાલુ રહેવાની હતી, પણ સભાના સમયે, સિન્ડિકેટની સભા માટે આવશ્યક એવી ઓછામાં ઓછા આઠ સભ્યોની હાજરી જણાઈ નહિ, તેથી સભાનું કામકાજ આગળ ચાલી શકયું નહિ, તેથી બાબત નં. ૬૨ અને તે પછીનાં નીચે દર્શાવેલ કામો ઉપર વિચારણા થઈ શકી નહિ :

(**નોંધ.**—સિન્ડિકેટના આઠ સભ્યોની હાજરી, તા. ૬-૧૧-૧૯૬૦ના રોજ નોંધાઈ છે, પણ એ આઠે સભ્યોની હાજરી એકસાથે સિન્ડિકેટના સભાખંડમાં જણાઈ નહોતી.)

૬૩. વિજ્ઞાન વિદ્યાભવનમાં ખાલી પડેલ રસાયણવિભાગના પ્રોફેસરની જગા માટેની ચરણીસમિતિની સભાની તા. ૨૬-૧૦-૧૯૬૦ની નોંધ ઉપર વિચારણા કરવા બાબત.

૬૪. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરે બીજી અને ત્રીજી એમ.બી.બી.એસ.ના અભ્યાસક્રમો માટે ચાલુ જોડાણ આપવા અંગે મૂકવામાં આવેલી શરતોનું પરિપાલન કર્યાનું રાજ્યસરકારને જાણ કર્યાની ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.— ફક્ત મેડિસિનના પ્રાધ્યાપકની નિમણૂકની બાબતમાં છૂટછાટ મૂકવામાં આવી છે.)

૬૫. સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૨-૧૦-૧૯૬૦ તથા તા. ૨૮-૧૦-૧૯૬૦ની નોંધ પર વિચારણા કરવા બાબત.

૬૬. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગરની ત્રિવાર્ષિક તપાસસમિતિના એક સભ્ય પ્રિ. એસ વી. દેસાઈની જગાએ પ્રિ. એસ. આર. મહેતાની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૬૭. માજી ઉપકુલપતિ શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈના ગુજરાત વિદ્યાપીઠના બંગલેથી યુનિવર્સિટીનો ટેલિફોન નં. ૬૨૭ 'અટીરા' સામેના ઉપકુલપતિશ્રીના નિવાસસ્થાને ખસેડવાનું ટેલિ. નં. ૬૨૯નું એક્સ્ટેન્શન રદ કરીને શ્રી. રજિસ્ટ્રારના નિવાસસ્થાને ખસેડવાની વ્યવસ્થા કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

૬૮. વિજ્ઞાન વિદ્યાભવનમાં ભૌતિકવિજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે નિમાયેલ ડૉ. વાય. જી. નાયકના નિમણૂકના અસ્વીકાર કરતા પત્ર પર વિચારણા કરવા બાબત.

૬૯. પબ્લિકેશન બૉર્ડની તા. ૨૫-૧૦-૧૯૬૦ની સભાની ભલામણો ઉપર વિચારણા કરવા બાબત.

૭૦. આ યુનિવર્સિટીના આ. ૩૧૧ના આધારે વિદ્યાર્થી એક વખત બી.કૉમ.ની પરીક્ષા જે સ્પેશિયલ વિષય લઈ તેણે પાસ કરી હોય તેનાથી જુદો વધારાનો સ્પેશિયલ વિષય લઈ સદરહુ પરીક્ષામાં સત્રો રાખ્યા સિવાય બેસી શકે તો સદરહુ વધારાના વિષયમાં ૬૩ ટકા ગુણ મેળવે તો તેને વધારાના વિષયમાં પાસ જાહેર કરવો કે ૪૦ ટકા ગુણ મેળવે તો પાસ જાહેર કરવો તે બાબત ઉપર વિચારણા કરવા બાબત. (આ બાબતની ઑર્ડિનન્સ ૩૧૧માં સ્પષ્ટતા નથી.)

(નોંધ.— અત્યાર સુધી વિદ્યાર્થી જે ઑર્ડિનન્સ ૩૧૧ પ્રમાણે વધારાના વિષયમાં બેઠો હોય તો પાસ થવા માટે ૪૦ ટકા ગુણ મેળવવા જોઈએ એમ માની પરિણામો જાહેર થયાં છે.)

૭૧. યુનિવર્સિટી તરફથી જુદી જુદી જાતના વીમા લેવા બાબત વિચારણા કરવા બાબત તેમ જ ઇન્ડિયન ઇન્સ્યુરન્સ કું. એસોસિયેશન પૂલના તા. ૨૧-૯-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

(**નોંધ.**— સિન્ડિકેટે તેની તા. ૧૪-૧૧-૧૯૫૯ની સભામાં ઠરાવ્યા પ્રમાણે નીચે પ્રમાણે વીમા બાબતમાં પરિસ્થિતિ છે :

૧. યુનિવર્સિટીનાં મકાનોના આગના વીમા માટે સેલ્ફ ઇન્સ્યુરન્સ સ્કીમનો અમલ કરવા એક ભંડોળ ઊભું કર્યું છે.

૨. યુનિવર્સિટીની મોટરકારનો વીમો અત્યારે ઓરિયેન્ટલ ફાયર અને જનરલ ઇન્સ્યુરન્સ કું. પાસે છે.

૩. કેશ ઇન ટ્રાન્ઝિટની પોલિસીઝ ન્યૂ ઇન્ડિયા ઇન્સ્યુરન્સ કું. લિ. પાસે છે, જેઓ તેના રિન્યુઅલ માટે ઇન્ડિયન ઇન્સ્યુરન્સ કું. ઍસોસિયેશન પૂલ, મુંબઈનો સંપર્ક સાધવા જણાવે છે.

૪. યુનિવર્સિટીનાં રાચરચીલાં તેમ જ યુનિવર્સિટી લાયબ્રેરીનાં રાચરચીલાં અને પુસ્તકો માટે બર્ગલરીનો ઓરિયેન્ટ ફાયર અને જનરલ ઇન્સ્યુરન્સ કું. પાસે વીમાઓ છે. રૂા. ૭૫,૦૦૦નો ઑફિસનાં સાધનો માટે અને રૂા. ૮ લાખનો લાયબ્રેરીનાં પુસ્તકો વગેરે માટેના વીમાઓ છે, તેમ જ રૂા. ૨ લાખના વિજ્ઞાન વિદ્યાભવનનાં સાધનો માટે વીમાઓ છે.

૫. ફાઇટેલિટી ઇન્શ્યોરન્સ ઓરિયેન્ટલ ફાયર અને જનરલ ઇન્સ્યુરન્સ કું. પાસે છે.)

૭૨. યુનિવર્સિટીનાં પ્રકાશનો વેચવા માટે સોલ એજન્ટ કે એજન્ટો નીમવા વાસ્તે શરતો વગેરે વિચારવા બાબત.

૭૩. નીચે દર્શાવેલ કૉલેજોની સ્થાનિક તપાસસમિતિના સભ્ય પ્રિન્સિપલ કે. એલ. દેસાઈએ નાદુરસ્ત તબિયતને કારણે અશક્તિ દર્શાવી હોવાથી તેમની જગાએ ઉપકુલપતિશ્રીએ કરેલી નીચેની નિમણૂકોની નોંધ લેવા બાબત :

૧.	બીલીમોરા આર્ટ્સ અને સાયન્સ કૉલેજ	...	પ્રિ. એસ. આર. ભટ્ટ
૨.	ગુજરાત લો સોસાયટી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ	...	પ્રિ. અ. ક. ત્રિવેદી
૩.	પીપલ્સ ન્યૂ એજ્યુકેશન સોસાયટી આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ	...	પ્રિ. એન. એન. ભરૂચા

૭૪. ઍકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ અનુસાર બૉ. ૨૮૨-એ નીચે મુજબ વંચાય તે રીતે સુધારવા અંગે વિચારણા કરવા બાબત :

Ordinance 282-A :

For the purposes of approved appointments under N.B. below, Ordinance 65-K(6) and under Ordinance 282(*iii*) and Ordinance 295 (*iii*) and also for the purposes of approved appointments for the prosecution of Diploma Courses under Ordinances 300, 358, 359, 360, 361 and 362, etc., it will be competent for an affiliated college or a recognised Institution in the Faculty of Medicine to utilise (1) an ancillary non-teaching hospital or a medical institution

in the case of medical subjects, or (2) an affiliated college or a recognised Institution in the case of subjects of Pure Science, after obtaining prior approval of the University in the manner stated herebelow :

An affiliated college or a recognised Institution in the Faculty of Medicine may apply for approval of a hospital or an institution or a college, as mentioned in paragraph 1 above, by addressing an application to the Registrar. The Registrar shall, thereupon, consult the Dean of the Faculty of Medicine and obtain relevant information in respect of the application. The application, together with the information thus obtained, shall be placed before the Faculty of Medicine for consideration, and the Faculty shall make such recommendation to the Syndicate as it thinks fit in that behalf. The decision of the Syndicate on the recommendation of the Faculty of Medicine shall be final.

The College or the recognised Institution in the Faculty of Medicine shall keep a list of such approved Institutions for the guidance of duly registered post-graduate students.

It shall be the duty of the College or the recognised Institution concerned to ensure that the position regarding the staff and the facilities on the basis of which the approval of the Syndicate has been earned, shall continue so long as there is any post-graduate student continuing his studies through such approved institutions. It shall also be the duty of the College or the Institution concerned to get all changes in staff and facilities that subsequently occur in such approved institution, approved by the Syndicate, provided that the period during which such approval of the Syndicate has not been obtained shall not be counted towards the requirement of minimum attendance by the post-graduate student concerned.

In the event of any doubt or dispute regarding the approval of the hospital, or the college or the institution as the case may be and regarding attendance of the Post-graduate students concerned, the decision of the Vice-Chancellor shall be final.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, ઑર્ડિનન્સ ૨૮૨-એ ઉપર મુજબ વંચાય તે રીતે સુધારવા સિન્ડિકેટને ભલામણ કરવી."

૬૫. મેડિકલ ફેકલ્ટીની તા. ૧૩/૧૪-૪-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષા અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી જે અહેવાલ આવે તે ફેકલ્ટીની સભા સમક્ષ વિચારણા માટે મૂકવા કે કેમ તે અંગે વિચારવામાં આવ્યું. લંબાણ ચર્ચાવિચારણા બાદ ઠરાવવામાં આવ્યું કે :

૧. એમ.ડી. અને એમ.એસ.ની પરીક્ષા અંગે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી જે અહેવાલ આવે તે ફેકલ્ટીના ડીન તથા માન્ય સંસ્થાઓના વડાઓને તેમની જાણ તથા અભિપ્રાય સારુ મોકલી આપવા.

૨. ફેકલ્ટીના ડીન તથા માન્ય સંસ્થાઓના વડાઓ તરફથી આવેલા અભિપ્રાયો સાથે મેડિકલ કાઉન્સિલ ઑફ ઇન્ડિયા તરફથી આવેલા અહેવાલ ફેકલ્ટીની સભા સમક્ષ વિચારણા માટે રજૂ કરવા અને જો તે બાબત તાત્કાલિક અગત્યની હોય તો ફેકલ્ટીના ડીન કાઉન્સિલના સેક્રેટરી સાથે પત્રવ્યવહાર કરે અને ત્યાર પછી મંજૂર અહેવાલ તથા અભિપ્રાય ફેકલ્ટી સમક્ષ વિચારણા માટે રજૂ કરવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, એમ.ડી. ઑપ્થેલ્મોલોજી માટે મેડિકલ કાઉન્સિલ તરફથી મુલાકાતીઓ સંસ્થાની મુલાકાત માટે કઈ તારીખે આવે તે માટે સંસ્થાના વડાઓ ઘટતો પત્ર-વ્યવહાર કરી લે તેમ સંસ્થાઓને યુનિવર્સિટી કાર્યાલયે જણાવવું.

ઉપર મુજબની ભલામણ સિન્ડિકેટને કરવામાં આવે છે."

૬૬. આ યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો સીનિયર તેમ જ જુનિયર સુપરવાઇઝરોની નિમણૂકો તેમ જ મહેનતાણાના દરો અને આકસ્મિક ખર્ચા અંગેના નિયમો અને ધારાધોરણો ઘડવા સિન્ડિકેટે તેની તા. ૧૮-૪-૧૯૬૦ની સભામાં બાબત નં. ૧૦થી સમિતિ નીમી હતી તે સમિતિની ભલામણ પર વિચારણા કરવા બાબત.

૬૭. તા. ૧-૧૦-૧૯૬૦ની સિન્ડિકેટમાં મંજૂર થયેલ ઑ. ૧૩૯, ૧૪૧-એ અને ૧૪૧-બીનો અમલ કયારથી કરવો તે અંગે વિચારણા કરવા બાબત.

૧. ઑર્ડિનન્સ ૧૩૯ સુધારવામાં આવ્યો છે.

ગુજરાત યુનિવર્સિટી હેન્ડ-બુક, ભાગ ૨ (૧૯૫૮)ના પાના નં. ૧૯૪ ઉપર ઑ. ૧૩૯નો પાઠ આપવામાં આવ્યો છે.

સુધારેલો ઑર્ડિનાન્સ તાત્કાલિક એટલે કે તા. ૧-૧૦-૧૯૬૦થી અમલમાં આવે છે.

સુધારેલો ઑ. ૧૩૯નો પાઠ નીચે મુજબ વંચાશે :

Ordinance 139 :

1. Where a candidate in a University examination other than the Entrance Examination fails in only one head of passing by not more than 2 marks where total of that head of passing is less than 100, by not more than 3 marks where the total of that head of passing is 100, or by not more than 4 marks where the total of that head of passing is more than 100 but not more than 200, or by not more than 2 per cent of the total of the heading of passing where the total is more than 200, such failure shall be condoned subject to the maximum 8 marks. A candidate whose failure is condoned under this Ordinance, shall be eligible for classes in the same way as other successful candidates, but not for scholarships or other awards. For the purpose of condonation, ½ mark or more than ½ mark shall be counted as 1. The condonation so made shall not count for any kind of total, whether it is a group total or a grand total.

2. Provided always that if a candidate fails only in one head of passing which is included in a group-total, as distinct from the grand total, and fails also in the said group-total, he shall be entitled to the benefit of condonation in the said head of passing as well as in the said group-total, subject to the maximum condonation permissible for such head and such group-total, as the case may be, in accordance with para 1 above, and further provided that the total number of grace marks to be distributed between the said head of passing and the said group total taken together does not exeed 2 per cent of the said group total.

3. Notwithstanding what is stated above, if the standard of passing in the different subjects at the examination is 5% or more, condonation to the extent mentioned above may be given in not more than 3 subjects for the purpose of passing or exemption, as the case may be, in that subject or subjects.

Explanation.— The expresssion "head of passing" shall be deemed to include the grand total of marks in an examination where

a candidate is required to obtain a certain higher percentage in the total marks in order to be declared successful as in the case of Law and Engineering Examinations.

4. No condonation will be allowed if a candidate fails in two distinct heads of passing or even if he fails in one head of passing as well as in the grand total which requires a certain higher percentage for passing the examination.

૨. ઑર્ડિનન્સ ૧૪૧ને નવો ક્રમાંક ૧૪૧–એ આપવામાં આવ્યો છે અને ઑર્ડિનન્સ ૧૪૧–બી નવો ઉમેરવામાં આવ્યો છે.

(ગુજરાત યુનિવર્સિટી હૅન્ડ-બુક, ભાગ ૨ (૧૯૫૮)ના પાના નંબર ૧૬૫ ઉપર આપવામાં આવેલ ઑ. ૧૪૧ને નવો ક્રમાંક ૧૪૧–એ આપવામાં આવ્યો છે અને ઑ. ૧૪૧–બી નવો ઉમેરવામાં આવ્યો છે.)

ઑ. ૧૪૧-એ અને ૧૪૧-બી નીચે મુજબ છે અને તે તાત્કાલિક અમલમાં આવે છે :

Ordinance 141-A :

Where the failure of a candidate in one head of passing is by more than 10 marks and the total number of marks obtained by the candidate exceed the required minimum number of marks for passing by 10% of the total marks obtainable in all the papers taken together, his case shall be placed for consideration before an ad-hoc committee to be appointed by the Vice-Chancellor's decision on the Committee's recommendation shall be final.

Ordinance 141-B :

If a candidate fails in one head of passing which is included in another head of passing and also fails in that group head at a University examination, but is otherwise eligible, in view of his total, for being placed in the First Class according to University rules, but whose failure is not covered by any of the foregoing Ordinances, viz., O. 139, O. 140 and O. 141 (*a*), his case shall be referred to the ad-hoc committee mentioned in O. 141 (*a*) above, and the Vice-Chancellor's decision on the committee's recommendation shall be final.

૭૮. શ્રી. જયવદન પરીખને ફર્સ્ટ ઇયર (પ્રી-યુનિવર્સિટી) આર્ટ્સ એક્સ્ટર્નલ પરીક્ષામાં નામ નોંધાવવા માટે પરવાનગી આપવા વિચારણા કરવા બાબત.

(નોંધ.—શ્રી. જયવદન પરીખ એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સમાં પ્રથમ વર્ષમાં અભ્યાસ કરવા માટે ચાલુ વર્ષે જોડાયા તે પછી તાજેતરમાં તેમના પિતા ગુજરી ગયા હોવાથી અભ્યાસ પડતો મૂકી એક્સ્ટર્નલ વિદ્યાર્થી તરીકે ભણવા ઇચ્છા રાખે છે.)

૭૬. ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ્સ કઢાવવાની મુદત તારીખ ૩૧-૧૨-૧૯૬૦ સુધી લંબાવવા અંગે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સુમારે ૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ હજુ સુધી ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ કઢાવી લીધાં નથી. વિદ્યાર્થીઓએ ફાઇનલ એલિજિબિલિટી સર્ટિફિકેટ્સ ઓ. ૭૦ મુજબ નવું સત્ર શરૂ થાય તે પહેલાં કઢાવી લેવાં આવશ્યક છે.)

૮૦. સિન્ડિકેટે પ્રી-યુનિ. વર્ગના ભાષાના વિષયોમાં પસંદ કરેલા પાઠોના ગદ્યપદ્ય-સંગ્રહો (Selections) તૈયાર કરવા માટે જુદી જુદી સમિતિઓ નીમી છે તે અનુસાર યુનિ. કાર્યાલયનાં નીચેનાં સૂચનો (જાણ સારુ):

૧. જે તે વિષયની અભ્યાસસમિતિના ચેરમૅનને તે વિષય માટેની સમિતિના કન્વીનર તરીકે નીમવા.

૨. આ દરેક સમિતિને કામ કરવા માટે વહીવટી મદદ અને કન્ટિન્જન્સી ખર્ચ માટે રૂા. ૧૦૦ જેટલી રકમ હાલ તુરત આપવાનું રાખવું.

(નોંધ.—ગદ્યપદ્યસંગ્રહો તૈયાર કરવા માટે નીચેના વિષયોમાં સમિતિઓ નીમવામાં આવી છે:

(૧) ગુજરાતી,
(૨) હિંદી,
(૩) સંસ્કૃત,
(૪) અંગ્રેજી,
(૫) પાકૃત-પાલિ.

૮૧. ઉત્તર પ્રદેશ માધ્યમિક શિક્ષક સંઘના આમંત્રણને માન આપીને ઑલ-ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ એસોસિયેશને અખિલ ભારતીય શૈક્ષણિક પરિષદનું ૩૫મું અધિવેશન કાનપુર મુકામે તા. ૨૭થી ૩૧ ડિસેમ્બર, ૧૯૬૦ દરમિયાન યોજવાનું નક્કી કરેલ હોઈ આ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા વાસ્તે "ઑલ-ઇન્ડિયા ફેડરેશન ઑફ એજ્યુકેશનલ એસોસિયેશનના સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૩૦-૧૦-૧૯૬૦ના પત્રાંક ૮૧૨ ઉપર વિચારણા કરવા બાબત.

૮૨. ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગરને બી.એસસી. ગણિતશાસ્ત્ર (મુખ્ય) તથા ભૌતિકશાસ્ત્ર (ગૌણ)ના વિષયોમાં જૂન ૧૯૬૦થી ચાલુ જોડાણ આપવા માટે સેનેટે મૂકેલી શરતોના પરિપાલન અંગે મજકૂર કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. ગણિતશાસ્ત્ર માટે પ્રાધ્યાપક તથા ભૌતિકશાસ્ત્ર માટે ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવા માટે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશનને આચાર્યશ્રીએ જણાવ્યું છે.

૨. યુનિ.એ નક્કી કરેલ પગારધોરણ સ્વીકારવાનો પ્રશ્ન વિચારણા હેઠળ છે એમ આચાર્યશ્રી જણાવે છે.)

૮૩. નીચેના વિદ્યાર્થીઓ તરફથી તેઓનાં નામ સામે જણાવેલ વિષય તથા પદવી માટે આવેલ મહાનિબંધો અંગે રેફરીઓના રિપોર્ટોને અનુલક્ષીને તેઓને તે પદવી માટે પાત્ર નીવડેલા જાહેર કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

ક્રમાંક	વિદ્યાર્થીનું નામ	વિષય	પદવી
૧.	શ્રીમતી શાહ ઉર્મિલા જેસિંગભાઈ	મનોવિજ્ઞાન	એમ.એ.
૨.	શ્રી. પઠાણ પીરમહંમદ રજાખાન	રસાયણવિજ્ઞાન	એમ.એસસી.
૩.	શ્રી. ખરીદિયા સુરેશ પોપટલાલ	રસાયણવિજ્ઞાન	એમ.એસસી.
૪.	શ્રી. નારાયણ સુબ્રહ્મણિયમ્	માયક્રોબાયોલોજી	એમ.એસસી.

૮૪. સંલગ્ન સરકારી કૉલેજોમાં યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ અમલમાં મૂકવા સંબંધી ગુજરાત રાજ્યના શિક્ષણ ખાતાના ઉપસચિવ તરફથી આવેલ તા. ૨૫-૧૦-૧૯૬૦ના પત્રાંક યુ. જી. એફ. ૪૬૬૦-બી-૨૬૮૮૧ પરત્વે વિચારણા કરવા બાબત.

૮૫. નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદરને ઇન્ટર કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫-૬-૧૯૬૦થી ચાલુ જોડાણ આપવા અંગે આચાર્યશ્રીની માગણી પરત્વે વિચારણા કરવા બાબત.

૮૬. શ્રી. ધનંજય ટી. આઝાએ તેમના પુત્રના પરિણામ અંગે ગુજરાત હાઇકોર્ટમાં દાખલ કરેલ રિટ અરજી અંગે યુનિવર્સિટીના વકીલ તરીકે શ્રી. હરિપ્રસાદ ઠાકોરને રોકવા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત.

૮૭. યુનિવર્સિટી પ્રિન્ટિંગ પ્રેસ માટે રૂા. ૧,૨૦,૬૬૭ની નૉન-રિકરિંગ ગ્રાન્ટ મંજૂર કરતા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૬૫-૧૦-૬૦ (એચ.) તા. ૨૭-૧૦-૧૯૬૦ની નોંધ લેવા બાબત.

(નોંધ.—યુનિવર્સિટી મુદ્રણાલયના વિકાસ અંગેની યોજના ઉપકુલપતિશ્રીના આદેશ મુજબ રૂ. ૨,૦૦,૦૦૦ મકાન માટે તથા રૂ. ૧,૪૧,૦૦૦ યંત્રસામગ્રી તથા રૂ. ૬,૦૦૦ ફર્નિચરના થઈને રૂ. ૩,૪૭,૦૦૦ની યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનને મોકલી આપવામાં આવી હતી. સિન્ડિકેટે મુદ્રણાલયના મકાન માટે રૂ. ૧,૯૮,૦૦૦નો ખર્ચ મંજૂર કરેલ છે. ૧૯૬૦-૬૧ના અંદાજ પત્રમાં યંત્રસામગ્રી માટે રૂ. ૭૫,૦૦૦નો અંદાજ છે. એટલે બાકીની રકમ રૂ. ૬૬,૦૦૦નો ખર્ચ યુનિવર્સિટીએ મંજૂર કરવાનો રહે છે.)

૮૮. તા. ૨૨-૯-૧૯૬૦ના રોજની બૉર્ડ ઑફ સ્પૉર્ટ્સની નીચેની ભલામણ :

"૫. આથી ઠરાવવામાં આવે છે કે, આંતર-યુનિવર્સિટી ક્રિકેટ હરીફાઈના સંચાલન માટે જરૂરી ઉપસમિતિઓ નીમવાની તથા વધુમાં જરૂરી સંખ્યામાં સભ્યો કૉ-ઑપ્ટ કરવાની સત્તા સહિત નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવાની આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

(૧) ઉપકુલપતિશ્રી,
(૨) પ્રિન્સિ. ડૉ. જી. કે. કરંદીકર, ચેરમેન, બૉર્ડ ઑફ સ્પોર્ટ્સ,
(૩) પ્રિન્સિ. ડૉ. વાય. જી. નાયક,
(૪) પ્રિન્સિ. કે. બી. વ્યાસ,
(૫) પ્રિન્સિ. એ. આર. દેસાઈ,
(૬) પ્રિન્સિ. એસ. એસ. બક્ષી,
(૭) પ્રિન્સિ. એચ. એસ. સંઘવી,
(૮) શ્રી. છગનભાઈ પી. પટેલ,
(૯) શ્રી. રતિલાલ કે. પટેલ,
(૧૦) શ્રી. જુગલકિશોર મિસ્ત્રી,
(૧૧) શ્રી. ચિનુભાઈ પી. શાહ,
(૧૨) શ્રી. વી. પી. મહેતા,
(૧૩) શ્રી. જિતેન્દ્ર ઠાકોર,
(૧૪) શ્રી. ઉદયન ચિનુભાઈ,
(૧૫) શ્રી. મુનશા.

૬. આથી ઠરાવવામાં આવે છે કે, વધારાના રૂ. ૩,૦૦૦ની રકમની ફાળવણી નીચે પ્રમાણે કરવી :

અમદાવાદ વિભાગ	...	રૂ. ૬૦૦
પશ્ચિમ વિભાગ	...	રૂ. ૯૦૦
ઉત્તર-દક્ષિણ	...	રૂ. ૧,૦૦૦
આંતર-યુનિ. ક્રિકેટના અને વધેલી રમતોના વધારાના કામ માટે નિયુક્ત કરેલા કામ-ચલાઉ મદદનીશ ક્લાર્કના પગારના માસિક રૂ. ૧૦૦ પ્રમાણે સપ્ટેમ્બર ૧૯૬૦થી જાન્યુઆરી ૧૯૬૧ સુધીના	...	રૂ. ૫૦૦
	કુલ	રૂ. ૩,૦૦૦

ઉપર પ્રમાણે થતાં અમદાવાદ વિભાગને કુલ	...	રૂા.	૩,૬૦૦
પશ્ચિમ ,, ,,	...	રૂા.	૪,૮૦૦
ઉત્તર-દક્ષિણ ,, ,,	...	રૂા.	૪,૮૦૦
		રૂા.	૧૩,૫૦૦
વધારાના ક્લાર્કના પગારના	...	રૂા.	૫૦૦
		રૂા.	૧૪,૦૦૦

વધુમાં ઉપર પ્રમાણેની વહેંચણીને મંજૂર કરવા માટે આ બૉર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે."

૮૯. મેથેમેટિક્સ અને સ્ટેટિસ્ટિક્સની અભ્યાસસમિતિની તા. ૯-૬-૧૯૬૦ની સભાની નીચેની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"There should not be separate Board of Paper-setters for two optional papers of Statistics at B.Sc. (Prin.), but the Paper-setters and Examiners in Statistics should be included in the Board of Paper-setters and Examiners of Mathematics."

૯૦. બૉટેનીની અભ્યાસસમિતિની તા. ૧૦-૬-૧૯૬૦ની સભાની ભલામણ ઉપર વિચારણા કરવા બાબત :

"એમ.એસસી. બૉટેનીની પરીક્ષામાં અભ્યાસક્રમ પ્રમાણે પાંચ પ્રશ્નપત્રો અને પાંચ પ્રાયોગિક પરીક્ષાઓ છે. આ પાંચ પ્રશ્નપત્રો અને પાંચ પ્રાયોગિક પરીક્ષામાં બૉટેનીના જુદા જુદા અનેક વિષયો આવતા હોવાથી એ અત્યંત જરૂરી છે કે આ પરીક્ષામાં પરીક્ષકો નીમતી વખતે અભ્યાસક્રમના જુદા જુદા વિષયોના નિષ્ણાતોનું પ્રતિનિધિત્વ રાખવું જોઈએ. આથી આવી ભલામણ કરવામાં આવે છે કે, સાયન્સના બીજા વિષયોની માફક એમ.એસસી. બૉટેનીની પરીક્ષા માટે ૪ પરીક્ષકો નીમવા જોઈએ, જેમાંના બે ઇન્ટર્નલ અને બે એક્સ્ટર્નલ રાખવા જોઈએ."

૯૧. બ્રિટિશ કાઉન્સિલ તરફથી ઓસ્માનિયા યુનિ.ના આશ્રયે, હૈદરાબાદ મુકામે અંગ્રેજી-સાહિત્ય-સંવિવાદ (English Literature Seminar) આગામી ડિસેમ્બરની તા. ૧૫થી ૨૪ દરમિયાન યોજનાર હોઈ આ સંવિવાદમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા બ્રિટિશ કાઉન્સિલ તરફથી આવેલ તા. ૩૧-૧૦-૧૯૬૦ના પત્રાંક BOM/૬૦૩ ૨-ડી ઉપર વિચારણા કરવા બાબત.

૯૨. સંગીત, નૃત્ય, નાટક વગેરેના ડિપ્લોમાના અભ્યાસક્રમો શીખવવા માટે જોડાણ આપવા અંગે આવેલી અરજીઓ પરત્વે ઉપકુલપતિશ્રીએ તૈયાર કરેલી નોંધ પરત્વે વિચારણા કરવા બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૧-૧૦-૧૯૬૦ની બેઠકમાં સદરહુ ડિપ્લોમા જોડાણ અંગે કાયદેસરના બાધની ખાતરી કરી લેવા ઉપકુલપતિશ્રીને વિનંતી કરેલી.)

૯૩. પરીક્ષાનાં પરિણામો તૈયાર કરવાનું કામકાજ યંત્રોથી કરવા માટે આઈ. સી. ટી. કંપની સાથે ઓર્ડરો મૂકવામાં આવ્યા છે, પરંતુ તે પરદેશથી આયાત કરવાનાં હોવાથી તે આવતાં સમય લાગશે તો વચગાળાના સમય માટે જૂનાં યંત્રો કામચલાઉ ધોરણે માસિક રૂ. ૩,૪૭૩·૦૦ના ભાડાથી તથા તે યંત્રો આપણી જરૂરિયાત પ્રમાણે બનાવવા માટે અર્ચના રૂ. ૯૩૯૦·૦૦ જણાવતા તેમના તા. ૨૬-૧૦-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત.

૯૪. આઈ. સી. ટી. કંપની પાસેથી ૩ સ્વયંસંચાલિત "પંચીઝ" તથા ૩ સ્વયંસંચાલિત "બોર્ડ વેરિફાયર્સ" ભાડે રાખવાં કે ખરીદવાં તે અંગે વિચારણા કરવા બાબત.

આ યંત્રોની ખરીદકિંમત તથા સર્વિસ ચાર્જીસ અને માસિક ભાડાની રકમ નીચે પ્રમાણે છે:

	ખરીદ કિંમત		માસિક ભાડું
	ખરીદ કિંમત	સર્વિસ ચાર્જીસ	
Three Type 7/29/3 Programme Board Punches	રૂા. ૨૬,૨૬૫	૧૧૮·૫૦	રૂ. ૫૪૦
Three Type 7/129/3 Programme Board Verifiers.	૩૧,૯૫૦	૧૪૭·૦૦	રૂ. ૬૪૫

૯૫. માર્ચ-એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ પ્રથમ વર્ષ (પ્રી-યુનિવર્સિટી) વિજ્ઞાનની પરીક્ષામાં બેઠલ વિદ્યાર્થી નં. ૩૨૫ નામે શ્રી. ધનંજય ટી. ઓઝા તરફથી તેમને યુનિ.ના ઑર્ડિનન્સ ૧૪૧નો લાભ આપવા અંગે આવેલ અરજી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—સદરહુ વિદ્યાર્થી ભાષાકીય જૂથના હિંદી-ગુજરાતીના વિષયમાં તેમ જ ભાષાકીય જૂથના સરવાળામાં નાપાસ થાય છે એટલે એ "બે હેડ ઑફ પાસિંગ"માં નાપાસ થતો હોવાથી ઑ. ૧૪૧નો લાભ આપવામાં આવ્યો નથી.)

નં. સિં./૧૩૭૬૩૪-૪૬/૧૯૬૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
૨૬મી નવેંબર, ૧૯૬૦.
માર્ગશીર્ષ ૫, ૧૮૮૨ (શક).

ક. ચ. પરીખ,
મહામાત્ર.

પરિશિષ્ટ "ક"
ફાજલ ઠરાવ નંબર ૩

Ordinance 62-D :

The following shall constitute one-man committees and be empowered to sanction all expenditure upto the monetary limit mentioned against them on behalf of the Syndicate :

(1) A Committee consisting of only the Vice-Chancellor to sanction all expenditure pertaining to the University office including the Chief Medical Officer's and the Director of Physical Education's offices, library and University Departments upto a limit of Rs. 1,000·00;

(2) A Committee consisting only of the Registrar to sanction all expenditure pertaining to the University office and library upto Rs. 200·00;

(3) A Committee consisting only of the Dy. Registrar to sanction all expenditure pertaining to the University office upto Rs. 50·00;

(4) A Committee consisting only of the Librarian to sanction all expenditure pertaining to the Library upto Rs. 50·00;

(5) A Committee consisting only of the Director of the University School of Social Sciences to sanction all expenditure pertaining to that School upto Rs. 200·00;

(6) A Committee consisting only of the Director, University School of Gujarati Language and Literature to sanction all expenditure pertaining to that School upto Rs. 200·00;

(7) A Committee consisting only of the Director, University School of Psychology, to sanction all expenditure pertaining to that School upto Rs. 200·00;

(8) A Committee consisting only of the Director, University School of Sciences, to sanction all expenditure pertaining to that School upto Rs. 200·00;

(9) A Committee consisting of the person in charge of each Department of the University School of Sciences to sanction all expenditure pertaining to his Department upto Rs. 100·00.

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૭

સિં. અધ્યા. નં. ૦૩૨૮૨૪-૩૧/૧૯૬૦.
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૪-૧૦-૧૯૬૦.

સંલગ્ન કૉલેજોના તથા માન્ય સંસ્થાઓના અધ્યાપક વર્ગમાં થતા ફેરફારો ઉપર વિચારણા કરી અહેવાલ રજૂ કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની ઓગણીસમી બેઠક તા. ૧૯-૯-૧૯૬૦ના રોજ સાંજના ૪-૦૦ વાગ્યે ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયમાં કાર્યકારી ઉપકુલપતિ શ્રી. એસ. વી. દેસાઈના પ્રમુખપદે મળી હતી, જેમાં હાજરી નીચે પ્રમાણે હતી :

૧. પ્રિન્સિપલ એસ. વી. દેસાઈ, કાર્યકારી ઉપકુલપતિ	હાજર
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ	હાજર
૩. પ્રિન્સિપલ વાય. જી. નાયક	હાજર
૪. પ્રિન્સિપલ વલ્લભરામ વૈદ્ય	હાજર
૫. શ્રી. એમ. સી. દેસાઈ	ગેરહાજર
૬. શ્રી. ટી. એ. દેસાઈ	ગેરહાજર
૭. શ્રી. હિંમતલાલ પી. શુકલ	ગેરહાજર
૮. ડૉ. એમ. ડી. પટેલ	ગેરહાજર

૧. તા. ૧૨-૪-૧૯૬૦ના રોજ મળેલી ૧૮મી બેઠકના કામકાજની નોંધને બહાલી આપવા બાબત.

તા. ૧૨-૪-૧૯૬૦ના રોજ મળેલી ૧૮મી બેઠકના કામકાજની નોંધને બહાલી આપી અને તેના ઉપર કાર્યકારી ઉપકુલપતિશ્રીએ સહી કરી.

૨. તા. ૧૨-૪-૧૯૬૦ના રોજ મળેલી સમિતિની બેઠકમાં ઠરાવ્યા મુજબ એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગરના આચાર્યશ્રી તરફથી મગાવ્યા પ્રમાણે આવેલી વધુ માહિતી પરત્વે વિચારણા કરવા બાબત :

શિક્ષકનું નામ	જગા	કયા વિષય શીખવ્યા	સમય
ડૉ. બી. કે. મહાજન	૧. કે. ઈ. મેડિકલ કૉલેજ, લાહોર.	ઍનેટોમી	ઑક્ટોબર-'૪૪થી ડિસેમ્બર-'૪૪
	૨. ટ્રેનિંગ હેલ્થ યુનિવર્સિટી, પાલાધર.	પબ્લિક હેલ્થ ઓરિયેન્ટેશન પી.એચ.ના બધા વિષયો	નવેમ્બર-'૫૬થી જુલાઈ / '૫૮

શિક્ષકનું નામ	જગા	કયા વિષય શીખવ્યા	સમય
	૩. ડેપ્યુ. ડાયરેક્ટર, પબ્લિક હેલ્થ સર્વિસીઝ, અમદાવાદ ડિવિઝન.	પબ્લિક હેલ્થ અને પી.એચ. ઓરિયેન્ટેશન	જુલાઈ-'૫૮થી જૂન-'૬૦.
	૪. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર.	પ્રિવેન્ટિવ અને સોશિયલ મેડિસિન	ફેબ્રુઆરી-'૬૦થી આજ સુધી.

ઉપર દર્શાવેલી નિમણૂક માન્ય ન કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. ડૉ. ગીતાબેન જોષીને ગૃહવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે લાયક ગણવા અંગે પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ હેવાલ ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓએ એમ.બી.બી એસ.ની પરીક્ષા ગુજરાત યુનિવર્સિટીમાંથી પસાર કરી છે.)

ડૉ. ગીતાબેન જોષીની લેકચરર ઇન હોમ સાયન્સ તરીકેની નિમણૂક ફક્ત તબીબી વિષયો શીખવવા પૂરતી જ માન્ય કરવામાં આવે છે એમ આચાર્યશ્રીને જણાવવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. પ્રો. બી. જી. દેસાઈને તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે લાયક ગણવા અંગે વલસાડ કૉલેજના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓએ બી.એ. પ્રથમ વર્ગથી તથા એમ.એ. પાસ વર્ગથી તત્ત્વજ્ઞાનના વિષય સાથે પસાર કરી છે. તદુપરાંત ૧૨ વર્ષનો પ્રાધ્યાપક તરીકેનો અનુભવ ધરાવે છે.)

પ્રો. બી. જી. દેસાઈને તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા અંગેની વલસાડ કૉલેજના આચાર્યશ્રીની વિનંતી માન્ય કરવાની સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. શ્રી. કે. એન આયરને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે લાયક ગણવા અંગે એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારીના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—તેઓ બી.એ. અંગ્રેજી સાથે ૪૪ ટકા ગુણ મેળવીને તથા એમ.એ. અંગ્રેજી સાથે બીજા વર્ગથી પસાર કરી છે. તે ઉપરાંત ૧૫ વર્ષનો સ્ટેટ્યુટરી યુનિવર્સિટીમાં શૈક્ષણિક અનુભવ છે.)

પ્રો. કે. એન. આયરને અંગ્રેજીના પ્રાધ્યાપક તરીકે માન્ય કરવા અંગેની નવસારી કૉલેજના આચાર્યશ્રીની વિનંતી માન્ય કરવાની સિન્ડિકેટને ભલામણ કરવી.

૬. આ સાથે નીચે જણાવેલ કૉલેજોમાં અધ્યાપકગણમાં થયેલ ફેરફાર ઉપર વિચારણા કરવા બાબત :

પરિશિષ્ટ "અ"

૧. એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ;
૨. આર્ટ્સ કૉલેજ, ડભોઈ;
૩. એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ;
૪. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર;

૫. આર. આર. લાલન કૉલેજ, ભૂજ;
૬. પી. ડી. એમ કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ;
૭. બી. જે. ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ;
૮. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ;
૯. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ.

પરિશિષ્ટ "બ"

૧૦. એમ. એન. કૉલેજ, વિસનગર;
૧૧. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર;
૧૨. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત;
૧૩. સાર્વજનિક લૉ કૉલેજ, સુરત;
૧૪. બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ;
૧૫. પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ;
૧૬. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ;
૧૭. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯;
૧૮. આર. આર. લાલન કૉલેજ, ભૂજ;
૧૯. ડી. જી. મહાવિદ્યાલય, અલિયાબાડા;
૨૦. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ;
૨૧. ગુજરાત કૉલેજ, અમદાવાદ-૬;
૨૨. નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર;
૨૩. એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર;
૨૪. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર;
૨૫. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.

પરિશિષ્ટ "ક"

૨૬. બી. ડી. કૉલેજ, અમદાવાદ;
૨૭. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ-૯;
૨૮. શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ અને સાય-સ કૉલેજ, અમદાવાદ;
૨૯. સેન્ટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ-૯;
૩૦. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી;
૩૧. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, ભરૂચ;
૩૨. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત;
૩૩. પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ;
૩૪. મહિલા કૉલેજ, પોરબંદર;
૩૫. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ;

૩૬. સર કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત;
૩૭. ડી. કે. વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, જામનગર;
૩૮. સિટી લૉ કૉલેજ, અમદાવાદ;
૩૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ;
૪૦. એમ. એન. કૉલેજ, વિસનગર;
૪૧. એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.

૬. (અ) નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂકને માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

	કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૧.	એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદ.	...	શ્રી. સી. કે. અંકુરવાલા — વ્યાખ્યાતા
૨.	આર્ટ્સ કૉલેજ, ડભોઈ.	...	શ્રી. કે. આઈ. પટેલ — અંગ્રેજીના વ્યાખ્યાતા
૩.	એચ. એલ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ-૯.	...	૧. શ્રી. ટી. જે. રાણા — વાણિજ્યના વ્યાખ્યાતા ૨. શ્રી. ડી. સી. દેસાઈ — ગુજરાતીના વ્યાખ્યાતા ૩. શ્રી. એ. એ. કુરેશી — અંગ્રેજીના ટ્યુટર ૪. શ્રી. પી. એમ. નારિયેલવાલા — અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
૪.	આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર.	...	૧. શ્રી. આર. ટી. દેવપુરકર — એજ્યુકેશનના વ્યાખ્યાતા ૨. શ્રી. એચ. ઈ. હકીમ — પ્રાધ્યાપક
૫.	આર. આર. લાલન કૉલેજ, ભુજ.	...	૧. શ્રી. કે. સી. જાની — ગુજરાતીના પ્રાધ્યાપક (યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ આપવા અંગે ધ્યાન દોરવું.) ૨. શ્રી. કે. એસ. શાસ્ત્રી — સંસ્કૃતના વ્યાખ્યાતા
૬.	પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ.	...	શ્રી. જે. એમ. શાહ — ગણિત અને આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા.
૭.	શ્રી. જે. ઇન્સ્ટિટ્યૂટ ઑફ લર્નિંગ એન્ડ રિચર્સ, અમદાવાદ.	...	શ્રી. જી. એન. શુકલ — સંસ્કૃતના વ્યાખ્યાતા (પાર્ટ-ટાઇમ)
૮.	શ્રી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	...	૧. ડૉ. પી. એલ. દેસાઈ — લેકચરર ૨. ડૉ. શ્રી. એન. મઝમુદાર — ફિઝિયોલોજીના વ્યાખ્યાતા ૩. ડૉ. આર. શ્રી. ડૉક્ટર — ફાર્માકોલોજીના વ્યાખ્યાતા

૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.	...	૧. શ્રી. ડી. એમ. માસ્ટર — ગુજરાતીના વ્યાખ્યાતા ૨. શ્રી. બી. એ. પટેલ — ગણિતના વ્યાખ્યાતા ૩. શ્રી. એમ. પી. પંડ્યા — અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૪. શ્રી. એન. જે. દેસાઈ — રસાયણુશાસ્ત્રના વ્યાખ્યાતા ૫. શ્રી. સી. સી. પટેલ — ગણિતના વ્યાખ્યાતા
૧૦. એમ. એન. કૉલેજ, વિસનગર.	...	૧. શ્રી. આર. બી. શ્રીવાસ્તવ — અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા ૨. શ્રી. જી. કે. ગર્દે — અંગ્રેજીના વ્યાખ્યાતા ૩. શ્રી. જે. એન. અમીન — ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા
૧૧. શ્રી. એમ. પી. શાહ કૉલેજ, સુરેન્દ્રનગર.	...	૧. શ્રી. એમ. એમ. પટેલ — રસાયણુશાસ્ત્રના વ્યાખ્યાતા ૨. શ્રી. ડી. એ. પટેલ — ગણિતના વ્યાખ્યાતા ૩. શ્રી. જે. જી. પર્શાનિયા — બાયોલોજીના વ્યાખ્યાતા
૧૨. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત.	...	કુમારી બી. જી. કાવીના — અંગ્રેજીના વ્યાખ્યાતા
૧૩. સાર્વજનિક લૉ કૉલેજ, સુરત.	...	૧. પ્રૉ. પી. એલ. ગાંધી — લૉના પ્રાધ્યાપક (પાર્ટ-ટાઇમ) (યુનિવર્સિટીના નિયમ પ્રમાણે નિમણૂકની તારીખથી વેતન આપવું જોઈએ.) ૨. શ્રી. જી. યુ. પટેલ — લૉના વ્યાખ્યાતા (પાર્ટ-ટાઇમ) (યુનિવર્સિટીના નિયમ પ્રમાણે નિમણૂકની તારીખથી વેતન આપવું જોઈએ.)
૧૪. પાટણ આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, પાટણ.	...	૧. શ્રી. વી. જે. ચોકસી — અર્ધમાગધીના વ્યાખ્યાતા ૨. શ્રી. આર. ડી. શુકલ — સંસ્કૃતના વ્યાખ્યાતા ૩. શ્રી. જે. વી. પટેલ — ઇતિહાસના ટ્યુટર ૪. શ્રી. એમ. એસ. પટેલ — ગણિતના વ્યાખ્યાતા ૫. શ્રી. એમ. એમ. જોશી — તર્કશાસ્ત્ર અને મનોવિજ્ઞાનના ટ્યુટર ૬. શ્રી. બી. કે. ઠક્કર — અંગ્રેજીના ટ્યુટર ૭. શ્રી. રામચંદ્ર ગુપ્તા — ગણિતના વ્યાખ્યાતા ૮. શ્રી. ટી. એમ. દેસાઈ — હિન્દીના વ્યાખ્યાતા ૯. શ્રી. એમ. એન. સથાવાવવાલા — ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા ૧૦. શ્રી. કે. આર. પટેલ — બાયોલોજીના વ્યાખ્યાતા

૧૫. પ્રકાશ આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	...	૧. શ્રી. એસ. પી. કાપડિયા — સંસ્કૃતના વ્યાખ્યાતા (પાર્ટ-ટાઇમ) ૨. શ્રી. જે. બી. દવે — પુરા સમયના વ્યાયામ શિક્ષક જોઈએ અને નિમણૂકની તારીખથી યુનિવર્સિટી માન્ય વેતન આપવું જોઈએ. ૩. શ્રી. જે. સી. શુક્લ — હિન્દીના વ્યાખ્યાતા (પાર્ટ-ટાઇમ) ૪. શ્રી. સી. આર. શાહ — ઇતિહાસના વ્યાખ્યાતા ૫. શ્રી. જે. ડી. વાઘેલા — અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા ૬. શ્રી. એમ. એમ. મહેતા — સંસ્કૃતના પ્રાધ્યાપક ૭. કુ. સુમન કેલકર — હોમ સાયન્સના વ્યાખ્યાતા (યુનિવર્સિટીના નિયમ પ્રમાણે નિમણૂકની તારીખથી વેતન આપવું જોઈએ.)
૧૬. એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	...	૧. શ્રી. એલ. એસ. રામ — ડેમોન્સ્ટ્રેટર ૨. શ્રી. કે. જી. ભગત — હિન્દીના વ્યાખ્યાતા ૩. શ્રી. એમ. વી. પટેલ — ડેમોન્સ્ટ્રેટર ૪. શ્રી. આર. એમ. મહેતા — ગણિતના ટ્યુટર ૫. શ્રી. એન. વી. પંડ્યા — ભૌતિકશાસ્ત્રના ટ્યુટર ૬. શ્રી. વી. ડી. દવે — જિયોલોજી અને ભૂગોળના ટ્યુટર ૭. કુ. કે. ડી. દાંડેકર — બૉટેનીના વ્યાખ્યાતા ૮. શ્રી. આર. એસ. શાહ — કેમિસ્ટ્રીના ટ્યુટર ૯. શ્રીમતી એસ. એલ. દલાલ — કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા ૧૦. શ્રી. કે. પી. સોની — કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા ૧૧. શ્રી. પી. ટી. પટેલ — ઝૂલોજીના ટ્યુટર ૧૨. શ્રી. એમ. એસ. દુબલે — ઝૂલોજીના પ્રાધ્યાપક ૧૩. શ્રીમતી બી. ઈ. ક્રિસ્ટી — અંગ્રેજીના ટ્યુટર
૧૭. દરબાર ગોપાળદાસ મહાવિદ્યાલય, અલિયાબાડા	...	૧. શ્રી. એમ. એસ. પટેલ — ગુજરાતીના પ્રાધ્યાપક
૧૮. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	...	૧. શ્રી. એચ. જે. પંડ્યા — રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા ૨. શ્રી. બી. એલ. ભટ્ટ — ભૂગોળના વ્યાખ્યાતા ૩. કુ. આઈ. જે. વર્મા — અંગ્રેજીના વ્યાખ્યાતા
૧૯. ગુજરાત કૉલેજ, અમદાવાદ.	...	૧. શ્રી. જી. ડી. શર્મા — હિન્દીના વ્યાખ્યાતા ૨. શ્રી. ડી. એસ. નામજોષી — ઇતિહાસ-અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા

		૩. રો. બી. સી. દેસાઈ — અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૪. શ્રી. એમ. એન. કોરગાંવકર — ગણિતના પ્રાધ્યાપક ૫. શ્રી. એન. કે. સટ્ટા — સંસ્કૃતના વ્યાખ્યાતા ૬. શ્રીમતી એસ. એમ. ઉરેઝા — ઉર્દૂના વ્યાખ્યાતા ૭. શ્રી. એસ. ટી. રાજદેવ — તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા
૨૦.	નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર. ...	૧. શ્રી. બી. એમ. મૂલ્યે — અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૨. શ્રી. આર. એફ. ગોહિલ — અંગ્રેજીના વ્યાખ્યાતા
૨૧.	એમ. જે. કૉલેજ ઑફ કૉમર્સ, ભાવનગર. ...	૧. શ્રી. એસ. ડી. નારાયણ — બૅન્કિંગના પ્રાધ્યાપક ૨. શ્રી. વી. સી. શાહ — વાણિજ્યના પ્રાધ્યાપક
૨૨.	બી. ડી. કૉલેજ, અમદાવાદ. ...	૧. શ્રી. વી. બી. અધ્વર્યુ — ગુજરાતીના પ્રાધ્યાપક ૨. શ્રી. આર. એસ. નાયક — ગુજરાતીના વ્યાખ્યાતા ૩. શ્રી. જી. આર. મહેતા — ગુજરાતીના ટ્યુટર ૪. કુ. એ. એફ. દાવર — અંગ્રેજીના વ્યાખ્યાતા ૫. શ્રીમતી જે. જે. ઠાકોર — અંગ્રેજીના વ્યાખ્યાતા ૬. શ્રી. એ. આર. ત્રિપાઠી — હિન્દીના વ્યાખ્યાતા ૭. શ્રી. એસ. ટી. જોષી — ફક્ત સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા ૮. કુ. એ. એસ. શેઠ — અર્થશાસ્ત્રના ટ્યુટર ૯. શ્રીમતી હંસા પરીખ — ડેમોન્સ્ટ્રેટર ૧૦. શ્રી. આર. એમ. વ્યાસ — ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા
૨૩.	શ્રી. સ્વામિનારાયણ આર્ટ્સ એન્ડ સાયન્સ કૉલેજ, અમદાવાદ. ...	૧. શ્રી. ટી. એન. પટેલ — ગુજરાતીના વ્યાખ્યાતા ૨. કુ. લક્ષ્મી રાવ — અંગ્રેજીના પ્રાધ્યાપક ૩. શ્રી. પી. જે. તોલિયા — હિન્દીના વ્યાખ્યાતા ૪. શ્રી. એમ. જી. બોમ્બેવાલા — ઉર્દૂના વ્યાખ્યાતા ૫. શ્રી. વી. પી. શાહ — સમાજશાસ્ત્રના વ્યાખ્યાતા ૬. શ્રી. ડી. એચ. મહેતા — કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા ૭. શ્રી. એસ. એસ. મઝમુદાર — ફિઝિક્સના વ્યાખ્યાતા ૮. શ્રી. એ. બી. વ્યાસ — બાયોલોજીના વ્યાખ્યાતા ૯. શ્રી. પી. એસ. સત્પંથી — કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા ૧૦. શ્રી. એન. પી. શાસ્ત્રી — હિન્દી-સંસ્કૃતના વ્યાખ્યાતા ૧૧. શ્રી. કે. એમ. મહેતા — ગણિતના વ્યાખ્યાતા ૧૨. શ્રી. એ. એચ. આઈ. વોરા — તત્ત્વજ્ઞાનના પ્રાધ્યાપક ૧૩. શ્રી. વી. આર. રૂડાની — ગણિત-આંકડાશાસ્ત્રના વ્યાખ્યાતા

૨૪. સેંટ ઝેવિયર્સ કૉલેજ, અમદાવાદ.	...	૧. શ્રી. આર. ડી. મિશ્ર — હિન્દીના પ્રાધ્યાપક ૨. શ્રી. વાય. એસ. અગ્નિહોત્રી — હિન્દીના વ્યાખ્યાતા ૩. શ્રી. બી. એસ. પટેલ — અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૪. શ્રી. આર. એમ. ત્રિવેદી — ગુજરાતીના વ્યાખ્યાતા ૫. શ્રી. એચ. જે. મઝમુદાર — ગુજરાતીના ટ્યુટર ૬. શ્રી. જે. આઈ. વ્યાસ — રાજ્યબંધારણ અને રાજ્યનીતિશાસ્ત્રના ટ્યુટર ૭. શ્રી. આર. ડી. ચૌધરી — હિન્દીના વ્યાખ્યાતા ૮. શ્રી. જી. વી. ચાર્લ્સ — ગણિતના પ્રાધ્યાપક
૨૫. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી.	...	૧. ડૉ. ડી. ડી. મહેતા — તત્ત્વજ્ઞાન અને મનોવિજ્ઞાનના પ્રાધ્યાપક ૨. ડૉ. એમ. કે. પટેલ — બાયોલોજીના પ્રાધ્યાપક ૩. શ્રી. એન. એન. પટેલ — હિન્દીના પ્રાધ્યાપક ૪. ડૉ. જે. કે. ફડકે — અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક ૫. શ્રી. આર. બી. દેસાઈ — ઇતિહાસના વ્યાખ્યાતા ૬. શ્રી. પી. એમ. શ્રીનિવાસાચારી — ઇતિહાસ-અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક (તેમનાં શિક્ષણના સમયોની સંપૂર્ણ વિગતો મગાવવી.) ૭. શ્રી. એન. એમ. પટેલ — હિન્દીના વ્યાખ્યાતા ૮. શ્રી. કે. એલ. પટેલ — ભૌતિકશાસ્ત્રના ડેમોન્સ્ટ્રેટર ૯. શ્રી. પી. પી. પાવરી — બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર
૨૬. શ્રી. જયેન્દ્રપુરી આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, ભરૂચ.	...	૧. શ્રી. પી. ટી. દવે — ફક્ત સંસ્કૃતના વ્યાખ્યાતા ૨. શ્રી. સી. એલ. મંકોડી — કેમિસ્ટ્રીના પ્રાધ્યાપક ૩. શ્રી. ડી. સી. પટેલ — કેમિસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટર ૪. શ્રી. કે. ડી. પરમાર — ફક્ત સંસ્કૃતના વ્યાખ્યાતા
૨૭. સાર્વજનિક કૉલેજ ઑફ સાયન્સ, સુરત.	...	૧. શ્રી. સી. એન દેસાઈ — કેમિસ્ટ્રીના વ્યાખ્યાતા ૨. કુ. કે. ટી. ઝવેરી — ગણિતના ટ્યૂટર
૨૮. પી. ડી. એમ. કૉલેજ ઑફ કૉમર્સ, રાજકોટ.	...	૧. શ્રી. એમ. સી. જોષી — વાણિજ્યના ટ્યૂટર ૨. શ્રી. ટી. એસ. ખેરાલ્લા — વાણિજ્યના વ્યાખ્યાતા ૩. શ્રી. જે. પી. રાવલ — અર્થશાસ્ત્રના ટ્યૂટર ૪. શ્રી. આર. કે. ગાંધી — અર્થશાસ્ત્રના પ્રાધ્યાપક

૨૯.	મહિલા કૉલેજ, પોરબંદર.	...	૧. શ્રી. જે. જી. શાહ — સંસ્કૃતના પ્રાધ્યાપક ૨. શ્રીમતી વી. અગ્રવાલ — હિન્દીના વ્યાખ્યાતા
૩૦.	એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ.	...	૧. શ્રી. એમ. સી. દવે — ગુજરાતીના વ્યાખ્યાતા
૩૧.	કે. પી. કૉલેજ ઑફ કૉમર્સ, સુરત.	...	૧. શ્રી. પી. આર. શાહ — વાણિજ્યના વ્યાખ્યાતા ૨. કુ. બી. બી. વકીલ — અંગ્રેજીના વ્યાખ્યાતા
૩૨.	ડી. કે. વી. આર્ટ્સ અને સાયન્સ કૉલેજ, જામનગર.	...	૧. શ્રી. આર. એમ. ચીટનીસ — અંગ્રેજીના પ્રાધ્યાપક ૨. શ્રી. એ. બી. વસા — ગણિતના વ્યાખ્યાતા
૩૩.	સિટી લૉ કૉલેજ, અમદાવાદ.	...	શ્રી. વી. સી. પરીખ — લૉના પ્રાધ્યાપક (યુનિવર્સિટીના નિયમ પ્રમાણે વેતન આપવું.)
૩૪.	એલ. ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ.	...	શ્રી. વી. કે. જાની — હિન્દીના વ્યાખ્યાતા

(બ) નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની નિમણૂકને માન્ય કરવી નહિ એમ. સિન્ડિકેટને ભલામણ કરવી :

	કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૧.	જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ.	...	શ્રી. એમ. ડી. ત્રિવેદી — ભૌતિકશાસ્ત્રના વ્યાખ્યાતા
૨.	મહિલા કૉલેજ, પોરબંદર.	...	કુ. બી. સી. શાહ — તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા

(ક) નીચે જણાવેલ કૉલેજોનાં નામ સામે જણાવેલ શિક્ષકોની વધુ માહિતી મગાવી નિકાલ કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

	કૉલેજનું નામ		માગાવવાની માહિતી
૧.	મહિલા કૉલેજ, પોરબંદર.	...	શ્રી. આઈ. શુકલના એમ.એ.ના વિષયોની વિગતો મગાવવી.
૨.	બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદ.	...	૧. ડૉ. બી. બી. એલ. માથુર ૨. ડૉ. એમ. એન. જિન્દલ ૩. ડૉ. એમ. એલ. રાવલ } તેઓના શૈક્ષણિક અનુભવની વિગતો મગાવવી.
૩.	એમ. જી. સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ, અમદાવાદ.	...	શ્રી. ડી. એમ. મહેતાએ બી.એસસી.માં મેળવેલ વર્ગની માહિતી મગાવવી.

૭. શ્રીમતી અનિલાબેન દલાલને મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા અંગે સરદાર વલ્લભભાઈ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યશ્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

[**નોંધ.**—તેઓએ બી.એ. મુખ્ય વિષય સાથે બીજા વર્ગથી તથા એમ.એ. અંગ્રેજી (મુખ્ય) અને સંસ્કૃત (ગૌણ) વિષય સાથે ગુજરાત યુનિવર્સિટીમાંથી પસાર કરી છે. તદુઉપરાંત એમ.એસ. એજ્યુકેશન સાયકોલોજી સાથે ડલિનોઇસ (યુ.એસ.એ.) પસાર કરી છે. એક વર્ષનો ટ્યુટર તરીકેનો અનુભવ છે.]

શ્રીમતી અનિલા દલાલને મનોવિજ્ઞાનના વ્યાખ્યાતા તરીકે માન્ય કરવા અંગેની સરદાર વલ્લભભાઈ આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્યની વિનંતી સ્વીકાર્ય નથી એમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૮. તા. ૧૨-૪-૧૯૬૦ના રોજ મળેલી સમિતિની બેઠકમાં ઠરાવ્યા મુજબ બી. જે. મેડિકલ કૉલેજ, અમદાવાદના ડીન તરફથી મગાવ્યા પ્રમાણે આવેલ વધુ માહિતી પરત્વે વિચારણા કરવા બાબત.

શિક્ષકનું નામ	**માહિતી—કયા હોદ્દા ઉપર નીમ્યા છે**
૧. શ્રી. એમ. વી. પરીખ	ઑર્થલમોલોજીના ટ્યૂટર અને આસિ. ઑન. સર્જન
૨. શ્રી. વી. જી. માવલંકર	સર્જરી ટ્યૂટર અને આસિ. ઓ. સર્જન
૩. શ્રી. આર. એચ. મહેતા	ડેન્ટિસ્ટ્રીના વ્યાખ્યાતા અને ઑ. ડેન્ટલ સર્જન

ઉપર દર્શાવેલી નિમણૂંકો માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

નીચેની કૉલેજોમાં અધ્યાપકગણમાં થયેલ ફેરફારો :

૧. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ;
૨. શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. એસ. પી. સાયન્સ કૉલેજ, તલોદ;
૩. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ, નડિયાદ;
૪. આર્ટ્સ કૉલેજ, ડભોઈ;
૫. નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર;
૬. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત;
૭. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ;
૮. શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ;
૯. એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટ
૧૦. મહિલા કૉલેજ, પોરબંદર;
૧૧. પેટલાદ કૉલેજ, પેટલાદ;
૧૨. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી;
૧૩. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત;
૧૪. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર;

૧૫. શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર;
૧૬. શામળદાસ કૉલેજ, ભાવનગર;
૧૭. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ.

(અ) નીચે જણાવેલી કૉલેજોનાં નામ સામે જણાવેલા શિક્ષકોની નિમણૂકને માન્ય કરવા સિન્ડિકેટને ભલામણ કરવી :

કૉલેજનું નામ		શિક્ષકનું નામ અને હોદ્દો
૧. એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગ, અમદાવાદ	...	૧. શ્રી. જી. આર. આર. આયર — પ્રૉફેસર ઑફ સિવિલ એન્જિનિયરિંગ
		૨. શ્રી. વી. એસ. સુબ્બારાવ — ઇલેક્ટ્રિકલ મશીન ડિઝાઇનના વ્યાખ્યાતા
		૩. શ્રી. એન. સી. સોનપાલ — ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગના વ્યાખ્યાતા
૨. શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. એસ. પી. સાયન્સ કૉલેજ, તલોદ	...	૧. શ્રી. આર. બી. સિંગ — હિન્દીના વ્યાખ્યાતા
૩. જે. એન્ડ જે. કૉલેજ, નડિયાદ	...	૧. કુ. તારાબેન એફ. પટેલ — ગુજરાતીના ટ્યૂટર
૪. આર્ટ્સ કૉલેજ, ડભોઈ	...	૧. શ્રી. આઈ. સી. મુલ્લા — પર્શિયનના વ્યાખ્યાતા
૫. નવયુગ આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, પોરબંદર	...	૧. શ્રી. એ.પી. દલાલ — એકાઉન્ટન્સીના વ્યાખ્યાતા
	...	૨. શ્રી. સી. જી. શારદા — વાણિજ્યના વ્યાખ્યાતા
૬. શ્રી. રજની પારેખ આર્ટ્સ કૉલેજ, ખંભાત	...	૧. શ્રી. કે. જે. મજમુદાર — ઇતિહાસના વ્યાખ્યાતા
૭. શેઠ એચ. એ. કૉલેજ ઑફ કૉમર્સ, અમદાવાદ	...	૧. શ્રીમતી એસ. એન. પટેલ — હિન્દીના વ્યાખ્યાતા
૮. શ્રી. એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ	...	૧. કુ. પી. આઈ. દીક્ષિત — અંગ્રેજીના વ્યાખ્યાતા
		૨. શ્રી. એ. ડી. મણિયાર — ગણિતના વ્યાખ્યાતા
		૩. શ્રી. આર. એન. હેસાઈ — અંગ્રેજીના વ્યાખ્યાતા
		૪. શ્રી. એન. ટી. જોષી — હિન્દીના વ્યાખ્યાતા
૯. એ. એમ. પારેખ લૉ કૉલેજ, રાજકોટ	...	૧. શ્રી. જે. બી. પટેલ — ફક્ત રાજ્યનીતિશાસ્ત્રના વ્યાખ્યાતા તરીકે માન્ય

૧૦. મહિલા કૉલેજ, પોરબંદર	...	૧. શ્રી. એન. કે. ત્રિવેદી — અંગ્રેજીના વ્યાખ્યાતા ૨. શ્રીમતી પ્રેમલતા ચૌધરી — ઇતિહાસના વ્યાખ્યાતા
૧૧. પેટલાદ કૉલેજ, પેટલાદ	...	૧. શ્રી. એમ. ડી. દેસાઈ — અર્થશાસ્ત્રના વ્યાખ્યાતા
૧૨. એસ. બી. ગાર્ડા કૉલેજ, નવસારી	...	૧. શ્રી. એ. સી. પંડ્યા — માયક્રોબાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર ૨. શ્રી. જે. એસ. શુકલ — માયક્રોબાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર
૧૩. એમ. ટી. બી. આર્ટ્સ કૉલેજ, સુરત	...	૧. પ્રો. જે. એ. કાઝી — ભૂગોળના વ્યાખ્યાતા
૧૪. આર. જી. ટીચર્સ કૉલેજ, પોરબંદર	...	૧. શ્રી. આર. આર. નાટુ — શિક્ષણના પ્રાધ્યાપક
૧૫. શ્રી. એમ. પી. શાહ મેડિકલ કૉલેજ, જામનગર	...	૧. ડૉ. સી. એચ. વૈદ્ય - ફોરેન્સિક મેડિસિનના વ્યાખ્યાતા
૧૬. શામળદાસ કૉલેજ, ભાવનગર	...	૧. શ્રી. આર. ડી. જોષી — તત્ત્વજ્ઞાનના વ્યાખ્યાતા ૨. શ્રી. બી. બી. જોષી — ગુજરાતીના વ્યાખ્યાતા ૩. શ્રી. એન. એલ. કાલ્થિયા — ગણિતના વ્યાખ્યાતા ૪. શ્રી. કે. એન. વસાવડા — કેમિસ્ટ્રીના ડેમોન્સ્ટ્રેટર ૫. શ્રી. વી. આર. ભટ્ટ — બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર ૬. કુ. મીરા ડી. સંપત — બાયોલોજીના ડેમોન્સ્ટ્રેટર
૧૭. સર એલ. એ. શાહ લૉ કૉલેજ, અમદાવાદ	...	૧. શ્રી. એફ. એન. સૈયદ — અંગ્રેજીના વ્યાખ્યાતા

ત્યાર બાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

શ. પૂ. મેઢ,
મહામાત્ર વતી.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૬

Report of the Sub-committee to suggest the phased programme for the introduction of Gujarati as a medium of instruction and examination in the Gujarat University taking into account the deliberations at the Informal Meeting convened by the Vice-Chancellor on the 30th of August, 1960

આથી ઠરાવવામાં આવે છે કે, એમ. એન. કૉલેજ, વીસનગરના ભૌતિકવિજ્ઞાનના ડેમોન્સ્ટ્રેટર તરીકે નિમાયેલા શ્રી. એ. એસ. વાઘને ચાલુ વર્ષ સુધી અપવાદ તરીકે કામ કરવા માટે મંજૂરી આપવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૧થી જરૂરી લાયકાત ધરાવનાર ડેમોન્સ્ટ્રેટરની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૬૭. "નેશનલ એકેડેમી ઑફ સાયન્સીઝ", ઇન્ડિયાનું તેરમું વાર્ષિક અધિવેશન આગામી વર્ષના ફેબ્રુઆરી માસની તા. ૩ થી ૫ દરમિયાન અલ્લાહાબાદ ખાતે યોજનાર હોઈ, આ અધિવેશનમાં આપણી યુનિવર્સિટીના પ્રતિનિધિ મોકલવા મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી તા. ૧ નવેમ્બર ૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ એકેડેમીના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ ડૉ. ય. ગુ. નાયકને નીમવા.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, પ્રિન્સિપલ ડૉ. ય. ગુ. નાયકને વિનંતી કરવી કે, સદરહુ એકેડેમીના અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા યોગ્ય છે કે કેમ તે અંગે પોતાનો અભિપ્રાય લખી જણાવે.

૬૮. નવયુગ આર્ટસ અને કૉમર્સ કૉલેજ, પોરબંદરને ઇન્ટર કૉમર્સના અભ્યાસક્રમો શીખવવા માટે તા. ૧૫–૬–૧૯૬૦થી ચાલુ જોડાણ આપવા અંગે આચાર્યશ્રીની માગણી પરત્વે નીચેના સભ્યોની સ્થાનિક તપાસસમિતિ નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(૧) પ્રિન્સિ. એસ. સી. પાઠક અને

(૨) પ્રિન્સિ. એન. એન. ભરૂચા.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૬૯. જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ સી. બી. પટેલ આર્ટસ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદને ગણિતના પ્રાધ્યાપક તરીકે લાયકાત ધરાવતા શિક્ષક નહિ મળતા હોવાથી શ્રી. એસ. જી. આર્સેકરની ગણિતના પ્રાધ્યાપક તરીકેની બીજા સત્ર પૂરતી કામચલાઉ નિમણૂકને માન્ય રાખવાની મજકૂર કૉલેજના આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

(નોંધ.—૧. શ્રી. આર્સેકર, બી.એ. પાસ વર્ગ (ગણિત), એમ.એ. બીજો વર્ગ (ગણિત); ગ્રૂપ 'એ' ૧૯૫૪, મુંબઈ યુનિ. તથા પાંચ વર્ષનો શૈક્ષણિક અનુભવ ધરાવે છે.

૨. ૨૭-૮-૧૯૬૦ની સિન્ડિકેટે આ નિમણૂક પ્રથમ સત્ર પૂરતી માન્ય કરી હતી.)

આથી ઠરાવવામાં આવે છે કે, જે. એન્ડ જે. કૉલેજ ઑફ સાયન્સ એન્ડ શ્રી બી. પોલ આર્ટ્સ ઇન્સ્ટિટ્યૂટ, નડિયાદમાં શ્રી. એસ. જી આર્સેકરને ગણિતના પ્રાધ્યાપક તરીકે કામ કરવા માટે ફક્ત ચાલુ સત્ર પૂરતી પરવાનગી આપવી, તથા સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું કે, જૂન ૧૯૬૧થી જરૂરી લાયકાત ધરાવનાર ગણિતના પ્રાધ્યાપકની નિમણૂક કરવી આવશ્યક રહેશે.

૬૦. સને ૧૯૬૧ની સાલમાં લેવાનારી કૃષિ વિદ્યાશાખાની જુદી જુદી પરીક્ષાઓ માટે પરીક્ષકો તેમજ પ્રાશ્નિકોની નિમણૂક કરવા માટેની ભલામણો કરવા માટેની "પરીક્ષાસમિતિ" પર સિન્ડિકેટ તરફથી ઓ. ૬૭ હેઠળ બે સભ્યોની નિમણૂક કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કૃષિ વિદ્યાશાખાની પરીક્ષાસમિતિ ઉપર સિન્ડિકેટના પ્રતિનિધિઓ તરીકે પ્રિન્સિપલ ડૉ. કે. જી. નાયક અને પ્રિન્સિપલ ડૉ. ય. ગુ. નાયકની નિમણૂક કરવી.

૬૧. ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ (૨) અને (૩) તથા સ્ટે. ૯૮-એ અન્વયે સેનેટના સભ્યોને, એકેડેમિક કાઉન્સિલની ભલામણ અનુસાર વિદ્યા શાખા એનાયત કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૨૩ (૨) અને (૩) તથા સ્ટે. ૯૮-એ અન્વયે સેનેટના સભ્યોને વિદ્યાશાખા એનાયત (Assign) કરવા માટેની એકેડેમિક કાઉન્સિલની ભલામણો મંજૂર કરવી.

(સેનેટના જે તે સભ્યોને એનાયત (Assign) કરવામાં આવેલ વિદ્યાશાખાઓ દર્શાવતી યાદી **પરિશિષ્ટ "ધ"** તરીકે સામેલ છે.)

૬૨. ઉપલેટા મ્યુનિસિપાલિટીના પ્રમુખ તરફથી ઉપલેટામાં દ્વિતીય વર્ષ વિનયન તથા દ્વિતીય વર્ષ વાણિજ્ય સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે શરૂ કરાનાર કૉલેજ અંગેના જોડાણ માટે આવેલી અરજી પરત્વે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, નીચે જણાવેલા સભ્યોની બનેલી સ્થાનિક તપાસસમિતિ નીમવી:

૧. પ્રિન્સિપલ એમ. સી. દેસાઈ,
૨. પ્રિન્સિપલ મનસુખલાલ ઝવેરી.

૬૩. ગુજરાત કેળવણી ટ્રસ્ટ, અમદાવાદના સંચાલન હેઠળ જૂન ૧૯૬૧થી દ્વિતીય વર્ષ વિજ્ઞાન સુધીના અભ્યાસક્રમો શીખવવા માટે સાયન્સ કૉલેજને જોડાણ આપવા અંગે આવેલી અરજી પાછી ખેંચ્યાની નોંધ લેવા બાબત.

સદરહુ બાબતની નોંધ લેવામાં આવી.

૭૪. ફાઇન આર્ટ્સના ડિપ્લોમા અભ્યાક્રમોને આવરી લેવા માટે રૂટે. ૧૬૬માં સુધારો કરવા અંગે વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૫. યુનિવર્સિટીએ ઘડેલા નિયમો અનુસાર લાયકાત ધરાવતા શિક્ષકોની નિમણૂકોની માન્યતા બાબતમાં શ્રી. એચ. કે. આર્ટ્સ કોલેજના આચાર્ય પ્રિ. ય. પ્રા. શુકલના પત્ર પર વિચારણા કરવા બાબત.

સદરહુ બાબતની વિચારણા મોકૂફ રાખવામાં આવી.

૭૬. શેઠ એચ. પી. આર્ટ્સ અને એસ. એમ. એસ. પંચાલ સાયન્સ કૉલેજ, તલોદમાં ૧. તર્કશાસ્ત્ર અને ૨. ઇતિહાસના લેક્ચરરો ન મળતા હોવાથી તે બન્ને જગાઓ માટે લેક્ચરરોને બદલે ટ્યુટરની નિમણૂકો ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી માન્ય કરવા અંગે આચાર્યશ્રીની વિનંતી ઉપર વિચારણા કરવા બાબત.

નોંધ.—૧. ઇતિહાસ માટે કુ. આર. જી. શાહ, બી.એ. બીજો વર્ગ, હિસ્ટરી સ્પે.; અને
૨. લોજિક માટે કુ. અનંતા શુકલ, બી.એ. બીજો વર્ગ (ઓનર્સ) ફિલોસોફી—સાયકોલોજીને ટ્યુટર્સ તરીકે નીમેલ છે).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ કૉલેજના આચાર્યની ઉપરની વિનંતી મંજૂર કરવી નહિ.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ટ્યુટર માટે નક્કી કરવામાં આવેલી ઓછામાં ઓછી લાયકાત ધરાવનાર વ્યક્તિની નિમણૂક કરવામાં આવે તે શરતે, ફક્ત ચાલુ શૈક્ષણિક વર્ષ પૂરતી તે ચલાવી લેવા માટે વિચારણા કરવામાં આવશે, એમ સદરહુ કૉલેજના આચાર્યને જણાવવું.

૭૭. વલ્લભ વિદ્યાનગર, આણંદ મુકામે વલ્લભભાઈ વિદ્યાપીઠના ઉપક્રમે, ભારતીય હિન્દી પરિષદનું ૧૮મું અધિવેશન આગામી ડિસેમ્બર માસની તા. ૨૭ થી તા. ૨૯ દરમિયાન યોજાનાર હોઈ આ પરિષદમાં આ યુનિ.ના બે પ્રતિનિધિઓ મોકલવા બાબત મજકૂર સંસ્થાના પ્રબન્ધ મંત્રીના તા ૧૧-૧૧-૧૯૬૦ના પત્રાંક ૪૮૨ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે નીચેની વ્યક્તિઓની નિમણૂક કરવી.

૧. પ્રોફેસર આર. ડી. મિશ્રા,
૨. પ્રોફેસર રણવીર ઉપાધ્યાય.

૭૮. "એસોસિયેશન ઑફ ફીઝિશ્યન્સ ઑફ ઇન્ડિયા"ની આગામી વાર્ષિક પરિષદ મદ્રાસ મુકામે તા. ૧૩ થી તા. ૧૬ જાન્યુઆરી ૧૯૬૧ દરમિયાન "કાર્ડિયોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા", "ન્યૂરોલોજિકલ સોસાયટી ઑફ ઇન્ડિયા" અને "ઇન્ડિયન એસોસિયેશન ફૉર ચેસ્ટ ડીસીઝ"ના સંયુક્ત ઉપક્રમે યોજાનાર હોઈ, આ પરિષદમાં આ યુનિ.ના પ્રતિનિધિ મોકલવા

વાસ્તે મજકૂર સંસ્થાના માનદ્ સામાન્ય મંત્રી તરફથી આવેલ તા. ૧૩ નવેમ્બર ૧૯૬૦ના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૭૯. તા. ૭-૯-૧૯૬૦ના રોજ મળેલ મેડિસિન-સર્જરીની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત.

૧. મેડિકલ કોલેજમાં શીખવતા અધ્યાપકોના નામની સમગ્ર યાદી યુનિવર્સિટીએ તૈયાર કરાવવી જોઈએ. અને તે પરીક્ષકોની પેનલો બનાવતી વખતે સભામાં આપવી જોઈએ.

૨. ઇન્ટર્નલ અને એક્સ્ટર્નલ પરીક્ષક માટે એક વખત પેનલ પર નામ મૂકયા પછી ફરીથી અરજી કરવાની રહે નહિ એવી જાતનો સુધારો હાલના ધારાધોરણમાં કરવો જોઈએ.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ અભ્યાસસમિતિની ઉપરની બે ભલામણો નામંજૂર કરવી.

૮૦. માર્ચ/એપ્રિલ ૧૯૬૦માં લેવાયેલ જુદી જુદી પરીક્ષાઓમાં થયેલ ભૂલો તથા ઑકટોબર ૧૯૬૦ની બી.કોમ.ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૨૮૯એ ગેરરીતિ આજમાવી હતી તે સંબંધમાં પરીક્ષા શુદ્ધિસમિતિની તા. ૧૬-૧૧-૧૯૬૦ના રોજ મળેલ સભાની નોંધ મંજૂર કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિની તા. ૧૬-૧૧-૧૯૬૦ના રોજ મળેલી સભાની ભલામણો મંજૂર કરવી.

(સમિતિની ભલામણોની નકલ **પરિશિષ્ટ "ન"** તરીકે સામેલ છે).

૮૧. તા. ૧૩-૯-૧૯૬૦ના રોજ મળેલ શિક્ષણની અભ્યાસસમિતિની નીચેની ભલામણ અંગે વિચારણા કરવા બાબત :

"આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ટી. ડી. અને બી.એડ.ના નવા અભ્યાસક્રમ મુજબની પરીક્ષા માર્ચ ૧૯૬૧થી અમલમાં આવતી હોવાથી જૂના અભ્યાસક્રમ મુજબની પરીક્ષા વધુ એક વર્ષ એટલે કે માર્ચ ૧૯૬૧માં લેવી."

આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણની અભ્યાસસમિતિની ઉપરની ભલામણ મંજૂર કરવી.

૮૨. શ્રી. ચીમનલાલ છોટાલાલ ચેરિટી ટ્રસ્ટ વતી શ્રી. સી. સી. ચોકસીની રૂા. ૧૦,૦૦૦ના વ્યાજમાંથી શ્રીમતી બાપીબાઈ છોટાલાલ ચોકસી "શિષ્યવૃત્તિ", જે વિદ્યાર્થી બી.એ.માં તત્ત્વજ્ઞાન (સ્પેશિયલ) વિષય લઈને સૌથી વધારે ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેમ જ એમ.એ.માં એન્ટાયર ફિલોસોફી વિષય લઈને ગુજરાત યુનિવર્સિટીનો અનુસ્નાતક અભ્યાસક્રમ ચાલુ રાખવાની શરતે આપવાને તેમ જ રૂા. ૧૦,૦૦૦ના વ્યાજમાંથી "શ્રી. છોટાલાલ ત્રિકમલાલ ચોકસી" શિષ્યવૃત્તિ જે વિદ્યાર્થી બી.ફાર્મ.ની પરીક્ષામાં સૌથી વધારે

ગુણાંક મેળવીને ઉત્તીર્ણ થાય તેમને એમ.ફાર્મ. કે પીએચ.ડી. માટે અભ્યાસક્રમ ચાલુ રાખવાની શરતે આપવાને એમ કુલ્લે રૂા. ૨૦,૦૦૦ની સખાવત આપવાનું જણાવતા તેમના તા. ૨૩-૯-૧૯૬૦, તા. ૨૨-૧૦-૧૯૬૦ અને તા. ૧૭-૧૧-૧૯૬૦ના પત્રો ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર સખાવતોનો સાભાર સ્વીકાર કરવો.

(સખાવતો અંગેના પત્રોની નકલ પરિશિષ્ટ "૫" તરીકે સામેલ છે.)

૮૩. સને ૧૯૬૦ના ઑક્ટોબર માસની પરીક્ષાની મોસમ દરમિયાન જુદા જુદા કેન્દ્રો ઉપર લેવાયેલ આ યુનિવર્સિટીની પરીક્ષાઓમાં નીમવામાં આવેલ મુખ્ય નિરીક્ષકોની નિમણુકોમાં ઉપકુલપતિશ્રીની મંજૂરીથી કરવામાં આવેલ ફેરફાર તથા જરૂર પ્રમાણે વધારાની કરવામાં આવેલ નિમણુકોની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

મુખ્ય નિરીક્ષકોની નિમણૂકોમાં થયેલ ફેરફારની યાદી પરિશિષ્ટ "૬" તરીકે સામેલ છે.

૮૪. શ્રી નૂતન કેળવણી મંડળ, વલસાડના માનદ્ મંત્રીશ્રી તરફથી બી. એ. (રૂપે અને જન.)માં અર્થશાસ્ત્ર તથા ગુજરાતીના અભ્યાસક્રમોમાં તા. ૨૦-૬-૧૯૬૦થી ચાલુ જોડાણ મેળવવા અંગે આવેલ અરજી પરત્વે આચાર્ય શ્રી. ય. ગુ. નાયક અને આચાર્ય શ્રી. સં. ર. ભટ્ટની અનેલી સ્થાનિક તપાસ સમિતિ નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૮૫. બ્રિટિશ કાઉન્સિલ તરફથી ઉસ્માનિયા યુનિવર્સિટીના આશ્રયે, હૈદ્રાબાદ મુકામે અંગ્રેજી સાહિત્ય સંવિવાદ (English Literature Seminar) આગામી ડિસેમ્બર માસની તા. ૧૫થી તા. ૨૪ દરમિયાન યોજાનાર હોઈ આ સેમિનારમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે સર્વશ્રી ૧. આર. આઈ. પટેલ, ૨. વી. જે. ત્રિવેદી અને ૩. એચ. સી. ત્રિવેદીને નીમ્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

(નોંધ.—શ્રી. આર. આઈ. પટેલ નિમણૂક સ્વીકારી શકયા નથી.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૮૬. ઉત્તર પ્રદેશ માધ્યમિક શિક્ષકસંઘના આમંત્રણને અન્વયે અખિલ ભારતીય શૈક્ષણિક પરિષદનું ઉપમું અધિવેશન કાનપુર મુકામે તા. ૨૭થી તા. ૩૧ ડિસેમ્બર ૧૯૬૦ દરમિયાન યોજાનાર હોઈ આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ તરીકે ૧. શ્રી. ઠાકોરભાઈ ઠાકોર, અને ૨. શ્રી. દલસુખભાઈ શાહની નિમણૂક કર્યાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૮૭. તા. ૧૪-૧૧-૧૯૬૦ના રોજની બોર્ડ ઑફ સ્પોર્ટ્સની નીચેની ભલામણને મંજૂર કરવાના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત:

"આથી ઠરાવવામાં આવે છે કે, તા. ૨૨-૯-૧૯૬૦ની બેઠકમાં આંતર-યુનિવર્સિટી ક્રિકેટ હરીફાઈના સંચાલન માટે નિયુક્ત થયેલ સમિતિને બદલે કામકાજની સરળતા માટે સ્થાનિક સભ્યોની બનેલી હોય તેવી જરૂરી ઉપસમિતિઓ નીમવાની તથા વધુમાં જરૂરી સંખ્યામાં સભ્યો કો-ઑપ્ટ કરવાની સત્તા સહિતની, નીચેના સભ્યોની બનેલી એક સમિતિ નીમવાની આ બોર્ડ સિન્ડિકેટને ભલામણ કરે છે :

૧. પ્રિ. આર. પી. પટેલ,
૨. પ્રિ. ડૉ. વાય. જી. નાયક,
૩. શ્રી. છગનભાઈ પટેલ,
૪. શ્રી. રતિલાલ કે. પટેલ,
૫. શ્રી. જુગલકિશોર મિસ્ત્રી,
૬. પ્રિ. ડી. ડી. દેસાઈ,
૭. પ્રિ. એસ. આર. ભટ્ટ,
૮. પ્રિ. એસ. વી. દેસાઈ અથવા તેમના પ્રતિનિધિ,
૯. પ્રિ. એસ. કે. કાત્રક અથવા તેમના પ્રતિનિધિ,
૧૦. ડૉ. એ. એમ. ત્રિવેદી,
૧૧. પ્રૉ. આર. જી. નાયક,
૧૨. શ્રી. સુમનભાઈ મુનશા,
૧૩. શ્રી. ઉદયન ચિનુભાઈ,
૧૪. શ્રી. જિતેન્દ્ર ઠાકોર,
૧૫. શ્રી. જી. જી. દેસાઈ,
૧૬. શ્રી. વી. પી. મહેતા.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

૮૮. આ યુનિવર્સિટીના ઑ. ૩૧૧ના આધારે વિદ્યાર્થી એક વખત બી.કૉમ.ની પરીક્ષા, જે સ્પેશિયલ વિષય લઈ તેણે પાસ કરી હોય તેનાથી જુદો વધારાનો સ્પેશિયલ વિષય લઈ સદરહુ પરીક્ષામાં સત્રો રાખ્યા વિના બેસી શકે તો તે સદરહુ વધારાના વિષયમાં ૩૩ ટકા ગુણ મેળવે તો તેને વધારાના વિષયમાં પાસ જાહેર કરવો કે ૪૦ ટકા ગુણ મેળવે તો પાસ જાહેર કરવો તે બાબત.

(નોંધ.—સિન્ડિકેટની તા. ૫-૧૧-૧૯૬૦ની સભામાં આ બાબત આઇટેમ નં. ૭૦થી વિચારણા કરવા મૂકેલ. તે બાબત મુલતવી રહેલ હોઈ તે પર તા. ૧૫-૧૧-૧૯૬૦ના ઉપકુલપતિશ્રીના આદેશ મુજબ એપ્રિલ ૧૯૬૦ની પરીક્ષામાં બેઠેલ વિદ્યાર્થી નં. ૬૮૧નું પરિણામ સુધારીને નાપાસ જાહેર કર્યાના કાર્યની નોંધ લેવા બાબત.)

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૮૯. નીચેની હૉસ્પિટલોને ઇન્ટર્નશિપ માટે માન્ય કરવા બાબતના ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવા બાબત તથા ઇન્ટર્નશિપ માટે હૉસ્પિટલોની સગવડતાની અનુકૂળતા માટે ઑ. ૨૭૨-એ (૫) નીચે પ્રમાણે સુધારવા અંગે વિચારણા કરવા બાબત.

માન્યતા આપેલ હૉસ્પિટલો

૧. સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ-૧૬

૨. વી. એસ. જનરલ હૉસ્પિટલ અને ચિનાઈ મૅટર્નિટી હોમ, અમદાવાદ-૬

સુધારેલા ઑર્ડિનન્સ ૨૭૨-એ (૫)નો સુધારો

O. 272—(a) (5): The students will be deputed by the Principal of the College concerned to the hospitals recognised for the purpose of internship by the University. The hospital shall, as far as possible, be a hospital in a mofussil place situated anywhere in the State of Gujarat or a teaching hospital attached to an affiliated Medical College or a recognised Medical Institution, provided that no student will be placed for more than three months in a teaching hospital attached to an affiliated Medical College or a recognised Medical Institution. Such a hospital will, as far as possible, provide accommodation for Medical, Surgical and Maternity beds and O.P.D. and be in charge of a Medical Officer possessing the minimum qualification of M.B.B.S. Degree of a recognised University for the purpose of post-examination training of internees.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યને બહાલી આપવી.

૯૦. ઑક્ટોબર ૧૯૬૦માં લેવાયેલી જુદી જુદી પરીક્ષાઓ માટે સિન્ડિકેટે નીમેલા પ્રાશ્નિકો અને પરીક્ષકો પૈકી જેઓ પ્રાશ્નિક કે પરીક્ષક તરીકે કામ ન કરી શકેલા તેમને બદલે અન્ય નિમણૂકો કર્યા બદલના ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપકુલપતિશ્રીના કાર્યની નોંધ લેવી.

(બદલેજી નિમણૂકોની યાદી **પરિશિષ્ટ "બ"** તરીકે સામેલ છે.)

૯૧. સેનેટની આગામી સભામાં શ્રી. મગનભાઈ પ્ર. દેસાઈએ પૂછેલા નીચેના પ્રશ્નો:

પ્રશ્ન ૧ :

પેટા પ્રશ્ન—(૨) માન્ય રાખેલી કૉલેજો માટે પગારધોરણ અવશ્ય સ્વીકારવું પડે એવું ધોરણ છે? સેનેટ કાનૂની હકથી તેમ કરી શકે છે? હા, તો તે કયા કાનૂની હકે? કોઈને તેમાંથી બાકાત રખાય છે? સરકારને? આ નિયમમાંથી સરકારને કાનૂનસર છૂટ છે? શા સરકારે પોતાને માટે

એવી છૂટ છે એમ જણાવ્યું કે દાવો કર્યો છે? યા એવી કોઈ વાત આવી છે કે રજૂ થઈ છે? જો હા, તો તે શા આધારે તેમ કરે છે? એ વિષે તેણે કાંઈ જણાવ્યું છે? તે વિષે સરકારને પૂછવામાં આવ્યું છે?

(૩) સરકારી કૉલેજોને ઉપરની છૂટ હોય, તો સિન્ડિકેટે તે અંગે જો વિચાર કર્યો હોય તો તે શો છે? અથવા યુનિવર્સિટીએ એના જવાબમાં કાંઈ સરકારને લખ્યું હોય તો તે જણાવશો? જો ન લખ્યું હોય કે ન વિચાર્યું હોય, તો તેમ કરવામાં આવશે?

(૪) યુનિવર્સિટી નિયત પગારધોરણને અંગે જો બે પ્રકારે કૉલેજો ચાલે—તેને પાળે અને ન પાળે એ ઢબે, તો તે સ્થિતિ દૂર કરવા માટે સિન્ડિકેટ શું કરવા માગે છે?

આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરના પ્રશ્નોનો ઘટતો જવાબ સિન્ડિકેટ તરફથી આપવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી.

૯૨. ઇન્ડિયન લૉ ટીચર્સ એસોસિયેશનની ચોથી પરિષદ લખનૌ મુકામે તા. ૨૮ થી તા. ૨૯ ડિસેમ્બર ૧૯૬૦ દરમિયાન મળનાર હોઈ, આ પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના સામાન્ય મંત્રી તરફથી આવેલ પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદના આગામી અધિવેશનમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ એચ. એસ. સંઘવીની નિમણૂક કરવી.

૯૩. "યૂથ હોસ્ટેલ્સ એસોસિયેશન ઓફ ઇન્ડિયા"ની પાંચમી રાષ્ટ્રિય પરિષદ ઓરિસ્સામાં ભૂવનેશ્વર મુકામે તા. ૧૮મીથી તા. ૨૩મી ડિસેમ્બર ૧૯૬૦ દરમિયાન યોજનાર હોઈ આ પરિષદમાં આ યુનિવર્સિટીના બે પ્રતિનિધિઓ મોકલવા વાસ્તે મજકૂર સંસ્થાના રાષ્ટ્રિય-મંત્રી તરફથી આવેલ તા. ૨૫-૧૧-૧૯૬૦ના પત્રાંક ૧૬૨૬ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ પરિષદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૯૪. "ધી કન્વેન્શન ઓફ સ્પેકટ્રોસ્કોપિસ્ટસ"ના પાંચમા વાર્ષિક પરિસંવાદ ફરકી મુકામે આગામી વર્ષના જાન્યુઆરી માસની બીજી તારીખે હોઈ, આ યુનિ.ના પ્રતિનિધિની નિમણૂક કરવા વાસ્તે મજકૂર સંસ્થાના પ્રમુખશ્રી તરફથી આવેલ તા. ૨૪-૧૧-૧૯૬૦ના પત્રાંક એસપીઇસી-૨૦ ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, મજકૂર પરિસંવાદમાં આ યુનિવર્સિટીના કોઈ પ્રતિનિધિ મોકલવા નહિ.

૯૫. બી.એ. (સ્પેશિયલ) અંગેના રેગ્યુ. ૧૬ તથા ૧૮માં એન્શિયન્ટ ઇન્ડિયન કલ્ચર અંગેના સંબંધકર્તા ભાગમાં નીચે મુજબ સુધારો કરવા અંગેની એકેડેમિક કાઉન્સિલની તા. ૨૦-૮-૧૯૬૦ની સભાની ભલામણ.

સૂચિત સુધારો

"ઠરાવ કે રેગ્યુલેશન ૧૮માં "Ancient Indian Culture B.A. (Special)" એ

મથાળા હેઠળ નીચે પ્રમાણે નોંધ ઉમેરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

Note.— Those students who choose not to offer the entire course of eight papers for the special course in this subject shall offer following three groups:

(*i*)	Cultural History	.. ..	Two papers
(*ii*)	Social Institutions	.. ..	Two papers
(*iii*)	Study of Monumental Remains	..	Two papers

વધુમાં એ જ મથાળે પેટા-મથાળામાં (IV. Religion and Literature) ને છેડે નીચે પ્રમાણે નોંધ ઉમેરવા ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે:

Note.— Religions and Sankrit Literature for the purposes of these two papers will be regarded as data of culture and will be studied as such.

આ ઠરાવનો અમલ આ વર્ષથી જ કરવા માટે પણ ઍકેડેમિક કાઉન્સિલને ભલામણ કરવામાં આવે છે.

ઍકેડેમિક કાઉન્સિલની ભલામણ

"આથી ઠરાવવામાં આવે છે કે, બી. એ. (સ્પેશિયલ) અંગેના રેગ્યુલેશન ૧૬ અને ૧૮માં ઉપર મુજબ સુધારા કરવા તથા સુધારેલા રેગ્યુલેશનોને જૂન ૧૯૬૦થી અમલમાં મૂકવા સિન્ડિકેટને ભલામણ કરવી."

આથી ઠરાવવામાં આવે છે કે, ઍકેડેમિક કાઉન્સિલની ઉપરની ભલામણ મંજૂર કરવી, તથા તે પ્રમાણે રેગ્યુલેશન ૧૬ અને ૧૮માં ઉપર પ્રમાણે સુધારા કરવા, તથા સુધારેલા રેગ્યુલેશન ૧૬ અને ૧૮ને જૂન ૧૯૬૦થી અમલમાં આવેલા ગણવા.

૯૬. "ઇન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રિલેશન્સ" તરફથી નવી દિલ્હી ખાતે તા. ૨૪મી ડિસેમ્બરે યોજાનાર પરદેશમાં વિદ્યાભ્યાસ અર્થે જનાર વિદ્યાર્થીઓને સલાહ-સંપર્ક આપતા અધિકારીઓની પરિષદમાં યુનિ.ના ફૉરેન યુનિવર્સિટીઝ ઇન્ફર્મેશન બ્યૂરો તરફથી કોઈ પ્રતિનિધિને મોકલવા અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, "ઇન્ડિયન કાઉન્સિલ ફૉર કલ્ચરલ રિલેશન્સ" તરફથી નવી દિલ્હી ખાતે, તા. ૨૪મી ડિસેમ્બરે યોજાનાર પરદેશમાં વિદ્યાભ્યાસ અર્થે જનાર વિદ્યાર્થીઓને સલાહ-સંપર્ક આપતા અધિકારીઓની પરિષદમાં આ યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટને મોકલવા.

૯૭. સને ૧૯૬૧-૧૯૬૨ના વર્ષ માટેની અંદાજપત્રસમિતિ પર કામ કરવાની શ્રી. નવનીતલાલ શોધને સમયના અભાવે અશક્તિ દર્શાવેલી હોઈ તે બાબત પરત્વે

વિચારણા કરવા બાબત.

(સદરહુ સમિતિના અન્ય સભ્યો નીચે પ્રમાણે છે :

૧. ઉપકુલપતિશ્રી,
૨. શ્રી. બિહારીલાલ પી. શાહ,
૩. ડૉ. મોતીભાઈ ડી. પટેલ,
૪. પ્રિ. એમ. સી. દેસાઈ,
૫. પ્રિ. એસ. આર. ભટ્ટ).

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ સમિતિ ઉપર, શ્રી. નવનીતલાલ શોધનની જગાએ અન્ય કોઈની નિમણૂક કરવાની જરૂર જણાતી નથી.

૯૮. યુનિ. ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક F.40-9/56 (H) તા. ૨-૧૧-૧૯૬૦ના પત્ર પર વિચારણા કરવા બાબત, તથા શિક્ષકગણ અને બિનશિક્ષકગણના સભ્યો માટે રહેઠાણો બાંધવા બાબત અંગે વિચારણા કરવા બાબત.

(**નોંધ.**—સિન્ડિકેટે નીચે પ્રમાણે રહેઠાણો બાંધવાનું નક્કી કર્યું છે :

		અંદાજી કુલ ખર્ચ
બી–ટાઇપ–૧૦ યુનિટ	રૂ.	૧,૨૦,૦૦૦
સી–ટાઇપ–૧૦ યુનિટ	રૂ.	૧,૦૦,૦૦૦
ડી–ટાઇપ–૧૨ યુનિટ	રૂ.	૭૨,૦૦૦
કુલ ૩૨ યુનિટ	રૂ.	૨,૯૨,૦૦૦,

આશરે ૩,૨૫,૦૦૦ રૂપિયા.)

૧. આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના સદરહુ પત્રની નોંધ લેવી.

(સદરહુ પત્રની નકલ **પરિશિષ્ટ "ભ"** તરીકે સામેલ છે.)

૨. વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન તરફથી મંજૂર કરવામાં આવેલી ગ્રાન્ટમાંથી શિક્ષકવર્ગના કર્મચારીઓ માટે "બી" ટાઇપમાં ૨૦ રહેઠાણો બાંધવાનું મંજૂર કરવું.

૩. વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટીના બિનશિક્ષકવર્ગના કર્મચારીઓ માટે નીચે પ્રમાણે રહેઠાણો બાંધવાં અને તે માટે કુલ રૂ. ૨,૮૬,૦૦૦·૦૦નો ખર્ચ મંજૂર કરવો, તથા તે માટે રાજ્ય સરકારને ઘટતી સહાય આપવા વિનંતી કરવી.

"બી" ટાઇપનાં ૬ યુનિટ,
"સી" ટાઇપનાં ૧૦ યુનિટ,
"ડી" ટાઇપનાં ૧૨ યુનિટ.

૯૯. ગુજરાત યુનિ. ધારાની કલમ ૪ (૨૭)ને સુધારતા તથા ગુજરાત યુનિ. ધારાના પ્રકરણ ૪માં નવી કલમ ૩૮–એનો ઉમેરો કરતા ગુજરાત રાજ્યના નામદાર ગવર્નર તરફથી

બહાર પાડવામાં આવેલ "ઑર્ડિનન્સ નં. ૧૧ ઑફ ૧૯૬૦".

આથી ઠરાવવામાં આવે છે કે, નામદાર ગવર્નર સાહેબ તરફથી બહાર પાડવામાં આવેલ સદરહુ ઑર્ડિનન્સની નોંધ લેવી.

વધુમાં ઠરાવવામાં આવે છે કે, સદરહુ ઑર્ડિનન્સ ઉપરથી ઊભી થતી પરિસ્થિતિ ઉપર સમગ્ર દૃષ્ટિએ વિચારણા કરીને શિક્ષણ અને પરીક્ષણના માધ્યમ અંગેના સ્ટેટ્યૂટમાં સુધારા સૂચવવા માટે નીચે જણાવેલા સભ્યોની સમિતિ નીમવી.

૧. શ્રી. બટુભાઈ હ. દેસાઈ,
૨. પ્રિન્સિપલ એસ. આર. ભટ્ટ,
૩. પ્રિન્સિપલ ડૉ. ય. ગુ. નાયક,
૪. ડૉ. વિક્રમ એ. સારાભાઈ.

(સદરહુ ઑર્ડિનન્સની નકલ પરિશિષ્ટ "મ" તરીકે સામેલ છે.)

૧૦૦. ચાલુ વર્ષ દરમિયાન નિયમિત તેમજ એક્સ્ટર્નલ વિદ્યાર્થીઓને આપવામાં આવેલ કાચાં એનરોલમેન્ટ સર્ટિફિકેટોને પાકાં પ્રમાણપત્રો ગણવા માટે મંજૂરી આપવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, ૧૯૬૦-૬૧ના વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓને કાઢી આપવામાં આવેલ કાચાં એનરોલમેન્ટ પ્રમાણપત્રોને પાકાં ગણી લેવાં.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

નં. સિં ૧૫૨૦૪૬-૬૩-૧૯૬૦,
ગુજરાત યુનિ. કાર્યાલય,
અમદાવાદ-૯.
તા. ૨૩-૧૨-૧૯૬૦.
પોષ ૨, ૧૮૮૨ (શક).

ક. ચં. પરીખ,
રજિસ્ટ્રાર.

પરિશિષ્ટ "ક"
કામકાજ ક્રમાંક ૭

સિન્ડિકેટે તેની તા. ૧-૧૦-૧૯૬૦ની સભામાં નીચે મુજબ ઠરાવ કરેલો છે:

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે જોડાણ આપવામાં કાયદેસર કશો બાધ આવતો નથી તેની ખાત્રી કરી લેવા માટે ઉપકુલપતિશ્રીને વિનંતી કરવી."

સદરહુ બાબતમાં મારૂં મંતવ્ય નીચે પ્રમાણે છે:

ગુજરાત યુનિવર્સિટી ધારામાં જોડાણ (Affiliation) અને માન્યતા (Recognition) એમ બે પ્રકારના સંબંધોવાળી સંસ્થાઓ માટે જોગવાઈ કરવામાં આવેલી છે. અત્યાર સુધીનો શિરસ્તો જોતાં કેવળ ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે કોઈ પણ કૉલેજ કે સંસ્થાને જોડાણ (Affiliation) કે માન્યતા (Recognition) આપવામાં આવી હોય તેવું બન્યું નથી, જો કે પદવી (Degree)ના અભ્યાસક્રમ સાથે ડિપ્લોમાના અભ્યાસક્રમ માટે જોડાણ અમુક કૉલેજોને આપવામાં આવ્યું છે, જેમ કે ટી.ડી. અને ડિપ્લોમા ઇન ફાર્મસી.

માન્યતા (Recognition) તો હમેશાં અનુસ્નાતક અભ્યાસક્રમ માટે જ આપેલી છે. આવી માન્યતા (Recognition) અનુસ્નાતક પદવી (Degree) તેમજ ડિપ્લોમા બેઉ માટે હોઈ શકે છે.

ગુજરાત યુનિવર્સિટીએ લલિતકળાઓના ડિપ્લોમા સ્થાપ્યા છે અને તે અભ્યાસક્રમની પરીક્ષાઓમાં બેસવા માટે વિદ્યાર્થીઓએ જોડાયેલી કૉલેજોમાં અભ્યાસકરીને સત્રો રાખવા જરૂરી છે એમ દર્શાવતો ઑર્ડિનન્સ યુનિવર્સિટીએ ઘડેલો છે.

પરંતુ મને લાગે છે કે, લલિતકળાઓ માટે તેમજ બીજા અનેક પૂર્વસ્નાતક (Under-graduate) અભ્યાસક્રમ માટે ડિપ્લોમા સ્થાપન (Institute) કરવામાં આવે તો તે માટે શીખવવાનો પ્રબંધ કરતી સંસ્થા માટે જોડાણ (Affiliation) કે માન્યતા (Recognition) સિવાયનો કોઈ ત્રીજો માર્ગ યુનિવર્સિટીએ વિચારવો જોઈએ, જેવો કે સ્વીકૃત સંસ્થા (Approved institution)નો. આ સૂચનની પાછળ આશય એ છે કે, આવી સ્વીકૃત સંસ્થા (Approved institution)માં યુનિવર્સિટીના ધારાધોરણ અનુસાર અભ્યાસક્રમ કરીને આવતો વિદ્યાર્થી યુનિવર્સિટીની પરીક્ષામાં બેસી શકે તેવાં ધારાધોરણ ઘડવાં જોઈએ, પરંતુ આવી સ્વીકૃત સંસ્થાના વડાઓ સેનેટના સભ્ય બની શકશે નહિ.

કેવળ પૂર્વસ્નાતક (Under-graduate) ડિપ્લોમાના અભ્યાસક્રમ શીખવવા માટે જોડાણ આપવાનું યુનિવર્સિટી એકવાર શરૂ કરશે તો આવી સંસ્થાઓ અનેકાનેક ઊભી થશે અને તે બધી સંસ્થાઓના

વડાઓને સેનેટના સભ્યો તરીકે લેવાથી અનેક પ્રકારની વિષમતા ઊભી થશે. તો આ બાબત મારું ઉપરનું મંતવ્ય સિન્ડિકેટ વિચારે એમ મારી વિનંતી છે.

દરમિયાન સિન્ડિકેટે પૂર્વઅનુસ્નાતક ડિપ્લોમાઓના અભ્યાસક્રમ માટે જોડાણ માગતી અરજીઓ ઉપરથી જે સ્થાનિક તપાસસમિતિઓ નીમી છે તે સ્થાનિક તપાસસમિતિઓનું કામ શરૂ કરવા દેવામાં આવ્યું નથી.

સુ. વૈ. દેસાઈ

પરિશિષ્ટ "ખ"
કામકાજ ક્રમાંક ૬

સિન્ડિકેટે તેની તા. ૧૮-૪-૧૯૬૦ની સભામાં બાબત નં. ૧૦થી યુનિવર્સિટીની જુદી જુદી પરીક્ષાઓ માટેનાં કેન્દ્રો, સીનિયર તેમ જ જુનિયર સુપરવાઇઝરોની નિમણૂકો તેમ જ મહેનતાણાના દરો અને આકસ્મિક ખર્ચા અંગેના નિયમો અને ધારાધોરણો ઘડવા અંગે સૂચનો કરતા ડૉ. વાય. જી. નાયકના ઠરાવ પર વિચારણા કરી રિપોર્ટ કરવા જે સમિતિ નીમી હતી તેની મંજૂર કરવામાં આવેલી ભલામણો :

૧. સિન્ડિકેટના અગાઉના ઠરાવ અનુસાર પ્રથમ વર્ષની પરીક્ષા માટે જે જે સ્થળોએ કૉલેજ હોય તે તે સ્થળે કેન્દ્ર આપવાની પ્રથા ચાલુ રાખવી પરંતુ તેમ કરવામાં જે સ્થળે આ વર્ષે નવી કૉલેજો ખુલી છે તે સ્થળોએ મુદ્રણ અંગેની, છાત્રાલય અંગેની તેમ જ પરીક્ષણ અંગેની જરૂરી સગવડો પૂરતી છે કે નહિ તેની તપાસ કૉલેજના આચાર્ય મારફતે અને જરૂર લાગે તો સિન્ડિકેટના સભ્યોની સમિતિ દ્વારા કરાવી લેવી અને તે પછી કેન્દ્ર આપવાનું નક્કી કરવું.

૨. પ્રી-યુનિવર્સિટી સિવાયની પરીક્ષાઓ માટે કેન્દ્રો આપવા બાબત.

સિન્ડિકેટની તા. ૭-૧૨-૧૯૫૭ની સભામાં જે ઠરાવ થયો હતો તેમાં સુધારો કરી નીચે પ્રમાણે ધોરણ રાખવું :

(અ) દ્વિતીય વર્ષ વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, બી.એ., બી એસસી. અને બી.કૉમ. માટે હાલ જે કેન્દ્રો છે તે ચાલુ રાખવાં અને દ્વિતીય વર્ષ વિનયન તથા વિજ્ઞાન પરીક્ષા માટે જે સ્થળે પરીક્ષામાં બેસનાર રેગ્યુલર વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૦ હોય ત્યાં નવું કેન્દ્ર રાખવું અને બી.એ., બી.એસસી.ની પરીક્ષા માટે રેગ્યુલર ૧૦૦ વિદ્યાર્થીઓની સંખ્યા હોય ત્યાં નવું કેન્દ્ર રાખવું.

(બ) ભૂજને યુનિવર્સિટીની દ્વિતીય વર્ષ વિનયન, દ્વિતિય વર્ષ વિજ્ઞાન, બી.એ. અને બી.એસસી. માટે કેન્દ્ર રાખવું.

(ક) બધી જ અનુસ્નાતક પરીક્ષાઓ માટે અમદાવાદ કેન્દ્ર રાખવું.

(ડ) પ્રાયોગિક, તબીબી, આયુર્વેદ અને ખેતીવાડીની પરીક્ષાઓ માટે જે સ્થળે કૉલેજ હોય તે સ્થળને કેન્દ્ર રાખવું.

૩. સીનિયર સુપરવાઇઝરની નિમણૂક બાબતમાં આ સમિતિ ભલામણ કરે છે કે, જુદા જુદા કેન્દ્રોએ યુનિવર્સિટી તરફથી લેવાતી પરીક્ષાઓ માટે જે કૉલેજમાં પરીક્ષાઓ લેવાનાર હોય તે સઘળી પરીક્ષાઓ માટેની મુખ્ય નિરીક્ષકની જવાબદારી સામાન્ય રીતે તે કૉલેજના આચાર્યને અને સંજોગો-

વશાત્ તેઓ સ્વીકારી શકે નહિ તો તેઓ નામ સૂચવે તેવા અનુભવી પ્રાધ્યાપકને જ સોંપવી જોઈએ અને આમ કરવામાં જો કોઈ કૉલેજના આચાર્યને એક કરતાં વધારે પરીક્ષામાં સીનિયર સુપરવાઇઝર તરીકે જવાબદારી સંભાળવાનું થાય તો તે પણ આપવી.

(આ બાબતમાં નીચેનો પ્રોવિઝો લાગુ પાડવો)

ઉપર નં. ૩માં જણાવ્યા પ્રમાણે જો કોઈ આચાર્ય મુખ્ય નિરીક્ષક નિમાય તો તેમને મુખ્ય નિરીક્ષક તરીકેનું નિયમ પ્રમાણે દૈનિક મહેનતાણું આપવું પરંતુ વધુમાં વધુ આખા દશ દિવસના મહેનતાણાથી કોઈ સંજોગોમાં વધારે આપવું નહિ એટલે કે રૂા. ૨૦૦થી કોઈ સંજોગોમાં મહેનતાણું વધે તો તે આપવું નહિ. દશ દિવસ ઉપરના બાકીના દિવસો દરમિયાન તેમણે વિના વેતને પરીક્ષા અંગેનું કામકાજ સંભાળવું જરૂરી રહેશે.

(**નોંધ.**—આ મર્યાદા સૌ સીનિયર સુપરવાઇઝરો, આચાર્યો સહિતને લાગુ પડશે.)

૪. બી.એ., બી.એસસી. જેવી પરીક્ષાઓ જેટલા દિવસ ચાલે તેટલા દિવસ માટે એક મુખ્ય નિરીક્ષકની તો એની નિમણૂક કરવી કે તે જેટલા દિવસ સદરહુ પરીક્ષાઓ ચાલે તેટલા દિવસ મુખ્ય નિરીક્ષકની ફરજ બજાવે.

૫. દરેક કેન્દ્રમાં પ્રેસના કામકાજ માટે એક જુદા સીનિયર સુપરવાઇઝર રાખવાની ભલામણ કરવામાં આવે છે.

૬. સામાન્ય રીતે દર ૪૦૦ વિદ્યાર્થીઓએ એક સીનિયર સુપરવાઇઝર નીમવામાં આવે છે તે પ્રમાણેની સંખ્યામાં સીનિયર સુપરવાઇઝર નીમવા.

૭. જુનિયર સુપરવાઇઝરની નિમણૂક બાબતમાં સમિતિ ભલામણ કરે છે કે લગભગ ૪૦ વિદ્યાર્થીઓએ એક જુનિયર સુપરવાઇઝર પ્રમાણે જુનિયર સુપરવાઇઝરની નિમણૂક કરવી પરંતુ જો કોઈ સ્થળે પરીક્ષાર્થીઓને બેસાડવામાં ઓરડાનું કદ અને વ્યવસ્થા જોતાં વધારાના જુનિયર સુપરવાઇઝરની નિમણૂકની જરૂર લાગે તો તે માટે અગાઉ યુનિવર્સિટીની મંજૂરી મેળવી લઈ નિમણૂક કરવી.

૮. જુનિયર સુપરવાઇઝરોની નિમણૂકો નીચેની લાયકાતો પ્રમાણે કરવી :

(૧) કૉલેજના સ્ટાફ, જેમાં શિક્ષકો, કારકુનો, ડેમોન્સ્ટ્રેટરો, લેબોરેટરી આસિસ્ટન્ટ, સ્ટોરકીપર વગેરેનો સમાવેશ થઈ શકે.

(૨) યુનિવર્સિટીના સ્નાતકો કે જેઓ તે વર્ષમાં આ યુનિવર્સિટીની કોઈ કૉલેજમાં ભણતા ના હોય કે કોઈ પરીક્ષામાં બેસનાર ના હોય.

(૩) માધ્યમિક શાળાના શિક્ષકો.

૯. જુનિયર સુપરવાઇઝરની નિમણૂક મુખ્ય કંડક્ટર અથવા મુખ્ય સીનિયર સુપરવાઇઝર જે તે સ્થળે અથવા તો કૉલેજમાં પરીક્ષા હોય તે કૉલેજના આચાર્યની ભલામણ ઉપરથી કરે.

૧૦. ઓછામાં ઓછા દર દશ સુપરવાઇઝર વચ્ચે એક એક રીલીવિંગ સુપરવાઇઝર નીમવા.

૧૧. સીનિયર સુપરવાઇઝરો, જુનિયર સુપરવાઇઝરો તથા પ્રેસ સુપરવાઇઝરોને હાલમાં અપાતા મહેનતાણામાં કોઈ જાતનો ફેરફાર કરવાની ભલામણ કરવાની તરફેણમાં આ સમિતિ નથી તેમ જ કૉલેજોને પ્રાયોગિક પરીક્ષાઓ માટે વપરાતી વસ્તુઓ અને સાધનો માટે હાલમાં જે દર રાખવામાં આવ્યા છે તેમાં કાંઈ ફેરફાર કરવાનું આ સમિતિ સૂચવતી નથી.

૧૨. આ સમિતિ વધુમાં સૂચવે છે કે, જો કોઈ પણ એક કેન્દ્ર પર કોઈ એક પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦થી વધે તો તેવા પ્રત્યેક કેન્દ્રે પરીક્ષાઓના સમય માટે એક સ્ટેશનરી ક્લાર્ક નીમવો અને તે માટે તેને જુનિયર સુપરવાઇઝરને અપાતું મહેનતાણું આપવું. તેની નિમણૂક જે તે કૉલેજ ઉપર પરીક્ષા લેવાતી હોય તે કૉલેજના આચાર્યે કરવાની રહેશે.

૧૩. આ સમિતિ ભલામણ કરે છે કે, જે સ્થળે એક અથવા વધારે પરીક્ષાઓ એક જ દિવસે શરૂ થતી હોય અને તે બધી પરીક્ષામાં વધુમાં વધુ પચીસ જ વિદ્યાર્થીઓ બેસનાર હોય તો ત્યાં ફેકટોટમ નીમવાને બદલે એક વધારાનો જુનિયર સુપરવાઇઝર નીમવો અને તેને ફેકટોટમની ફરજો સોંપવી અને તેનો મહેનતાણાનો દર જુનિયર સુપરવાઇઝરના મહેનતાણાના દર જેટલો રાખવો. પરીક્ષા શરૂ થવાના આગલા દિવસે પણ જો આચાર્યને આવા જુનિયર સુપરવાઇઝરની નિમણૂકની જરૂરિયાત જણાય તો તે નિમણૂક મંજૂર રાખવી.

(નોંધ.—આ પરચૂરણ ખર્ચમાં નીચેની બાબતો સમાવવી :

પાણીવાળા, માટલાં, બરફ, ઝાડુ કાઢનાર, હમાલ, ચોકીદાર, અને પાટલી ગોઠવવાનો ખર્ચ વગેરે ગણવો.)

૧૪. યુનિવર્સિટીની પરીક્ષાઓ માટે ઉત્તરવહી મોકલવાની બાબતમાં રેલ્વે મારફત કેન્દ્રો ઉપરથી મોકલવાના પારસલો ઇન્સ્યોર્ડ રેલ્વેથી મોકલવા અને તેમ કરવામાં એસ.એસ.સી.ની પ્રથા મુજબ જ્યાં શકય હોય ત્યાં પતરાની પેટીઓમાં મોકલી શકાય તેવી વ્યવસ્થા કરવાનું વિચારવું. ટપાલ મારફત મોકલાતા ઉત્તરપત્રો પણ ઇન્સ્યોર્ડ પાર્સલથી મોકલવા.

૧૫. ઉત્તરપત્રો જ્યારે કાર્યાલયમાં પાછા આવે ત્યારે તે બરોબર ગણીને લેવાની વ્યવસ્થા રાખવાનું આ સમિતિ સૂચવે છે.

પરિશિષ્ટ "ગ"
કામકાજ ક્રમાંક ૧૦

પબ્લિકેશન બોર્ડની તા. ૨૫–૧૦–૧૯૬૦ના રોજ મળેલી બારમી બેઠકની ભલામણો

૧. સિન્ડિકેટને ભલામણ કરવી કે, શ્રી. જે. એચ. પાઠકનો પીએચ.ડી. પદવી માટે માન્ય થયેલો ગુજરાતી વિષયનો "૧૯૫૦ પછીની ગુજરાતી કવિતાની સાંસ્કૃતિક ભૂમિકા, તેનાં પરિબળો અને સિદ્ધિ" એ શિર્ષકવાળો મહાનિબંધ છપાવવા સારુ નીચેની શરતોએ રૂા. ૫૦૦, પ્રકાશન-આર્થિક સહાય તરીકે શ્રી. ચુનીલાલ ગાંધી વિદ્યાભવનને પુસ્તક પ્રસિદ્ધ થયે આપવાનું મંજૂર કરવું.

૧. પ્રસ્તુત મદદનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.
૨. મુખપૃષ્ઠ પર 'ગુજરાત યુનિવર્સિટીની સહાય દ્વારા પ્રકાશિત' એમ છપાવવું તથા
૩. તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપવી.

૨. સિન્ડિકેટને ભલામણ કરવી કે, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, સુરતને પ્રાધ્યાપક શ્રી. વિષ્ણુ-પ્રસાદ ૨. ત્રિવેદી અને પ્રાધ્યાપક શ્રી. જીવણલાલ ત્રિ. પરીખે સંપાદન કરેલા પુસ્તક "સાહિત્ય મીમાંસા"ના સમગ્ર પ્રકાશન અર્થે રૂા. ૧૫૦૦ની પ્રકાશન ગ્રાન્ટ નીચેની શરતોએ પુસ્તક પ્રસિદ્ધ થયેથી આપવી.

૧. પ્રસ્તુત મદદનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.
૨. મુખપૃષ્ઠ પર 'ગુજરાત યુનિવર્સિટીની સહાય દ્વારા પ્રકાશિત' એમ છપાવવું, તથા
૩. તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપવી.

૩. સિન્ડિકેટને ભલામણ કરવી કે ફારસી, ઉર્દૂ અને અરબી ભાષાના વિષયના પ્રથમ વર્ષ (પ્રી-યુનિ.) માટે સંગ્રહો તૈયાર કરવા અંગેના સિદ્ધાંત સાથે સહમત થઈને તે માટેનાં પાઠ્યપુસ્તકો તૈયાર કરાવવા સારુ ૧. ડૉ. સી. આર. નાયક, ૨. શ્રી. ફારૂકી તથા ૩. શ્રી. ટી. એચ. શમ્શીની સમિતિ નીમવી અને તે તૈયાર કરવા વિનંતી કરવી અને તેની હસ્તપ્રત તૈયાર થયે તે ડૉ. સી. આર. નાયકે તપાસી જઈ યુનિવર્સિટીને સોંપવી. આ કાર્ય અંગે કાંઈ મહેનતાણું આપવાનું નથી. યુનિ-વર્સિટીએ પોતે છપાવી આ સંગ્રહ પ્રકાશિત કરવા યોગ્ય કરવું.

૪. આથી પબ્લિકેશન બોર્ડની સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, ભાષા સિવાયના જુદા જુદા વિષયોનાં પાઠ્યપુસ્તકો ગુજરાતી ભાષામાં તૈયાર કરાવવા અંગે સર્વ સામાન્ય સિદ્ધાંતો તથા

નિયમો, મહેનતાણું, કદ વગેરે નક્કી કરવા સિન્ડિકેટને એક ઍડ-હૉક સમિતિ નીમીને વિગતવાર યોજના ઘડવી જરૂરી છે એમ આ બોર્ડનો અભિપ્રાય છે.

૫. આથી પબ્લિકેશન બોર્ડની આ સભા ઠરાવે છે કે, "એજ્યુકેશનલ સાયકોલોજી" એ વિષય પરત્વે શ્રી. વી. એસ. વણિકર, શ્રી. સી. ટી. ભોપટકરની સહાયથી ગુજરાતી ભાષામાં પુસ્તક પ્રકાશિત કરવા ઇચ્છતા હોય તો તેમને હસ્તપ્રત યુનિવર્સિટીની વિચારણા માટે રજૂ કરવા જણાવવું.

(**નોંધ.**—આ બાબતમાં સામાન્ય માર્ગદર્શન શ્રી. રજિસ્ટ્રાર તેમને રૂબરૂ આપી શકશે.)

૬. સિન્ડિકેટને ભલામણ કરવી કે, શ્રી. ચુનીલાલ શાહ, લોકભારતી, સણોસરા તરફથી આવેલ સામાન્ય માનસશાસ્ત્ર પર ગુજરાતી ભાષામાં લખાયેલ પુસ્તકની હસ્તપ્રત ડૉ. કે. જી. દેસાઈ, એ. જી. ટીચર્સ કૉલેજ, અમદાવાદને અભિપ્રાય માટે મોકલી આપવી અને તે અભિપ્રાય આવ્યેથી તે અંગે યોગ્ય કરવા ઉપકુલપતિશ્રીને સત્તા આપવી.

૭. આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. કરીમ મહંમદ માસ્તર તરફથી "અલ્લાહ નામાવલિ — અલ્લાહના નવ્વાણું નામોની તસ્બી" એ વિષય પરત્વેનું પુસ્તક યુનિવર્સિટીએ છપાવવા અંગેની વિનંતી સ્વીકારવી નહિ.

૮. આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, પ્રોફેસર એફ. સી. દાવરનું "ઇરાન અને ઇન્ડિયા" એ નામનું પુસ્તક છપાવવા સારુ રૂા. ૭૫૦ની આર્થિક સહાય, પ્રસ્તુત મદદનો મુખપૃષ્ઠ (ટાઇટલ પેઇજ) પર ઉલ્લેખ કરે તથા તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપે એ શરતે પુસ્તક પ્રસિદ્ધ થયેથી પ્રોફેસર એફ. સી. દાવરને આપવી.

૯. આથી આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, "અરેબિક — ગુજરાતી" શબ્દકોષ છપાવવા સારુ રૂા. ૨૦૦૦ની આર્થિક સહાય નીચેની શરતોએ ચુનીલાલ ગાંધી વિદ્યાભવનને આપવી:

૧. પ્રસ્તુત મદદનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.

૨. મુખપૃષ્ઠ ઉપર "ગુજરાત યુનિવર્સિટીની સહાય દ્વારા પ્રકાશિત" તથા

૩. તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપવી.

શ્રી. શમ્શીને આ ઉપરાંત બીજી કોઈ મદદ આપી શકાય એમ નથી તેમ જણાવવું.

૧૦. આથી પબ્લિકેશન બોર્ડની આ સભા સિન્ડિકેટને ભલામણ કરે છે કે, શ્રી. રમણલાલ જોષીનો ગુજરાતી વિષયમાં પીએચ.ડી. પદવી માટે સ્વીકારાયેલો "ગોવર્ધનરામ એક — અધ્યયન" એ શીર્ષક હેઠળનો મહાનિબંધ ગુજરાત યુનિવર્સિટીની સહાય દ્વારા પ્રકાશિત કરવા અંગે નીચેની શરતોએ રૂા. ૭૫૦ની મદદ પુસ્તક પ્રસિદ્ધ થયે આપવી.

૧. પ્રસ્તુત મદદનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કરવો.

૨. મુખપૃષ્ઠ પર "ગુજરાત યુનિવર્સિટીની સહાય દ્વારા પ્રકાશિત" એમ છપાવવું તથા

૩. તેની ૧૦ નકલો યુનિવર્સિટીને આપવી.

૧૧. આથી પબ્લિકેશન બોર્ડની આ સભા ઠરાવે છે કે, ડૉ. પ્રાણજીવનદાસ મહેતાએ આયુર્વેદ ઉપર આપેલાં વ્યાખ્યાનોનો યુનિવર્સિટીના જર્નલ "વિદ્યામાં" ટૂંક સાર છપાવવો અને તેની જરૂરી વધુ નકલો (ઑફ-પ્રિન્ટ્સ) કઢાવવી.

૧૨. આથી ઠરાવવામાં આવે છે કે, ઉપરોક્ત પત્રની નોંધ લેવી. વધુમાં ઠરાવવામાં આવે છે કે, જુદી જુદી અભ્યાસ સમિતિઓના અધ્યક્ષને આ પત્રની નકલ મોકલી આપવી તે સાથે ભારત સરકારે જે પુસ્તકોનું હિંદી ભાષાંતર કરવાનું ઠરાવ્યું છે તેની યાદી પણ મોકલવી અને તેમને જણાવવું કે આ યાદીનાં પુસ્તકો આપી ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવવા યોગ્ય હોય તો તેના નામ વગેરે માટે ભલામણ મોકલી આપવી.

ઉપરાંત જો યુનિવર્સિટી ગુજરાતી ભાષામાં "સ્ટાન્ડર્ડ વર્કસ"નું ભાષાંતર કરે તો ભારત સરકાર આવી મદદ આપવાનું વિચારી શકે કે કેમ તે બાબત ભારત સરકારને લખવું.

વધુમાં ભારત સરકારની યાદીમાંના જે પુસ્તકોનું હિંદી ભાષાંતર તેમની શરતોથી કરવા માટે કોઈને સોંપ્યું નથી તેનું ભાષાંતર કરવા તૈયાર કરવા હોય તો તેમના નામો સૂચવવા આચાર્યોને તે પત્ર પણ પરિપત્રિત કરવો.

પરિશિષ્ટ "ઘ"
કામકાજ ક્રમાંક ૧૧

સિન્ડિકેટે સ્ટાફ અંગેના વહિવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા માટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૧૨-૧૦-૧૯૬૦ની ભલામણો.

૧. યુનિવર્સિટી કાર્યાલય માટે એક નવી સફાઈ કામદારની જગા ઊભી કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલયમાં સફાઈ કામદારની એક વધુ જગા રૂ. ૩૦-૧-૪૫ના પગારધોરણમાં મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૨. યુનિવર્સિટી પ્રેસના કાર્યાલયના કર્મચારીઓની રજા, ભથ્થાં, તથા કાર્યાલયના સમય માટેની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલયના કાર્યાલયના કર્મચારીઓને હાલમાં પ્રેસમાં મંજૂર કરેલ છે તે પ્રમાણે આકસ્મિક તથા માંદગીની રજાઓ આપવી પરંતુ ફેકટરી એકટ પ્રમાણેની રજાઓ ₹૦ને બદલે દરેક અગિયાર દિવસે એક દિવસ પ્રમાણે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

કાર્યાલયના સમયમાં કોઈ ફેરફાર કરવાની અને મોંઘવારી ભથ્થાં સિવાયના બીજા ભથ્થાં આપવાની વિનંતી માન્ય થઈ શકે તેમ નથી. તેથી તે નામંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૩. યુનિવર્સિટી પ્રેસ માટે એક વધુ પ્રૂફ-રીડરની જગા ઊભી કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી મુદ્રણાલય માટે પ્રૂફ-રીડરની એક વધુ જગા રૂા. ૧૨૦-૫-૧૫૦ ઇ.બી. ૨૦૦ના પગારધોરણમાં ઊભી કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૪. યુનિવર્સિટી કાર્યાલય માટે એક કાયમી મિસ્ત્રીની જગા ઊભી કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે એક કાયમી સુથારની જગા રૂા. ૬૦-૪-૧૦૦ના પગારધોરણમાં ઊભી કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૫. કાર્યાલયના સ્ટોર્સ માટે એક કામચલાઉ મજૂરની જગા ઊભી કરવા વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, કાર્યાલયના સ્ટોર્સ માટે કામચલાઉ મજૂરની જગા ઊભી કરવાની આ સમિતિને જરૂર જણાતી નથી કેમકે આ માટે જ્યારે જ્યારે જરૂર ઊભી થાય ત્યારે શ્રી. રજિસ્ટ્રારને આપેલ સત્તાથી કન્ટિન્જન્સી ખાતે ખર્ચ પાડીને આ કામ માટે મજૂર રોકી શકાશે.

૭. સિન્ડરટ્રેક તથા પેવેલિયનના નિભાવ માટે પાણી છાંટવા તથા રોલિંગ માટે કાયમી ત્રણ નવી જગા ઊભી કરવાના ધી ડાયરેકટર ઑફ ફીઝિયલ એજ્યુકેશનના પત્ર ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે સિન્ડરટ્રેક તથા પેવેલિયનના નિભાવ માટે કોઈ નવી જગાઓ ઊભી કરવાની આ સમિતિને જરૂર જણાતી નથી. પરંતુ આ કામ માટે જ્યારે જ્યારે જરૂર પડે ત્યારે ત્યારે કામચલાઉ ધોરણે મજૂરો રોકી કામ કરાવવાનું રાખવું.

૮. ડાયરેક્ટર ઑફ ફીઝિકલ એજ્યુકેશનની ઑફિસમાં જુનિ. કલાર્ક તરીકે કામ કરતા શ્રી. એસ. એમ. જોષી આર્ટ્સ તેમજ લૉ ગ્રેજ્યુએટ હોવાથી ઑનર્સ ગ્રેજ્યુએટને મળતો પગાર આપવા બાબતની તેમની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, જુનિ. કલાર્ક શ્રી. એસ. એમ. જોષીની વિનંતી માન્ય કરવી નહિ.

૯. શ્રી. વાય. ડી. ખાન યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓના કામના બોજા અંગે તપાસ કરવા નીમાયેલ છે પરંતુ તેઓ આ કામ માટે ડિસેમ્બર માસમાં આવી શકે તેમ છે, તો તે અંગે વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે, શ્રી. વાય. ડી. ખાનના પત્રની નોંધ લેવી.

૧૦. યુનિવર્સિટી કાર્યાલયમાં હાલમાં નાયક તરીકે કામ કરતા શ્રી. કે. ડી. કડીઆની સીનિયર નાયક તરીકે નિમણૂક કરવા અંગેની તા. ૩-૯-૧૯૬૦ની અરજી પર વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે શ્રી. કાંતિલાલ નાઈની ગેરવર્તણૂક માટે બે વર્ષ માટે બઢતી અટકાવવામાં આવી હતી તેથી શ્રી. કે. ડી. કડીયાને શ્રી. નાઈ કરતાં સીનિયર ગણવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૨. ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલના એવોર્ડ પ્રમાણે કેટલાક પટાવાળા, ચોકીદાર, હમાલ વગેરેનો પગારધોરણોના પગથિયામાં આવતો નથી તો તે બાબતમાં વિચારણા કરવા બાબત.

આથી ઠરાવવામાં આવે છે કે જે પટાવાળાઓને પગાર ઇન્ડસ્ટ્રિયલ એવોર્ડ પ્રમાણે પગારધોરણનાં બે પગથિયાં વચ્ચે આવતો હોય તેઓને પગથિયાનો ઉપરનો પગાર એવોર્ડના અમલની શરૂઆતથી એટલે કે તા. ૧-૭-૧૯૫૯થી આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૩. સિન્ડિકેટે તેની તા. ૩-૯-૧૯૬૦ની સભામાં બાબત નં. ૨૮ પ્રમાણે નીચેના મુદ્દાઓ સ્થાયી સમિતિની વિચારણા માટે મોકલી આપવાનું ઠરાવવામાં આવેલ હોવાથી તે ઉપર વિચારણા કરવા બાબત.

(૧) જમાદારની જગા માટેનું પગારધોરણ.

(૨) સદરહુ ચુકાદામાં ઠરાવ્યા પ્રમાણે વાહનભથ્થુ (સી.એ.) તે ચુકાદાની મર્યાદામાં નહિ આવતાં કાર્યાલયના સભ્યોને તે આપવા બાબત.

(૩) કાર્યાલયના જે કર્મચારીઓ તા. ૨૬-૨-૧૯૫૯થી તા. ૬-૩-૧૯૫૯ સુધી હડતાળ ઉપર ઉતર્યા હતા તેમના પગાર અંગે અથવા રજા બાબત શું કરવું તે બાબત.

૧૩. (૧) જમાદારની જગા માટેનું પગારધોરણ રૂા. ૫૦-૩-૮૦ રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૨) યુનિવર્સિટી કાર્યાલયમાં રૂા. ૪૩૦ સુધીનો મૂળ માસિક પગાર મેળવતા બધા જ બીનશિક્ષક વર્ગના કર્મચારીઓને વાહનભથ્થું રૂા. ૫-૦૦ પ્રમાણે આપવા સિન્ડિકેટને ભલામણ કરવી.

(૩) કાર્યાલયના કર્મચારીઓ તા. ૨૬-૨-૧૯૫૯ થી તા. ૬-૩-૧૯૫૯ સુધી હડતાળ ઉપર ઉતર્યા હતા. તેઓની રજા માટેની વ્યક્તિગત અરજી આવ્યેથી તે મંજૂર કરવાની સત્તા શ્રી. રજિસ્ટ્રારને આપવામાં આવે તેમ સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૭. વિજ્ઞાન વિદ્યાભવન માટે એક સ્ટેનોગ્રાફરની જગા ઊભી કરવા અંગે ડૉ. જે. જે. ચીનોય, પ્રોફેસર ઑફ બૉટાનીના સૂચન ઉપર વિચારણા કરવા બાબત.

આથી હરાવવામાં આવે છે કે વિજ્ઞાન વિદ્યાભવન માટે સ્ટેનોગ્રાફર માટેની એક જગા રૂા. ૧૨૦-૮-૨૦૦-૧૦-૨૨૦ ઈ.બી.-૧૦-૨૮૦ના પગારધોરણમાં મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી.

૧૮. યુનિવર્સિટી કાર્યાલયમાં ખાલી પડેલ કેશિયરની જગા માટેની લાયકાત નક્કી કરવા બાબત.

યુનિવર્સિટી કાર્યાલયમાં કેશિયરની જગા માટેની ઓછામાં ઓછી લાયકાતનું ધોરણ બી.કૉમ. એકાઉન્ટન્સી સાથે પાસ રાખવું.

સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ની બેઠકની ભલામણો

I

સ્ટાફ અંગેના વહિવટી પ્રશ્નો ઉપર વિચારણા કરવા સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની એક સભા તા. ૨૮-૧૦-૧૯૬૦ના રોજ સાંજના ૪-૦૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયમાં મળી હતી. સભ્યોની હાજરી નીચે પ્રમાણે હતી :

૧. શ્રી. વાઇસ-ચાન્સેલર	હાજર
૨. પ્રિન્સિપલ એલ. આર. દેસાઈ	ગેરહાજર
૩. ડૉ. વિક્રમ એ. સારાભાઈ	હાજર
૪. શ્રી. બિહારીલાલ પો. શાહ	ગેરહાજર
૫. શ્રી. કં. ચં. પરીખ, રજિસ્ટ્રાર	હાજર

૧. નીચેની બાબતો તા. ૧૨-૧૦-૧૯૬૦ની સભામાં વિચારણા માટે મુલતવી રાખવામાં આવી હતી, તે ઉપર વિચારણા કરવા બાબત :

(ક) સિન્ડિકેટે તેની તા. ૨/૩-૮-૧૯૫૮ની સભામાં ઠરાવેલા નવા પગારધોરણના અમલ અંગે કેટલાક કર્મચારીઓની તા. ૨૪-૮-૧૯૬૦ની અરજી ઉપર વિચારણા કરવા અંગે :

(ખ) ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલના ચુકાદાને પરિણામે કાર્યાલયના નીચેના વર્ગના સભ્યોના પગારધોરણોમાં સુધારો થાય છે તેને અનુલક્ષીને કાર્યાલયના ઉપરના વર્ગના સભ્યોના પગારધોરણોમાં સુધારો કરવો કે કેમ, અને કરવો તો કેટલો, તે બાબત :

(ગ) જોઇન્ટ બોર્ડ ઓફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૯-૧-૧૯૫૮ની પૂનામાં મળેલી સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"Resolved that the status and salary of the administrative officers of Universities such as Registrars, Dy. Registrars and Asst. Registrars should be generally the same as those of the teachers in University Departments such as Professors, Readers and Lecturers respectively and that the status and salary of a University Librarian be generally the same as those of a Professor provided he has the required academic and professional qualifications."

(ઘ) યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશનના શિક્ષકનું પગારધોરણ સુધારવા બાબતમાં વિચારણા કરવા બાબત:

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૩૯-૨(૫૮) એચ. તા. ૭-૧-૧૯૫૯થી નીચે પ્રમાણે ઠરાવ્યું છે:

"The minimum qualifications for appointment as Director of Physical Education or a Physical Instructor in Universities and Colleges should be a Post-graduate Diploma (or Certificate) or a Degree in Physical Education. Persons with such qulifications may be appointed in the same scale of pay as Lecturers. Directors of Physical Education in the Universities may be appointed in the scale of pay of Readers if the Universities so desire. Persons with lower qualifications may be appointed on the same terms as Tutors and Demonstrators. These teachers of Physical Education may be included among the teaching staff of Colleges and Universities for purposes of revision of salary scales."

(ચ) યુનિવર્સિટી કાર્યાલય માટે એક ભાષાંતરકારની જગા ઊભી કરવા બાબત ભાષા-સાહિત્ય ભવનના અધ્યક્ષના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત:

(છ) બોર્ડ ઓફ એકાઉન્ટ્સની તા. ૧૫-૫-૧૯૫૯ની ભલામણ ઉપર સિન્ડિકેટે તેની તા. ૧૮-૬-૧૯૬૦ની સભામાં કરેલ નીચેના ઠરાવ અંગે વિચારણા કરવા બાબત:

"વધુમાં ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી બોર્ડ ઓફ એકાઉન્ટ્સે પરીક્ષા વિભાગ માટે કર્મચારીઓની બાબતમાં જે ભલામણ કરી છે તે ભલામણ સિન્ડિકેટની સ્ટાફ અંગેની સ્થાયી સમિતિને વિચારણા માટે મોકલી આપવી."

(જ) સને ૧૯૬૦-૬૧ના વર્ષ માટે કાર્યાલયના વધેલા કામકાજ અંગે વ્યવસ્થા કરવા બાબત:

(૮) સિન્ડિકેટે તેની તા. ૧-૧૦-૧૯૬૦ની સભામાં નીચેના સભ્યોની પગારવધારાની અરજીઓ ઉપર વિચારણા કરવા અંગે :

૧. શ્રી. પી. ડી. પાઠક, રીડર-ઇન-ફિઝિક્સ,
૨. શ્રી. કે. એમ. કોટડિયા ,, ,, ,,
૩. ડૉ. કે. એ. હાકર, રીડર-ઇન-કેમિસ્ટ્રી,
૪. શ્રી. એસ. આર. પટેલ, લેક્ચરર-ઇન-કેમિસ્ટ્રી.

તા. ૧૨-૧૦-૧૯૬૦ની સભાની મુલતવી રહેલી બાબતો પર વિચારણા કરવામાં આવી હતી અને નીચે પ્રમાણે ઠરાવવામાં આવ્યું હતું.

(૬) યુનિવર્સિટી કાર્યાલયના કેટલાક કર્મચારીઓની આવેલી તા. ૨૪-૮-૧૯૬૦ની અરજી ઉપર ચર્ચાવિચારણા કરવામાં આવી અને નીચે પ્રમાણે મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવા ઠરાવવામાં આવ્યું :

સિન્ડિકેટે તેની તા. ૭-૬-૧૯૫૮ની સભામાં ઠરાવ્યું હતું કે, સિન્ડિકેટે મંજૂર કરેલ પગારધોરણનો અમલ કરતાં જે કર્મચારીઓનો પગાર, પગારધોરણમાં બે પગથિયાં વચ્ચે આવતો હોય તેઓને પગારધોરણનો નીચેનો પગાર આપવો, અને ઉપરની રકમ "પર્સનલ પે" અંગત પગાર ગણીને ભવિષ્યના વધારા કે વધારાઓમાં ગણી લેવી.

(૧) આ સમિતિ ઉપરના ઠરાવની પુનર્વિચારણા કરીને સિન્ડિકેટને આ બાબતમાં ભલામણ કરે છે કે, જે કર્મચારીઓનો પગાર, સુધારેલા પગારધોરણને કારણે તા. ૧-૭-૧૯૫૭ના રોજ તે પગારધોરણનાં બે પગથિયાં (Stages)ની વચ્ચે આવ્યો હોય તેમ ને ઉચ્ચક વધારો આપીને ઉપરના પગથિયા (Higher stage) પર મૂકવા.

(૨) વધુમાં સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ઉપર (૧) પ્રમાણેનો લાભ આપ્યા પછી એક જ કક્ષા (Cadre) ના કોઈ જુનિયર કર્મચારીની પગાર વધારાની તારીખ સીનિયર કર્મચારીના પગારવધારાની તારીખ પહેલાં આવતી હોય અને તેથી તે જુનિયર કર્મચારીનો પગાર સીનિયર કર્મચારીના પગાર કરતાં વધી જતો હોય તો સીનિયર કર્મચારીનો પગારવધારો જુનિયર કર્મચારીના પગારવધારાની તારીખે આપવો, અને તે પછી તે તારીખ પ્રમાણે ભવિષ્યના વાર્ષિક પગારવધારા ગણવાનું રાખવું.

(૩) ઉપરની બાબતો સિવાયની બીજી માગણીઓ નામંજૂર કરવી.

બાબતો નં. ખ, ગ અને ઘ અંગે સમિતિએ વિગતે ચર્ચાવિચારણા કરી અને તે પછી ઠરાવ્યું કે, આ અંગેની સમિતિની નોંધ શ્રી. રજિસ્ટ્રારે સિન્ડિકેટની સભા વખતે ખાનગી રાહે રજૂ કરવી.

(ચ) આથી ઠરાવવામાં આવે છે કે, ભાષાંતરકારની એક જગા યુનિવર્સિટી કાર્યાલય માટે રૂા. ૨૦૦-૧૦-૪૦૦ ના પગાર ધોરણમાં ઊભી કરવી, અને તે માટેની લાયકાત નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવી :

"M.A. with English and Gujarati and experience of translation to be considered as an additional qulification."

કામકાજ નં. ૭ અને જ એક સાથે વિચારવામાં આવ્યાં હતાં. ત્યારબાદ ઠરાવવામાં આવ્યું કે, પરીક્ષાઓનું કામકાજ યંત્રસામગ્રીની મદદથી તૈયાર કરવા અંગે પગલાં લેવાઈ રહ્યાં છે તે જોતાં હાલ વધારાનો કાયમી સ્ટાફ વધારવાની આ સમિતિને જરૂર જણાતી નથી. પરંતુ યંત્રો પરદેશથી આયાત કરવાનાં હોવાથી ૧૯૬૧ નું પરીક્ષાઓનું કામકાજ યંત્રોની સહાયથી થઈ શકશે નહિ એ સ્પષ્ટ છે. તેથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, ૧૯૬૧ ના વર્ષ દરમિયાન નીચે પ્રમાણેનો વધારાનો સ્ટાફ હાલ એક વર્ષ માટે મંજૂર કરવો:

(૧) જુનિયર ક્લાર્ક/ક્લાર્ક-ટાઇપિસ્ટ: ૨૫
(૨) કામચલાઉ જુનિયર ક્લાર્ક/ક્લાર્ક-ટાઇપિસ્ટ-"મેન મન્થ્સ": ૨૨૭

જુનિયર ક્લાર્ક/ક્લાર્ક-ટાઇપિસ્ટની નિમણૂક યુનિવર્સિટીના પગારધોરણમાં એક વર્ષ માટે મંજૂર કરવી. કામચલાઉ મદદનીશોને હાલ રૂા ૧૦૦ આપવામાં આવે છે તેને બદલે જુનિયર ક્લાર્ક/ક્લાર્ક-ટાઇપિસ્ટના પગારધોરણમાં નિમણૂક કરવી. આ જગાઓ પૂરવા માટે સ્થાનિક કોલેજોમાં નોકરી કરતા ડેમોન્સ્ટ્રેટરો, ટ્યૂટરો તથા અનુસ્નાતક વિદ્યાર્થીઓને બને ત્યાં સુધી પસંદગી આપવાનું રાખવું.

ઉપરાંત, બહુ જ અગત્યનું કામકાજ કાયમી સ્ટાફ પાસેથી ઓવર-ટાઇમથી કરાવવાની જરૂર રહેશે તે બાબત તથા ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલે ઓવર-ટાઇમનો દર વધારેલો છે તે હકીકત જોતાં ૧૯૬૦-૬૧ના વર્ષમાં તે માટે વધારાના રૂા. ૫,૦૦૦ નું ખર્ચ મંજૂર કરવા માટે સિન્ડિકેટને ભલામણ કરવી.

(૮) સદરહુ માગણીઓ અંગે ઝીણવટથી વિગતો તપાસવામાં આવી તે પછી ઠરાવવામાં આવ્યું કે, શ્રી. પી. ડી. પાઇક, શ્રી. કે. એમ. કોટડિયા, ડો. કે. એ. હાકર તથા શ્રી. એસ. આર. પટેલની પગારવધારાની માગણી સ્વીકારવી નહિ.

૨. કાર્યાલય નિયામક શ્રી. જી. એ. દેસાઈની તેમને એકસ્ટ્રા-મ્યુરલનું ભથ્થું ચાલુ રાખવા અંગેની તેમની તા. ૮-૧૦-૧૯૬૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત.

એકસ્ટ્રા-મ્યુરલ પ્રવૃત્તિઓના કામકાજને અંગે પોતાને પહેલાં અપાતું ભથ્થું ચાલુ રાખવાની કાર્યાલય નિયામક શ્રી. જી. એ. દેસાઈની અરજી બાબતનો નિર્ણય સિન્ડિકેટ લે તેમ આ સમિતિ માને છે.

૩. પ્રેસ કર્મચારીઓની પગારધોરણ, મોંઘવારી, મકાનભાડું, વગેરે વધારે આપવા અંગેની તેમની તા. ૨૮-૯-૧૯૬૦ની અરજી ઉપર વિચારણા કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, સદરહુ બાબતની વિચારણા મુલતવી રાખવી.

૪. યુનિવર્સિટી છાત્રાલય માટે એક વધુ સફાઈ-કામદારની નવી જગા ઊભી કરવા માટેના શ્રી. રેક્ટરના કાગળ ઉપર વિચારણા કરવા બાબત.

આથી સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે કે, યુનિવર્સિટી છાત્રાલય માટે એક વધારાની સફાઈ-કામદારની જગા ઊભી કરવાનું મંજૂર કરવું.

૫. યુનિવર્સિટીનાં મકાનોની દેખભાળ અંગે એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના રિપોર્ટ ઉપર વિચારણા કરવા બાબત.

યુનિવર્સિટીનાં મકાનોની દેખભાળ અંગેના એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટના રિપોર્ટ ઉપર વિચારણા

કરવામાં આવી હતી, અને ત્યારબાદ ઠરાવવામાં આવ્યું કે, નીચેની વધારાની સફાઈ-કામદારની જગાઓ મંજૂર કરવા સિન્ડિકેટને ભલામણ કરવી:

૧. યુનિવર્સિટી કાર્યાલય માટે... ૩. (આ સમિતિએ તેની તા. ૧૨-૧૦-૧૯૬૦ની સભામાં ભલામણ કરેલ એક જગાનો આમાં સમાવેશ થાય છે.)

૨. સમાજ વિદ્યાભવન માટે ... ૧.

૬. યુનિવર્સિટી કાર્યાલય માટે પ્લમ્બરની એક નવી જગા ઊભી કરવા બાબત:

આથી ઠરાવવામાં આવે છે કે, યુનિવર્સિટી કાર્યાલય માટે Plumber-cum-Watermanની એક જગા રૂા. ૬૦-૪-૧૦૦ના પગારધોરણમાં મંજૂર કરવા ભલામણ કરવામાં આવે છે.

ત્યારબાદ સભાનું કામકાજ પૂરું થયું હતું.

તા. ૪-૧૧-૧૯૬૦. ક. ચં. પરીખ,
મહામાત્ર.

II

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલયના કર્મચારીઓના સંબંધમાં વહિવટી બાબતો અંગે સિન્ડિકેટે નીમેલી સ્થાયી સમિતિની તા. ૨૮-૧૦-૧૯૬૦ના રોજ મળેલી સભાના ઠરાવ નં. ૧૫, ૧૭, અને ૧૯ની બાબતો પરત્વે સદરહુ સમિતિના ઠરાવ અન્વયે આ બાબતો પરત્વે સદરહુ સમિતિની નોંધ નીચે પ્રમાણે રજૂ કરવામાં આવે છે:

નીચેની બાબતો (૧૫) (૧૭) અને (૧૯) પરત્વે સાથે વિચારણા કરવામાં આવી હતી:

૧ ક. ઇન્ડસ્ટ્રિયલ ટ્રિબ્યુનલના ચુકાદાને પરિણામે કાર્યાલયના નીચેના વર્ગના સભ્યોના પગારધોરણોમાં સુધારો થયો છે તેને અનુલક્ષીને કાર્યાલયના ઉપરના વર્ગના સભ્યોનાં પગારધોરણોમાં સુધારો કરવો કે કેમ, અને કરવો તો કેટલો, તે બાબત:

૧ ગ. જોઇન્ટ બોર્ડ ઓફ વાઇસ-ચાન્સેલર્સની તા. ૯-૧-૧૯૫૮ની પૂનામાં મળેલી સભાના નીચેના ઠરાવ ઉપર વિચારણા કરવા બાબત:

"Resolved that the status and salary of the administrative officers of Universities such as Registrars, Dy. Registrars and Assistant Registrars should be generally the same as those of the teachers in University Departments such as Professors, Readers and Lecturers respectively and that the status and salary of a University Librarian be generally the same as those of a Professor provided he has the required academic and professional qualification."

૧૬. યુનિવર્સિટીના ફિઝિકલ એજ્યુકેશનના શિક્ષકનું પગારધોરણ સુધારવા બાબતમાં વિચારણા કરવા બાબત :

યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશનના પત્રાંક એફ. ૩૯-૨/૫૮/એચ. તા. ૭-૧-૧૯૫૯થી નીચે પ્રમાણે ફરાવ્યું છે :

"The minimum qualifications for appointment as Director of Physical Education or a Physical Instructor in Universities and Colleges should be a Post-graduate Diploma (or Certificate) or a Degree in Physical Education. Persons with such qualifications may be appointed in the same scale of pay as Lecturers. Directors of Physical Education in the Universities may be appointed in the scale of pay of Readers if the Universities so desire. Persons with lower qualifications may be appointed on the same terms as Tutors and Demonstrators. These teachers of Physical Education may be included among the teaching staff of Colleges and Universities for purposes of revision of salary scales."

ગુજરાત યુનિવર્સિટીના કર્મચારીઓની બાબતમાં ઔદ્યોગિક અદાલતના તા. ૧૩-૭-૧૯૬૦ના ચુકાદાને પરિણામે કાર્યાલયના નીચેના વર્ગના સભ્યોના પગારધોરણોમાં જે સુધારો થયો છે તેની વિગતો તપાસ્યા પછી, આ સમિતિને જણાયું છે કે, સદરહુ સુધારાને અનુલક્ષીને કાર્યાલયના ઉપરના વર્ગના કર્મચારીઓના પગારધોરણોમાં પણ સુધારો કરવાનું આવશ્યક બને છે.

તે પછી, આ બાબતને લગતી વિગતો ઉપર લંબાણપૂર્વક ચર્ચાવિચારણા કર્યા પછી, ગુજરાત યુનિવર્સિટીના ઉપરના વર્ગના કર્મચારીઓ માટે, તથા ઔદ્યોગિક અદાલતના મજકૂર ચુકાદામાં જે કર્મચારીઓને આવરી લેવામાં આવ્યા નથી, તેવા કર્મચારીઓનાં પગારધોરણો સુધારવા માટે આ સમિતિ સિન્ડિકેટને નીચે પ્રમાણે ભલામણ કરે છે :

ક્રમાંક	જગાનું નામ	જગાની સંખ્યા	હાલનું પગારધોરણ	સૂચિત સુધારેલું પગારધોરણ
૧.	ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ	૩	રૂા. ૨૦૦-૧૦-૩૦૦	રૂા. ૨૩૦-૧૫-૩૫૦
૨.	ઉપકુલપતિશ્રીના અંગત મદદનીશ	૧	રૂા. ૨૦૦-૧૦-૩૦૦	રૂા. ૨૩૦-૧૫-૩૫૦
૩.	આસિસ્ટન્ટ એકાઉન્ટન્ટ	૨	રૂા. ૧૫૦-૧૦-૨૫૦	રૂા. ૧૭૦-૧૦-૩૦૦
૪.	ડેપ્યુટી એકાઉન્ટન્ટ	૧	રૂા. ૨૦૦-૧૦-૨૮૦ -૪બી-૧૫-૪૦૦	રૂા. ૨૩૦-૧૫-૩૫૦ -૪બી-૨૦-૪૩૦
૫.	એકાઉન્ટન્ટ	૧	રૂા. ૨૫૦-૧૫-૪૦૦ -૪બી-૨૦-૫૦૦	રૂા. ૩૫૦-૨૦-૪૫૦ -૪બી-૨૫-૬૫૦
૬.	આસિસ્ટન્ટ રજિસ્ટ્રાર	૧	" " "	" " "
૭.	ડેપ્યુટી રજિસ્ટ્રાર	૧	રૂા. ૩૫૦-૨૫-૬૫૦ -૪બી-૩૦-૭૫૦	રૂા. ૫૦૦-૨૫-૮૦૦

ક્રમાંક	જગાનું નામ	જગાની સંખ્યા	હાલનું પગારધોરણ	સૂચિત સુધારાયેલું પગારધોરણ
૮.	એસ્ટેટ સુપરિન્ટેન્ડેન્ટ	૧	રૂ. ૨૫૦-૧૫-૪૦૦	આ પગારધોરણમાં કશો ફેરફાર કરવો નહિ.
૯.	ચીફ મેડિકલ ઑફિસર	૧	રૂ. ૪૦૦-૨૫-૬૦૦ -૪બી-૩૦-૯૦૦	આ પગારધોરણમાં કશો ફેરફાર કરવો નહિ.
૧૦.	ડાયરેક્ટર ઑફ ફિઝિકલ એજ્યુકેશન	૧	રૂ. ૨૫૦-૧૫-૪૦૦	રૂ. ૩૫૦-૨૦-૪૫૦ -૪બી-૨૫-૬૫૦
૧૧.	લાયબ્રેરિયન	૧	રૂ. ૪૦૦-૨૫-૭૦૦	રૂ. ૫૦૦-૨૫-૮૦૦

(શ્રી. રજિસ્ટ્રારની જગા માટેનું પગારધોરણ સુધારવા માટેની બાબત સમિતિની સભામાં ચર્ચાવિચારણા માટે હાથ ધરવામાં આવી નહોતી.)

વધુમાં નીચેની જગાઓ માટેનાં પગારધોરણ, તેની સમકક્ષ પગારવાળી જગાઓનાં સુધારેલાં પગારધોરણો જોતાં, નીચે પ્રમાણે રાખવા સિન્ડિકેટને ભલામણ કરવામાં આવે છે:

ક્રમાંક	જગાનું નામ	જગાની સંખ્યા	હાલનું પગારધોરણ	સૂચિત સુધારેલું પગારધોરણ
૧.	ટેક્નિકલ આસિસ્ટન્ટ	૨	રૂ. ૧૫૦-૧૦-૩૦૦	રૂ. ૧૭૦-૧૦-૩૦૦
૨.	ટેલિફોન ઑપરેટર	૧	રૂ. ૫૫-૫-૧૧૦ -૪બી-૮-૧૫૦	રૂ. ૫૫-૫-૧૧૦-૮-૧૫૦-૪બી-૧૦-૧૯૦
૩.	કૉપીહોલ્ડર	૧	,, ,, ,,	,, ,,
૪.	આસિસ્ટન્ટ કેશિયર	૧	,, ,, ,,	,, ,,
૫.	સ્ટોરકીપર	૧	,, ,, ,,	,, ,,
૬.	લેબોરેટરી આસિસ્ટન્ટ	૧	,, ,, ,,	,, ,,
૭.	પ્લાન્ટ કલેક્ટર	૧	,, ,, ,,	,, ,,
૮.	વર્કમેન	૧	રૂ. ૩૦-½-૩૫	રૂ. ૩૦-૧-૪૫
૯.	ગ્રાઉન્ડમેન	૧	,, ,, ,,	,, ,,

વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપરનાં સુધારેલાં પગારધોરણોનો અમલ તા. ૧-૭-૧૯૫૯થી કરવો, તથા જે સભ્યોએ તેમની હાલની જગા ઉપર તા. ૩૦-૬-૧૯૫૯ સુધીમાં જેટલાં વર્ષ સેવા કરી હોય તેટલાં વર્ષ માટે નીચે પ્રમાણે "એડજસ્ટમેન્ટ" આપવું:

(૧) જેમણે ત્રણ વર્ષની સેવાઓ પૂરી કરી ન હોય તેમને કાંઈ નહિ.

(૨) જેમણે ત્રણ વર્ષ કે તેથી વધુ સેવાઓ કરી હોય, પણ પૂરાં ૭ વર્ષ ન કરી હોય, તેમને સુધારેલા પગારધોરણમાં એક પગારવધારો આપવો.

(૩) જેમણે ૭ વર્ષ કે તેથી વધુ વર્ષ સેવાઓ કરી હોય, પણ પૂરાં નવ વર્ષ ન કરી હોય, તેમને સુધારેલા પગારધોરણમાં બે પગારવધારા આપવા.

(૪) જેમણે નવ વર્ષ કે તેથી વધુ સમય માટે સેવાઓ કરી હોય, તેમને સુધારેલા પગારધોરણમાં ત્રણ પગારવધારા આપવા.

ક. ચં. પટીમ,
મહામાત્ર.

તા. ૪-૧૧-૧૯૬૦.

પરિશિષ્ટ "ચ"
કામકાજ ક્રમાંક ૧૨

કાર્યાલયની નોંધ

યુનિવર્સિટીએ મુકરર કરેલ પગારધોરણ કૉલેજોમાંના અધ્યાપકો માટે અમલમાં મૂકવા માટે પરિપત્ર કાઢવામાં આવેલો જેના જવાબમાં સરકારી કૉલેજે તરફથી ડાયરેકટર ઑફ એજ્યુકેશન, મુંબઈ રાજ્ય, પૂનાના સંચાલન હેઠળ હોઈ તેમને આ બાબત રિફર કરેલી. મુંબઈ રાજ્યના ડાયરેકટર ઑફ એજ્યુકેશન તરફથી આ અંગે તા. ૨૪-૭-૧૯૫૭નો પત્રાંક ૬૫૧-૨૨૨-એ આવેલ જેમાં મુંબઈ રાજ્યની બધી યુનિવર્સિટીઓ સરખું પગારધોરણ અમલમાં મૂકશે ત્યારે વિચારણા કરવામાં આવશે એવો જવાબ આપવામાં આવેલ.

સિન્ડિકેટની તા. ૩૦/૩૧-૮-૧૯૫૭ની બેઠકમાં (બાબત નં. ૬૨) સદરહુ પત્ર મૂકવામાં આવતાં ઠરાવવામાં આવ્યું કે સદરહુ પ્રશ્ન જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસચાન્સેલર્સ આગળ રજૂ કરવો.

સદરહુ બાબત જોઇન્ટ બોર્ડ ઑફ વાઇસચાન્સેલર્સના એજન્ડામાં સામેલ કરવામાં આવી. (આપણી તારીખ ૨૬-૯-૧૯૫૭નો પત્ર Syn/Jt.V.C./Misc No. 1598 of 1957) જેમાં આ બાબતની વિચારણા મુલતવી રહી, જે ફરીથી તા. ૨૧-૧૨-૧૯૫૮માં મૂકી, જેમાં પણ વિચારણા મુલતવી રહી જે તા. ૨૭-૩-૧૯૫૯ની J. B. V. C.ની બેઠકમાં મૂકવામાં આવી જેમાં પૂના યુનિવર્સિટીમાં પ્રવર્તતું નીચેનું પગારધોરણ અમલમાં મૂકવા ઠરાવ્યું.

(૧) કૉલેજ પ્રોફેસર — રૂ. ૩૦૦-૬૦૦
(૨) કૉલેજ વ્યાખ્યાતા — રૂ. ૨૦૦-૪૦૦
(૩) ડેમોન્સ્ટ્રેટર અને ટ્યૂટર (માસ્ટર્સ ડિગ્રી ધરાવતા) — રૂ. ૧૫૦-૧૦-૨૫૦
(૪) ,, ,, (બેચેલર ડિગ્રી ધરાવતા) — રૂ. ૧૦૦-૧૦-૧૫૦
(૫) પ્રોફેસર અને વ્યાખ્યાતા વચ્ચેના શિક્ષકો — પ્રોફેસર અને લેકચરર વચ્ચેનું પગારધોરણ.

સિન્ડિકેટે તેની તા. ૮-૮-૧૯૫૯ની બેઠકમાં ઉપરના પગારધોરણ સ્વીકાર્યાં (બા. નં. ૨૮), જે તા. ૧-૬-૧૯૬૦ થી અમલમાં મૂકવા માટે કૉલેજોને પરિપત્રિત કર્યાં.

આ બાબત મુંબઈ રાજ્યના ડાયરેકટર ઑફ એજ્યુ.ને તા. ૭-૧૦-૧૯૫૯ના પત્રાંક સિ. ૧૩૦૦૫૭થી જણાવવામાં આવી અને ઘટતાં પગલાં લઈ જાણ કરવા વિનંતી કરવામાં આવી.

મુંબઈ રાજ્યના વિભાજન બાદ ગુજરાત રાજ્યને આ બાબતની જાણ કરવામાં આવી અને જેમાં છેવટે ડાયરેક્ટર ઑફ એજ્યુકેશન તરફથી તા. ૨૯-૯-૧૯૬૦ ના પત્રાંક ડી. ઓ. નં. ઓ.એ (જન.) પત્રમાં પગાર અંગેની વિગતો માગવામાં આવેલી જે આપણે તા. ૧૨-૧૦-૧૯૬૦ ના પત્રાંક ડી. ઓ. સિ. નં. ૩૨૩૯૪ થી મોકલી આપી છે, એટલે હજુ સમગ્ર પ્રશ્ન સરકારની વિચારણા હેઠળ છે.

